Vol. 41, No.8
December 2020
ISSN 2455 - 4162

નવનીત સમર્પણ

Rs: 30

જીવન, સાહિત્ય અને સંસ્કારનું સામયિક

VISIT…

वेदोऽखिलो धर्ममूलम् । वेदो नित्यमधीयताम् । वेदोः वयं वः शरणं प्रपन्नाः । वेदो ये नः परं धनम् ।

અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ શ્રી ગોવિંદ દીક્ષિત પુણ્યસ્મૃતિ સ્મરણ સમિતિ (રજિ.)

"Sri Govinda Deekshita Ghatika Sthanam"

29-30, East Iyen Street (Entrance at Yagasalai St.), KUMBAKONAM.
Tamil Nadu - 612 001. India
Tel. No. Off : (0435) 2401789, 2425948 Patasala : 2401788, 2422866

E-mail : rajavedapatasala@dataone.in
Website : www.rajavedapatasala.org

વેદો અને શાસ્ત્રોના, પ્રાચીન ગુરુકુળ પદ્ધતિ દ્વારા, રક્ષણાર્થે જાહેર નિવેદન

શ્રી રાજા વેદ કાવ્ય પાઠશાળા, કુંભાકોણમની સ્થાપના ૧૫૪૨માં સુવિખ્યાત વહીવટકર્તા-સંચાલક સંત અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ ભગવાન શ્રી ગોવિંદ દીક્ષિતર દ્વારા પવિત્ર નદી કાવેરીના તટે વેદ અને શાસ્ત્રોના પ્રસાર માટે કરવામાં આવી છે. તેઓએ તંજાવુરના નાયક રાજાઓનું સતત ત્રણ પેઢી સુધી પ્રધાનપદ શોભાવ્યું છે. તામિલનાડુમાં જ આ એકમાત્ર પાઠશાળા છે જે પાછલાં ૪૭૧ વર્ષથી અવિતરપણે કાર્ય કરી રહી છે. જ્યાં ઋગ્વેદ, કૃષ્ણ અને શુક્લ યજુર્વેદ અને સામવેદ પ્રાચીન પરંપરાનુસાર અભ્યાસક્રમ શીખવાય છે. વિદ્યાર્થીઓને ૮થી ૧૨ વર્ષની વયથી શીખવાય છે ૬થી ૧૦ વર્ષ પર્યંતના આ અભ્યાસકાળમાં વિદ્યાર્થીના આવાસ, ભોજન તેમ જ વસ્ત્રાદિ તેમ જ યાત્રાભાડુંની વ્યવસ્થા કરવામાં આવે છે. હાલમાં અહીં ૧૫૫ વિદ્યાર્થીઓને ૧૪ અધ્યાપકો કેળવણી શિક્ષા આપે છે.

વૈદિક અભ્યાસ બાદ તેઓને શાસ્ત્રો અને વેદોના ઉચ્ચ અભ્યાસ માટે પાઠશાળાના વિદ્વાન અધ્યાપકો દ્વારા પ્રોત્સાહન અપાય છે.

તા. ૨૧-૬-૨૦૦૪ના રોજ નવી પાઠશાળા શ્રી ગોવિંદ દીક્ષિતર ઘટિકા સ્થાનમ્ (૧૩,૫૦૦ ચો. ફૂટ)ના મકાનનું અર્પણ કાંચી કામકોટી મઠના શંકરાચાર્ય પ.પૂ. શ્રી જયેન્દ્ર સરસ્વતીના શુભહસ્તે થયું.

પાઠશાળાના વધતા જતા ખર્ચને પહોંચી વળવા નીચે પ્રમાણેનાં દાન સ્વીકારાય છે. તમારા પત્ર/ઈમેલમાં સરનામા સાથે ફોન નંબર, STD કોડ અને મોબાઈલ નંબર લખવા વિનંતી. દાનની રકમ આવકવેરાની ૮૦-G કલમાનુસાર કરમુક્ત છે.

યોજના	દાનની રકમ	સ્થાયી થાપણ (જમા રકમ)
વિદ્યાર્થી ભોજન. સાદું (સમારાધન)	૩ ૭૦૦/-	૩. ૯,૦૦૦/-
વિશિષ્ટ ભોજન	૩. ૨,૫૦૦/-	૩. ૩૦,૦૦૦/-
દાળ-ભાત : (૭૫ કિલો)	૩. ૧,૬૦૦/-	૩. ૨૦,૦૦૦/-
વેદ અને શાસ્ત્રના અભ્યાસ શિક્ષણ/રક્ષણાર્થે (વિદ્યાર્થી દીઠ)	૩. ૧૨,૦૦૦/- પ્રતિ વર્ષ	૧,૫૦,૦૦૦/-

ક્રોસ ચેક, ડિમાંડ-ડ્રાફ્ટ, A.V.M.S.G.D.P.S. Samithi કુંભાકોણમ્ ખાતે કરી મોકલવા વિનંતી. (પત્રવ્યવહાર ઉપરના સરનામે પ્રમુખ કે ખજાનચી પ્રતિ કરવો.)

રામનાદ ગાની

□ સુભાષ ભટ્ટ

ક્યારેક આપણી અને સત્ય વચ્ચે એક જ આવરણ હોય છે, જાણકારી. આપણા અધકચરા અનુભવમાંથી નિર્ણય અને એકાદ અનુભવમાંથી સામાન્યીકરણ આવે છે. આપણા પૂર્વગ્રહોમાંથી ચુકાદાઓ અને અપેક્ષામાંથી સ્વપ્નો ઊતરી આવે છે. આપણી સામે સૂર્ય અસ્ત થઈ રહ્યો હોય ત્યારે આપણે સૂર્યાસ્ત પરનું કાવ્ય વાંચી રહ્યા હોઈએ છીએ. અન્યની મૂર્ખાઈમાંથી દૃષ્ટાંત લેવાનો એક લાભ છે, આપણે દૃષ્ટાંત નથી બનતા.

ચીનના ઝેન્ગ પ્રાંતના એક માણસને નવા જોડા લેવા હતા. તે ઘરેથી પગનું માપ લઈને બજાર ગયો પણ માપ ઘરે જ ભૂલી ગયો. નવા જોડા પસંદ કર્યા પછી તેને ખ્યાલ આવ્યો કે માપ તો ઘરે જ રહી ગયું. તે ઘરે માપ લેવા પાછો આવ્યો. માપ લઈને પાછો ગયો ત્યાં વળી બજાર બંધ થઈ ગયેલી. પારખુ પત્ની કહે, 'તમે તમારા પગનું માપ કેમ ન લઈ લીધું? એ તો તમારી સાથે જ હતા ને...' તો આ ભાઈ બોલ્યા, 'મને મારી જાત કરતાં પણ વધારે ભરોસો મેં લીધેલ માપ પર છે.'

Only Books Magazine

આપણે પણ જીવન આખું આવાં માપો લઈને ફર્યા કરીએ છીએ અને અમાપ ચૂકી જઈએ છીએ. જોડાનું માપ સાધનમાંથી સાધ્ય બની ગયું. એક સૂફીને કોઈએ પૂછ્યું, 'મને ઈશ્વર વિશે કહોને.' તો સૂફી કહે, 'ઈશ્વરની હાજરીમાં હું તમને તેના વિશે કહીશ તો તે ઈશ્વરનું અપમાન છે અને તે મારો અહંકાર છે કે હું ઈશ્વર વિશે કહી શકું છું!'

પરમ મરમી કબીરદાસ ઉપરોક્ત અવસ્થાને આ રીતે વર્ણવે છે:

જ્ઞાની ભલે જ્ઞાન કથિ નિકટ રહ્યો નિજ રૂપ,
બાહાર ખોજૈં બાપુ રે ભીતર બસ્તૂ અનૂપ.

અર્થાત્, જ્ઞાની જ્ઞાનનાં વમળોમાં ભૂલો પડે છે. પોતાનું અનુપમ સ્વરૂપ પોતાની ભીતર છે અને બીચારો બહાર શોધતો ફરે છે.

❑❑❑

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः।

દરેક દિશાઓથી અમને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ - ઋગ્વેદ ૧-૮૯-૧

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું માસિક

વર્ષ : ૪૧ અંક: ૮, ડિસેમ્બર ૨૦૨૦

સંસ્થાપકો :
કનૈયાલાલ મુનશી
શ્રીગોપાલ નેવટિયા
સમર્પણ : સ્થા. ૧૯૫૯
નવનીત : સ્થા. ૧૯૬૨

સંપાદક:
દીપક દોશી

વરિષ્ઠ ઉપ-સંપાદક
અનસૂયા સિંધાત્રા

પૃષ્ઠસજ્જા : યોગેશ પટેલ

પ્રકાશક :
પી. વી. શંકરનકુટ્ટી

કાર્યાલય : ભારતીય વિદ્યા ભવન,
કુલપતિ મુનશી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૭.
E-mail : deepsamarpan@yahoo.com
website : www.bhavans.info
રવાનગી વિભાગ :
૨૩૫૩૦૯૧૬, ૨૩૫૧૪૪૬૬

Only Books Magazine

૬
મુનશીવાણી

૭
શબ્દમૂળની શોધ
પેચકસ
હેમન્ત દવે

૯
પંચમહાભૂત અને તેનું વિજ્ઞાન
ડો. ભાલચન્દ્ર હ. હાથી

૧૩
કાવ્યો :
વિનોદ જોશી, હરિવંશરાય બચ્ચન / અનુ.: વિરાફ કાપડિયા, જિગર જોષી, ભૂષણ ઓઝા, પારુલ ખખ્ખર, અર્પણ ક્રિસ્ટી, માલિની ગૌતમ / ભાવાનુવાદ : બકુલા ઘાસવાલા, પ્રદીપ ખાંડવાળા / અનુ.: હસમુખ કે. રાવલ, વર્ષા બારોટ

૨૧
કૌમુદી મુનશી : એક અદ્વિતીય પ્રતિભા
નુપૂર જોશી / અનુ.: દિવ્યા જોશી

૨૭
હેકલસરો
જયંત રાઠોડ

૩૬
પ્રબોધ પરીખ : એક સંવાદ
આરાધના ભટ્ટ

૪૫
એક સાઈકિએટ્રિસ્ટની ડાયરી
ડો. આનંદ નાડકર્ણી /
અનુ.: અમી ભાયાણી, શેફાલી થાણાવાલા

૫૧
કવીશ્વર દલપતરામ અને હોપ વાચનમાળા
દીપક મહેતા

૫૭
આગંતુકઃ ઉત્તરાર્ધ - ૪, ૫, ૬
ધીરુબહેન પટેલ

૭૫
કવિ કાન્તની ખુરશી
મારાં ભાવનગરનાં સંસ્મરણો-૨૧
પ્રવીણસિંહ ચાવડા

૭૯
મારું મન મોહ્યું પક્ષીઓની ઊડ પર
યજ્ઞેશ દવે

૮૬
કેમ સખી ચીંધવો પવનને-૪૪
અનિલ રમાનાથ જોશી

૯૦
ચારુલતા : પાર્શ્વ-સંગીતબાંધણી, વનરાજ ભાટિયા ને અન્ય વાતો
અમૃત ગંગર

૯૮
અકસ્માત
દીવાન ઠાકોર

૧૦૭
રશિદાબેનનો રાયજાદો 'રિયાઝ'
સૂચિ વ્યાસ

૧૧૪
ફારસી અને ગુજરાતી સાહિત્યમાં સમાંતરતા
હેમન્ત દવે

૧૧૬
વાલ્મીકિ રામાયણ-૩૨૮

૧૩૧
ભવન્સ વૃત્ત

૧૩૫
તમારી દૃષ્ટિએ

૧૩૭
વૉટ્સએપ :
સં. શરીફા વીજળીવાળા

૧૩૮
હાસ્યેન સમાપયેત્

આવરણ : પ્રબોધ પરીખ

Only Books Magazine

લવાજમના દરો : એક વર્ષ : રૂ. ૩૦૦, બે વર્ષ : રૂ. ૫૮૦, ત્રણ વર્ષ : રૂ. ૮૫૦, પાંચ વર્ષ : રૂ. ૧,૪૦૦, દસ વર્ષ : રૂ. ૨,૮૦૦ ❑ વિદેશમાં એક વર્ષના : દરિયાઈ માર્ગ : રૂ. ૧,૫૦૦ હવાઈ માર્ગે : દરેક દેશમાં : રૂ. ૨,૬૦૦ ❑ ચેક/ડ્રાફ્ટ 'ભારતીય વિદ્યા ભવન'ના નામે મોકલવો.

ભા. વિ. ભ અમૃતમહોત્સવ

ક. મા. મુનશી ૧૨૫ વર્ષ

મુનશીવાણી

ભારતનું રાજ્યબંધારણ અને રાષ્ટ્રપતિ

મારા નવયુવાન મિત્ર,

જ્યારે અવકાશયાન ચંદ્ર પર ઊતરશે ત્યારે ગરુડપુરાણમાં કરાયેલ ચંદ્રલોકનું વર્ણન તેનું મહત્ત્વ ગુમાવી બેસશે. પણ વિજ્ઞાનની ગમે એવી પ્રગતિ પણ ઉપનિષદની પ્રેરણાને પાતળી નહીં બનાવી શકે. ગીતાના પ્રાણવાન સંદેશને ઝાંખો નહીં પાડી શકે. ગમે તેવો મહાન ગણિતજ્ઞ પણ સત્ય, શિવ અને સુંદરની સર્વોપરિતાને પલટી નહીં શકે કે પ્રભુમાંની શ્રદ્ધાથી પ્રકટતી જીવનદાયી શક્તિને ઘટાડી નહીં શકે.

આપણા હૃદયની ઝંખનાનું ત્રીજું પાસું છે - માનવીને સમગ્ર અસ્તિત્વના સ્વામી પ્રભુની વધુ નિકટ લાવવાની આકાંક્ષા. જો માનવી પોતાની વૈયક્તિક અને સામૂહિક તમામ પ્રવૃત્તિઓને વિશુદ્ધ બનાવી પરમ ધ્યેય પ્રત્યે અભિમુખ બને અને સમર્પણભાવ સાથેના જીવન દ્વારા પ્રભુનું કારણ બની રહે તો જ પ્રભુની નિકટ જઈ શકાય.

Only Books Magazine

તમામ ધર્મોનું મૂળ તત્ત્વ આ છે. સ્વામી વિવેકાનંદ કહે છે એમ જો આ તત્ત્વ ન હોય તો બધા ધર્મો વહેમથી વધુ કંઈ નથી. આ તત્ત્વ ભળે તો સઘળું ધર્મ બની જાય છે.

આથી તો આપણને શ્રદ્ધા મળે છે કે ભારત આપણી આધ્યાત્મિક માતૃભૂમિ છે અને આપણો આધ્યાત્મિક વારસો જો માનવજાત સ્વીકારશે તો એનું ભવિષ્ય ઉજ્જ્વલ બનશે.

આપણી આ નવજાગૃતિની એક બીજી મહાન સિદ્ધિ છે - આપણને સૌને દેશ પ્રત્યે અભિમુખ બનાવવાની. આ દેશ આપણા સૌની માતૃભૂમિ છે એવી પ્રતીતિ આપણે આ કાળમાં અનુભવી, આ ભારતમાતાની પ્રાર્થના 'વંદે માતરમ્'ના હૃદયસ્પર્શી સ્વરો કરોડોના અંતરનો ઉદ્‌ગાર બની રહ્યા.

ભૂતકાળમાં ભારત, દેવોને પણ જન્મ લેવાનું મન થાય એવી દિવ્ય ભૂમિ લેખાતી હતી, પણ નવજાગૃતિએ તો ભારતભૂમિને દેવીનું રૂપ આપ્યું. એ દેવીની અખંડિતતા, સ્વતંત્રતા અને ભવિષ્ય સાથે આપણા સૌનું અસ્તિત્વ વણાઈ ગયું.

[ક્રમશઃ]

પેચકસ

☐ હેમન્ત દવે

દામોદર ધર્માનંદ કોસમ્બી આપણા મોટા ઇતિહાસકાર હોવાની સાથે સર્વતંત્રસ્વતંત્ર કહી શકાય એવા પ્રચંડ મેધાવી વિદ્વાન. એક ઠેકાણે તેઓ લખે છે કે જ્યારે ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં વિધવાવિવાહ વિશે ઉગ્ર ઊહાપોહ ચાલતો હતો ત્યારે હિન્દુ સમાજના ૮૫% લોકોમાં એ પ્રચલિત હોવા છતાં એ વાસ્તવિકતાને નજરઅંદાજ કરી રા. ગો. ભાંડારકર અને બીજા વિદ્વાનોએ ઋગ્વેદથી લઈને સ્મૃતિસાહિત્યનું સાચું અર્થઘટન કરવા ઉપર જ બધું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. એમનો મુદ્દો એ હતો કે આપણા વિદ્વાનો ક્ષેત્રકાર્ય કરવાને બદલે પોથીપંડિતાઈમાં જ ડૂબેલા રહે છે. આ ટીકા આપણા કોશકારોને પણ લાગુ પડે છે. લખાણમાં કોઈ શબ્દ ભૂલેચૂકે પણ પ્રયોજાઈ ગયો હોય તો એને કોશમાં જગ્યા મળે, પણ રોજબરોજનો શબ્દ જો લખાણમાં ન આવ્યો હોય તો એને સ્થાન ન મળે! જેમ કે, *સાર્થ ગુજરાતી જોડણીકોશ*માં લગભગ કદી ન વપરાતા શબ્દ જેવો 'મીઝોકાર્પ' 'મધ્ય ફલાવરણ' એવા અર્થ સાથે નોંધાયો છે. — અને કોશમાં 'ફલાવરણ'ની પ્રવિષ્ટિ નથી! આ શબ્દ ઉપરથી 'પેરીકાર્પ' હોવો જોઈતો હતો એમ કોઈને લાગે તો એ પણ નથી. આની સામે, 'મીડિયમ' જેવા રોજેરોજ વપરાતા શબ્દમાં એનો જે ચટપટો અર્થ છે—પાણીપુરી કે દાબેલી કે પાઉંભાજીની દુકાને 'તીખી બનાવું કે મિડિયમ?' એમ પુછાતા પ્રશ્નમાં—તે 'માફકસરનું તીખું' છે તે કોશમાં નથી. 'ફર્સ્ટ ક્લાસ'નો અર્થ 'પહેલો વર્ગ, પ્રથમ દરજ્જો' એમ છે. પણ 'મસ્ત, ઉત્તમ, બહુ સરસ, શ્રેષ્ઠ' એવા (ક્રિયા) વિશેષણના અર્થમાં એ શબ્દ વધારે પ્રયોજાતો હોવા છતાં એ અર્થ અપાયા નથી. એટલે, 'કેવું ચાલે?' કે 'ચા કેવી બની છે?' એનો જવાબ જ્યારે 'ફર્સ્ટ ક્લાસ' અપાય ત્યારે એના જે અર્થ થાય છે તે કોશમાં આવી શક્યા નથી. અસ્તુ.

આ સ્તંભ વાંચનાર બહુ ઓછી વ્યક્તિ એવી હશે જેણે 'પેચકસ' શબ્દ નહીં સાંભળ્યો હોય. ઘરમાં નાનાં મોટાં કામ વખતે આ ઓજાર કામમાં આવે. 'પેચ' એટલે આંટાવાળી ખીલી, અંગ્રેજીમાં સ્ક્રૂ, એ ઉપરથી 'પેચકસ' એટલે એવી ખીલીને કસનાર ઓજાર, સ્ક્રૂડ્રાઈવર. એ ફારસી મૂળનો શબ્દ છેઃ پیچ کش પેચકેશ. આ શબ્દ *સાર્થ ગુજરાતી જોડણીકોશ*માં નથી. ગુજરાતીમાં જો કે હવે અંગ્રેજી શબ્દ જ વધારે વપરાય છે. ❑❑❑

Only Books Magazine

કહેવત-વિશ્વ

સાચા સોનાને અગ્નિનો ભય નથી હોતો. - **આફ્રિકન**

*

જ્ઞાન એવો ખજાનો છે જે ધારકની પાછળ પાછળ આવે. - **ચાઈનીઝ**

*

ધીમી ગતિએ જવામાં ભય ન સેવો, ભય તો ઊભા રહેવામાં છે. - **જાપાનીઝ**

*

અંધ જોઈ શકતો નથી અને અભિમાનીને જોવું નથી હોતું. - **રશિયન**

*

કુહાડી જે ઘા ભૂલી જાય છે તે ઝાડને યાદ હોય છે. - **આફ્રિકન**

*

સંઘર્ષ ડહાપણની જનેતા છે. - **જર્મન**

*

ભૂંડને ચેરી અને મૂરખને સલાહ ન અપાય. - **આઈરિશ**

Only Books Magazine

*

મીણબત્તી ખરીદવા સૂરજ વેચવા ન જવાય. - **યહૂદી**

*

લાંબી જીભને ટૂંકા હાથ. - **ચેકોસ્લોકિયન**

*

આખો પર્વત ખસેડવાની શરૂઆત તો એક પથ્થર ખસેડવાથી થાય છે. - **ચાઈનીઝ**

*

આખું ઝાડ કંઈ એક ઝાટકે કપાતું નથી. - **યહૂદી**

*

દોષારોપણ આળસુની રોજી છે. - **ડેનીશ**

*

સર્વનાશ વખતે ખરાબ પણ સારામાં ખપી જાય છે. - **નોર્વેજિયન**

*

ડહાપણને લાંબા કાન અને ટૂંકી જીભ હોય છે. - **સ્વિડિશ**

*

ગધેડાની પીઠ પર ગમે એટલાં શાસ્ત્રો મૂકો, એ ગધેડો જ રહેશે. - **ઝેન**

*


No. 1 નેશનલ બેસ્ટસેલર
Fitness
ગીતા
સ્ત્રી સ્વસ્થ તો પરિવાર સ્વસ્થ
ઋજુતા દિવેકર
ગુજરાતી બેસ્ટસેલર 'મજા ન ગુમાવો, વજન ગુમાવો'ના લેખક
અનુવાદ : ચિરંતના ભટ્ટ


રોબિન શર્મા
તમારા મૃત્યુ પર
કોણ આંસુ સારશે?
સંન્યાસી જેમણે પોતાની સંપત્તિ વેંચી નાખી માંથી જીવનપાઠ
Who Will Cry When You Die?
NOW IN GUJARATI
"રોબિન શર્માના પુસ્તકો સમગ્ર દુનિયાના
લોકોને મહાન જીવન જીવવામાં મદદ કરે છે."
પાઉલો કોએલ્હો
ધ અલકેમિસ્ટના લેખક
Robin Sharma's books have sold 6 million copies worldwide.
6 MILLION COPIES SOLD WORLDWIDE
JAICO

स्टीफन हॉकिंग


आशुतोष राणा
मौन मुस्कान
की मार



પંચમહાભૂત અને તેનું વિજ્ઞાન

☐ ડો. ભાલચન્દ્ર હ. હાથી

આયુર્વેદમાં પદાર્થ-વિજ્ઞાન વિષે ઘણી ઊંડાણપૂર્વક અને સૂક્ષ્મ ચર્ચા કરવામાં આવી છે. ચોવીસ પ્રકૃતિ અને પચીસમો પુરુષ એમ કુલ પચીસ તત્ત્વોથી માનવશરીરનું નિર્માણ થાય છે. તેમાં પંચમહાભૂત પણ એક ભાગ છે. આ પુરુષ અને પ્રકૃતિ એ બન્નેના મિલનથી જીવસૃષ્ટિ આકાર ધારણ કરે છે. તેને "ચતુર્વિંશતી પ્રકૃતિ" કહે છે. જેમાં જુદાં જુદાં ચોવીસ તત્ત્વો હોય છે. અને તેમાં જ્યારે "પુરુષ" ભળે છે ત્યારે પંચવિંશતિ પુરુષ કહેવાય છે. પ્રકૃતિના આ ચોવીસ તત્ત્વોનાં એક ગ્રુપમાં "પંચમહાભૂત" પણ આવે છે. આ પંચમહાભૂતમાં જમીન, પાણી, અગ્નિ, આકાશ અને વાયુ હોય છે. આયુર્વેદમાં સમગ્ર પદાર્થ-વિજ્ઞાન જીવંત વિજ્ઞાન છે. તેમ આ તત્ત્વો પણ જીવંત

છે અને તે દરેક શરીરધારીમાં આવેલાં હોય છે. તે દરેક તત્ત્વોને તેનું અલગ અલગ ઉષ્ણતામાન પણ હોય છે. જો તેમાં વધઘટ થાય તો તાવ જેવા વ્યાધિ પણ રોગ રૂપે થાય છે. દરેક શરીરમાં ઉષ્ણતામાન સામાન્ય રહેવું જોઈએ. તે પ્રાકૃતાવસ્થામાં રહે તો શરીરનાં દરેક કાર્યો યોગ્ય રીતે થાય છે. જેને આપણે "સામાન્ય કર્મ" કહીએ છીએ. જેમ લોહીના ઘટકો તેની નોર્મલ રેંજમાં હોય તો તે નિરોગી કહેવાય છે તેમ બ્રહ્માંડમાં પણ તે નોર્મલ હોવા જોઈએ. અને તેમ ન થાય તો તેને પર્યાવરણની અશુદ્ધિ કહે છે. જે "જનપદોધ્વંશકારી વ્યાધિ" (સમસ્ત પ્રજાને બાનમાં રાખે તેવી વ્યાધિ) કહેવાય છે. અને માંડ કાબૂમાં આવે છે.

શરીર એ બ્રહ્માંડનો એક નાનકડો જ ભાગ છે, તેથી જે બ્રહ્માંડમાં બને છે તે જ શરીરમાં પણ બને છે. જેમ બ્રહ્માંડમાં પંચમહાભૂતોમાં અસમાનતા આવે છે તો ભૂકંપ, આગજની, જળપ્રલય, ઉલ્કાપાત અને વાવાઝોડાં જેવા આતંક ફેલાય છે. તેવી રીતે શરીરમાં પણ જુદા જુદા રોગો ઉત્પન્ન થાય છે. તેનું ઔષધોપચાર, શલ્યકર્મ કે પંચકર્મ દ્વારા શમન કરવામાં આવે છે. આમાં દવા, વાઢકાપ, ફિઝિયોથેરાપી જેવા ઉપક્રમો કરાવવામાં આવે છે. જેવી રીતે શરીરમાં પંચમહાભૂતો હોય છે તેમ વનસ્પતિમાં પણ પંચમહાભૂતો હોય છે. પરંતુ તેની ન્યૂનાધિકતાને કારણે તેની પ્રધાનતાને ધ્યાનમાં લેવામાં આવે છે અને તેવાં દ્રવ્યોનો સમૂહ યોગ્ય માત્રામાં મિશ્રણ કરી તેને પ્રાયોગિક "ઔષધિયોગ" તરીકે અસરકારકતા જોયા બાદ તે ઔષધ તરીકે મૂકવામાં આવે છે. અને તેનો નિશ્ચય થાય છે.

કેટલાક એવા રોગો છે જે કષ્ટસાધ્ય કે અસાધ્ય હોય છે. દા. ત. ઘૂંટણના સાંધાનો ઘસારો થતો હોય જેથી બે સાંધા વચ્ચેની જગ્યામાં સરખાપણું રહેતું નથી. અને ઘસારાથી જગ્યા ઘટે છે જેથી મનુષ્ય વેદના સાથે લંઘાય છે. આને દવા કે પંચકર્મથી રોકી શકાય પણ ઘસારાની પૂર્તિ થતી નથી. આયુર્વેદમાં કેટલાંક વિધાનોમાં અતિશયોક્તિ હોય છે, જેમ કે અમૂક દવાથી હથેળીમાં પણ વાળ ઊગે છે! પણ વ્યવહારમાં એવું બનતું નથી. કહેવાનો મતલબ કે આ દવા અકસીર છે.

શરીરમાં મહાભૂતોની ત્રણ અવસ્થા હોય છે: સમ, વિષમ અને આત્યસમ. સમાવસ્થા તે તેની નોર્મલ અવસ્થા હોય છે. વિષમ અવસ્થા રોગની સૂચક છે. જેમાં ન્યૂનાધિકતા થાય છે. જ્યારે તેમાં પણ અગ્નિ સાવ શાન્ત થઈ જાય તો મૃત્યુ પણ થાય છે. તેથી આ બધાંમાં અગ્નિને મુખ્ય માન્યો છે. દેહાગ્નિ શરીર માટે અતિ અગત્યનો છે. તેથી તેને ભગવાન - પ્રભુ - માન્યો છે અને તેનું પ્રભુત્વ - મહત્ત્વ - બતાવ્યું છે. ગીતામાં

Only Books Magazine

પણ કહ્યું છે :

अहम् वैश्वानरो भूत्वा, प्राणिनाम् देहमाश्रितम्।।

આ દેહાગ્નિ શરીરનાં અગિયાર તત્ત્વો માટે કારણરૂપ છે. તે છે આયુ, બલ, વર્ણ, સ્વાસ્થ્ય, ઉત્સાહ, ઉપચય, પ્રભા, ઓજ, તેજ, અન્ય અગ્નિઓ તથા પ્રાણ. જો દેહાગ્નિમાં ન્યૂનાધિકતા થાય તો આશ્રયાશ્રયી ભાવને લીધે આ અગિયારે તત્ત્વો વીંખાય છે. જેમ ઝાડ જેનો આશ્રય છે તે પડી જાય તો તેના આશ્રયી - પક્ષીઓ છે તે પણ ઊડી જાય છે. આમ તે પરસ્પર જોડાયેલાં છે.

જેમ જમીનમાં કાંઈ વાવીએ અને તે ઊગે તેમાં પણ મહાભૂતો હોય છે. જમીન - જેમાં બીજ વાવીએ છીએ, પાણી - યોગ્ય સમયે તેને પાણી આપવાનું થાય છે. અગ્નિ - જમીનનો અગ્નિ જે બીજને અંકુરિત કરે છે. આકાશ - રોપા કે છોડના વિકાસ માટે જગ્યા અને બે છોડ વચ્ચેનું અંતર હોય છે. અને પવન - શુદ્ધ પવન તેને ઓક્સિજન પૂરો પાડે છે. આમ છોડનાં વૃદ્ધિ વિકાસ માટે પંચમહાભૂતો આ રીતે જરૂરી હોય છે. જમીનમાં ખામી હોય તો તેને જરૂરી ખાતર, સમયે સમયે પાણી, વધારે તાપ હોય તો છાંયડો, છોડો વચ્ચે જરૂરી અંતર અને શુદ્ધ હવા વગેરેમાંથી જેની જેની ક્ષતિ હોય તેની પૂર્તિ કરીએ છીએ. આ બધાં ઉપરાંત બીજની પણ યોગ્ય અવસ્થા હોવી જોઈએ. આ માટે જરૂર પડે તો ઓર્ગેનિક વસ્તુઓનો પણ ઉપયોગ જરૂર પડે છે. તે સિવાય અન્ય પણ ચાર બાબતોની સ્વસ્થતા અત્યંત જરૂરી છે. તે છે "ઋતુ, ક્ષેત્ર, અંબુ અને બીજ."

વાવણી માટે યોગ્ય ઋતુ, યોગ્ય કસવાળી જમીન, યોગ્ય પાણી અને સ્વસ્થ બીજ, આ ચારે વસ્તુ સારો, નિરોગી અને સ્વસ્થ પાક લેવા માટે જરૂરી છે, તેવી જ રીતે મનુષ્યની પ્રજોત્પત્તિ માટે પણ આ ચાર વસ્તુઓની સંપૂર્ણતા આ રીતે જોવાય છે. ઋતુમતી થયેલી સ્ત્રી, ગર્ભાશય, ગર્ભજળ અને શુક્રબીજ. આ બધાં જો શુદ્ધ હોય તો તંદુરસ્ત સંતાનોત્પત્તિ શક્ય બને છે. સામાન્ય રીતે દરેકને સમાવસ્થામાં રાખવાના કુદરતી પ્રયત્નો હોય છે. પણ આ માટે માસાનુમાસિક ગર્ભવૃદ્ધિ ક્રમની સાર સંભાળના નિયમો છે પણ છે તે ૨૮૦ દિવસ પાળવાના હોય છે.

શાકભાજી, ફળો, અન્ન, ઔષધિઓ અને મનુષ્યોની ઉત્પત્તિ, વિકાસ અને લય વગેરેમાં પંચમહાભૂતોનાં પોતાનાં કાર્યોનું અનેકગણું મહત્ત્વ છે. રોગ થવામાં પણ કોઈ મહાભૂતની ખામી હોય છે. અને તે ચાલુ જ રહે તો રોગ વધે છે. આયુર્વેદમાં એક સિદ્ધાંત છે કે "રોગના કારણનું નિવારણ પ્રથમ ચિકિત્સા છે!" તેનું યોગ્ય રીતે નિદાન થાય તો તેની ચિકિત્સા સરળ બને છે. અને બાકીનાં જરૂર મુજબ ઔષધકર્મ, શલ્યકર્મ કે પંચકર્મ દ્વારા થાય છે. જે

મહાભૂતની કમી થઈ ગઈ હોય તેને સમાવસ્થામાં લાવવાની હોય છે. તેમાં આહાર, વિહાર અને ઔષધિથી જ થઈ શકે, તેમાં કોઈ જાદુ કે ઇલમ ન ચાલે! દાખલા તરીકે ચિકનગુનિયામાં વાત મહાભૂતની ખામી થાય છે. તો તેને દૂર કરવા માટે "ગળો" (હિન્દીમાં गिलोय) ઉપયોગી છે. અને તેને થોડો સમય લાગે પણ તરત દોડતા કરી દેવાનો ઇલમ તેમાં નથી.

શરીરને નિરોગી રાખવા માટે અગ્નિ મહાભૂતને સમ રાખવો તે અતિ મહત્ત્વનું છે. કારણ કે શરીરનું તાપમાન તે સ્થિર રાખે છે, ખોરાક કે ઔષધોનું જઠરાગ્નિ દ્વારા સમ્યક પાચન કરે છે અને શરીરના દરેક ઉપયોગી સ્રાવને સામાન્ય સ્થિતિમાં રાખે છે.

આ પાંચે મહાભૂતોને ૧૦૦% ગણીને દરેકને ૨૦% આપવા તેવું ગણિત આમાં ન ચાલે. તે તો સ્થિરતા, ચલત્વ, ઉષ્મા, અવકાશ અને પવન જેવા ગુણોથી તેની ગણતરી થાય છે. દરેકની સમાવસ્થા અલગ અલગ હોય છે. ગાય, ભેંશ, બકરીને કે અન્ય પશુઓને હાંકવાની લાકડી એક જ નથી હોતી.

પચીસ તત્ત્વોના શરીરમાં પંચમહાભૂત એક ગ્રુપ છે,

૧. પ્રકૃતિ, ૨. મહત, ૩. તત્ત્વ, ૪. અહંકાર, પાંચ તન્માત્રા (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ) પાંચ જ્ઞાનેન્દ્રિય (રસના, ત્વચા, ચક્ષુ, કર્ણ અને નાસિકા) પાંચ કર્મેન્દ્રિય (વાક, પાદ, પાણિ, પાયુ અને ઉપસ્થ) અને પંચ મહાભૂત (ક્ષિતિ, જલ, પાવક, ગગન અને સમીર). પાંચ જ્ઞાનેન્દ્રિય સાથે જો પાંચ તન્માત્રા જોડાયેલી હોય તો જ તે વિષયનું જ્ઞાન થાય છે. જે કર્ણ, ત્વચા, ચક્ષુ, જિવ્હા અને નાસિકા આ પાંચ ઇન્દ્રિયોથી તે તે વિષયોની તન્માત્રા અનુક્રમે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ જોડાયેલી હોય તો જ તે તે વિષયોનું જ્ઞાન થાય છે.

એલોપથીમાં અમુક ગ્રંથિઓના રોગોમાં પણ દરેક દરદીને માટે દવાઓનો ડોઝ જુદો હોય છે, તેના કારણમાં એવું હોય છે કે દરેક જણની ગ્લેંડના સિક્રિસનનું રિડિંગ અલગ અલગ હોય છે. તેથી મેડિસિન પણ "ફોર્ટ" કે મિલિ ગ્રામના ડોઝ હોય છે. તે રીતે આયુર્વેદમાં પણ "લઘુ, બૃહત કે મહા" હોય છે. એટલે અગ્નિની સમતા જાળવી રાખવા માટે આહાર, વિહાર કે ઔષધ જરૂરી છે. તેથી તેમાં સમય જવા ન દેવો જોઈએ.

છેલ્લે આ પાંચે મહાભૂતોનાં સામાન્ય લક્ષણો જોઈએ.

જમીન - સ્થૈર્ય. જલ - નિર્મલ, પારદર્શક અને મીઠું. પાવક - ઉષ્મા, અરુણ વર્ણ અને ઉપર તરફ ગતિયુક્ત, ગગન - નિરભ્ર, અને સમીર - શીતળ, મંદ અને સુગંધિત.

❑❑❑

અડસટ્ટે...

☐ વિનોદ જોશી

અડસટ્ટે લઈ માપ વેતરી નાખ્યો સમય સવારે,
ટાંકાટેભા કરી સાંજના મૂક્યો ભરી બજારે...

તગતગતા તડકાનું ખખડ્યું પવનપાતળું પતરું,
પડછાયાનાં ભરી પોટલાં કર્યું પછી ગામતરું;

અજવાળાનું વળ્યું ફીંડલું અધકચરા અંધારે...

મખમલ જેવી રાત ઉઘાડી પાડ્યા પાર અખતરા,
મીઠ્ઠી ભીંસ તળે કચડાતાં રહ્યાં મુગ્ધ કાવતરાં;

વળી વળી સહુ ઊભાં અંતે રોજિંદા પગથારે...

O B M
Only Book & Magazine
Join Our Telegram Channel
For Book & Magazine
https://t.me/ONLY_BOOKS_MAGAZINE

કેસરની દાંડલીથી...

કેસરની દાંડલીથી ઢોલ રે વગાડ,
મુંને બેઠાં આજુથી નવાં નોરતાં...

આંખના ઉલાળ નથી માપમાં જરાય,
નથી કાબૂમાં કેડ્યના વળાંક,
ઓઢણીના મોર આજ ઊડ્યા છે, ઊડવા દે!
વાયરાનો કોઈ નથી વાંક;

પાછલા નકૂચેથી ડેલી ઉઘાડ
મુંને અંધારું ખૂંદવાના ઓરતા...

ચોળીને પંડ્ય થાઉં પાતળી છતાંય
નથી ઊખડતો ધીંગો વળગાડ,
ભીનું સંકેલવાનું ભૂલી હું નીકળી છું
મધરાતે પાડવાને ધાડ;

ફાનસની વાટ ભલે કરતી રંજાડ
મુંને આવડે છે એને સંકોરતાં...

શિશુવયની સવારોના ભિખારી

☐ મૂળ: હરિવંશરાય બચ્ચન, કાવ્યાનુવાદ: વિરાફ કાપડિયા

યાદ આવો છો મને સહુ, ઓ, શિશુવયની સવારોના ભિખારી!
ગીત-ભજન ગાતા અંધારું દૂર કરતા
માર્ગ પરથી સહુ ગુજરતા,
ને તમારા એકતારા કે
સિતારીના મધુર સૂર જઈ ઊતરતા
કાનમાં, પછી પ્રાણમાં, પછી વ્યાપતા'તા
દેહની અણગણ શિરામાં;
યાદ આવો છો મને સહુ, ઓ, શિશુવયની સવારોના ભિખારી!

ને સિતારી-સાધુને હું પૂછતો'તો,
શું તમે એને ખવાડો?
'ઈ હમાર કરેજ ખાથૈ, મોર બચવા,'
ખાંસી એ કરતા ઇશારો,
ને હસીથી પેટ પકડી લોટતો હું,
શોચી અવ કાંપી ઊઠું છું,
ક્યાં હતી ત્યારે કલા સહ, પ્રીતિ સહ, સંગીત સહ મારી ચિહ્નારી?
યાદ આવો છો મને સહુ, ઓ, શિશુવયની સવારોના ભિખારી!

બેસતા ને છેડતા કંઈ ગીત ગોપી-
ચંદ, રાજા ભરથરીનાં,
રામનો વનવાસ, વ્રજની રાસલીલા,
વ્યાહ શંકર-શંકરીના,
ને તમારી ધૂન પકડી કલ્પનાના
લોકમાં જઈ હું વિચરતો,
માનતો મોટો થઈને હું બનીશ બસ આ જ પંથોનો પૂજારી.
યાદ આવો છો મને સહુ, ઓ, શિશુવયની સવારોના ભિખારી!

ખોલી ઝોળી એક ચપટી દાળ-આટો
દાનમાં આપે લીધાં'તાં,
શું તમોને જાણ જે વરદાન સહુએ
ગાનનાં મુજને દીધાં'તાં;
લય તમારો, સ્વર તમારા, શબ્દ મારી
પંક્તિમાં ગુંજ્યા કર્યા છે,
ને શી ખાલી થૈ ચૂકી, ફાટી ચૂકી એ ક્યારની ઝોળી તમારી.
યાદ આવો છો મને સહુ, ઓ, શિશુવયની સવારોના ભિખારી!

ત્રણ ગઝલ

☐ જિગર જોષી

એમ સાચવ્યો છે મને

ધરીને હાથ જુઓ તો ખરા હથેળીમાં
ઊગી ગયાં છે અજબ જંગલો ઉદાસીમાં

કમાન તોડે અને તીર પર જો ચણ વેરે
પછી શિકારીપણું હોય શું શિકારીમાં

કળી શકાયો નહીં ચહેરો એકે આંસુનો
બધાં જ આંસુઓ જાણે હતાં બુકાનીમાં

જુઓને ઘાવ બધા મહેક મહેક થઈ ઊઠ્યા,
જુઓને આંસુ ભળ્યાં પ્હેલવહેલાં માટીમાં

આ જિંદગીએ જિગર એમ સાચવ્યો છે મને
બરફને જેમ કોઈ મૂકી રાખે પાણીમાં

દ્રાક્ષ ભારે ખાટી

તકાદો છે સમયનો, છો ખરેખરી કસોટી છે
રડી જશે વિના ભીનાશ આંખ બહુ બળૂકી છે

ન આંખમાં પ્રસન્નતા ન પાંખમાં છે ફડફડાટ
ખૂલી ગયું છે પીંજરું તો શેની આ ઉદાસી છે

એ વહેલુંમોડું ઓગળી; પ્રવાહી થઈ વહી જશે
દુઃખો બીજું કશું નથી થીજી ગયેલું પાણી છે

વિના ગતિ વિના ગગન ઊડું ઊડું થયા કરે
હજાર બંધનો છે ને ઉડાન એક પંખી છે

'જિગર'! તમેય આખરે શિયાળ-દૃષ્ટિ કેળવી
છે વિશ્વ આખું દ્રાક્ષ ને આ દ્રાક્ષ ભારે ખાટી છે

ખાલીપો આવ્યો કાગળમાં

કરી જાય છે આમ તરબતર એ પણ કેવળ પળ બે પળમાં,
ભીનો ભીનો રાજીપો આ કોણ મોકલે છે વાદળમાં

પહેલી બીજી ત્રીજી નજરે બિલકુલ કોરો લાગ્યો અમને
વખત જતાં એ સમજાયું કે ખાલીપો આવ્યો કાગળમાં

એ બાબત છે અલગ કે એને ઉકેલવામાં સફળ થયા નહીં
પાણીનો ઇતિહાસ બને કે લખાયો હોય આ ઝાકળમાં

આ તો એવું વાવ વીસરી મોહી પડ્યા છે સૌ પાણી પર
આંખો ભૂલીને જે રીતે ડૂબી જાય છે સૌ કાજળમાં

'જિગર'! એ ક્ષણ ને હરણ - ઝાંઝવું ત્રણેય કેવાં ભાગ્યશાળી છે
તરસ મટીને 'પ્રેમ' થયો તો મૃગજળ પણ બદલાયું જળમાં

બે રચના

☐ ભૂષણ ઓઝા

જણસની જેમ સાચવીને રાખવી ગુરુએ આપેલી શીખ
ચાતરવા હોય નવા ચીલા તોય ભલા એમના ચાસને ન વીંખ

પાંચેય આંગળીઓ ખોળતી'તી કાંક ત્યારે ગુરુએ ઝાલ્યો'તો હાથ
પછી શબ્દોના ઘૂંટાયેલ ઓસડ ખવડાવ્યાં ને ગળે ઉતાર્યા કવાથ
દેખતા'તા આમ તો કેટલુંય, થોડું ભાળતા થયા નખશીખ

આંખોથી દેખાડે ક્યાં માંડવાની આંખ, ને બોલીને ડગલાં ગણાવે
ક્યાં લગ રે'વું તેજ લીસોટા સામે ને તિમિરની દિશાય જણાવે
શીખવ્યું કે વણવા મખમલી રજાઈ, ધખનાના રૂને પીંખ

ગઝલ

હાથ આવ્યું છોડવાનું છેવટે હા, ઠીક લ્યો
તે છતાંયે બેસવાનું જુગટે હા, ઠીક લ્યો

વાર લાગે તાકવામાં કામઠું ના છોડવું
જોઈ લેવું કોણ સામે વાવટે હા, ઠીક લ્યો

ફૂંક મારે જે હવે મહિમા નથી એનો કંઈ
ઘાવ જૂના છે તે મટે તો મટે હા, ઠીક લ્યો

પોટલી તો એક જેવી આપી દીધી ક્યારની
ગાંઠ છૂટે સહુ સહુની ફાવટે હા, ઠીક લ્યો

પૂરી થશે એવી રીતે શ્વાસની આ ડાયરી
એક સાથે ચૂકવી દો સામટે હા, ઠીક લ્યો

અગનપંખિણીનું ગીત

☐ પારુલ ખખ્ખર

લહેરાતાં ફળ-ફૂલ-પાંદડાંને ખમ્મા...
બાઈ તારા હૈયામાં ઊગેલા ઝાડવાને ખમ્મા...

ખમ્મા ખમ્મા રે તું તો ઢળકંતી ઢેલ
ખમ્મા ખમ્મા રે તું તો પાતલડી વેલ
બાઈ તારા મઘમઘતા માંડવાને ખમ્મા...
બાઈ તારા હૈયામાં ઊગેલા ઝાડવાને ખમ્મા...

ખમ્મા ખમ્મા રે તારા દેશનો દુકાળ
ખમ્મા ખમ્મા રે તારી ભરખી ગ્યો ભાળ
બાઈ તારાં સુક્કાયલ ડાળખાંને ખમ્મા...
બાઈ તારા હૈયામાં ઊગેલા ઝાડવાને ખમ્મા...

ખમ્મા ખમ્મા રે તારાં મોજીલાં મૂળ
ખમ્મા ખમ્મા રે એનું અમરતનું કૂળ
બાઈ તારા ઝાકળિયા આંગણાને ખમ્મા...
બાઈ તારા હૈયામાં ઊગેલા ઝાડવાને ખમ્મા...

ખમ્મા ખમ્મા રે ફરી કોળાણી ડાળ
ખમ્મા ખમ્મા રે એણે જીત્યો રે કાળ
બાઈ તારા છલકંતા વાદળાને ખમ્મા...
બાઈ તારા હૈયામાં ઊગેલા ઝાડવાને ખમ્મા...

ખમ્મા ખમ્મા રે તારો નવલો અવતાર
ખમ્મા ખમ્મા રે તારા તપનો નહિ પાર
બાઈ તારા લીલવણી છાંયડાને ખમ્મા...
બાઈ તારા હૈયામાં ઊગેલા ઝાડવાને ખમ્મા...

*અગનપંખી = પોતાની જ રાખમાંથી જીવતું થનાર પક્ષી

ગઝલ

☐ અર્પણ ક્રિસ્ટી

બધું હા-હા જ કરવાનું, સવાલો પૂછવાના નહિ.
હો તારે ભક્ત બનવાનું, સવાલો પૂછવાના નહિ.

લગાડાયો હતો જે ગોળ કોણીએ, ખવાયો નહિ,
ડૂમું આવે તો ગળવાનું, સવાલો પૂછવાના નહિ.

મળે ના તર્કસંગત કોઈ ઉત્તર ક્યાંયથી પણ જો,
તો મોટેથી ગરજવાનું, "સવાલો પૂછવાના નહિ."

જવાબો જેમની પાસે નથી એને થવા વ્હાલાં,
ચરણમાં જઈને લળવાનું, સવાલો પૂછવાના નહિ.

બહુ મોટી મળે કિંમત જો દરબારી થવામાં તો,
વજન માણીને ગજવાનું, સવાલો પૂછવાના નહિ.

મજા છે કેટલી એમાં, ધીમે ધીમે ભળે ભીતર!
સતત જૂઠું ચગળવાનું, સવાલો પૂછવાના નહિ.

કહ્યું'તું ને કે જીવન સાવ ચૂંથાઈ જશે નહિતર,
જનમવાનું 'ને મરવાનું, સવાલો પૂછવાના નહિ.

લલીનો પ્રેમ

☐ માલિની ગૌતમ (હિંદી) ભાવાનુવાદ : બકુલા ઘાસવાલા

મકાઈ અને અનાજ માટે
લોકો જ્યારે જમીન તૈયાર કરી રહ્યા હતા
અને તાકી રહ્યા હતા સંતાકૂકડી રમતાં વાદળો તરફ,
ત્યારે લલીએ થોડા તડકાછાંયડાના પાલવમાં
લોકોની નજરથી બચાવીને
સંતાડી દીધો પોતાનો પ્રેમ
જેવી રીતે સંતાડી દેવામાં આવે છે પ્રેમપત્ર
નાની પેટીને અંધારે ખૂણે
સંતાડી રખાય પોતાની પીડા
જેવી રીતે કાળા વાળની લટમાં ગૂંથીને
સંતાડી દેવાય ઉંમર.

અંધારે ખૂણે આગિયા ઝબકે
પ્રેમ અને સ્મિતની ચમકતી પીડાની જેમ
તેમ કાળા વાળમાં નજરબંધ ઉંમર
લલીનો પ્રેમ તો સુખનો પડછાયો
જેનો રંગ ગુલાબી,
સ્વાદ તીખો અને ગંધ મોહક

એક પૂરું વરસ લલી પોતાના પ્રેમને
પ્રચંડ ગરમી, ધોધમાર વરસાદ કે
થીજી જવાય એવી ઠંડી કે પછી
આલાદોલાના મારથી બચાવીને
પાલવમાં જાળવીને કરે એનું જતન

ભર ગરમી અને ભેજમાં
ખાતરમાટીની વચ્ચે
દબાયેલાં આદુંની ગાંઠ જ લલીનો પ્રેમ
લલી પ્રેમથી એને આદું કે આદા કરી સંબોધે
વખતે એને તમિળ, કન્નડ કે અંગ્રેજી આવડતું હોત
તો સંભવ છે કે એને એ
ઈલ્લામય અલ્લા કે જિંજર જ કહેતે

લલીના સપનામાં આદું તો
ખીલે બ્રહ્મકમળની જેમ અને
પાંગરે છે મહુડાની જેમ
અને ફેલાવે હાથ-પગ બાળગોપાળની જેમ
મનની આર્દ્ર જમીન પર

લલીને ભીંડા, તૂરિયાં, દૂધી
અને કારેલાંના ભાવતાલ છે મંજૂર
પરંતુ આદુંના ભાવમાં એ
એક પાઈની મચક આપે નહીં

પૂછીએ તો બસ હસીને એટલું જ કહે કે
આ કાંઈ મોસમી ફસલ નથી
પૂરું વરસ એનું સપનાંમાં કર્યું છે જતન
અને સપનાંનો કાંઈ ભાવતાલ હોય?

[અંજલિ કાવ્યોનો પ્રકાર કરુણપ્રશસ્તિ (elegy) ખરો. પણ કોઈ પ્રકારની કૃતક પ્રશસ્તિ અભિપ્રેત નથી. દીર્ઘકાળના પ્રસન્ન દામ્પત્યના વિલયની વ્યથાથી દરેક કાવ્ય કરુણરસ સભર છે. છતાં અહીં અનિયંત્રિત ભાવનાઓનાં કરુણ વાદ્યોનો કકળાટ-ઘોંઘાટ નથી. શાંત, શીતળ, નિર્મળ વહેતો પ્રૌઢ શબ્દપ્રવાહ છે. અંજલિબહેન ખાંડવાળા (1940-2019) પ્રકૃતિપ્રેમી, દક્ષિણ ગુજરાતનાં લોકગીતો તથા કિરાણા ઘરાણાનાં ગાયિકા, લેખિકા અને સહૃદય અધ્યાપિકા હતાં. લીલો છોકરો (1986), આંખની ઇમારતો (1988) અને અરીસામાં યાત્રા (2019) તેમના વાર્તાસંગ્રહો છે. કેટલીક વાર્તાઓના અંગ્રેજી અનુવાદ થયેલા છે. તેમની રચનાઓ ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાત સાહિત્ય સભા દ્વારા પોંખાઈ છે. – હ.]

અંજલિ કાવ્યો

☐ પ્રદીપ ખાંડવાળા અનુ.: હસમુખ કે. રાવલ

1
હું કૂંડાના મારા ગુલાબને ચાહતો હતો.
તે સુંદર રીતે ખીલ્યું હતું
ક્યારેક ગુલાબી, ક્યારેક લાલ, ક્યારેક સફેદ
ક્યારેક વાદળી.
તે પવનની લહેરખીમાં હસી પડતું ને ગાવા લાગતું.
જો તે સહેજ પણ આડું નમે એ મને પસંદ ન હતું.
હું બૂમો પાડતો
વારંવાર ગુસ્સે થઈ જતો, અરે ભાંડતો પણ ખરો
જે તેની સૌરભ એ આડી-અવળી કરી દેતું
અથવા તેની પાંખડીઓ કઢંગી રીતે પ્રગટ કરતું.
પરંતુ એક દિવસ
કોઈ અદૃશ્ય હાથે એ ચૂંટાયું ને અદૃશ્ય થઈ ગયું.
ત્યારથી મુઠ્ઠી-ભર કાંટાઓ પકડી લોહીથી ખરડાયેલો.
હું શેષ રહ્યો છું
2
હું જ્યારે ઝંખું ત્યારે
તને પામી શકું એ આશમાં
તને મારી સ્મૃતિના એક સ્થાને
સ્થાપવા પ્રયત્ન કરું છું
પણ તું તો બીજા જ
સ્થળકાળમાં
આમતેમ દોડતી રહે છે
અને તને શોધી ન શકું
ત્યાં સુધી
મારું હૃદય પીડાતું રહે છે.
3
આપણે
વરસાદ, સૂર્યાસ્ત, બગીચો નિહાળવા
અડખેપડખે બેસતાં
પરંતુ હકીકતમાં આપણે
અન્યોન્યને જ નિહાળતાં હતાં.
4
આપણે એકબીજા સાથે
બૂમો પાડતાં કેવાં ઝઘડતાં
પણ એક બીજાનો હાથ પકડ્યા વિના
ઊંઘી શકતાં નહીં.
5
તેં મને અલાદિનની ગુફા કરતાં
વધુ આપ્યું છે
પણ કડી મહેનત છતાં
કેટલું ઓછું મારી પેનમાંથી રેલાય છે

6
આપણું પહેલું મિલન
અને તારી અંતિમ વિદાય
મારી સ્મૃતિમાં કોતરાયેલી છે.
પણ હવે એક વર્ષ પછી
તું ઘણી બદલાઈ ગઈ છે
ચાંદની જેમ પ્રકાશે છે
7
દરેક વાર્તાનો પ્રારંભ હોય છે
પરંતુ આપણી વાર્તાનો
કોઈ અંત નથી
કોઈ વિસ્મૃતિ નથી
માત્ર ફિલ્મની રીલો જ છે.
8
હમણાં તાજેતરમાં
પાંખડીઓ અને સપનાંથી પથરાયેલો રસ્તો
પાર કરતાં
મને જાણી લીધું કે હું તારી નજીક જ પહોંચી
રહ્યો હતો
9
જ્યારે દૂરથી પ્રકાશનું એક તરલ બિંદુ
મારી પાસે આવ્યું
તો મેં જોયું કે આપણે જ હતાં.
10
હું ગરુડની ઈર્ષ્યા કરું છું.
તેની આંખો દૂરને ખૂબ નજીકનું બનાવે છે.
તું ખૂબ જ દૂર છે
કાશ મારે પણ તેની આંખો હોત

*50થી વધારે વર્ષોનો મારો આત્મ-સાથી જેનું
એપ્રિલ 2019 માં દેહાવસાન થયું

પહોંચવાનું છે

☐ વર્ષા બારોટ

સમયસર પહોંચવાનું છે
ત્યાં
પણ, લેશમાત્ર ઉતાવળ નથી અહીં...
ન કોઈ ફિકર છે,
ન કોઈ નોંધ રાખી છે
બસ
હું અહીં, તહીં આજુબાજુ
વ્યસ્ત છું
મને ગોઠવવામાં...
કાળનો કાંટો તો ચોક્કસ છે
અને
હકીકત છે એ
કે
સમયસર પહોંચવાનું છે
ત્યાં
કોઈ કામ અગર રહી જાય બાકી તો પણ!!!

કૌમુદી મુનશી - એક અદ્વિતીય પ્રતિભા

☐ નૂપુર જોશી ☐ અનુ.: દિવ્યા જોશી

જ્યારે કૌમુદી મુનશી જેવી કોઈ વિશિષ્ટ પ્રતિભા ધરાવતી વ્યક્તિ વિષે કંઈ પણ કહેવું હોય ત્યારે આશ્ચર્યની સાથે મૂંઝવણ અવશ્ય થાય કે ક્યાં અને કઈ રીતે શરૂ કરવું. તેમના જેવી ખૂબ પ્રેમાળ અને આંતર-બાહ્ય સુંદર વ્યક્તિને મળવાનું ક્યારેય મારા જીવનમાં બન્યું હોય એવું યાદ કરવું મુશ્કેલ છે. તેમને પોતાનાં જીવનમૂલ્યોમાં અવિચળ શ્રદ્ધા અને વિશ્વાસ હતાં. તેઓ સાચા અર્થમાં ગુરુ તો હતાં જ, પરંતુ તે ઉપરાંત એક મહાન મિત્ર પણ હતાં, જે તેમના બધા શિષ્યોને પ્રેમથી સાંભળતાં, તેમની સાથે પોતાના જીવનોપયોગી અનુભવોની લ્હાણી કરતાં, તેમની કાળજી લેતાં અને સૌથી વિશેષ તો દરેક શિષ્યના વ્યક્તિગત જીવનમાં પણ રસ લેતાં અને સાચી સલાહ આપતાં. નાઇટિંગલના અવાજની ભેટથી સજ્જ એવા કૌમુદીબેનનું ટોનલ પ્રોડક્શન, સ્પષ્ટતા અને કલ્પનાશક્તિ તો અસાધારણ હતાં જ, પરંતુ, સૌથી વધુ તો સંગીતમાંથી

નિષ્પન્ન થતો તેમનો આંતરિક આનંદ, સબળ હકારાત્મકતા અને ચારિત્ર્યની શુદ્ધતા તેમના સંગીતમાં પ્રતિબિંબિત થતી જોઈ શકાતી હતી.

કૌમુદીજી હેઠળની મારી તાલીમ ૨૦૧૨માં જાણીતા સંતૂરવાદક શ્રી સ્નેહલ મઝુમદારજીના સૂચનથી શરૂ થઈ. જ્યારે હું તેમને પહેલીવાર મળી ત્યારે તેમણે મને ગાવાનું કહ્યું. જે તીવ્ર અને ગહન એકાગ્રતાથી તેમણે મને સાંભળી અને ઘણી સૂક્ષ્મ વિગતોમાં જઈ સૂચનો આપ્યાં તે સાંભળીને હું એકદમ દંગ રહી ગઈ. એ પછી એમણે તાજેતરમાં આપણા વચ્ચેથી વિદાય લીધી ત્યાં સુધી હું નિયમિત છેલ્લાં ૮ વર્ષ સુધી તેમની પાસે શીખતી રહી. કમનસીબે કોરોના મહામારીના વ્યાપને કારણે આ વર્ષના માર્ચ મહિનાથી તેમની પાસે ન જવાયું કે ન તેમને મળાયું એનો અફસોસ જિંદગીભર રહેવાનો. એમની આખરી મુલાકાત આવી અણધારી હશે એનો સ્વપ્ને પણ ખ્યાલ ન હતો.

ગુજરાતી સુગમ સંગીતથી લઈને ભજનો, લોકગીતો, ઠૂમરી, હોરી, દાદરા, ચૈતી, કજરી, સુધી એમનાં સંગીત વિષેનાં જ્ઞાન અને દૃષ્ટિનો વ્યાપ છવાયેલો હતો. એમની પાસેથી ઘણું ઘણું શીખવા મળ્યું છે પણ મારી કેટલીક વ્યક્તિગત પસંદગીઓ કે જે હું તેમની પાસેથી શીખી છું તેમાં : 'આજ મારા હૈયામાં', 'હે કોઈ આવે આવેથી વેણુ વાય છે', અને 'તમે થોડું ઘણું સમજો તો સારું' જેવી રચનાઓ પ્રખ્યાત કવિ સુરેશ દલાલ અને હરીન્દ્ર દવેની છે. એમણે મને મુસ્લિમ કવિ તાજબીબીના 'સુનો દિલ જાની' જેવાં કૃષ્ણભક્તિ સંગીત વિશેના કેટલાક અતિ વિશેષ રેન્ડિશન્સ પણ શીખવ્યાં. પરંતુ મારા માટે એક સૌથી પ્રબુદ્ધ અનુભવ એ કૌમુદીજી દ્વારા રાગ ભૈરવીમાં શુદ્ધ વ્રજભાષામાં રચિત 'રસખાન કે શૃંગાર પદ', શીખવાનો રહ્યો. પુસ્તકનો આધાર લીધા વિના અભિવ્યક્તિ અને ભાવનાના એકધારા વહેણમાં તેમની પ્રસ્તુતિ જોવી અને સાંભળવી એ મારા માટે એક અદ્‌ભુત અને દિવ્ય ઘટના બની રહી.

શ્રી સ્નેહલ મઝુમદારે એક સરસ વાત કૌમુદીબેન વિષે કહી છે, ''તેમની ગાયકી વિશેનું એક નોંધપાત્ર પાસું એ છે કે તેમણે ગુજરાતી ગીતો અને ગઝલોમાં ઠૂમરીનાં તત્ત્વોને સમાવી લીધાં હતાં, જે તેમણે તેમનાં સુપ્રસિદ્ધ ગુરુ સિદ્ધેશ્વરી દેવી પાસેથી શીખેલાં, અને આ જ કારણે તેમણે સંગીતના ક્ષેત્રમાં એક અનોખું સ્થાન સ્થાપિત કર્યું. સૌથી અસાધારણ બાબત તો એ છે કે, નીનુભાઈ મઝુમદાર સાથે તેમનાં લગ્ન પછી સિદ્ધેશ્વરી દેવી પાસે તેમની ઔપચારિક અને વિધિવત્ તાલીમ શરૂ થઈ. ઠૂમરીનાં તત્ત્વોએ તેમના સંગીતનાં

કૌમુદી મુનશી સાથે નૂપુર જોશી

સૌંદર્યલક્ષી મૂલ્યમાં ઉમેરો કર્યો જે ઘણું સુરીલું, મધુર, લયમય અને જીવંત બની ગયું. તો સાથે સાથે તેમાં બનારસ ઘાટના સંગીતની વિશિષ્ટ છટા પણ હતી, જ્યાં તેઓ મોટાં થયાં હતાં. તેમની દરેક પ્રસ્તુતિમાં જાણકાર શ્રોતાને ખ્યાલ આવ્યા વગર ન રહે કે ઉત્તમ ગુરુ પાસે તાલીમ થઈ હોય તે જ આ ગાઈ શકે. સાંભળવામાં ભલે સરળ લાગે, છતાં ગાવામાં તેનું અનુકરણ કરવું એ અત્યંત મુશ્કેલ!"

આટલાં વર્ષોમાં કૌમુદીજીની પૂર્ણતા પ્રત્યેની પ્રતિબદ્ધતા મારા માટે સૌથી મહત્ત્વની અને મોટી પ્રેરણા બની રહી છે. તેમની સૂરની પૂર્ણતા અને ચોકસાઈ અદ્વિતીય અને અજેય હતી. તે સિવાય, યોગ્ય વ્યાકરણ, સ્વર, દરેક સૂક્ષ્માતિસૂક્ષ્મ વિગત પર ધ્યાન કેન્દ્રિત કરવું અને સૌંદર્યશાસ્ત્ર તે તેમના સંગીતનાં કેટલાંક વિશેષ આભૂષણ રત્નો હતાં. તેમના ઘરે હું નિયમિત જતી અને ત્યારે મને હંમેશાં એવું લાગતું કે જાણે હું કોઈ ખૂબ પ્રેમાળ મિત્રને મળી રહી છું. એકવાર શરૂ કરે એટલે સંગીતમાં તેઓ એટલાં ડૂબી જતાં કે શીખવતી વેળા સમય પર કદી તેમનું ધ્યાન રહેતું નહિ. પ્રત્યેક બેઠકની શરૂઆત હંમેશાં અલંકાર ગાવાથી થતી, જેથી ગળું ખૂલી જાય અને ત્યારપછી જ મુખ્ય ગાયકીની શરૂઆત થાય.

કૌમુદીજીની શીખવવાની પદ્ધતિ અતિ વૈજ્ઞાનિક તેમજ વ્યવસ્થિત હતી. એક એક શબ્દ પછી શબ્દસમૂહ અને

પછી આખું વાક્ય, એમ અલગ પાડી તેઓ સંપૂર્ણ વિગતને આવરી લેતાં અને જ્યાં સુધી હું સાચી રીતે ન ગાઉં ત્યાં સુધી તેઓ કદી આગળ ન વધે. આ તેમની સંગીત-સાધનાનું સ્તર હતું. કૌમુદીજી દરેક અર્થમાં એક 'આદર્શ' ગુરુ હતાં. તેઓ હંમેશાં કહેતાં કે ઉચ્ચતમ કક્ષાનું સંગીત ત્યારે જ નિર્માણ થાય છે જ્યારે ત્યાં મન, ગળું (કંઠ), અને હૃદયનું જોડાણ હોય.

કૌમુદી મુનશીજીએ તેમનો ઠૂમરી, દાદરા, ચૈતી, હોરીનો સમૃદ્ધ બનારસ વારસો તેમજ લોકગીતો, જયપુર-અતરૌલી ઘરાનાનાં જાણીતાં હિન્દુસ્તાની ગાયિકા અશ્વિની ભીડે-દેશપાંડે સાથે પણ વહેંચ્યાં હતાં, જેમના પરિવાર સાથે તેમનો ખૂબ નિકટનો નાતો હતો. તેમની પ્રિય અને ગમતી યાદોને તાજી કરતાં અશ્વિનીજી કહે છે, ''તેમનો અવાજ ખૂબ જ મધુર હતો. ૯૦ વર્ષની ઉંમરે પણ તેમનો અવાજ એક યુવતી જેવો હતો. તેઓ એટલું સ્વાભાવિક રીતે ગાતાં કે તેમનો અવાજ 'રિયાજ' જેવો લાગતો ન હતો, પરંતુ હંમેશાં ખૂબ જ સહજ વહેતો.” અશ્વિનીજીએ એક વર્કશોપ યોજેલી જેમાં તેમના શિષ્યોએ કૌમુદીજીની ઉપસ્થિતિમાં નીનુ મઝુમદારજી (કૌમુદીજીના પતિ) નાં ભજનો ગાયેલાં. અશ્વિનીજીએ કહ્યું, "બધા ખૂબ ખુશ હતા અને ત્યાં હાજર બધાની આંખોમાં આંસુ હતાં. એ ખરેખર એક આહ્લાદક અનુભવ હતો."

સારા ગુરુની એક મહાનતા એ હોય છે કે તેઓ શિષ્યમાં રહેલી શક્તિ અને નબળાઈને જાણી તેની નબળાઈને દૂર કરે છે, અને તેમનામાં રહેલી શક્તિઓને પ્રોત્સાહિત કરી તેને સંગીતના ઊંચા શિખરે લઈ જાય છે. કૌમુદીજીએ આ કામ હંમેશાં કર્યું. આ ઉપરાંત તેઓ વિશાળ અને ખુલ્લા મનનાં સંગીતકાર હતાં. તેઓ મારાં કર્ણાટક, હિન્દુસ્તાની અને પશ્ચિમી સંગીતને પણ એટલા જ ઉત્સાહ અને રસથી સાંભળતાં અને કદર પણ કરતાં. એમના વ્યક્તિત્વની એક વાત બહુ સ્પર્શી જાય એવી એ હતી કે દરેક શિષ્ય સાથે પોતાનું જ્ઞાન વહેંચવાનો તેમનો ઉત્સાહ ગજબનો હતો. તેઓ કહેતાં, "વધારે વાર મારી પાસે આવો. મારી પાસેથી બધું લઈ લો. કેમ કે મારા ગયા પછી તમને આ આપવાવાળું કોઈ નહીં હોય!" મને ઘણી વાર એવો વિચાર અને પ્રશ્ન થાય કે, શું ખરેખર અમે એમની પાસેથી એ બધું લઈ શક્યાં કે જે તેમણે અમને આપવું હતું?

કૌમુદીજીનાં શિષ્યા ડો. સુરુચિ મોહતા કહે છે, "આ સઘળા દાયકાઓ, જેમાં તેમણે સંગીતની સતત સાધના કરી, તેમાં જાણે કોઈ ૧૭ વર્ષની છોકરી ગાતી હોય તેવો જ તાજગીભર્યો અવાજ તેમનો લાગતો. 'આલ્હઇ પાટક જુલનાં નવઢલ્યુ હો...', આ ભોજપુરી લોકગીત શીખવતી વખતે તેઓ સમજાવતાં કે

યુવાન નવવધૂ તેની નણંદને કહે છે, મને તો ઊંચા હીંચકા ખાતાં ડર લાગે છે. પછી કૌમુદીબેન યુવતીને શા માટે ડર લાગે છે તે સમજાવે છે, જે ડાળ સાથે હીંચકો બાંધ્યો છે તે તો ડોલે છે પણ સાથે દોરડાના વળ પણ વધતા જાય છે અને તે સંકોચાતું જાય છે. વધુમાં વળી ઝૂલાની બેઠક તો કુમળી ભીની શાખાઓમાંથી બનેલી છે. આથી એ પણ ઊછળે છે. વધારામાં પાછો વરસાદ પણ આવે છે. હવે તું તારી જાતને એ જગ્યાએ મૂક અને પછી એ અનુભૂતિ સાથે તારે ગાવાનું છે! વળી એ પણ સમજ કે શા માટે આ ગીત આ રીતે કમ્પોઝ કરવામાં આવ્યું છે, જે ઉપર નીચે જાય છે, અને તેમાં ઝૂલાની જેમ જ ચઢાવ-ઉતાર પણ આવતા જાય છે." આ રીતે, સંગીતનાં સાહિત્યની પૂરી સમજણ સાથે તેઓ શીખવતાં. મીરાં, તુલસી, સુર, કબીર, સહજો, ધરમદાસ, મલુકદાસ, નાઝિરનાં પદો, ભજનો, રચનાઓ જે તેઓ શીખવતાં, તેની યાદી તો અગણિત છે.

કૌમુદીજી સાથેની દરેક મુલાકાત જીવનનો કંઈકને કંઈક પદાર્થપાઠ શીખવી જતી. તેઓ હંમેશાં ભારપૂર્વક કહેતાં, "ભલે ગમે તેવી પરિસ્થિતિ હોય પણ આપણે હંમેશાં હકારાત્મક અને પ્રસન્ન જ રહેવું જોઈએ. નકારાત્મક અભિગમ ધરાવતા લોકોથી હંમેશાં દૂર રહેવું, કેમ કે તે આપણી માનસિક સ્થિતિ અને સર્જનાત્મકતાને પણ તોડી પાડે છે. હંમેશાં સકારાત્મક લોકોને જ આપણી આસપાસ રાખવા કેમ કે, તેમનામાંથી આપણને હકારાત્મક શક્તિ, એનર્જી મળે."

જાણીતાં પત્રકાર નંદિની ત્રિવેદી કૌમુદીજી વિષે જણાવતાં કહે છે, "તેઓ એક સત્ત્વશીલ, પ્રેમાળ, મોહક અને ભલી વ્યક્તિ હતાં. હું તેમની પાસે સુરદાસનાં પદો અને થોડી ઠૂમરી શીખી. તેમનું હિન્દી ઉચ્ચારણ એકદમ પરફેક્ટ હતું, અને ઠૂમરીની દરેક સૂક્ષ્મતાઓ મને તેઓ ખૂબ જ ધીરજપૂર્વક શીખવતાં.''

તાજેતરના લોકડાઉનના સમય દરમ્યાન પણ કૌમુદીજી એકદમ સક્રિય રહી સુંદર ગીતો કમ્પોઝ કરતાં અને તેમના શિષ્યોને ફોન પર સંભળાવતાં. કોઈ દિવસ મેં તેમના અવાજમાં ઉદાસી નથી જોઈ. ઊલટું, તેમની પ્રસ્તુતિ દ્વારા અમને હંમેશાં ઉત્સાહ અને આનંદથી તેઓ ભરી દેતાં. લોકડાઉન પહેલાં, છેલ્લે હું તેમને ૧૩ માર્ચ ૨૦૨૦ના રોજ મળેલી. સ્નેહલજી દ્વારા ભવન્સ અંધેરી, મુંબઈમાં 'ઊડત અબીલ ગુલાલ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલું અને તેમાં અમે કૌમુદીજી પાસે શીખેલાં ગીતો અને ઠૂમરી ગાયેલાં. કૌમુદીજીની હાજરીમાં અને તેમના આશીર્વાદ સાથે ગાવું એ જીવનનો એક લ્હાવો અને યાદગાર સંભારણું બની રહ્યું. એ દિવસે તેમના તરફથી

મળેલાં સુંદર પ્રોત્સાહન અને કદરને કારણે અમને વધુ ચોકસાઈથી ગાવાનો જુસ્સો આવેલો.

ગુજરાતી સુગમ સંગીતનાં આપણાં ખૂબ જાણીતાં કલાકાર રેખા ત્રિવેદી કૌમુદીજી વિષે જણાવતાં કહે છે, "તેઓ કબીરના દોહાના ઘણાં ચાહક હતાં અને તેમાં અવારનવાર કહેતાં, 'કલ કરે સો આજ કર, આજ કરે સો અબ; પલમેં પ્રલય હોયેગી, બહુરી કરેગા કબ.' કૌમુદીજીની એ ખાસિયત હતી કે, શીખવામાં કંઈ પણ મુશ્કેલી હોય તો તેને તેઓ એકદમ સરસ સમજાવીને સરળ અને સ્પષ્ટ કરી આપતાં. તેઓ એક પરફેક્શનિસ્ટ અને કુશળ ગુરુ હતાં. તેથી જ તેમના બધા શિષ્યો ઉત્તમ કલાકારની કક્ષાએ ઊભરી આવ્યા. સુંદરતા, મોહકતા, અને કરુણા જેવા સુંદર ગુણો તેમના વ્યક્તિત્વમાં સમાયેલા હતા. જે કોઈ તેમને મળે તેમને કૌમુદીબેનની આસપાસ સુખ અને શાંતિના ઓરાનો અવશ્ય અનુભવ થતો."

કૌમુદીજીના સંગીતનાં મોટા ચાહક અને પ્રસંશક નેહા યાજ્ઞિક કહે છે, "ગઝલ, ભજન, ગરબા, ઠૂમરી અને લોકગીતો દ્વારા તેમણે શ્રોતાઓના દિલમાં વિશેષ સ્થાન મેળવ્યું હતું. આ ઉપરાંત રસોઈની કળા અને ભરતગૂંથણ જેવી કલાઓમાં પણ તેઓ એકદમ માહેર હતાં. એવું કહેવામાં જરા પણ અતિશયોક્તિ નહીં ગણાય કે એમના કંઠમાં મા સરસ્વતી બિરાજમાન હતાં, તો એમના હાથમાં મા અન્નપૂર્ણા. નાનાં બાળકોને પણ સમજાય એ રીતે તેઓ તાલ અને અલંકારની સમજ આપતાં. તેમનું દૃઢપણે માનવું હતું કે તમે જે કંઈ ગાઓ તેમાં એક કહન હોવું જોઈએ. હકારાત્મક અભિગમ એ કૌમુદીબેનનું મોટું જમાપાસું હતું. ગુજરાતી સુગમ સંગીતમાં તેમના પ્રદાનને આવનારી અનેક પેઢીઓ યાદ રાખશે. છેવટ સુધી કૌમુદીબેન સંગીતમાં ડૂબેલાં રહ્યાં."

કૌમુદીજી મને હંમેશાં કહેતાં, "કોઈ દિવસ પોતે પોતાની જાતને સર્ટિફિકેટ ન આપવું જોઈએ. બીજાએ તમારી વિષે બોલવું જોઈએ અને કદર કરવી જોઈએ." તેમના જવાથી ઊભો થયેલો ખાલીપો અને ખોટ સંપૂર્ણ સંગીતજગત માટે દુઃખદાયક અને ન પૂરી શકાય તેવાં છે.

મને ખાતરી છે કે તેમના અનેકાનેક ચાહકો આજે કહેતા હશે કે કૌમુદીજી તમારી ગેરહાજરી બહુ સાલશે. એક ઘટનાની યાદ અને ખોટ તો મારા મનમાં કાયમ અને અનિવાર્ય રીતે અંકાયેલી રહેશે, અને તે એ કે હું જેવી તેમને ઘેર પહોંચું કે તેમનું અતિ પ્રેમભર્યું અને વળી તેજસ્વી અને મોહક સ્મિત સાથે દરવાજાનું ખોલવું અને કહેવું, ''આવો!"

❑❑❑

હેકલસરો

☐ જયંત રાઠોડ

અમારું ડ્રેજર અંધકારમાં ડૂબેલી પ્રોજેક્ટ સાઈટ ઉપર કામ કરી રહ્યું હતું. જહાજી કંપની ડચ હોવા છતાં આ ડ્રેજરનું રજિસ્ટર થયેલું નામ હતું - 'બેંગોલ ટાઈગર'! એની ક્ષમતા એવી જ હતી. ગંગાના પાણીમાં ઊતરેલા

રોયલ બંગાળી વાઘ જેવી! એના ડ્રેગ હેડ એટલે વાઘના પંજા જોઈ લ્યો. ડ્રેજરના બાહુ જેવા સક્શન પાઈપ ડ્રેગ હેડ સાથે જોડાયેલા રહેતા. એને અરબી સમુદ્રનાં ઊંડાં પાણીમાં ઊતરતાં જોઈને મને રોમાંચ થતો. સમુદ્રના પેટ પર એનાં જડબાં દાંત ગડાવી દેતાં. ખાડીમાં તણાઈ આવેલી રેતી અને માટીને શોષવા લાગતાં. રગડા જેવું પ્રવાહી પાઈપ મારફતે ઉપર ખેંચાતું. ઉપર સ્વિમિંગ પુલ જેવા લાગતા હોપરમાં એ રગડો ખાલી થતો રહેતો. એ ભરાઈ જાય એટલે ડંપિંગયાર્ડ કહેવાતી ચોક્કસ જગ્યાએ જઈને એને ખાલી કરાતું. હોપરને ભરવાની ક્રિયા હું હંમેશ જોઈ રહેતો. દરિયાના પેટાળમાં છુપાયેલું કોઈ રહસ્ય બહાર આવવાનું હોય, એવી ઉત્સુકતાથી.

ધૂંધળી ક્ષિતિજે સૂરજ ડોકાયો. રાતનો અંધકાર ઝાકળ જેમ ઊડી ગયો. જહાજના ઘન આકારો સ્પષ્ટ થવા લાગ્યા. ઉપલા ડેકની કેબિન ઉપર મંડરાતાં સી-ગલને જોઈને મને વતન યાદ આવી ગયું. આ સિઝનમાં મને મારા પિતાજી ડોવર બંદરે સાથે લઈ જતા. ફેરી ટર્મિનલ ઉપર ઊડતાં સી-ગલ તરફ હું બ્રેડના ટુકડા ફેંકતો. એ જોઈને તેઓ મને અટકાવતા. નાની નાની માછલી લઈ આપતા. હું એ સી-ગલને ખવડાવતો.

અચાનક જહાજનું હોર્ન વાગતાં સી-ગલ ઊડી ગયાં. નજીક આવી જતી માછીમારની બોટને ચેતવણી આપવા હોર્ન વાગ્યું હોવું જોઈએ, એવું મેં અનુમાન કર્યું. ત્યાં ચીફ ઓફિસરને ઉતાવળે ઉપર આવતો જોઈને હું સાવધ થઈ ગયો. જાણી જોઈને હું નીચેની ડેક તરફ જોવા લાગ્યો. ચીફ જર્મન હતો. એનું અપમાન કરવાની આનાથી વધુ શાલીન રીત મારા જેવા અંગ્રેજને આવડતી નહોતી. ગોળમટોળ સેકન્ડ-મેટને આદેશ આપતો એને જોઉં ત્યારે મને હિટલરની યાદ આવી જતી. પીટર્સબર્ગના રહેવાસી સેકન્ડ-મેટને પણ એવું જ લાગતું હશે. ચીફ પાસેથી આદેશ લેતી વખતે એનો ચહેરો તમતમી જતો. આનાથી વધારે અમે ચીફ સામે અણગમો બતાવી શકતા નહિ. અમારા હોદ્દા એનાથી ઊતરતા દરજ્જાના હતા. બીજું વિશ્વયુદ્ધ ક્યારનું પૂરું થઈ ગયું. તોય છ દાયકા જૂની વાતો અમારા મનમાંથી ભૂંસાઈ નહોતી. અમારી નોકરીની વાસ્તવિકતા સામે એ અપ્રસ્તુત હતી. માનવસ્વભાવની આ વિચિત્રતાનું એટલે જ મને આશ્ચર્ય થતું.

નીચેના ડેક ઉપર ક્રૂ મેમ્બર્સની અવર-જવર વધી ગઈ હતી. શિફ્ટ પૂરી કરીને રહેઠાણની જગ્યામાં પાછા ફરી રહેલાની ચાલ, બીજી શિફ્ટમાં ચડતાં ક્રૂથી જુદી લાગતી હતી. જહાજ ઉપરનાં યંત્ર અવિરત ચાલુ હતાં. એકેએક યંત્ર અટકે નહિ માટે

મેન્યુઅલમાં બતાવેલ ચોકસાઈપૂર્વક કામ કરતા લોકોને જોઈને થયું, પ્રકૃતિના વિરાટ સંચાલન તરફ ધ્યાન આપવાની કોઈને ફુરસદ નહોતી. અરે! ઊડી ગયેલાં સી-ગલની પણ કોઈએ નોંધ ન લીધી!

ઓફિસર્સ મેસમાં જઈને સાવલાને જોવા મેં નજર ફેરવી, એ દેખાયો નહિ. સાવલાની ઇલેક્ટ્રિકલ એન્જિનિયર તરીકેની પહેલી નોકરી હતી. પોસ્ટિંગ પણ એને વતનમાં જ મળ્યું. જોકે એ મુંબઈમાં રહેતો હતો. મારી આ બીજી નોકરી હતી. ડેક ઓફિસરની પોસ્ટ મળતી હતી. ભારત અને એમાંય પશ્ચિમના છેક છેવાડાના પોર્ટ ઉપર જવાનું હતું. આ બીજા કારણથી, પહેલાં હું ખચકાયો હતો. ભારત આવવાનો પ્રસ્તાવ હું નકારતો રહેતો. એમાં પણ પશ્ચિમનો કિનારો..! પછી મેં શાંતિથી વિચાર કર્યો. કલ્પી લીધેલી પરિસ્થિતિથી દૂર ભાગવામાં ડહાપણ નથી. મારે એનો સામનો કરવો જ રહ્યો. હકીકત તો જ સામે આવશે. એવા વિચારથી છેવટે હું ભારત આવી ગયો.

અજય સાવલાનો વિચાર કરતાં હું મારી કેબિનમાં આવ્યો. આ વીકએન્ડમાં એ મને એના દાદાનું ગામડું જોવા લઈ જવાનો હતો. મારા સામાનમાંથી મેં એક ડાયરી કાઢી. નકશાની મદદથી સાવલાના ગામના અક્ષાંશ-રેખાંશ જોઈ, ડાયરી ઊથલાવી. એક પાના ઉપર મારા દાદાએ કરેલો સ્કેચ હતો. એક ઘોડેસવાર વહેતી નદીમાં ઊતરી રહ્યો હતો. સામેના કિનારે ઊભેલી કોઈ સ્ત્રી દેખાઈ. ઘોડેસવારની દિશામાં એ તાકી રહી હતી. એની આંખોમાં રહેલો ભાવ સ્કેચમાં આબાદ ઝિલાયો હતો. કેટલાક બીજા પણ સ્કેચ હતા. પછી લાંબી નોંધ મૂકી હતી. સ્કેચમાં દેખાતી જગ્યાના અક્ષાંશ-રેખાંશ એ નોંધમાં બતાવ્યા હતા. પહેલી વાર ડાયરી વાંચી ત્યારે જ મેં એની નીચે નિશાની કરી રાખી હતી. સાવલાના ગામના અક્ષાંશ-રેખાંશ સાથે સરખાવી જોતાં હું ધ્રૂજી ગયો! કોઈ ભૂલ તો થતી નથી, એની ખાતરી માટે હું બે-ત્રણ વાર સરખાવી ગયો!

ડાયરી બંધ કરી મેં બેડ પર લંબાવ્યું. મારી આંખ સામે અમારા પરિવારના પ્રતાપી પુરુષોના ચહેરાઓ એક પછી એક પસાર થવા લાગ્યા. મેસોપોટેમિયાના રણમાં જેમની કબર છે એવા મારા પરદાદા. એ ઓટોમન રાજ્ય સામેની લડાઈમાં માર્યા ગયા. મારા દાદાના મોટા ભાઈ, જાપાનની રોયલ આર્મી સામે બર્મામાં બહાદુરીથી લડ્યા હતા. એજ સમયે મારા દાદા ભારતના દરિયા કાંઠે ઊતર્યા હતા. તેઓ ચોક્કસ મુંબઈ બંદરે ઊતર્યા હશે. મને એક વાતનું આશ્ચર્ય થયું. પશ્ચિમના છેક છેવાડાના આ પ્રદેશમાં તેઓ કેમ આવ્યા હશે? કદાચ શિકારનો શોખ એમને ખેંચી ગયો હોય!

એમના ચહેરા ઉપર ઊંડા જખમનું નિશાન પડી ગયેલું. એ કારણે થોડા સમયમાં તેઓ ઇંગ્લેન્ડ પાછા આવી ગયા હતા. હું સ્કૂલમાં હતો ત્યારે એમનું મૃત્યુ થઈ ગયું. અમારા પરિવારમાં કોઈ એમના વિશે વાત કરતું નહિ. તેઓને મેં ક્રિસમસ ઉપર જ જોયા છે. કેન્ટ પરગણાના કોઈ નાનકડા ગામમાં, વરસનો બાકીનો સમય તેઓ એકલા પસાર કરતા. અમારા દીવાનખંડમાં મારા પરદાદા તેમજ દાદાના ભાઈની રુઆબદાર તસવીરો છે. દાદાની એક પણ તસવીર નથી. હું નાનો હતો ત્યારે આ અંગે પિતાજીને પૂછતો. સમજણો થયા પછી મને એનો જવાબ મળી ગયો. પરિવારની પરંપરા તોડીને પિતાજી કેમ મર્ચન્ટ નેવીમાં જોડાયા હશે એ પણ સમજાયું.

દાદાનો ચહેરો આંખ સામે તોળાયો. ભરાવદાર દાઢી પણ એમના ઘાવને પૂરેપૂરો છુપાવી શકતી નહોતી. નાઈટ શિફ્ટના ભારથી મારી પાંપણ ઢળવા લાગી. બિડાઈ જતી આંખમાં ડાયરીની નોંધ ઉપરનું ટાઈટલ ભોંકાયું. ઉપર લખ્યું હતું - માય શેઇમ!

* * *

કાર સડક છોડીને હવે ધૂળિયા રસ્તા પરથી પસાર થઈ રહી હતી. સાવલાનું ગામ પાસે જ હતું. હેડફોન સાથે ડોલતું એનું માથું લય ચૂકી ગયું, જ્યારે મેં એને કાર ઊભી રાખવાનું કહ્યું. અસમંજસમાં એણે બ્રેક મારી. ટાયર ઘસાવાથી ઊડેલી ધૂળને અવગણીને હું બહાર આવી ગયો. બારીમાંથી ડોકું કાઢીને પ્રશ્ન કરતા સાવલાને જવાબ આપ્યા વિના હું મારી ધૂનમાં ચાલી નીકળ્યો. કોઈ અદૃશ્ય ખેંચાણથી જોતજોતામાં રસ્તાનો ઢોળાવ ઊતરી ગયો. કાર પાર્ક કરીને સાવલા પાછળ આવી રહ્યો હોવાનું મને ભાન નહોતું.

મારી સામેના વિશાળ કેનવાસ પર નદી દેખાઈ રહી હતી. કિનારા ઉપરની ઝાડીમાંથી નીકળેલો અંગ્રેજ ઘોડેસવાર દેખાયો. દીપડાના શિકારમાં ભટકતો એ અહીં આવી ચડ્યો હતો. ઘોડાને પાણી પીવડાવવા એ ઢોળાવ ઊતરી ગયો. ઘોડાની ખરીના અવાજથી સુસ્ત બપોર સફાળી જાગી ઊઠી. વડના જૂના ઝાડ ઉપરથી કોઈ પક્ષી ચિચિયારી પાડતું ઊડી ગયું. પાણી પી રહેલા ઘોડાના સવારે આંખે દૂરબીન ચડાવી ચારેતરફ જોયું. પછી એણે ઘોડાને નદીમાં ઉતાર્યો. મારાથી સામેના કિનારે જોવાઈ ગયું. વીસેક વરસની એક સ્ત્રી નાહવાનું છોડીને ઊભી થઈ ગઈ. નદીનાં વહેણને ઘોડો પાર કરી ગયો. નજીક આવી રહેલા અમલદારને જોઈને સ્ત્રીની આંખ સળગી ઊઠી. એ દોડીને પાસેની ઓરડીની અંદર ભરાઈ ગઈ. નદી તરફ પડતી ઓરડીની બારીમાંથી એની મોટી મોટી આંખ દેખાઈ. સવારને એ તરફ આવતો જોઈને એ બારી

પાસેથી ખસી ગઈ.

ઓરડી પાસે ઘોડો ઊભો રાખી, સવાર નીચે ઊતર્યો. ગણવેશની અંદરથી હીપ-ફ્લાસ્ક કાઢી એણે બે-ચાર ઘૂંટ ગળે ઉતાર્યા. એના મિલિટરી બૂટના એક જ પ્રહારથી ખૂલી ગયેલાં ઓરડીનાં કમાડ ઉઘાડ-બંધ થવાં લાગ્યાં. કમાડ ઊઘડવાની સાથે સ્ત્રી પાછળ ધકેલાઈ ગઈ. એ પોતાની જાતને સંભાળે એ પહેલાં અમલદાર દીપડાની જેમ કૂદ્યો. એના હાથમાં સ્ત્રીની કમર આવી ગઈ. પલકારામાં સ્ત્રીના હાથનું દાતરડું અમલદારના ચહેરા ઉપર વીંઝાયું. એની પકડ ઢીલી પડી ગઈ. પકડમાંથી છૂટીને કાંપી રહેલી સ્ત્રીના હાથમાંથી દાતરડું પડી ગયું. બહાર નીકળવાના રસ્તે ઊભેલો ઘાયલ દીપડા જેવો અમલદાર ઘૂરક્યો. એને પોતાની તરફ આવતો જોઈને, એ કૂવાને શરણે ગઈ. કૂવામાંથી ઊઠેલા ધુબાકાથી ઓરડી હચમચી ઊઠી...

હું કૂવા તરફ દોડી ગયો. નમીને જોવા જતાં ધાર પરનો ખખડી ગયેલ પથ્થર અંદર ધસી પડ્યો. અવાવરું કૂવા અંદરથી કબૂતર નીકળીને સપાટામાં ઊડી ગયું.

''જ્યોર્જ!''

મોટેથી બોલાયેલું મારું નામ સાંભળી હું હોશમાં આવ્યો. મારી પાછળ આવી પહોંચેલો સાવલા કહી રહ્યો હતો.

''આર યુ મેડ? શું સુસાઈડ કરવા જતો હતો?''

હું શું કરવા જતો હતો, એની મને ક્યાં ખબર હતી? ઠંડી ઋતુમાં સાવલાને ફૂટી નીકળેલો પરસેવો જોઈ રહેતા મેં કહ્યું.

''સોરી!''

કૂવા પાસે બેસી જઈ એ રૂમાલથી મોઢું લૂછવા લાગ્યો. એ બેઠો હતો એની નજીકમાં એક પાંચેક ફૂટનો લાંબો પથ્થર દેખાયો. કાળો, ઘસાઈ ગયેલો પથ્થર એક તરફ જરા નમી ગયેલો. મેં પૂછ્યું.

''શું પાણીના સંગ્રહ માટેની આ કોઈ સંરચના છે?''

''થેન્ક ગોડ! હું તો તારી ચિંતામાં પડી ગયેલો.'' મારી આંખમાં ડોકાતો પ્રશ્ન જોઈને એણે કહ્યું, ''કોઈ મરી ગયેલાનું આ સ્મારક છે. આવી જૂની ચીજોમાં તને રસ છે?''

''જૂની ચીજો પાસે ઘણું કહેવાનું હોય છે. પણ અહીં તો આ એકજ કબર છે!''

''આ કબર નથી. કોઈ આ જ જગ્યાએ મર્યું હશે. એની યાદમાં મૂકેલા આ પથ્થરને અમે ખાંભી કહીએ છીએ.''

''ખેમ્ભી!''

હું બરાબર ઉચ્ચાર કરતો નથી એવું સાવલા કહી રહ્યો હતો. હજી આવાં સ્મારક હોવાં જોઈએ. એવી સંભાવનાથી મને બેચેની થવા લાગી.

હું ઓરડીમાંથી બહાર આવી ગયો. પાછળ ફરીને જોયું તો નદીનો રેતાળ પટ દેખાયો. એ પસાર કરીને અમે આ કાંઠે આવી ગયા હતા. આ તરફની જમીન વધારે ઉજ્જડ લાગી. એક પણ ઝાડ દેખાયું નહીં. ફક્ત ક્યાંક ક્યાંક બાવળ ઊગી ગયા હતા. થોડે દૂર જતાં ઝાડી વચ્ચે ઊગી નીકળી હોય એવી ચાર ખાંભીઓ દેખાઈ. ઉદાસ આકાશ નીચે એ રહસ્યમય લાગી. મેં પાસે જઈને જોયું, ઉપર કોઈ લખાણ ખોદેલું ન દેખાયું. પથ્થર પર થયેલી હવામાનની અસર સ્પષ્ટ દેખાતી હતી. એની ખરબચડી સપાટી સાથે કરોળિયાનાં જાળાં ચોંટી ગયેલાં. પવન આવતાં એ ઝૂલી જતાં હતાં. હું સ્તબ્ધ થઈને જોઈ રહ્યો. ડાયરીના શબ્દો જાળું રચીને મારી આંખ સામે ઝૂલવા લાગ્યા...

...ઘાવમાંથી વહેતા લોહીથી અમલદારનો ગણવેશ ખરડાઈ રહ્યો હતો. હીપ-ફ્લાસ્કના પ્રવાહીથી એણે ઘાવ સાફ કરીને ઉપર રૂમાલ બાંધ્યો. કૂવા અંદરનું બૂડબૂડ હવે શાંત પડી ગયું હતું. પણ દૂરથી કોઈના પડકારા સંભળાયા. બહાર આવી એ ઘોડા ઉપર નીકળી ગયો. સામેથી ચારેક માણસોને આવતા જોઈ, એણે વેગથી એમની તરફ ઘોડો દોડાવ્યો. ખેતી કરતા મજબૂત હાથોએ દોડતા ઘોડાની લગામ પકડી પાડી. એ ફંગોળાઈ ગયો. એની તરફ ધસી જતા માણસોના હાથમાં ખેતીનાં ઓજાર હતાં. ઊઠીને સામનો કરી શકવા જેટલો એની પાસે સમય નહોતો. કમરપટ્ટા પરથી રીવોલ્વેર કાઢી એણે અંધાધૂંધ ફાયર કર્યાં. અમલદારની ઉપર વાર કરવા તેઓએ મરણિયો પ્રયાસ કર્યો, ફાવ્યા નહીં. ચારેય ઢળી પડ્યા.

અમલદાર ઊભો થયો. એના ઘાવ ઉપરથી રૂમાલ નીકળી ગયો હતો. લોહી નીંગળતા ચહેરાથી એ ભયંકર દેખાતો હતો. ઘોડા પાસે જઈ, એણે એની ભીની પીઠ થપથપાવી. વીફરેલો ઘોડો મોઢું ફરાવીને હણહણ્યો. ડાઘવાળો રૂમાલ ઝાડીમાં ફરફરતો જોઈને એ અટકી ગયો. ત્યાં દૂરથી આવી રહેલા અવાજે એને ચોંકાવ્યો. ગભરાટમાં એ ઘોડા ઉપર સવાર થઈને અવાજની દિશામાં નીકળી ગયો. એક ખેતર નજીક જઈને એ થોભ્યો. ખેતરમાં ઊભેલાં જારનાં ડૂંડાં એણે હાલતાં જોયાં. અંદરથી તીર વેગે નીકળેલો યુવાન ડઘાઈને ઊભો રહી ગયો. અમલદારે એની સામે રીવોલ્વર તાકી હતી. એ હવે ખાલી હોવાની હકીકત યાદ આવતાં અમલદાર અસ્વસ્થ થઈ ગયો. ઓચિંતા એની તરફ ફેંકાયેલી ડાંગ રિવોલ્વરને ઉડાડતી એના હાથને ઈજા કરી ગઈ. બીજી મિનિટે એ ઘોડા ઉપરથી નીચે પટકાયો. એની છાતી ઉપર ચડી બેઠેલો યુવાન રોષેથી ધ્રૂજતો હતો. એના

મજબૂત આંગળાની ભીંસથી એનો શ્વાસ રુંધાવા લાગ્યો. કમરપટ્ટા પરથી ખેંચી કાઢેલી છરી ઉપર અમલદારના અવળા હાથની પકડ બરાબર બેસતી નહોતી. આખરી પ્રયાસ કરતો હોય એમ એણે ઘા કર્યો. યુવાને સમતુલા ખોઈ. તક ઝડપી એણે એને છાતી પરથી હડસેલ્યો. જમીન પર ઊંધા પડી ગયેલા યુવાનની પીઠમાં ખૂંપેલી છરી એણે ખેંચી કાઢી. યુવાન પ્રતિકાર કરે એ પહેલાં એનું ગળું...

''જ્યોર્જ... જ્યોર્જ!'' સાવલાએ આવીને મને ઢંઢોળ્યો ત્યારે મારું ધ્યાન ગયું. હું ખેતરના શેઢે બેસી ગયો હતો.

''ઇટ્સ અટરલી વીયર્ડ! તને થયું છે શું? પાગલની જેમ ખાંભીઓની આસપાસ કેમ ફરતો હતો? અને આ ખાંભી તો જાણે તારા કોઈ...''

''...આની કોઈ જાળવણી કેમ કરતું નથી?''

''વ્હોટ?''

મારામાં એને જરૂર કોઈ ભૂત દેખાયું હશે. ડરી ગયેલા સાવલાને સ્વસ્થ કરવા મેં એની તરફ હાથ લંબાવતાં કહ્યું.

''આવી હાલતમાં તમે સ્મારક રાખો છો?''

એને સ્વસ્થ થતા થોડી વાર લાગી. મારો લંબાવેલ હાથ પકડી, મને ઊભો કરતાં એણે કહ્યું.

''આ ખાંભીઓ વિશે કોઈ બરાબર જાણતું નથી. પણ એની તને કેમ ચિંતા થાય છે?''

''તું શું જાણે છે આના વિશે?''

''ખાસ નહિ. એવું સાંભળ્યું છે કે જમીનના ઝઘડામાં અહીં કેટલાક મર્યા છે. કોઈનું રક્ષણ કરતાં બહાદુરીથી લડીને નહિ.''

''બધા બહાદુરીપૂર્વક લડ્યા છે, સાવલા!''

એ ચોંકી ગયો. એનું વર્તન સ્વાભાવિક હતું. એણે અવિશ્વાસથી પૂછ્યું,

''તું કેવી રીતે એ કહી શકે?''

અચાનક પવન ફૂંકાયો. ધૂળ ઊડવા લાગી. હું નીચું જોઈ ગયો. પિતાજીના ટેપ-રેકર્ડમાં કેટલીય વખત સાંભળ્યા હતા એ શબ્દો મારા કાનમાં ગૂંજ્યા - આપણે નથી ડગવાના કે નથી હારવાના. ઇંગ્લેંડનું રક્ષણ એ આપણો નિર્ધાર છે. તે માટે ફના થઈ જઈએ તો પરવા નથી - યુરોપની થીજાવી દેતી ઠંડીમાં બીજું વિશ્વયુદ્ધ લડી રહેલા બ્રિટિશ સૈનિકોનું લોહી, આ શબ્દોએ ફરતું રાખ્યું હતું. ચાર હજાર માઈલ દૂરના આ પ્રદેશના અભણ ખેડૂત પરિવારે શું એ વચનો સાંભળી લીધાં હશે? અજય સાવલાને શું ખુલાસો કરું? એ મને વિચિત્ર રીતે તાકી રહ્યો હતો. મેં કહ્યું,

''બસ. મને એવું લાગે છે.'' સાવલાના ખભા ઉપર હાથ મૂકી મેં પૂછ્યું. ''એની વે, તમે લોકો આવાં સ્મારક પ્રત્યે સન્માન બતાવવા શું કરો

છો?''

એણે ચાલતાં ચાલતાં મને સમજાવ્યું. સાંભળીને થયું દુનિયામાં કોઈ જગ્યાએ આ પ્રકારે મૃતકનું સન્માન થતું નહીં હોય. અમે એના ગામમાં ગયા, એકદમ સૂનકાર હતો. અવર-જવર વિનાની શેરીમાંથી પસાર થયા. નદીની રેત જેવી ધૂળ ઉપર અમારા પગનાં નિશાન પડી જતાં હતાં. ચાર વરસ પહેલાં આવેલા ભૂકંપની સાબિતી દેખાતી હતી. તિરાડો રીપેર કરવાથી પડેલાં નિશાનોવાળાં ઘર જુદાં પડી જતાં હતાં. એક ઘરના કોતરણીવાળા ઝરૂખામાં વૃદ્ધા દેખાઈ. એણે કાળું વસ્ત્ર પહેર્યું હતું. સાવલાને જોઈને એનું દાંત વગરનું મોઢું મલક્યું. મને ફોટો પાડતો જોઈને ડોળા કાઢતી એ કશું બોલી ગઈ. સાવલાએ સમજાવ્યું. ગામડાની સ્ત્રી તેમાંય વિધવાનો, અજાણ્યો પુરુષ ફોટો પાડે એને અસભ્યતા કહેવાય. કળાત્મક ઝરૂખો જોઈને હું સભ્યતા ભૂલી ગયો, જ્યારે મારા દાદા? એની યાદ આવતાં જ હું આઘાત પામ્યો.

ચોકમાં એક ચબૂતરો હતો. મેં ત્યાં બેસતા પહેલાં સાવલાને સન્માનની વાત યાદ કરાવી. એનો ચહેરો જોઈને થયું એ મને સનકી સમજ્યો હશે. એ માથું ધૂણાવતો ચાલ્યો ગયો. હું ચબૂતરા નીચે બેઠો. ઓચિંતો મને વિચાર આવ્યો. પેલા ખેડૂતના પરિવારનો કોઈ વારસ મને અહીં જોઈ જાય તો? શું એ મને ઓળખી કાઢે? અજાણતાં મારો હાથ ચહેરા પર ફરી વળ્યો. વરસો જૂના ગામના ચોકમાં બેસીને આવી કલ્પના કરતો જોઈને થયું ખરેખર મારા ઉપર ભૂત સવાર થયું છે.

ચોકમાં ક્યાંકથી એક ગધેડો આવી ચડ્યો. અજાણ્યા માણસને જોઈને એ ઊભો રહી ગયો. ચબૂતરા ઉપરથી પાંખોનો ફફડાટ સંભળાતાં મેં ઉપર જોયું. નર કબૂતર ગળું ફુલાવીને માદાઓની આસપાસ ચક્કર લગાવતો દેખાયો. એક માદાએ પાંખ ફેલાવી, જરા નમી જઈને સમર્પિત થયાની ચેષ્ટા કરી. ગધેડાએ ચબૂતરા તરફ મોઢું ઊંચું કર્યું. એના જાડા હોઠ ફફડ્યા, સફેદ ઝાગ ઊડી. પીળા દાંત દેખાડતું એનું મોઢું પહોળું થયું. ગામનો ચોક એના બેસૂરા અવાજમાં ડૂબી ગયો.

સાવલા કાર લઈને આવી પહોંચ્યો. મને અંદર બેસવાનો ઇશારો કરતાં એણે ગધેડા તરફ જોયા કર્યું. મેં અંદર બેસતાં કહ્યું,

''પૂઅર ફેલો! એની માદાના વિચારથી ઉત્તેજિત થઈ ગયો લાગે છે.''

''તું માનશે નહીં. મારા ગામના એક પ્રખ્યાત ફિલ્મ ક્રિટીક છે. આવી સ્થિતિમાં એમણે ક્યારેક ગધેડાને જોયો હશે. જોઈને એમણે શું અફલાતૂન કવિતા કરી છે.''

''ખરેખર?''

સાવલાએ કવિતા કહી. એની પહેલી

પંક્તિમાં ઉત્તેજિત ગધેડાનું વર્ણન હતું. બીજી પંક્તિમાં એક શબ્દ - હેકલસરો - આવતો હતો. જે કદાચ સાવલાની ભાષાનો હતો. અને પછીના શબ્દો હતા phallic inversion! હેકલસરો સાથે કોઈક રીતે એને સાંકળી લેતા, પંક્તિ રચનારને પ્રશ્ન જાગેલો. મેં સાવલાને પૂછ્યું,

''હેકલસરો એટલે શું?''

''આયમ નોટ સ્યોર. કદાચ એકલવાયી ખાંભી!''

નદીના સામે કાંઠેના કૂવા પાસે અમે પહોંચ્યા ત્યાં સુધી હું ઉત્તેજિત ગધેડાના વર્ણન સાથે પ્રશ્ન રૂપે આવતી પંક્તિઓનો અર્થ સમજવા મથ્યો. અમે સાથે લાવેલો સમાન, કૂવા પાસે પહોંચીને સાવલાએ ખોલી નાખ્યો. એક બાલદીમાં એણે કેસરી રંગનો પદાર્થ અને તેલ જેવું પ્રવાહી મિક્સ કર્યાં. એ પદાર્થને અહીંની ભાષામાં સિંદૂર કહેવાય છે એવું એણે કહ્યું. મિશ્રણ તૈયાર થઈ ગયા પછી મને બ્રશ આપતાં એણે નાટકીય અંદાજમાં કહ્યું,

''સન્માનની સામગ્રી તૈયાર છે!''

મેં બ્રશ હાથમાં લીધું. ખાંભી સામે એક નજરે જોયું. ખબર નહીં કેમ, મારાથી બ્રશ બાજુ પર મુકાઈ ગયું. મેં હાથને બાલદીમાં નાખી બહાર કાઢ્યા. હાથ ઉપર લાગેલું કેસરી પ્રવાહી તડકામાં ચમકી ઊઠ્યું. ખાંભીને સિંદૂર લગાવી રહેલા મારા હાથ ધ્રૂજી રહ્યા હતા. પણ મનમાં એક ભાવ, પ્રબળ રીતે ઊઠ્યો.

એ સાથે જ ફેલિક શબ્દનો એક અર્થ સ્ફુર્યો. ફળદ્રુપતા! મને થયું પ્રચલિત અર્થ કરતાં આવા કોઈ અર્થમાં એ શબ્દ પ્રયોજ્યો હશે? અને ઇન્વર્સન? ફળદ્રુપતાને ઉલટાવો એટલે... ધીરે ધીરે મને સ્પષ્ટતા થવા લાગી. તો આ એ ખાંભી હતી. કોઈના અધ:પતને નોતરેલી ઉજ્જડતાના પ્રતીક જેવી. સમયને પડકારતી ઊભેલી. એકલી, અટૂલી પણ ટટ્ટાર!

❑❑❑

''મજબૂત મુકદ્દમા કરતાં, નબળું સમાધાન સારું.'' **- જ્યોર્જ હર્બર્ટ**

* * *

''અનુભૂતિ અત્યંત કડક શિક્ષક છે. એ પહેલાં પરીક્ષા લે છે અને પાઠ પછી ભણાવે છે.''

- ઓસ્કાર વાઈલ્ડ

* * *

''કોઈ પણ વસ્તુની કિંમત એની સામે જીવનની વસૂલી જેટલી હોય છે.''

- હેન્રી ડેવીડ થોરો



પ્રબોધ પરીખ : એક સંવાદ

☐ આરાધના ભટ્ટ

પોતાની જાતને 'પીપી દાદા' તરીકે ઓળખાવતા પ્રબોધ પરીખ એટલે એકમાં અનેક જેવું વ્યક્તિત્વ. ઈશ્વરે એમને છપ્પર ફાડીને આપ્યું છે. ચિત્રકલા, લેખન ઉપરાંત વિશ્વસાહિત્યનો અને વાંચનનો લગભગ ગાંડો કહી શકાય એવો શોખ, સંગીત, નાટ્ય, ફિલ્મ જેવાં વિશાળ ફલક પર એમની પ્રતિભા પ્રસરી છે. આ વૈવિધ્યથી, સામાન્ય માણસને લગભગ ઈર્ષા થઈ આવે એટલું સભર અને નિરાળું એ જીવે છે. ખભે થેલો જોઈએ અને એ થેલો પુસ્તકોથી ભરેલો હોય એ એમની જીવન જરૂરિયાત! જોકે કલાઓના વ્યાસંગે એમને સાવ અંતર્મુખી પણ નથી બનાવ્યા. એમની બીજી જરૂરિયાત તે મિત્રો, અને મિત્રો સાથે અડ્ડો જમાવવો એ એમની પ્રિય પ્રવૃત્તિઓ પૈકીની એક છે. મિત્રતાનું એમનું દર્શન વ્યક્ત કરવા એમણે આ સંવાદ થયો પછી એમના આરાધ્ય કવિવર ટાગોરના, 'ગીતાંજલિ'ના એક કાવ્યની પંક્તિઓ 'કોતો ઓજનારે જાનાઈલે તુમિ, કોતો ઘોરે દિલે સ્થાન, દૂર કે કોરિલે નિકોટો બંધુ, પોર કે કોરિલે ભાઈ' ટાંકી. મુંબઈની મીઠીબાઈ કોલેજમાંથી તત્ત્વજ્ઞાનના અધ્યાપક તરીકે નિવૃત્ત થઈ અનેક સાહિત્યિક અને કલાકીય પ્રવૃત્તિઓમાં તેઓ રત રહ્યા છે. એમના કાવ્યસંગ્રહ 'કૌંસમાં'એ એમને અનેક સન્માનો મેળવી આપ્યાં. આ ઉપરાંત 'છીએ તેથી' કાવ્યસંગ્રહ, 'કારણ વિનાના લોકો' વાર્તાસંગ્રહ ઉપરાંત નિબંધો અને પત્રો દ્વારા એમણે ગુજરાતી સાહિત્યને વિશિષ્ટ પ્રદાન કર્યું છે. કલાવિષયક વ્યાખ્યાનો આપવાં એમણે સેંકડો દેશ-વિદેશના પ્રવાસો કર્યા છે. એમની સાથેનો આ સંવાદ એમના વ્યક્તિત્વનો સમગ્ર પરિચય આપનાર બની રહેશે.

પ્રશ્ન: પ્રબોધ પરીખ એ બહુઆયામી વ્યક્તિત્વ છે. કવિ, લેખક, વક્તા, ચિત્રકાર, વિશ્વ સિનેમાના ચાહક, તત્ત્વજ્ઞ, અધ્યાપક, આ અસાધારણ પ્રતિભાનો વિકાસ કઈ રીતે થયો? તમારાં બાળપણ અને ઉછેર વિશે જાણવાનું કુતૂહલ છે.

આપણે એવું કહી શકીએ કે આ સાધારણ પ્રતિભાનો વિકાસ કેવી રીતે થયો. આમ તો એટલો બધો વિકાસ પણ થયો નથી, કારણ કે એમ થાય છે કે ફરી જન્મ લઈએ અને પહેલા જ દિવસથી છંદ આવડી જાય અને શુદ્ધ જોડણી લખી શકીએ અને ગુજરાતી ભાષા મળી આવે પણ એ બધું તો ક્યારે થશે એ કહેવાય નહીં. રમતિયાળ મારું બાળપણ બહુ રસ પડે એવું હતું. ગૌમાતાની ચાલ, કાલબાદેવી રોડ, ગુજરાતીઓની વસ્તી, ખડાયતા જ્ઞાતિ. કોઈક અજંપો ક્યાં ક્યાં લઈ જતો હશે, જેથી પછી કવિતા મળી આવે, સિતાંશુની દોસ્તી થાય અને અમદાવાદમાં ચિનુ, લાભશંકરના રે-મઠનાં તોફાનોમાં જોડાઈ જઈએ... એમ

કરતાં કરતાં વીસ વર્ષના થયા અને મૂછનો દોરો ફૂટ્યો, થોડીક વાર્તાઓ લખી, થોડીક કવિતાઓ લખી. પણ મેં કહ્યું એમ, વ્યાકરણના નિયમો જાણ્યા વિના, જેને કહેવાય કે એક અંગત સાહસયાત્રા. અને ચિત્રકામ પણ એ રીતે જ કરતો આવ્યો છું. કોઈપણ પ્રકારની વ્યવસ્થિત શીખ વગર, નિશાળમાં ગયા વિના, જાતેજ બધું કરેલું. રખડવું, જાતેજ મનગમતી કવિતાઓ શોધીને વાંચી લેવી. પણ એ વર્ષોમાં વાતાવરણ બહુ સારું હતું. ૧૯૬૦ની આસપાસ જ્યારે અમે ઊછરી રહ્યા હતા ત્યારે ચારે બાજુ બહુ ઝબકાર હતા. વડોદરામાં સુરેશ જોશી અને ગુલામમોહમ્મદ શેખ હતા, અમદાવાદમાં લાભશંકર હતા, મુંબઈમાં સિતાંશુ હતા અને આ બધા જ બહુ નાની વયે જીગરજાન મિત્રો થઈ ગયા અને મધુ રાય કલકત્તાથી બહુ જ પ્રેમાળ પત્રો લખે એટલે આપણે ગોઠવાઈ ગયા. એ લોકો લખતા રહ્યા અને હું માત્ર ગોઠવાઈ ગયો. એટલે મેં બહુ લખ્યું નથી. એ જે જુવાળ હતો એમાં લખવા કરતાં વાંચવા-વિચારવા અને બોલવામાં ઘણો સમય ગયો. અને સાહિત્યસર્જન કરતાં મને પત્રો લખવાનું વધારે ફાવે છે, એટલે મને અંગત થતાં આવડ્યું છે. સાહિત્યકારે બિન-અંગત થવાનું હોય. હજુ મારે એ પાઠ ભણવાના બાકી છે. પણ બહુ ગમતું જીવન જિવાઈ રહ્યું છે એમ કહી શકાય; સાહિત્ય અને શબ્દો અને ચિત્રો અને રૂપ અને રંગ અને સંગીત અને સતત બધાનો બહુ જ સારો સાથ છે. મને સંગીતનો શોખ પણ સારો એવો. ઘરમાં સવાર પડે તો પશ્ચિમનું શાસ્ત્રીય સંગીત, રવીન્દ્ર સંગીત, દિવસમાં ખૂબ પ્રમાણમાં જાઝ સંગીત સાંભળતો હોઉં છું. એના વિશે વ્યાખ્યાનો પણ આપતો હોઉં છું. અને ન્યુ યોર્કની જાઝ-ક્લબોથી લઈને મુંબઈની ક્લબોમાં પણ પહોંચી જતો હોઉં છું. એ વિશે મને થોડી જાણકારી અને સૂઝ છે અને અંગત લાઈબ્રેરીમાં હજાર-બે હજાર જાઝની રેકોર્ડ અને સીડી છે. મને જાઝનું ગાંડપણ, ઘેલછા અને એનો નશો છે.

પ્રશ્ન: આ સાથિયામાં ફિલ્મોનો રંગ કેવી રીતે ઉમેરાયો? એના ચાહક અને અભ્યાસી ક્યાંથી બન્યા?

ફિલ્મોનો ચાહક પણ છું, એનો અભ્યાસી પણ છું અને એ વિશે ખૂબ પ્રવૃત્તિમય છું, કારણ કે 'કથા સેન્ટર ફોર ફિલ્મ સ્ટડીઝ' મારા દ્વારા છેલ્લાં કેટલાંક વર્ષોથી ચાલી રહી છે. સુભાષ ઘાઈની ફિલ્મની શિક્ષણ સંસ્થામાં હું શરૂઆતથી જ એક અધ્યાપક તરીકે જોડાયેલો અને મારી કોલેજમાં મેં વીસેક વર્ષ સુધી ફિલ્મ સોસાયટીનું સંચાલન કર્યું હતું. એને કારણે અનેક વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ હવે પ્રખ્યાત થયાં છે, જે રસ્તામાં મળે તો કહે છે કે 'સર તમે અમને ગોડાર્ડની ફિલ્મ બતાવી તો

અમે બદલાઈ ગયાં'. એટલે ફિલ્મનો શોખ તો જેમ બધાને હોય એમ મને પણ બાળપણથી જ હતો પણ જગતની ઉત્તમ ફિલ્મો જોવાનો નાદ મુંબઈ શહેરમાં લગભગ સોળ-સત્તર વર્ષની ઉંમરે અમુક મિત્રોના સહકારથી પહેલીવાર લાગ્યો. અને જ્યારે અમુક પૂર્વ યુરોપિયન ફિલ્મો કે રશિયન ફિલ્મો કે જાપાનીઝ ફિલ્મો જોઈ અને સત્યજિત રાય અને ઋત્વિક ઘટકને જોયા ત્યારે થયું કે જીવન હવે નવેસરથી અનુભવાય એવું કંઈક થઈ રહ્યું છે. દર વર્ષે ત્રણ-ચાર ફિલ્મ ફેસ્ટિવલમાં બસો-ત્રણસો ફિલ્મો એકીસાથે જોવાની સગવડ મારી જાત માટે મેં મેળવી લીધી છે. વર્ષોથી હું ગોવા, દિલ્હી, ત્રિવેન્દ્રમ વગેરે બધા ફિલ્મ ફેસ્ટિવલમાં દર વર્ષે પહોંચી જતો હોઉં છું.

પ્રશ્ન: આપે ફિલ્મોના રસની, અભ્યાસની વાત કરી. આપના અંતરંગ મિત્રો અને આપણા બે દિગ્ગજ સર્જકો લા.ઠા. અને સિતાંશુ યશશ્ચંદ્ર ઉપર આપે દસ્તાવેજી ફિલ્મો બનાવી અને એ રીતે આપે ફિલ્મોનું નિર્માણ પણ કર્યું. આ દસ્તાવેજી ફિલ્મોના નિર્માણની વાત કરો.

૨૦૦૫માં ફિલસૂફીના અધ્યાપક તરીકે નિવૃત્ત થયા પછી 'કથા સેન્ટર ફોર ફિલ્મ સ્ટડીઝ' નામની દિલ્હીની સંસ્થાની જવાબદારી મેં સંભાળી



લીધી. અને એ જ રીતે ૨૦૦૬થી લગભગ ૨૦૧૯ સુધી સુભાષ ઘાઈની ફિલ્મ સ્કૂલમાં હું સંકળાયો. આ બંને સંસ્થાઓ સાથે સંકળાવાને કારણે અને ગોરેગાંવમાં ચારે બાજુ સ્ટુડિયો જ હોય એટલે રાત-દિવસ ફિલ્મી દુનિયા સાથે જોડાવાને કારણે, મારી સામે પચીસ-પચાસ વિદ્યાર્થીઓ બેઠા હોય જે બધા પોતાની ઓળખ ફિલ્મ-મેકર્સ તરીકે આપી રહ્યા હોય... આ બધાને કારણે મને બધી સાધન-સામગ્રીનો અંગત અને અંતરંગ પરિચય થતો ગયો- સ્ટુડિયોની સગવડ, એડિટિંગ, સાઉન્ડ, વગેરે. વળી હું ફિલ્મ કલાને જાણતા સહ-અધ્યાપકોથી ઘેરાયેલો, એમનું પણ માર્ગદર્શન મળતું ગયું. એટલે મને એક વિચાર આવ્યા કરતો હતો કે હું જો આ કેમેરા હાથમાં લઉં અને કંઈક કરું તો શું થાય? એ મારી તાકાત અને આવડત નહોતી, છતાં વાતાવરણને કારણે ઉત્સાહ પૂરેપૂરો જાગી ઊઠ્યો હતો. છેલ્લાં ચાલીસ-પચાસ વર્ષથી સાહિત્ય અકાદમી, દિલ્હીને મારા તરફ ઘણો સદ્‌ભાવ રહ્યો છે. એમના તરફથી એકાદ-બે ફિલ્મ કરવાનો પ્રસ્તાવ આવ્યો. એટલે આ બંને ફિલ્મોનું નિર્માણ સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા થયું છે. આ થઈ એની પૂર્વભૂમિકા. હવે, શા માટે લાભશંકર ઠાકર અને સિતાંશુ? આ બે ફિલ્મો માત્ર દસ્તાવેજી ફિલ્મો ન કહેવાય એવું જે મિત્રોએ એ જોઈ છે એ પૈકી ઘણા કહે છે. પણ હું એનું નામ દસ્તાવેજી ફિલ્મો જ પાડું છું. ગુજરાતી ભાષાના આ બે સમર્થ અને બહુમાન્ય કવિઓ, એ બંને મારા દોસ્તો છે અને એ મારી ગઈકાલ છે. એમની મૈત્રી અને સર્જકપ્રતિભાને માણવાનો, અનુભવવાનો અને સાવ નિકટથી ઓળખવાનો લાભ આજ સુધી મારે માટે તાજોતમ છે. વળી આ બે દોસ્તો એટલે બે શહેરની કથા, બંને મારાં શહેર-મુંબઈ અને અમદાવાદ. એમની કથાઓ એ બે મિજાજની કથા પણ છે. બંનેની ભાવસૃષ્ટિ જુદી. પ્રજા જેનાથી ટેવાયેલી છે એવી સાહિત્ય, સંસ્કાર-સંસ્કૃતિની રુચિથી આ બંને સર્જકો બે ડગલાં આગળ ચાલે. લાભશંકર સ્વને તોડતાં તોડતાં વેરતા ગયા. સર્જન નહીં પણ વિસર્જન એ એમનો મુખ્ય સૂર છે, છેક સુધી. અને સિતાંશુ સ્વનાં બધાં પરિમાણોને સતત અજવાળ્યા કરે. લાભશંકરને શબ્દમાં જરા પણ વિશ્વાસ નહીં, અને છતાં માત્ર શબ્દ સાથે આખી જિંદગી એમણે કામ પાડ્યું. સિતાંશુને શબ્દમાં પૂરેપૂરો વિશ્વાસ અને શબ્દપ્રકાશ- શબ્દ જ જીવનને અજવાળે એને એ પરમ સત્ય કહે. લાભશંકરની કવિતા માટે ગુજરાતમાં ઘણી વાત ઊડતી. છેલ્લાં વર્ષોમાં એવું કહેવાતું કે હવે લાભશંકર એમની કવિતામાં માત્ર બબડાટ કરે છે, એમની કવિતામાં માત્ર અવાજો જ સંભળાય છે. એ અફવાઓનો કે એ

સમસ્ત પરિવાર, ૧૯૮૮

માન્યતા જે પ્રસરી હતી એનો જવાબ મારે મારી રીતે આપવો હતો. મારે મારી ગઈ કાલને આજમાં ફેરવી દેવી હતી. આ પુરુષાર્થ ૨૦૧૪થી શરૂ થયો અને એ છેક ૨૦૨૦ સુધી ચાલી રહ્યો છે. એમાં મારી દોડધામ છે, કેમેરા, સ્ટુડિયો, લોકેશન, ડબિંગ, બંને સર્જકોની આસપાસ ચકરાવા... છેક ૧૯૬૪થી આજ સુધીની એ સર્જક મિત્રો સાથેની આહ્‌લાદક ક્ષણોને એડિટિંગ ટેબલ પર, દસ-બાર-ચૌદ કલાકના શૂટિંગ પછી, કેવી રીતે એક કલાકની ફિલ્મમાં ઢાળી દેવી એ માથાકૂટ. એમાં સમર્થ અને સંવેદનશીલ વાર્તાકાર, ચિત્રકાર, ફોટોગ્રાફર નિમિશ શાહ અને બિન્દાસ સંગીત નિયોજક રજત ધોળકિયાનો સાથ મળ્યો. શબ્દપારખુ નૌશિલ મહેતાએ પટકથા અને સબ-ટાઈટલનું કામ સંભાળી લીધું. આવા અનેક સુખદ સંયોગથી આ ફિલ્મ શરૂ થઈ અને પૂરી પણ થઈ, જે હજુ પણ મારા માટે એક આશ્ચર્ય છે. ૨૦૧૪માં લાભશંકરની ફિલ્મ માટેનું શૂટિંગ શરૂ કર્યું. અને લા.ઠા. પોતાના ઘરમાં ખુરશીવશ, પથારીવશ નહોતા પણ ખુરશીવશ તો હતા. એટલે કેમેરો એમના દીવાનખંડમાં ગોઠવાય પછી વાતચીત, પઠન, એ રીતે અઠવાડિયું અમે સાંભળતા ગયા. એ સાંભળ્યું એનું પરિણામ 'માણસની વાત'- સાઠ મિનિટની ફિલ્મ. એ ફિલ્મ પછી શિકાગો ગઈ, લંડન ગઈ, મુંબઈ, ભાવનગર, કલકત્તામાં દર્શાવાઈ. આ ફિલ્મ પ્રકાશિત થઈ પછી દરેક સ્થળે એ રજૂ થઈ એ અનુભવ મારે માટે બહુ રોમાંચક હતો, કારણકે હું મારી ગઈ કાલની ઓળખ આજે આપી રહ્યો હતો. મારે ગુજરાતને એક સંદેશો આપવો હતો. ૨૦૧૪ સુધી લા.ઠા. શબ્દનો છેદ ઉડાડતા થાક્યા નહોતા, પણ એમાંથી પ્રગટ થતી કાવ્યાનુભૂતિ આપણા બધા

જે કંઈ છે, તે બધું, આમ જ!

જે કંઈ વાગતું રહે છે
ખાલી ચણાની જેમ,
લોહીલુહાણ કરતાં,-
પડઘાતું રહે છે
અક્ષરોના ખૂણે ખૂણે,
ઝાડ-પાન, વિના ઝળક્યા કરે છે
અગ્નિપંખીની જેમ
રામનામની ધૂન, વિના.
તે, અને બીજું બધું જ
જે કંઈ છલકાતું રહે છે
અધૂરા ઘડાની જેમ,
વસે છે ઘર કરીને નસેનસમાં,
વહેતું રહે છે નદીનાળાંમાં,
આવ-જાવ કરતું રહે છે
સવારના ઉઘાડમાં, મધરાતના અજવાળામાં,
પડોશીઓ સાથે અથડાતું રહે છે
જાતને ખંખેરતું
સ્વપ્નોમાં બબડતું
પાઈનું પીને પાવલીનું જોર કરતું-
તે, બધું જ, પૂર્ણવિરામ વિના
ફરતું રહે છે એક ખીસામાંથી બીજા હાથમાં
જગતભરનાં શહેરોમાં
વાહનવહેવારની વચ્ચોવચ,
ઓળંગતું રહે છે
બેઠા બેઠા
જોતું રહે છે પંખીની પાંખો પછી
જે કંઈ છે
તે
બધું આમ જ!

- પ્રબોધ પરીખ
૩.૧૧.૨૦૨૦

માટે છેક આજ સુધી રહી છે એ વાત મારે પહોંચાડવી હતી. અને આ ફિલ્મ જ્યારે દર્શાવાઈ ત્યારે એવું પણ બન્યું કે અન્ય ભાષાઓના લોકો માટે લાભશંકર જાણીતા થયા. કારણકે ત્યાર પછી એમની કવિતાના અને સિતાંશુની કવિતાના અનુવાદો અન્ય ભાષાઓના વિદ્વાનોએ કર્યા. મારી ઇચ્છા હતી કે સિતાંશુને તો આખું ભારત જાણે છે પણ લાભશંકરને નથી જાણતું, તો મારી ફિલ્મ એ કામ કરી શકે. આ જ રીતે સિતાંશુની ફિલ્મ થઈ. આ ફિલ્મનું નામ મેં રાખ્યું છે 'આ માણસ ગુજરાતી લાગે છે.' છેક ૧૯૬૩થી અમે નિકટના મિત્રો. સિતાંશુને સંસ્કૃત આવડે, ગુજરાતી આવડે અને અંગ્રેજી આવડે. મને આ ત્રણમાંથી એકે ભાષા ન આવડે. હજુ આજે પણ મારા ઉચ્ચારો ખોટા હોય છે. ભાયાણીસાહેબે ખૂબ શિખવાડ્યું તો પણ હું ત, થ, દ, ધ બરાબર બોલતો નથી. રાજેન્દ્ર શુક્લએ મને સંસ્કૃત શિખવાડી જોયું, પણ મને એ પણ ન આવડ્યું. અને અંગ્રેજીની જોડણી પણ મારી ક્યારેક સાચી નથી હોતી. એવા પ્રબોધનો સિતાંશુ મિત્ર થાય! હું ઇન્ટર આર્ટ્સમાં નાપાસ થયો તો એ મને સંસ્કૃત ભણાવવા આવે. અને હું સોમાંથી ત્રીસ માર્કે પાસ થાઉં. પછી ફૂલબ્રાઈટ સ્કોલરશીપ લઈને સિતાંશુ અમેરિકા જાય અને એમ.એ.માં મારો ફિલોસોફીમાં થર્ડ ક્લાસ આવે એટલે

સિતાંશુ મને લાંબો કાગળ લખે કે તને શરમ આવવી જોઈએ, તારે પણ શું લાભશંકરની જેમ બધી બાજી હારીને જીવવું છે? કે તારે સુરેશ જોષીની જેમ સાહિત્યના આશરે જીવવું છે? હું તો તને આજે ને આજે અહીં બોલાવી લઉં પણ આ એમ.એ. થર્ડ ક્લાસ? છી, આ તો ચાલે જ નહીં! આવો એ પત્ર લખે, આ અમારી દોસ્તી. એટલે એ વખતથી જ મને ઈર્ષા આવતી કે આ સિતાંશુને બહુ આવડે છે અને આપણને છંદ નથી આવડતા. એટલે મારે માટે આ ખૂબ પડકારરૂપ અને અદ્‌ભુત મૈત્રી. તો આ પણ મારી ગઈ કાલ. અને આજે ૭૫ વર્ષની ઉંમરે મારે મારી ઓળખ આપવાની હોય તો હું મારી ગઈ કાલને આજમાં કેવી રીતે ફેરવી દઉં? તો આ બધાં કારણોસર... ઘેર આવીને પત્નીને અને માને કહેવાનું કે જુઓ હું ફિલ્મ બનાવું છું, દીકરી પણ રાજી થઈ જાય. કેમેરો લઈને ગામેગામ ફરવાનું, થોડા લોકોને અવરજવર કરતા અટકાવવાના. જાણે કે આપણે આમીર ખાન, સલમાન ખાનના નાના કે દૂરના કઝિન હોઈએ એવી લાગણી થાય. બજેટ વગેરે

૯ વર્ષની ઉંમરે ઘરેથી નાસી ગયા હતા

અનેક મર્યાદાઓમાં કામ કર્યું છતાં મને છેલ્લાં ચાર વર્ષમાં બહુ મજા પડી.

પ્રશ્ન; આપ કહો છો કે આપે બહુ લખ્યું નથી, પણ આપના કાવ્યસંગ્રહ 'કૌંસમાં'ને ૧૯૯૩માં સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત કરાયો. આપે નિબંધ અને વાર્તાઓ પણ આપી. કાવ્યનું સ્ફુરવું ક્યારે અને કેવી રીતે?

મેં કહ્યું એમ કવિતા લખવી અને કવિ હોવું એ બધા એટલા અટપટા પ્રશ્નો છે પણ મારી એટલી સમજણ છે કે કવિતા કરવી એ એક સાધના અને જવાબદારી છે. એમાં ઓતપ્રોત થવાનું હોય એવી એ પ્રવૃત્તિ છે અને એક પ્રકારે એ એક જીવનદૃષ્ટિ છે. કવિ હોવું અને જગતના દરેક પ્રસંગમાં કવિતાનો અનુભવ કરતા રહેવું એને માટે સતત જાગૃત સાધનાની જરૂર હોય છે. તમે કવિતા લખો નહિ, પણ કવિતા અનુભવો એ પ્રકારનું જીવન જીવવું એ એટલો મોટો પડકાર છે, અને એના અભાવમાં જ આત્મહત્યા થતી હોય છે. કવિતા ન હોય અને તમે જીવતા હો તો એક પ્રકારની આત્મહત્યા છે. એટલે હું કવિતા લખું કે ન લખું પણ કવિતાની ઝંખના સતત રહે છે અને

થોડુંક લખાતું પણ રહે છે.

પ્રશ્ન: આપણે કાવ્યોની વાત કરીએ છીએ તો સાથેસાથે અનુવાદની વાત પણ કરીએ. આપનાં કાવ્યોના અનુવાદો થયા છે.

એ પણ મારે માટે એક આશ્ચર્ય છે!

પ્રશ્ન: પોતાનું કાવ્ય જ્યારે બીજી ભાષામાં અવતરે ત્યારે સર્જક એને કઈ રીતે જુએ? અને બીજો એને સંલગ્ન તાત્ત્વિક પ્રશ્ન- શું ક્યારેય પણ કાવ્યનો અનુવાદ થઈ શકે? મૂળ કાવ્યાનુભૂતિની બારિકીઓ બીજી ભાષામાં મૂકવી શક્ય છે?

આ બંને પ્રશ્નો કોઈપણ ઉકેલ વિના કાયમ ચર્ચાતા રહે છે. ઉદાહરણ આપીને વાત કરું તો તમને ગમશે. હું હમણાં છેલ્લાં ચાર-પાંચ વર્ષથી રશિયન કવિતા પાછળ બહુ જ ઘેલો થઈ ગયો છું. એટલી હદ સુધી કે મને મોસ્કો અને સેન્ટ પીટર્સબર્ગ જવાની અદમ્ય ઇચ્છા થઈ. આ કવિઓ જ્યાં જ્યાં ચાલ્યા છે, રહ્યા છે એ બધી જગાએ મારે જવું હતું અને અમે એક મહિનાનો રશિયાનો સરસ પ્રવાસ કર્યો. તો કવિતાના અનુવાદ વિષે મેં ઘણું વિચાર્યું છે, અનેક કારણોસર. મુખ્ય કારણ એ છે કે મને જગતની અન્ય ભાષાઓનાં કાવ્યોનો આટલો બધો લગાવ છે. તો પ્રશ્ન થાય કે હું ખરેખર કવિતા વાંચી રહ્યો છું? ભાયાણીસાહેબ સરસ શબ્દપ્રયોગ કરે છે કે વાસ્તવસંભાર હોય. એટલે કે જે વસ્તુ કહેવાઈ હોય એની કથનરીતિ હોય છે. જે એ ભાષા જાણતો હોય એ જ કથનરીતિના લયને, એના આરોહ-અવરોહને જાણે. જે તે કવિ પોતાની કવિતામાં એ ભાષાની પરંપરાને કઈ રીતે ગોઠવે છે કે નથી ગોઠવતો એ બધું તો એ ભાષાનો વારસદાર અને એ ભાષાની પરંપરાઓથી વાકેફ એવી વ્યક્તિ જ જાણી શકે. મને સેન્ટ પીટર્સબર્ગના એરપોર્ટ ઉપર અનુભવ થયો એ કહું. મારી બાજુમાં બેઠા હતા એ ભાઈ મને પૂછે કે શું વાંચી રહ્યા છો? એટલે મેં કહ્યું કે હું આ માન્દેલ્સ્તામ વાંચી રહ્યો છું. મેં પૂછ્યું, 'તમે?' તો એ કહે કે હું પુશ્કિન વાંચી રહ્યો છું. પછી એ મને કહે કે તમે માન્દેલ્સ્તામ કઈ ભાષામાં વાંચો છો? મેં કહ્યું કે અંગ્રેજીમાં. તો એ કહે કે તમે ક્યારેય નહીં વાંચી શકો. મેં કહ્યું કે મારી પાસે નવ જુદા જુદા કવિઓએ એમના કરેલા અનુવાદોનાં નવ પુસ્તકો છે. તો એમણે કહ્યું કે તમે માન્દેલ્સ્તામને રશિયન સિવાય કોઈ ભાષામાં ન વાંચી શકો. પછી વધારે વાત કરતાં ખબર પડી કે એ સ્ટેનફર્ડ યુનિવર્સિટીમાં કમ્પેરેટીવ લિટરેચરના અધ્યાપક છે. અનુવાદ વાંચીને મૂળ ભાષા જાણ્યા વિના પોતાની જાતને રાજી કરવી એ એક વિચિત્ર અનુભવ છે. એમાં ક્યાંક આપણે બાંધછોડ કરી છે એ સ્વીકારીને એક વિનમ્રભાવ સાથે

[અનુસંધાન પૃ. 120]

એક સાઇકિએટ્રિસ્ટની ડાયરી*

☐ ડૉ. આનંદ નાડકર્ણી ☐ અનુ.: અમી ભાયાણી, શેફાલી થાણાવાલા

બધા માનસિક રોગો સો ટકા વંશ પરંપરાગત જ હોય એ ભ્રમણા ક્યારે દૂર થશે કોણ જાણે. અલગ અલગ માનસિક રોગમાં આનુવંશિકતા વત્તાઓછા પ્રમાણમાં કારણભૂત હોય છે જ, પણ એ ક્યારેય 'એક્સક્લુઝિવ' કાં તો 'એક માત્ર' પરિબળ હોતું નથી. એક જ પ્રકારના રોગમાં પણ દરેક વ્યક્તિના રોગનાં લક્ષણ અને એનો સમયગાળો, ઉપચાર પ્રત્યેનો પ્રતિસાદ, એનું વ્યક્તિત્વ અને રોગમાંથી બહાર આવવાનું પ્રમાણ આ બધાં પરિબળો અલગ અલગ હોઈ શકે છે.

*ડૉ. આનંદ નાડકર્ણી લિખિત પુસ્તક 'एका सायकिएट्रिस्टची डायरी'નો ગુજરાતી અનુવાદ

ડૉ. આનંદ નાડકર્ણીનો સંક્ષિપ્ત પરિચય

સાઇકિએટ્રિના વિષયમાં મુંબઈ યુનિવર્સિટીની એમ.ડી.ની પદવી સાથે છેલ્લા ત્રણ દાયકાની પ્રેક્ટિસનો બહોળો અનુભવ ધરાવતા ડૉ. આનંદ નાડકર્ણી બહુમુખી પ્રતિભાસંપન્ન સાઇકિએટ્રિસ્ટ છે. મેડિકલના અનુસ્નાતક વિદ્યાર્થીઓને સાઇકૉલૉજી અને સાઇકિએટ્રિનું શિક્ષણ આપવું, સમગ્ર દેશના ઉચ્ચતમ કૉર્પોરેટ એક્ઝિક્યુટિવ્સ તેમ જ ઉચ્ચ પદસ્થિત લશ્કરી અધિકારીઓને ટ્રેનિંગ આપવી, વાલીઓ અને શિક્ષકવર્ગ માટે વિવિધ વિષયો પર વ્યાખ્યાનો યોજવાં, નવોદિત યુવા કલાકારો, ખેલાડીઓ, રમતવીરો, ગાયકોની પ્રતિભા ખીલે એ દૃષ્ટિથી એમને આવશ્યક માર્ગદર્શન આપવું, રિલાયન્સ, સિમેન્સ, સિપ્લા, ઇન્ડોકો જેવી ઉચ્ચતમ ઔદ્યોગિક સંસ્થાઓ સાથે સંલગ્ન રહેવા ઉપરાંત મધ્યમ સ્તરના ઉદ્યોગ-સાહસિકોને પરામર્શી સેવાઓ પ્રદાન કરવા જેવું વૈવિધ્યસભર યોગદાન ઉલ્લેખનીય છે. નેશનલ પ્લાનિંગ કમિશનને પણ તેમની વિશેષજ્ઞતાનો લાભ મળેલો છે.

'આઈપીએચ' અર્થાત્ 'ઇન્સ્ટિટ્યૂટ ફોર સાઇકૉલૉજિકલ હેલ્થ', 'મુક્તાંગણ વ્યસનમુક્તિ કેન્દ્ર' જેવી સેવાભાવી સંસ્થાઓની સ્થાપના, 'આઇપીએચ સર્ચ' (ગડચિરોલી), 'પ્રથમ' (મુંબઈ) અને 'સંગાથ' (ગોવા) જેવી નામાંકિત સંસ્થાઓ સાથે સક્રિય તેમના નેતૃત્વ હેઠળ યોજાતાં 'જિજ્ઞાસા' (યૌવનાવસ્થામાં પ્રવેશ) અને 'વેધ' (વોકેશનલ એજ્યુકેશન-ડાઇરેક્શન એન્ડ હાર્મની) જેવાં અસાધારણ સામાજિક આયોજનો તેમની સમાજસેવાનાં યશસ્વી પ્રકરણો છે. મરાઠીમાં પુરસ્કારપ્રાપ્ત સત્તર પુસ્તકોનું સર્જન, તેમના દ્વારા લિખિત નાટકોની વ્યાવસાયિક મરાઠી રંગભૂમિ પર નિયમિત રજૂઆત, 'કદાચિત' અને 'આણિ કાશીનાથ ઘાણેકર' જેવાં પુરસ્કૃત મરાઠી ચલચિત્રોમાં સર્જનાત્મક સલાહકાર તરીકેની સેવાઓ, હિંદુ તત્ત્વજ્ઞાન, ઉત્ક્રાંતિવાદી મનોવિજ્ઞાન, જાગતિક અને ભારતીય ઇતિહાસ, જાગતિક અને ભારતીય સિનેસૃષ્ટિ તેમજ સાહિત્યનો સમન્વય દર્શાવતાં તેમનાં વ્યાખ્યાનો, વિદ્યાર્થીઓ માટે તેમના દ્વારા રચિત અને સ્વરબદ્ધ કરવામાં આવેલાં પ્રેરણાદાયી ગીતોનાં ત્રણ આલ્બમોનું પ્રકાશન તેમનામાં રહેલા વિદ્યાવ્યાસંગી અને સત્ત્વશીલ સર્જકનો પરિચય કરાવે છે.

સાંપ્રત સમયમાં જ્યારે વિનાશકારી રોગ તેમ જ તેની નકારાત્મક અસરોથી માત્ર ભારત જ નહીં, પણ સમગ્ર વિશ્વ પ્રભાવિત છે ત્યારે ડૉ. નાડકર્ણીના માનસિક આરોગ્યવિષયક અનુભવોના નિચોડ સમી આ લેખમાળા સૌ વાચકો માટે નિઃસંદેહ માર્ગદર્શક બની રહેશે.

મુંબઈમાં ક્યારેય 'ટાઈટ' ટાઈમટેબલ રાખવું જ ન જોઈએ. લોકલ ટ્રેન બરાબર દસ મિનિટ મોડી પડી. ગિરદીમાંથી જેમ તેમ રસ્તો કાઢતો પરસેવો લૂછતો, હું સ્ટેશનની બહાર નીકળ્યો. કન્સલ્ટિંગ રૂમ પર પહોંચતાં વીસ-પચીસ મિનિટ મોડું થઈ ગયું, પણ કોઈ પેશન્ટ રાહ જોતો બેઠો નહોતો.

ખાલી પેટે એરકન્ડિશન્ડ હવા પણ ગરમ જ લાગે છે. પ્રાઇવેટ પ્રૅક્ટિસ શરૂ કર્યે પખવાડિયું થવા આવ્યું હતું. પ્રૅક્ટિસમાં ધીરજ રાખવી જ પડે અને ઉપરથી આજે મહિનાની છેલ્લી તારીખ... આ વાતથી શરૂઆતમાં ખૂબ ફરક પડે છે એવું વડીલો કહે છે. ત્રીસ તારીખે પણ જે ડૉક્ટરે પાવડો લઈને જવું પડે(પૈસા ભેગા કરવા માટે) એ જ ખરો પ્રતિષ્ઠિત ડૉક્ટર! હશે... એરકન્ડિશનરનો બહુ અવાજ નથી આવતો એ જ સારું છે.

નવા કોરા વિઝિટિંગ કાર્ડ સામે હું તાકી રહ્યો હતો. ત્યાં જ, "તૂ ક્યા સાલા જી.પી. લોગોં કો મિલેગા નહીં, સાલા પાગલ હૈ ક્યા?" ધારીવાલે અકળાઈને પોતાનો ઊભરો ઠાલવેલો. "અરે ફિર તેરેકો પેશન્ટ ભેજેગા કૌન?" ધારીવાલની પ્રૅક્ટિસ ખૂબ ચાલે છે કારણકે બધાના કહેવા મુજબ એ બહુ 'કટ' આપે છે. એણે બહુ બધા જનરલ પ્રેક્ટિશનર ડૉક્ટર્સને, એની જ ભાષામાં કહું તો, 'પકડીને રાખ્યા' છે. એ

ડૉ. આનંદ નાડકર્ણી

લોકોએ એની પાસે પેશન્ટ મોકલવાના. ધારીવાલની જેટલી ફી હોય એમાંથી પચાસ ટકા એ જનરલ પ્રેક્ટિશનરને આપી દે. એટલે જ પચાસ ટકા કટ. મોદી કહે છે કે સર્જિકલ પ્રૅક્ટિસમાં તો એંશી ટકા સુધીનો કટ પણ આપવો પડે છે!

એક રીતે તો હું કોઈ જી.પી.ને મળવા ના ગયો તે જ સારું થયું. એમ તો કટ ન લેનારા કેટલાય ડૉક્ટરોને હું ઓળખું છું. જો કટ લેનારાઓનું 'રેકેટ' હોય તો અમારા જેવા કટ ન લેનારાઓનું પણ કંઈક તો થઈ જ રહેશેને!

કાલે લોકલ ટ્રેનમાં ડોમ્બિવલીનો સુહાસ મળ્યો. એ પણ ત્રણ વર્ષથી પ્રેક્ટિસ કરે છે. એનો પણ એવો જ

મત હતો. આજે કે.ઈ.એમ. (હૉસ્પિટલ)-માં અભય મળ્યો. એ પણ જલદી જ પ્રૅક્ટિસ ચાલુ કરવાનો છે. એ સર્જન છે. "જ્યાં લગી આપણી પાસે કરામતી આંગળીઓ અને મીઠી જીભ છે ત્યાં સુધી આપણને કોઈ હલાવી નહિ શકે બૉસ!" એણે કહ્યું. આવો આત્મવિશ્વાસ જોઈને સારું લાગે છે.

હું આવા વિચારોમાં મગ્ન હતો ત્યાં જ એક પેશન્ટ આવ્યો. એ એસ.ટી.માં ડ્રાઇવર છે. આ પહેલાં તેણે માનસરોગ માટે ઉત્તર પ્રદેશમાં કશેક સારવાર લીધેલી. એને ફરી પહેલાં જેવાં જ લક્ષણો વર્તાવા માંડ્યાં એટલે સ્ટેશનથી 'મનના દાગતરનું પાટિયું' શોધતો શોધતો છેક અહીં સુધી આવ્યો. મને એની સમજણ પ્રત્યે અહોભાવ થયો. આવો માણસ સાઇકિએટ્રિસ્ટનું પાટિયું શોધીને સારવાર માટે આવે એ જ મહાન ઘટના. એ 'પંડિત' સાથે ચર્ચા કરીને એને દવાઓ આપી. ત્યાર પછી બીજા બે પેશન્ટ આવ્યા. એટલે દિવસ સારો ગયો એમ જ માનવાનું.

વિશ્વ આરોગ્ય સંસ્થા (વર્લ્ડ હેલ્થ ઓર્ગનાઈઝેશન)ના અંદાજ પ્રમાણે પાંચ હજાર મનોચિકિત્સકોની જરૂરિયાત છે, જ્યારે આજની તારીખે બધા મળીને માંડ હજારથી પંદરસો હશે (આખા ભારતમાં). 'પંડિત' જેવા માણસો હવે સારવાર માટે આવવા માંડ્યા છે એટલે લોકો હવે અમારા શાસ્ત્રને સ્વીકારવા માંડ્યા છે. આ પાર્શ્વભૂમિ પર અમારી જવાબદારી નક્કી જ વધી રહી છે.

અમુક તારીખ અને અમુક વાર

એકદમ રોજનો જાણીતો રસ્તો એમ માનીને આપણે વિશાળ કે.ઈ.એમ. હૉસ્પિટલનો પરિસર રોજ કેટલીય વાર અહીંથી ત્યાં ફરી વળતા હોઈશું, પણ કોઈ નવોસવો માણસ આ મસમોટી જંજાળમાં નક્કી ખોવાઈ જાય. એને જેવો અનુભવ થાય એકદમ એવો જ અનુભવ મને આજે 'સિટી સિવિલ કોર્ટ' માં થયો.

કોર્ટની બહાર જ એક ઈરાનીની હોટેલ છે, ત્યાં પહેલી જ વાર એક આરોપીને મળ્યો. ત્રીસેક વર્ષની કૃશકાય અને કરમાયેલા ચહેરાવાળી એ સ્ત્રી 'ગુનેગાર'ના લેબલમાં બેસતી તો નહોતી જ. કેસ એવો હતો કે સત્તાવીસ વર્ષની એક યુવતીએ બળીને આત્મહત્યા કરેલી. એ યુવતી અતિશય શંકાશીલતામાંથી ઉદ્‌ભવતા માનસિક રોગ (પેરેનોઇડ સ્કિઝોફ્રેનિયા)થી પીડિત હતી. ગુનેગાર એટલે આ યુવતીની ભાભી. ભાઈનાં લગ્ન થયાં ત્યારથી એ છોકરીની શંકાની સોય કાયમ બિચારી ભાભી પર તકાયેલી રહેતી.

છોકરીએ આ માનસિક રોગની અસર હેઠળ જ આત્મહત્યા કરી લીધી અને મરતી વખતે બિચારી ભાભીનું નામ લીધું. ભાભીનાં સાસુ-સસરા એટલે કે પેલી છોકરીનાં મા-બાપે પોતે જ કહ્યું કે છોકરીએ આત્મહત્યા કરી ત્યારે ત્યાં

તેની ભાભી હતી જ નહીં. પણ યુવાન છોકરીનું સળગીને મૃત્યુ થયું હોય ત્યારે કાયદો એ ઘટનાને સરળતાથી સ્વીકારતો નથી. એમાંય અહીં તો છોકરીએ 'ડાઈંગ ડેક્લેરેશન'માં જ ભાભીનું નામ લીધેલું.

આ છોકરી ૪-૫ વર્ષ પહેલાં કે.ઈ.એમ. હોસ્પિટલમાં અમારા વૉર્ડમાં દાખલ થયેલી. તે વખતના તેના વિશેનાં બધાં લખાણો, બધી નોટ્સ, બધા રેકોર્ડ્સ મારા અક્ષરમાં હતાં. અને કોર્ટે મને 'એક્સપર્ટ વિટનેસ' - નિષ્ણાત સાક્ષી તરીકે સમન્સ મોકલાવેલો.

સ્કિઝોફ્રેનિયા એટલે શું, શંકાનું ભૂત મગજમાં ધૂણવા માંડે એટલે એ વ્યક્તિ કેવા વિચારો કરવા માંડે એ બધું મારે કોર્ટને વિસ્તારપૂર્વક સમજાવવું પડ્યું. ઊલટતપાસ કરનારા વકીલ મને અતિશય ભડકાવવાનો પ્રયત્ન કરી રહ્યા હતા.

માનસિક સંતુલન ગુમાવી બેઠેલી વ્યક્તિમાં આત્મહત્યાની શક્યતા હંમેશાં જ વધારે હોય છે એ હું એમને સમજાવી રહ્યો હતો.

હું જરા ઊંડાણપૂર્વક સમજાવવા જાઉં કે એ તરત મને 'પ્રિસાઈઝ' રહેવાનું ફરમાવતા. મને એમના યુદ્ધ જેવા દાવપેચ જોઈને આશ્ચર્ય થઈ રહ્યું હતું. મૃત રોગીના બીજી હૉસ્પિટલના રિપોર્ટ્સ પણ ત્યાં રજૂ કરેલા હતા. ત્યાંના ડૉક્ટર્સ પણ હાજર હતા. આપણે આપેલો દરેક જવાબ ત્યાં ટાઈપ થતો હોય છે. એમાં ઘણો સમય જતો રહે છે. સાક્ષી આપ્યા પછી આપણને એ સાક્ષીનામું વાંચવા પણ મળતું હોય છે. જેવો હું સાક્ષીના પિંજરામાંથી બહાર આવ્યો એટલે થોડી જ વાર પહેલાં મારા પર તૂટી પડનારા વકીલે મારી સામે જોઈને મંદ સ્મિત ફરકાવ્યું. બે પોલીસની વચ્ચે બેઠેલી ગુનેગાર મને હજી વધુ કરમાઈ ગયેલી લાગી.

ખૂણા પરનો ગોળાકાર દાદરો ઊતરીને હું પથ્થરની ઇમારતમાંથી બહાર નીકળ્યો. દરવાજા પાસે બે પોલીસ કોઈ એક કેદી વિષે ચર્ચા કરી રહ્યા હતા. "પેરોલ મળી ગયો પઠ્ઠાને." એક પોલીસ બોલ્યો. પેરોલ શબ્દ મારા મગજમાં ઘર કરી ગયો. મેન્ટલ હૉસ્પિટલમાંથી રોગીને છોડતી વખતે એને પેરોલ પર છોડવામાં આવે છે. કેદ અને હૉસ્પિટલ, બન્નેને આપણે એક જ ત્રાજવે તોળીએ છીએ. બન્નેની ઊંચી, કાળમીંઢ દીવાલો પણ સરખી અને લોખંડી મિજાગરાંવાળા દરવાજા પણ... હજી પણ આપણે જૂનો પુરાણો 'ઇન્ડિયન લ્યુનસી ઍક્ટ'નો કાયદો જ વાપરીએ છીએ. નવું મેન્ટલ હેલ્થ બિલ લોકસભામાં છેલ્લાં કેટલાંક વર્ષોથી સબડી રહ્યું છે. એમાંથી કાયદો જ્યારે બને ત્યારે ખરો. ત્યાં સુધી આ બધું આમ જ ચાલશે. કાયદાનુસાર કોઈ પણ વ્યક્તિ જ્યાં સુધી 'લ્યુનેટિક' સાબિત ન થાય ત્યાં સુધી એને સરકારી મેન્ટલ

હૉસ્પિટલમાં પ્રવેશ મળી શકે નહીં. મ્યુનિસિપલ હૉસ્પિટલ કે પછી ખાનગી હૉસ્પિટલમાં અમે કોઈ દર્દીને 'લ્યુનેટિક' જાહેર કરતા જ નથી. એટલે રોજના જીવનમાં આ કાયદામાંથી છટકબારી છે. પણ કોર્ટમાં, બાબા આદમના જમાનાના આ 'લ્યુનેટિક' શબ્દનાં ફીફાં ખાંડવાનાં.

એક બાજુ માનસરોગશાસ્ત્ર પ્રગતિના પંથે છે, પણ એ પ્રગતિનો પ્રકાશ સમાજ સુધી હજી પહોંચી શક્યો નથી. અમારા જેવા સાઇકિએટ્રિસ્ટ ડૉક્ટરોએ લોક-શિક્ષકની ભૂમિકા બજાવવાની પણ જરૂર છે. પરંતુ અમે લોકો અમારી ખાસ મેડિકલ સંજ્ઞાઓ, શબ્દો અને વાક્યપ્રયોગોમાં એટલા બધા ખોવાયેલા હોઈએ છીએ કે રોગીને એના રોગ વિષેની માહિતી સરળ શબ્દોમાં કહેવાનું ફાવતું જ નથી. એ માટે કોઈ વિચાર કરવાની જાણે જરૂર જ લાગતી નથી.

કાલે જ ડિપ્રેશનથી પીડાતી એક છોકરી આવી હતી. ઉદાસીનતાના તેના આ રોગની તીવ્રતા છેક આત્મહત્યાના ગંભીર વિચાર સુધી પહોંચી ગયેલી. બીજા એક મનોચિકિત્સકે યોગ્ય દવાઓ આપીને એ ગર્તામાંથી એને બહાર તો કાઢી, પણ પછી એ છોકરીના જ શબ્દોમાં "આય ફાઉન્ડ હિમ ઇનકેપેબલ ઓફ કાઉન્સેલિંગ એન્ડ સાયકોથેરાપી." એટલે તે મારી પાસે આવી. એટલે જ મનોચિકિત્સક પાસે આ કસબ પણ હોવો જોઈએ એવી સ્પષ્ટ સમજણ સમાજમાં નિર્માણ થવા માંડી છે.

એક સોળ વર્ષના છોકરાને એનાં મા-બાપ આવતા અઠવાડિયે લાવવાનાં છે. એનું વર્તન અનેક દૃષ્ટિકોણથી અસ્વાભાવિક છે એવું એમનું કહેવું છે. ફોન પર વાત કરતી વખતે એના પિતા બોલ્યા "ડૉકટર, અમને દેખાઈ રહ્યું છે કે આ પ્રશ્ન માત્ર ગોળીઓ અને દવાઓથી હલ થાય એવો નથી. જો એનો તમારી સાથે મેળ જામી જાય તો અમે બે વર્ષ માટે પણ ફૉલોઅપ કરવા તૈયાર છીએ. વી ડોન્ટ એક્સપેક્ટ મેજિક." આવી સમજણ ધરાવનારી થોડીક વ્યક્તિઓ અસ્તિત્વમાં છે, એ જ કેટલી સધિયારો આપનારી વાત છે. એકદમ 'ટચવુડ' જ કરવું જોઈએ.

[ક્રમશઃ]

"કોઈની સેવા કરીને સાજા કરતાં પહેલાં એને પૂછો કે જેને લીધે એ માંદો પડ્યો એ ચીજ છોડવા તૈયાર છે કે કેમ?"

- હિપોક્રેટ્સ

* * *

"આપણે વસ્તુને છે એવી નથી જોતા પણ આપણે છીએ એવી જોઈએ છીએ."

- અનાઈસ નીન

કવીશ્વર દલપતરામ

કવીશ્વર દલપતરામ અને હોપ વાચનમાળા

☐ દીપક મહેતા

ભણતાં પંડિત નીપજે, લખતાં લહીઓ થાય,
ચચ્ચાર ગાઉં ચાલતાં, લાંબો પંથ કપાય.

*

એક અડપલો છોકરો, જીવો જેનું નામ,
અતિશે કરતો અડપલાં, જઈ બેસે જે ઠામ.

*

હતો હું સુતો પારણે પુત્ર નાનો,
રડું છેક તો રાખતું કોણ છાનો?
મને દુઃખી દેખી દુઃખી કોણ થાતું?
મહા હેતવાળી દયાળી જ માં તું.

*

ભલો દૂરથિ દેખતાં દીલ ભાવ્યો,
ચઢી જેમ આકાશમાં મેહ આવ્યો,
દિસે કુંડનો દેવતા બીજ જેવો,
દીઠો આજ આબુ ગિરીરાજ એવો.

*

દેખ બિચારી બકરીનો પણ,
કોઈ ન જાતાં પકડે કાન,
એ ઉપકાર ગણી ઈશ્વરનો હરખ હવે તું
હિન્દુસ્તાન.

*

(ઉપરની પંક્તિઓમાં, અને હવે પછી

અવતરણ ચિહ્નોમાં બધે જોડણી મૂળ પ્રમાણે.)

ઉપરની, અને તેના જેવી બીજી અનેક પંક્તિઓ એક જમાનામાં ચાર-પાંચ પેઢીના ભણેલા-ગણેલા લોકોને મોઢે રહેતી, કેટલીક કહેવત રૂપે પણ વપરાતી. આજે પણ તેનાથી પરિચિત હોય તેવાની સંખ્યા બહુ નાની નહિ હોય. આ પંક્તિઓ ઉત્તમ કાવ્યનાં ઉદાહરણ છે એમ તો કોઈ નહિ કહી શકે. છતાં મોટા લોકસમુદાય સુધી એ પહોંચી એનાં કેટલાંક કારણ છે. આપણી ચાર-પાંચ પેઢીના લોકો આ અને આવી બીજી કૃતિઓ સ્કૂલમાં ભણ્યા હતા કારણ એ તેમનાં પાઠ્યપુસ્તકોમાં આવતી હતી. બીજું કારણ, આ કૃતિઓના ભાવ કે વિચાર અને અભિવ્યક્તિની સરળતા. ત્રીજું કારણ, તેમાં રહેલી ગેયતા. ચોથું કારણ જનસામાન્યનાં જીવન અને અનુભવ સાથેની તેની તદ્રૂપતા. આવી કૃતિઓ પાઠ્યપુસ્તકમાં છપાતી ત્યારે, સરકારી નિયમ પ્રમાણે, તેના રચનારનું નામ કૃતિ સાથે છપાતું નહિ. એટલે ઘણાંને તો એ વાતની પણ ખબર ન હોય કે આ કાવ્યોની રચના કવીશ્વર દલપતરામે (૧૮૨૦-૧૮૯૮) કરી છે. પછીથી તેમની સમગ્ર કવિતા 'દલપત કાવ્ય'ના બે ભાગમાં પ્રગટ થઈ ત્યારે ૧૮૮૫માં પ્રગટ થયેલા તેના બીજા ભાગમાં આ કૃતિઓ 'હોપ વાચન માળામાંની કવિતાઓ' નામના વિભાગમાં સમાવી હતી. શરૂઆતમાં નોંધ મૂકી હતી: ''હોપ વાચનમાળામાં આવેલી કવિતાઓ 'દલપત કાવ્ય'માં ઉમેરવા માટે કેળવણી ખાતાના વડા મે. ડિરેક્ટર સાહેબની પરવાનગી માગવામાં આવી હતી જે તેઓ સાહેબે આપવાથી હોપ માળાની ૧૮૫૯વાળી પહેલી જ આવૃત્તિમાંથી આ કવિતાઓ લીધી છે.''

એટલે કે, આ કૃતિઓ હોપ વાચનમાળા માટે લખાઈ હતી. તેની પહેલી આવૃત્તિ ૧૮૫૯માં પ્રગટ થઈ હતી. તો પહેલો સવાલ એ થાય કે આ 'હોપસાહેબ' હતા કોણ? આપણાં ભાષા, સાહિત્ય, શિક્ષણ અંગેનાં લખાણો, પુસ્તકો, અભ્યાસો, સંદર્ભગ્રંથો ફેંદી વળો. ભાગ્યે જ કશી માહિતી મળશે. એમનું આખું નામ સર થિયોડોર સી. હોપ. ૧૮૩૧ના ડિસેમ્બરની ૯મી તારીખે ગ્રેટ બ્રિટનમાં જન્મ. ૧૯૧૫ના જુલાઈની ચોથી તારીખે ત્યાં જ અવસાન. ખાધેપીધે સુખી કુટુંબમાં જન્મ. પિતા જેમ્સ હોપ હતા ડૉક્ટર. બ્રિટનની સેન્ટ જ્યોર્જિસ હોસ્પિટલમાં કામ કરતા હતા. હૃદયરોગ

સર થિયોડોર સી. હોપ

વિષે સંશોધન પણ ચાલી રહ્યું હતું પણ એ પૂરું થાય તે પહેલાં તો ટી.બી.ની માંદગીથી અવસાન થયું. પિતા ડૉક્ટર, તો માતા એન હતી લેખિકા. સુખી કુટુંબોના એ વખતના ચાલ પ્રમાણે ઘરે શિક્ષકો રાખીને તેમની પાસે થિયોડોરને ભણાવેલા. પછી ઇસ્ટ ઇન્ડિયા કંપનીની કૉલેજમાં ભણ્યા. ભાષાઓ શીખવાના શોખીન. બાવીસ વર્ષની ઉંમરે ૧૮૫૩માં તેઓ હિન્દુસ્તાન આવીને મુંબઈ સરકારમાં જોડાયા. તે વખતે તેઓ પાંચ યુરોપિયન ભાષા બોલી શકતા હતા. હિન્દુસ્તાન આવ્યા પછી બે વર્ષ થિયોડોરની નિમણૂક ગુજરાતના એજ્યુકેશન ઇન્સ્પેક્ટર તરીકે થઈ. પછી તેમની બદલી મુંબઈ થઈ અને ગવર્નર સર જ્યોર્જ કલાર્કના પ્રાઇવેટ સેક્રેટરી તરીકે કામ કર્યું. પછી ફરી બદલી અમદાવાદ થઈ. આ વખતે તેમણે અમદાવાદનાં શિલ્પ-સ્થાપત્યનો ઊંડો અભ્યાસ કર્યો. ૧૮૬૫-૬૬માં લાંબી રજા લઈને તેઓ સ્વદેશ ગયા અને અમદાવાદ, બીજાપુર અને ધારવાડનાં શિલ્પ-સ્થાપત્ય વિષે ત્રણ દળદાર ગ્રંથ લખ્યા. આ ઉપરાંત તેમણે 'સુરત, ભરૂચ, એન્ડ અધર ઓલ્ડ સિટીઝ ઓફ ગુજરાત' નામનું પુસ્તક પણ લખ્યું છે.

રજા પરથી પાછા ફર્યા પછી આઠ વર્ષ સુધી સર હોપે સુરતના કલેક્ટર તરીકે કામ કર્યું. સુરતનો 'હોપ પૂલ' તે આ હોપ સાહેબના જ માનમાં બંધાયેલો. ૨૦૧૫માં જૂનો પુલ તોડી તેની બાજુમાં નવો પુલ


મુંબઈ ઈલાકાનું સરકારી કેળવણી ખાતું.

હોપ પુસ્તકમાળા.

ગૂજરાતી ચોથી ચોપડી.

બીજીઆવૃત્તિ—૫૦,૦૦૦ પ્રત.

આ ચોપડીની માલિકી સન ૧૮૬૭ ના રૂપ મા આક્ટ પ્રમાણે નોંધેલી છે.

મુંબઈઃ
ગવર્નમેંટ સેંટ્રલ બુક ડીપો.
ઈસ્વી સન ૧૮૬૨.

આ પુસ્તક સંબંધી સર્વે અધિકાર સરકારે સ્વાધીન રાખેલા છે.

કીમત ચાર આના.

બંધાયો છે. ૧૮૭૧માં ફરી મુંબઈ. મુંબઈની મ્યુનિસિપાલિટી ગેરવહીવટને કારણે આર્થિક મુશ્કેલીમાં મુકાયેલી. તે અંગે તપાસ કરવા નિમાયેલી સમિતિના અધ્યક્ષ તરીકે તેમણે કામ કર્યું, અને થોડો વખત મ્યુનિસિપલ કમિશનરના પદ પર પણ રહ્યા. ત્યાર બાદ વાઇસરોયની ધારાસભા (લેજિસ્લેચર)માં મુંબઈ ઇલાકાના પ્રતિનિધિ તરીકે નિમણૂક થઈ. રેવન્યુ ડિપાર્ટમેન્ટના સેક્રેટરી તરીકે થોડો વખત કામ કર્યું. ૧૮૭૬માં દુષ્કાળ રાહત ખાતાના સેક્રેટરી બન્યા. ૧૮૮૦માં કેન્દ્રીય નાણાંખાતાના સેક્રેટરી નિમાયા. ગવર્નર-જનરલની કાઉન્સિલના પબ્લિક વર્ક્સ મેમ્બર તરીકે તેમણે સાડાપાંચ વર્ષ કામ કર્યું. (આ હોદ્દો એટલે આજની કેન્દ્ર

હોપ વાચનમાળાના સભ્યો

સરકારના પ્રધાનનો હોદ્દો.) રેલવેના તેમ જ ખેતીવાડી માટેની સિંચાઈના વિકાસમાં તેમણે મહત્ત્વનો ફાળો આપ્યો. હોપની કામગીરીનાં વર્ષો દરમિયાન રેલવેના પાટાની કુલ લંબાઈ આઠ હજાર માઇલથી વધીને ૧૪ હજાર માઇલ જેટલી થઈ અને સીંચાઈમાં વીસ ટકાનો વધારો થયો. ૧૮૮૨માં સરકારે તેમને સી.આઈ.ઈ.નો તથા ૧૮૮૬માં કે.સી.એમ.આઈ.નો ઇલ્કાબ આપ્યો. ૧૮૮૮માં હિન્દુસ્તાન છોડીને તેઓ સ્વદેશ પાછા ગયા. ૧૯૧૫માં અવસાન બાદ લંડનની હાઇગેટ સેમેટરી (કબ્રસ્તાન)માં તેમને દફનાવવામાં આવ્યા.

૧૮૫૪મા કંપની સરકારે સર ચાર્લ્સ વૂડનો શિક્ષણ અંગેનો ખરીતો સ્વીકાર્યો અને પહેલી વાર મુંબઈ ઇલાકાની સરકારમાં એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ (શિક્ષણ ખાતું) શરૂ થયું. ડિરેક્ટર ઓફ પબ્લિક ઇન્સ્ટ્રક્શનની નિમણૂક કરવામાં આવી. આ નવી વ્યવસ્થામાં સર થિયોડોર હોપને ઉત્તર વિભાગના એજ્યુકેશન ઇન્સ્પેક્ટર નીમવામાં આવ્યા. (એ વખતે મુંબઈ ઇલાકાના ત્રણ વિભાગ હતા: ઉત્તર વિભાગ, જેમાં આજના ગુજરાતના બ્રિટિશ હકૂમત નીચેના ભાગનો સમાવેશ થતો હતો), દક્ષિણ વિભાગ (જેમાં આજના મહારાષ્ટ્રનો સમાવેશ થતો હતો) અને કોંકણ વિભાગ.

ગુજરાતી, મરાઠી, વગેરે 'દેશી' ભાષાઓનાં પાઠ્યપુસ્તકો તૈયાર કરાવીને પ્રગટ કરવાની પહેલ મુંબઈથી માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટને કરી હતી. આ કામ માટે તેમણે કેપ્ટન જ્યોર્જ રિસ્તો જર્વિસની પસંદગી કરી હતી. તેમણે ૧૮૨૩ના સપ્ટેમ્બર સુધીમાં છ ગુજરાતી પાઠ્યપુસ્તકો તૈયાર કરીને છપાવ્યાં હતાં. ગુજરાતી ભાષાનાં એ પહેલવહેલાં શાલેય પાઠ્યપુસ્તકો. પણ મુંબઈમાં તૈયાર થતાં ગુજરાતી પાઠ્યપુસ્તકો સામે અમદાવાદમાં પહેલેથી જ વિરોધ હતો. એ વિરોધને કારણે પાઠ્યપુસ્તકોની ભાષા 'સુધારવા માટે' રણછોડદાસ ઝવેરીને મુંબઈમાં રોકવામાં આવ્યા હતા. તેમણે કેટલાંક

પાઠ્યપુસ્તકોની ભાષા થોડી 'સુધારી' પણ ખરી. છતાં વિરોધ શમ્યો નહિ. મુંબઈમાં તૈયાર થતાં પાઠ્યપુસ્તકો સામે બીજો વાંધો એ હતો કે તે મોંઘાં હતાં. હોપ આ વાત સાથે સહમત થતા હશે તેમ લાગે છે કારણ દલપતરામના કહેવા પ્રમાણે 'હોપસાહેબે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીને કહ્યું કે સરકારી નિશાળોમાં ભણાવાતી ચોપડીઓ મુંબઈમાં છપાય છે તેનો ભાવ ઘણો મોંઘો હોય છે. તેથી ગરીબ લોકોને એ ચોપડીઓ ખરીદવી મુશ્કેલ પડે છે. માટે ગુજરાતના ભલા માટે એ ચોપડીઓ સસ્તે ભાવે છાપી આપવાનું કામ સોસાયટી માથે લે તો ઘણું સારું, અને એ કામ કરવા જેવું છે, કારણ પુસ્તકો તૈયાર કરવાં એ તો આ સોસાયટીનો એક ઉદ્દેશ છે.'

પણ સોસાયટીએ એ દિશામાં ઝાઝું કામ કર્યું નહિ, એટલે હોપસાહેબે પાઠ્યપુસ્તકો તૈયાર કરાવવાની જવાબદારી પોતાને માથે લીધી. સરકારની મંજૂરી લઈને તેમણે પોતાના તાબા હેઠળના તમામ ડેપ્યુટી ઇન્સ્પેક્ટરોને અમદાવાદમાં ભેગા કર્યા. મોહનલાલ ઝવેરી અને પ્રાણલાલ મથુરદાસને ડેપ્યુટી તરીકેના કામમાંથી છૂટા કરી બુક કમિટીના મેમ્બર બનાવ્યા. (આ મોહનલાલ ઝવેરીએ વાચનમાળાનો વિગતવાર ઇતિહાસ લખી રાખ્યો હતો જે પછીથી તેમના દીકરા કૃષ્ણલાલ ઝવેરીએ 'ગુજરાતી' સાપ્તાહિકના ૧૯૧૦ના દિવાળી અંકમાં છપાવ્યો હતો.) ભોગીલાલ પ્રાણવલ્લભને પ્રમુખ બનાવ્યા. એ કમિટીના બીજા સભ્યો હતા મહીપતરામ નીલકંઠ, દલપતરામ ડાહ્યાભાઈ, મયારામ શંભુનાથ, પ્રાણલાલ મથુરદાસ, અને દુર્ગારામ મંછારામ મહેતા. મોહનલાલ ઝવેરી લખે છે: ''નિશાળોમાં ચાલતી ચોપડીઓ કેટલાંક દૂષણોને લીધે બંધ કરી તેને બદલે નવી વાચન પાઠમાળા તૈયાર કરવાનું કામ હોપસાહેબે આરંભ્યું. કમિટીની ઓફિસ (મહાલક્ષ્મી) ટ્રેનિંગ કોલેજના એક ઓરડામાં રાખવામાં આવી હતી.''



આ કામ માટે હોપસાહેબે કવીશ્વર દલપતરામની સેવા છ મહિના માટે ગુજરાત વર્નાક્યુલર સોસાયટી પાસે ઉછીની માગી. તેમણે સૂચવ્યું કે તેટલો વખત દલપતરામની જગ્યાએ આસિસ્ટન્ટ સેક્રેટરી તરીકે બીજા કોઈને રાખી લો. દર મહિને કમિટી દલપતરામને એક સો રૂપિયાનો પગાર આપશે. પણ સોસાયટીના સેક્રેટરીએ એ વાત સ્વીકારી નહિ. પણ એવો રસ્તો સૂચવ્યો કે દલપતરામ એક દિવસ સોસાયટીનું કામ કરે અને એક દિવસ બુક કમિટીનું કામ કરે. મહિને ૧૫ દિવસનો પગાર રૂ. ૫૦ સરકાર આપે. અને બીજા પંદર દિવસનો

પગાર રૂ. ૩૦ સોસાયટી આપે. કુલ ૮૦ રૂપિયાનો પગાર થાય. શરૂઆતમાં દલપતરામ કદાચ આ કામ માટે બહુ ઉત્સાહી નહિ હોય, કારણ તેમણે કહ્યું કે મારી આંખે બિલકુલ દેખાતું નથી એટલે હું શા ખપમાં આવીશ? ત્યારે હોપસાહેબે જવાબ આપ્યો કે અમારે તમારી આંખની નોકરી જોઈતી નથી, તમારી જીભની નોકરી જોઈએ છીએ. લખવા માટે કારકુનો જોઈએ તેટલા રાખશું. પછી કમિટીનું કામ શરૂ થયું ત્યારે 'કવિતાના પાઠ' લખવાનું કામ દલપતરામને સોંપાયું. પણ તે માટેના વિષય નક્કી કરવાની જવાબદારી મહીપતરામ રૂપરામને સોંપાઈ. એટલે કે હોપ વાચનમાળામાં દલપતરામની જે કવિતા છે તેના વિષય મહીપતરામે ઠરાવેલા. આ ઉપરાંત બીજા કવિઓના 'કવિતાના પાઠ'ની પસંદગી કરવાનું કામ પણ મહીપતરામને જ સોંપાયું હતું.

૧૮૫૯ના ફેબ્રુઆરી સુધીમાં વાચનમાળાના સાત ભાગ તૈયાર થઈ ગયા. તેની હસ્તપ્રતો લઈ હોપ પોતે સુરત ગયા અને કેળવણી ખાતાના ગુજરાતી ટ્રાન્સલેટર રેવરન્ડ ગ્લાસ્ગોની મંજૂરી લઈ આવ્યા. એ જ વર્ષે સાતે ભાગની પહેલી આવૃત્તિ એક સાથે પ્રગટ થઈ. આ નવી વાચનમાળા તૈયાર કરવા પાછળનું એક મુખ્ય કારણ એવું બતાવવામાં આવેલું કે મુંબઈમાં છપાતાં પુસ્તકો બહુ મોંઘાં હોય છે. પણ આ નવી વાચનમાળાના સાતેસાત ભાગ મુંબઈનાં છાપખાનાંમાં જ છપાવવા પડ્યા. પહેલા છ ભાગ એજ્યુકેશન સોસાયટીના છાપખાનામાં અને સાતમો ભાગ થોમસ ગ્રેહામના છાપખાનામાં. કારણ એ વખતે મુવેબલ ટાઈપ વાપરતું એક પણ છાપખાનું અમદાવાદમાં નહોતું. જે થોડાં હતાં તે બધાં લિથો પ્રેસ હતાં. અને તેમાં તો કામ બહુ ધીમું થાય. આ પુસ્તકોનાં પૂંઠાં ઉપર માત્ર 'નવી સરકારી વાચનમાળા' એટલું જ છાપ્યું હતું. તેને 'હોપ વાચનમાળા' નામ તો પાછળથી અપાયું. પણ તે કઈ આવૃત્તિથી અપાયું તે જાણી શકાયું નથી.

આપણે ત્યાં એક એવી છાપ ઊભી કરવામાં આવી છે કે વાચનમાળામાં હોપનું તો માત્ર નામ હતું. ખરી મહેનત તો દલપતરામ અને બીજા કમિટી મેમ્બરોની હતી. પણ સર થિયોડોર હોપ ભાષા-સાહિત્યના અભ્યાસી હતા. શિક્ષણના વહીવટકાર હોવા ઉપરાંત જાણકાર વિદ્વાન હતા, ભારતીય સ્થાપત્યના અભ્યાસી હતા, દેશની સરકારમાં પ્રધાન બનીને સફળ અને યાદગાર કામગીરી બજાવી શકે એવા કુશળ હતા. હોપ વાચન-માળાનાં પુસ્તકો તૈયાર કરવામાં તેમનો સક્રીય સાથ હતો. પણ આજે હવે એ હોપ વાચનમાળા ભુલાઈ ગઈ છે, દલપતરામ સિવાયના કમિટી મેમ્બરો ભુલાઈ ગયા છે, અને સર થિયોડોર હોપ પણ ભુલાઈ ગયા છે. બહેરામજી મલબારીએ ગાયું હતું તેમ: ચક્રવર્તી મહારાજ ચાલિયા કાળચક્રની ફેરીએ. ❑❑❑

આગંતુકઃ ઉત્તરાર્ધ-૪, ૫, ૬

☐ ધીરુબહેન પટેલ

વૃંદાવન

બીજી સવારે કશુંક અમૂલ્ય પામ્યાના અને ખોયાના ભાન સાથે નેત્રો ખૂલ્યાં ત્યારે ઈશાન કોઈ અજાણી જગ્યાએ અજાણ્યા બિછાનામાં સૂતો હતો. એક ઝટકા સાથે તે બેઠો તો થઈ ગયો, પણ દિશાશૂન્ય દૃષ્ટિથી આમતેમ જોતાં તેને કંઈ સમજ ન પડી.

જોકે કાન સચેત હતા. જરાક દૂરથી તરતા આવતા પ્રભાતની મંગલ આરતીના સૂરો માણસના માંહ્યલાને

ઢંઢોળવા અને જગાડવા માટે પર્યાપ્ત હતા. સહેજ લજ્જિત થઈને ઈશાન ઊભો થઈ ગયો અને બિછાનું સંકેલવા લાગ્યો. સાથે સાથે વિચારોનું સંક્રમણ ચાલુ થઈ ગયું.

શું થઈ ગયું હતું તેને? સ્ત્રીસહજ રુદન શાથી તેના કાબૂ બહાર જતું રહ્યું હતું? કોણ હતા એ બાંકેબિહારી જેનો ક્ષણભરનો વિયોગ પણ મૃત્યુતુલ્ય વેદનાનો અનુભવ કરાવતો હતો? કોઈએ તેના હાથમાં ખોસેલી છબિ ઓશીકા નીચેથી સરી પડી. એને હાથમાં લઈને ધ્યાનથી જોતાં ઈશાને માથું ધુણાવ્યું. ના, આ એ નહોતા, જેમણે પલકમાત્રમાં ઈશાનને પોતાનો ભવોભવનો દાસ બનાવી દીધો હતો. - ના, દાસ નહીં - પરમ સ્નેહી! કોણ હતા એ જાદુગર?

''મંગલા તો હો ચૂકી - વૈષ્ણવ! અબ તો અસ્નાન વગેરા નિપટકે હી મંદિરમેં ચલેંગે!'' કોઈનો વૃદ્ધ પણ વત્સલ અવાજ સંભળાયો.

''જી!'' તેમના સન્માન ખાતર ઈશાને કહ્યું - કહેવાઈ ગયું. પણ તેની જવાની મુદ્દલ ઇચ્છા નહોતી. મન ધરાય એટલાં દર્શન પણ કોઈ કરવા દેતું નહોતું. વચમાં આવતો હતો પેલો ટેરો-મોટો ટેરો! કોણે તેને એટલી સત્તા આપી હતી ભક્ત અને ભગવાનની વચ્ચે આવવાની?

એકાએક ઈશાન ચોંકી ગયો... ભક્ત? એ શું ભક્ત થઈ ગયો હતો અને એને ખબર પણ નહોતી પડી? અશક્ય! એવું કઈ રીતે બને?

કાલે મંદિરમાં જે કંઈ બન્યું હતું તે સ્વપ્નવત્ લાગ્યું. પોતે કોણ? આટલા બધા ગ્રંથોનો જ્ઞાતા. ઓમકારગિરિનો લાડકો શિષ્ય. ઉત્તરકાશીના આશ્રમમાં અવારનવાર આવતા રહેતા ભક્તોનો આદરણીય સંત - એ શું એક મંદિરની મૂર્તિનાં દર્શન માટે આટલો વિહ્વળ થઈ જાય? એની આંખોમાંથી અવિરત અશ્રુધારા વહે? એ આસપાસની દુનિયાનું ભાન ભૂલી જાય? અશક્ય... કેવળ અશક્ય.

ચોક્કસ કોઈએ કંઈક મંત્રપ્રયોગ કર્યો હશે - તે વગર આવું તદ્દન અઘટિત બને જ નહીં. શારીરિક અને માનસિક બન્ને રીતે ટટાર થઈ જઈને ઈશાન પેલા વૃદ્ધજનને પ્રણામ કરીને નીકળ્યો.

એ બિચારા સમજાવવા જતા હતા કે ઈશાને હજુ થોડો આરામ કરવો જોઈએ અને બેચાર દિવસ આ આશ્રમમાં જ વિતાવવા જોઈએ, પણ ઈશાને વિવેકપૂર્વક એ વાત નકારી અને એમનાં ચરણસ્પર્શ કરીને ચાલવા માંડ્યું.

રસ્તામાં વળી પાછો પેલા ટેરો પાડનારા જુવાન પૂજારીઓમાંથી એક મળ્યો અને એણે રસપૂર્વક કથા કહેવા માંડી કે આ બાંકેબિહારીને તો બહુ સાચવવા પડે છે. ટેરાની પ્રથા નહોતી ત્યારે એક ભાવિક મહિલાની પ્રાર્થના નકારી ન શક્યા ને એને ઘેર પહોંચી

ગયા. સવારે બધે હોહા થઈ ગઈ. અરે! ઠાકુરજી ક્યાં અલોપ થઈ ગયા? ઘણી તપાસ પછી મળ્યા ત્યારે આનંદમાં હતા અને પેલી સ્ત્રીના ઘરમાં ઝૂલા પર બિરાજ્યા હતા. બોલો, હવે એમને તો સાચવવા જ પડે કે નહીં?

ઈશાન આવું બધું માનતો નહોતો. એણે ઔપચારિક રીતે હાએ હા કરીને આગળ ચાલવા માંડ્યું. ઘણે દૂર નીકળી જઈ શકાયું હોત, પણ રસ્તામાં પાછું પેલું મંદિર આવ્યું અને ચરણ એ તરફ વળી ગયાં. એક વૈજ્ઞાનિકની ચોકસાઈથી એણે બધું નિરીક્ષણ કર્યું અને એને ખાતરી થઈ કે આગલી સાંજે જે કંઈ બન્યું તે માત્ર ભ્રમણા જ હતી, બીજું કંઈ નહીં.

પણ જુઓ નસીબ! તે જ વેળાએ ટેરો ખસ્યો અને બાંકેબિહારી તથા ઈશાનની નજર એક થઈ. એટલું જ બસ હતું. ઈશાન વળી પાછો પોતાની જાત પરનો કાબૂ ખોઈ બેઠો અને કોઈ અજ્ઞાત આકર્ષણથી ખેંચાઈને જ્યાં હતો ત્યાં જ બેસી ગયો અને ટેરો ખૂલવાની રાહ જોવા લાગ્યો.

આ વખતનું ઠાકુરનું મર્માળું સ્મિત જાણે એને એકલાને માટે જ હતું. એણે એ ઝીલ્યું અને વળી પાછો સાનભાન ભૂલી બેઠો. ના - આમ તો પળભરનો વિયોગ પણ સહેવાશે નહીં હવે. મંદિરમાં તો આ જ હાલ થવાના છે - ઘડીમાં દર્શન - ઘડીમાં પડદા પાછળ સંતાઈ જવું એ જ રમત રમ્યા કરશે આ નટખટ બાંકેબિહારી, પણ પ્રેમ શું સદા એકપક્ષી હોય છે? ઈશાનના હૈયામાં ચિનગારી મૂકીને તેઓ કેવી રીતે એને ભૂલી જશે? સજળ નેત્રો લૂછી નાખીને ઈશાન ઊઠ્યો અને મંદિરની બહાર નીકળી ગયો.

ચાલતાં ચાલતાં એમ લાગ્યું કે કોઈ સાથે જ છે. અતિશય સ્નેહથી એને ચોમેર વીંટળાઈ વળ્યું છે - આ તો કોને કહેવાય? કોણ માને?

પણ ઈશાનને જરૂર નહોતી કોઈ પાસે કશું જ સાબિત કરવાની. આખો મામલો બે જણ વચ્ચેનો જ હતો. બાંકેબિહારી અને એ. આ શું છે તે એ પોતે જ પૂરું જાણતો નહોતો, કોઈને કેવી રીતે સમજાવી શકાય? પણ કંઈક તો છે - જરૂર છે - છે જ; આ બાંકેબિહારી એનું સર્વસ્વ છે. પળેપળ એમની હાજરી અનુભવાય છે. તે છતાં ઈશાન ખિન્ન થઈ ગયો. આજ લગી ભણ્યો તે બધાં શાસ્ત્રો શું ખોટાં? સર્વવ્યાપી બ્રહ્મ શું ક્યાંય છે જ નહીં?

ઠીક, ચાલ્યે રાખો - ક્યાંક તો પહોંચાશે, કશીક તો સમજ પડશે... અચાનક વર્ષોનાં વનને પેલે પારથી માનો કોમળ સ્વર સંભળાયો - "બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે!" એ તો કોઈ વેદાંતી ગુરુ પાસે ક્યારેય ગઈ નહોતી - એને મોંએ વળી આ "બ્રહ્મ" શબ્દ ક્યાંથી આવ્યો? શિવભક્ત કવિ નરસિંહ કનૈયાનાં કામણમાં ક્યાંથી ફસાયા?

ઈશાન તાકી રહ્યો. રસ્તામાં આવતી

એક નાની તલાવડીમાં પગ બોળીને બેસી ગયો. પેલા અજાણ્યા પણ હવે પરિચિત પંખીને કદાચ તેની દયા આવી હશે. એણે પોતાનું ગાન શરૂ કર્યું. એની ભાષા ઈશાન નહોતો સમજતો અને ઈશાનની ભાષા એને નહોતી સમજાવાની છતાં એક અદૃશ્ય તંતુથી બન્ને, બંધાયેલાં હતાં. અચાનક ઈશાનને થયું, માત્ર આ પક્ષી નહીં - સમસ્ત સૃષ્ટિ સાથે તેનો સંબંધ છે - આત્મીયતાનો, સ્નેહનો - બાંકેબિહારી કદાચ તેને એ જ કહેવા આટલા નિકટ આવ્યા છે - અવિરત વહેતી પેલી જલધારાથી એની દુન્યવી આંખો ધોઈ નાખીને એમણે એને નવી દૃષ્ટિ આપી છે. તેઓ અહીં પણ છે, મંદિરમાં પણ છે. સર્વત્ર છે. એમનાથી કોણ એક વિપળમાત્ર પણ અળગું રહી શકે? ઈશાન તો નહીં જ.

બરાબર મુહૂર્ત જોઈને કિસુએ પાવો વગાડવા માંડ્યો. સ્વયંભૂ સુરાવલી પાવાનાં છિદ્રોમાંથી નીકળીને બધે વહેવા માંડી. ઈશાન એ સાંભળતાં સાંભળતાં ક્યારે ધ્યાનસ્થ થઈ ગયો તેની ખબર પડી નહીં. એક નાનકડી રમતિયાળ માછલીએ એના પગની આંગળીએ બટકું ન ભરી લીધું હોત તો એ કદાચ કલાકો લગી જાગત નહીં.

પણ એ જાગ્યો. એને જગાડવામાં આવ્યો. શાંતિ અને સુખથી છલોછલ હૈયું સાથે લઈને એ ઊભો થયો અને ચાલવા માંડ્યો.

કોઈ પ્રશ્નો એને કનડતા નહોતા - કોઈ પ્રશ્નો હવે હતા જ નહીં. ઈશાન બરાબર જાણી ગયો હતો કે એના બાંકેબિહારી મંદિરમાં પણ હતા અને અહીં એની પાસે પણ હતા. અરે, બધે જ હતા... એમના વિનાની તલમાત્ર જગ્યા ક્યાં હતી આ આખા બ્રહ્માંડમાં? તો પછી એ દેખાયા નહીં તે માટે રડવાનું ક્યાં રહ્યું? મૂર્ખ-મહામૂર્ખ હતો એ પોતે. પણ હવે એ માટેય જીવ બાળવાનો રહ્યો નહીં. કદાચ એ વખતે એ આંસુઓ પણ જરૂરી હશે. નહીંતર બાંકેબિહારીને શા સારુ ઈશાન પાસે આવવાનું અને એને શાતા આપવાનું મન થયું? મંદિર તો માણસોથી છલોછલ ભરાયેલું હતું. એમાંના કેટલાય નિત્યનિયમથી આવતા હશે... આવી અનુભૂતિ દરેકના ભાગ્યમાં તો હોતી નથી કે હશે? શા સારુ આ નકામી પંચાત? નકામી સરખામણી?

જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું... તેહને તે સમે તે જ પહોંચે. ચોક્કસ, આ પ્રાચીન કવિઓએ તેમની અને પ્રભુની વચ્ચેના બધા પડદા ખોલી નાખ્યા હશે. પ્રફુલ્લ ચિત્તે તેમના હૃદયમાંથી જે કાવ્યપંક્તિઓ સરી પડી હશે તેનો જ શુકપાઠ કરતાં કરતાં વળી કોઈની ટિક્કી લાગી પણ જાય.

કેટલી આનંદમય છે આ દુનિયા! અને કેટલો બધો ભાગ્યશાળી છે ઈશાન કે આ ઘડીએ એ અહીં જીવે છે!

આઘેથી બે તેજના લિસોટા પાસે

આવતા દેખાયા. ગાડી આવી અને ઊભી રહી ત્યારે ઈશાને વિક્રમસિંહના ડ્રાઇવરને ઓળખ્યો અને એણે ખોલેલા બારણામાંથી અંદર પ્રવેશીને બેસતાં બેસતાં કહ્યું, ''ઘણી તકલીફ થઈ હશે, તમને નહીં?''

''હમારા તો પેશા હૈ સા'બ, મગર બાબુજીકા ચેહરા તો દેખા નહીં જાતા... કહાં ચલે ગયે થે આપ?''

''યૂં હી એક મંદિરમેં ઔર કિસી ભલે માનુષ કે ઘરમેં.''

ધીમે ધીમે ચાલતી ગાડીએ વેગ પકડ્યો અને એની ગતિના અવાજમાં ડ્રાઇવરના શબ્દો દબાઈ ગયા.

• • •

૫

વિક્રમસિંહને ઘરે પહોંચતાંની સાથે ઉલ્લાસભર્યો અવાજ સંભળાયો - ''લ્યો, આવી ગયા મહારાજ! હવે બધું પતી જશે.'' વિક્રમસિંહે પગથિયાં પાસે જ ઈશાનનું સ્વાગત કર્યું. ''મનમાં ન લેશો બાબા! એને - સુભદ્રાને જરાક બોલવાનું ભાન ઓછું છે.''

''મને તો એમનો અવાજ બહુ ગમ્યો.''

''પણ આપને મહારાજ કહે તે ઠીક ન લાગે.''

''મહારાજ કહો કે બાબા - બધું એકનું એક! મને જુદી પંગતે બેસાડવા માગો છો એટલું મારે સમજી લેવાનું. જોકે એનોય શો વાંધો છે.''

વિક્રમસિંહ સહેજ આશ્ચર્યથી ઈશાન સામે જોઈ રહ્યો. એક નવી જ દીપ્તિ એના ચહેરા પર ઝળકતી હતી. અને એ ખુશ દેખાતો હતો. બેહદ ખુશ.

''બહુ ફરી આવ્યા બાબા?''

''ના રે - એક મંદિર અને એક ઘર!''

એટલામાં સુભદ્રા અંદરથી કંકુ,

ચિત્ર: કુરંગ મહેતા

ચોખા અને ગોળની કાંકરી લઈને આવી. ઈશાનનું સ્વાગત એણે એટલી સાહજિકતાથી કર્યું, જાણે વર્ષોથી એને ઓળખે છે.

અંદરના ઓરડામાં બે સરખી દેખાતી બારતેર વર્ષની છોકરીઓ અને એક યૌવનને શોભાવતી મુગ્ધા સાથે બે ઊછળકૂદ કરતા તોફાની છોકરાઓનાં દર્શન થયાં.

''ચાલો - બધા પગે લાગો, લાઇનસર!'' વિક્રમસિંહે સાચે જ પોલીસની અદાથી હુકમ છોડ્યો અને ટેવાઈ ગયેલાં છોકરાંઓએ તે ઝીલી લીધો.

સુભદ્રા સુંદર લાગતી હતી. માત્ર ચહેરા અને શરીરના ઘાટઘૂટથી નહીં - કદાચ એના સરળ અને મિલનસાર સ્વભાવને કારણે. એણે સીધું જ પૂછ્યું, ''બાપજી, વેંગણ ખવાય?''

''કેમ ન ખવાય?''

''ખબર નહીં, ઘણા સાધુઓ નથી ખાતા એટલે પૂછેલું સારું''

''મને તો એવો કશો વાંધો નથી. અને હવે હું સાધુ પણ નથી. મને ઈશાન કહીને બોલાવાય તમારાથી. તમે મા સમાન છો.''

''આ તો બધું આમણે મને કહ્યું, પણ તમે આજે જડશો કે નહીં અને સીધાસીધા ઘેર આવશો કે નહીં એની કશી ખબર નહોતી એટલે વાળુમાં બાજરીના રોટલા અને વેંગણનું શાક જ છે. તમને ન ચાલે એવું હોય તો કહો - ફટાકામાં તમે કહો તે બનાવી નાખું.''

''સુભદ્રા! જરા શાંત રહીશ?'' વિક્રમસિંહે પૂછ્યું, પણ એના અવાજમાં સહેજસાજ ઠપકા સાથે અપાર પ્રેમ પણ દેખાઈ આવતો હતો. આ જુગલજોડીને પ્રભુ સલામત રાખે એવું ઈશાનથી મનમાં ને મનમાં બોલાઈ ગયું.

બધાં જમી પરવાર્યાં. પછી પતિપત્નીનો સંવાદ ચાલ્યો તે પડખેના ઓરડામાં સૂતેલા ઈશાનને કાને પડ્યો.

સુભદ્રાએ કહ્યું, ''પણ એમાં શું વાંધો છે? બાર પંદર દહાડાની તો વાત છે. હરિપ્રતાપસિંહ અને કમલાબાનો વચેટ દીકરો તમે જોયો છે? પણ પોલીસની નોકરીમાંથી ઊંચા આવો તો ને! હું તો કહું છું કે આ તક ખોવા જેવી નથી. આપણી વેણુ, રેણુ તો હજી નાની છે, પણ રોહિણીએ કાઠું કાઢ્યું છે તે નથી દેખાતું?''

''દેખાય કે ન દેખાય - શું ફરક પડે છે?''

''કેમ - નથી પડતો? ભાઈભાભી જીવતાં હોત તો આપણી જવાબદારી નહોતી, મારે તો મારાં ચાર કરતાંય રોહિણીની જવાબદારી પહેલી. તમે કમલાબાના દીપકસિંહને એક વાર જુઓ તો ખરા! તમને જ થશે કે ના - રોહિણીને વળાવવી તો બસ, આ ઘેર!''

''પણ આમાં ઈશાનબાબા શું કરે?''

''કેમ? એ લોકોને ઉત્તરકાશી જવું છે અને આ ત્યાંના ભોમિયા છે. એમની

કેવી સરસ મોટર છે - આરામથી જવાનું અને આવવાનું. એટલામાં તમારા ઈશાનબાબાને શું થઈ જવાનું છે? ઊલટાના રાજી થશે - એમનેય ત્યાં ફરી એક વખત જવાનું મન નહીં હોય એવું કેમ જાણ્યું?''

''સુભદ્રા! સૂઈ જા!''

''તમે હા પાડો પછી સૂઈ જાઉં.''

''તું સમજતી કેમ નથી? હું મારે મોંએ એમને એમ કહું કે તમે અહીંથી જાઓ અને આ લોકોને જાત્રા કરાવી આવો એ સાત જન્મેય નહીં બને. રોહિણીને એનાથી સવાયો મુરતિયો મળી રહેશે, સુભદ્રા! જીદ ના કર!''

''આમાં એમને વાંધો ક્યાં આવે એ તો સમજાવો! તમે કહેશો તો એ લોકો પાછા આવશે પછી હું એમને તમે કહેશો એટલું રાખીશ. છ બાર મહિના - અરે જિંદગીભર છો ને રહે - આખરે એક વાર તો સાધુ હતાને!''

''સુભદ્રા! હવે વધારે એક અક્ષર પણ બોલીશ નહીં. હું એમને કહું કે મારા ઘરમાંથી જાઓ એ પહેલાં મને ભગવાન ઊંચકી ન લે?''

''મારા સમ, આવું ન બોલશો.''

''તો તું પણ હવે આ વાત ફરી કાઢીશ નહીં.''

''વારુ. મને શી ખબર કે તમને આટલું બધું લાગી આવશે? નહીં બોલું - મનમાંથી જ કાઢી નાખીશ, બસ?''

''બસ.''

પછી શાંતિ ફેલાઈ ગઈ, પણ ઈશાન વિચારે ચડ્યો. આ ઘરમાં વિક્રમસિંહે બહુ પ્રેમથી રાખ્યો તેની ના નહીં, પણ પોતાનું કામ તો પતી ગયું છે. ભક્તિનો અલૌકિક અનુભવ તે પામ્યો છે. ધારો કે આ કુટુંબનું ઋણ ચૂકવવા તે સુભદ્રાની વાત માન્ય રાખે તો તેમાં ખોટું શું છે? આ બાંકેબિહારી સદૈવ તેની પાસે જ રહેવાના છે. એમની યાદ આવતાં જ તે રોમાંચિત થઈ ઊઠ્યો. સ્થળ ગમે તે હોય - તેના ગુરુનો ઉપદેશ હરપળ તેની રક્ષા કરે જ છે અને આ બાંકેબિહારી - એ તો એક અલૌકિક સ્નેહબંધનથી બંધાઈ ચૂક્યા છે. ઈશાનના હૃદયમાંથી તે કેવી રીતે ભાગી જશે? અશક્ય... કેવળ અશક્ય!

તો પછી આ ગૃહિણીની વાત માની લેવામાં શું વાંધો છે? કોઈને ઉત્તરકાશીની યાત્રા કરાવવી, ગુરુજીના આશ્રમમાં જઈને પ્રતાપગિરિને એક વાર પ્રણામ કરી આવવા અને પછી યાત્રાળુ દંપતીને વિદાય કરીને હિમાલયનાં અનેક જાણ્યાં અજાણ્યાં હિમાચ્છાદિત સ્થળોમાં પોતાનાં નામઠામનું સંપૂર્ણ વિસર્જન કરીને મન ફાવે ત્યાં સુધી રહેવું એમાં ખોટું શું છે?

બીજી સવારે નહાઈધોઈને ઈશાને પોતાનાં એકાદ બે વસ્ત્રો સૂકવી દીધાં અને જાણે સાવ નજીવી વાત હોય એમ વિક્રમસિંહને કહ્યું, ''આપને કહ્યું હતું કે આપને ફરી એક વાર મળ્યા સિવાય

આ સ્થાન નહીં છોડું તે યાદ રાખીને મળવા આવ્યો છું. હવે રજા આપો.''

''શેની રજા?''

''ક્યાંય પણ જઈશ. ખબર નથી ક્યાં, પણ હવે અહીંથી નીકળીશ એટલું તો નક્કી.''

એ બન્ને જણ બેઠા હતા ત્યાં દૂધના કટોરા લઈને પ્રવેશતી સુભદ્રાનો ચહેરો આ સાંભળીને ખીલી ઊઠ્યો. એણે ઈશાનને પૂછ્યું,

''કઈ દિશામાં જવાનો વિચાર કર્યો છે આપે?''

''પહલાં તો ગુરુદેવનો આશ્રમ - ઉત્તરકાશીમાં છે, ત્યાં જવાનો સંકલ્પ છે. ત્યાર પછી જ્યાં જવાશે ત્યાં.''

સુભદ્રાએ વિક્રમસિંહ સામે જોઈને કંઈ બોલ્યા વગર જ સંમતિ માગી. વિક્રમસિંહે નીચું જોયું. સુભદ્રાએ વાતનો દોર પકડી રાખીને કહ્યું, ''સાચે જ જો ઉત્તરકાશી જવાની ઇચ્છા હોય તો અમારા એક સંબંધી એમનાં પત્નીને સાથે લઈને ત્યાં જ જવાની વાત કરતા હતા - એની સાથે જશો?''

''શા માટે કોઈને તકલીફ આપવી?''

''એમને તકલીફ નહીં પડે, ઊલટાનું સારું લાગશે.''

''શાથી?''

''લો, કોઈ જાણકાર માણસ સાથે હોય તો સારું ન લાગે?'' પાછાં બેય ખાસાં ઉંમરલાયક છે. એમને જાત્રા કરાવવી એ તો પુણ્યનું કામ છે - હું તો કહું છું ટ્રેનમાં ધકેલા ખાવા અને પાછો ટિકિટનો ખર્ચો કરવો એના કરતાં એમની મજાની મોટરમાં જ બેસી જાઓ ને!'' સુભદ્રાનો વાગ્પ્રવાહ પૂરા જોશમાં ચાલતો હતો. વળી એની એક વાત તો તદ્દન સાચી હતી. ટિકિટ કઢાવવાના પૈસા હવે ઈશાન પાસે હતા નહીં. શીદને નાહકની કોઈને તકલીફ આપવી? એણે વિક્રમસિંહ સામે જોયું. એ પણ મૂંઝાઈ તો ગયો જ હતો, પણ પોતાની પત્નીની વાત હવે એને એકંદરે ઠીક લાગતી હતી. ઈશાનબાબા રોકાઈ જાય એના જેવું રૂડું એકેય નહીં, પણ જો જવાનું નક્કી જ કરી બેઠા હોય તો હરિપ્રતાપસિંહ અને એમનાં પત્ની સાથે આરામથી મુસાફરી કરે એ ખોટું નહીં.

''ઠીક, તો ફોન કરાવી દઉં? સાંજ લગીમાં એ લોકો આવી જશે પછી કાલે સવારે નીકળી જવાનું ફાવશે ને ઈશાનબાબા?''

''નેકી ઔર પૂછ પૂછ? કેમ નહીં ફાવે? પણ આપ કૃપા કરીને એમની પાસે મને સીધોસાદો ઈશાન જ રહેવા દેજો - અને બીજી વાત; ઉત્તરકાશીથી હું પાછો એમની સાથે ન આવું તો વાંધો નથીને?''

''તો ક્યાં જશો બાબા?''

''ખબર નહીં - કદાચ હિમાલયમાં જ થોડું રખડીશ.''

''જેવી ઇચ્છા! પણ બીજું એક નિવેદન છે - મને ભૂલતા નહીં. મનથીયે

અવારનવાર આશિષ દેતા રહેજો.''

''જે આશિષ દેવા સમર્થ છે એને યાદ કરાવતો રહીશ. ઠીક છે?''

ઈશાન હસી પડ્યો. વિક્રમસિંહને પણ હસવું આવ્યું. સુભદ્રા તો આ વિજયની ઉજવણી કરવા રસોડા ભણી જ ચાલી ગઈ.

ઈશાનનું મન મક્કમ હતું. હવે એ જશે જ. એણે જવું જ જોઈએ.

6

સવારનો પહોર હતો. કદાચ પેલું પક્ષી એનું ગીત ગાઈને ઈશાનને વિદાય પણ આપે એ વિચાર સાથે ઈશાને કાન સરવા કર્યા, પણ પક્ષી બક્ષી તો કંઈ બોલ્યું નહીં. ઈશાનના જીવને કશી અધૂરપ લાગે તે પહેલાં નાચતી કૂદતી પેલી બે નાની છોકરીઓ આવી અને કુતૂહલથી એની સામે જોઈ રહી.

પછી એક બોલી, ''બાપજી! બહુ હોશિયાર છો ને, તો કહી આપો જોઈએ - અમારા બેમાંથી વેણુ કઈ અને રેણુ કઈ?''

''તો બહુ અઘરું પૂછ્યું તેં - પણ ચાલ, એક રસ્તો કાઢીએ - તમે બન્ને સામી દીવાલે પીઠ અડાડીને ઊભી રહો જોઉં! પછી હું જેને બોલાવું તેણે દોડતાં દોડતાં મારી પાસે આવવાનું-''

''આ તો અંચઈ-અંચઈ- કેમ રેણુ?'' એક છોકરી બોલી તે સાથે ઈશાને એનો હાથ પકડીને કહ્યું, ''તું વેણુ અને આ રેણુ!'' પહેલાં તો બન્ને દીકરીઓ ચાટ પડીને એકબીજા સામે જોઈ રહી પછી એકાએક ત્રણે જણ હસી પડ્યાં.

એકે કહ્યું - કદાચ વેણુએ જ, ''બાપ રે! મારે તો એક ઢગલો વટાણા ફોલવાના છે.'' અને રેણુ બોલી, ''ને મારે ઘૂઘરા વાળવાના છે - મને કિનાર વાળતાં આવડે છે ને, એટલે દર વખતે મારે

ચિત્રઃ કુરંગ મહેતા

જ બેસવું પડે.''

''અરરર, એવું?'' ઈશાન બોલ્યો.

''હાસ્તો! જેને આવડે એને કરવું પડે, પણ તમે અહીં જ રહેજો. અમે કામ પતાવીને આવીએ પછી આપણે રમીશું. બરાબર?''

''બિલકુલ બરાબર.'' ઈશાન બોલ્યો અને વિચારે ચડ્યો આખરે તો આ બધી રમત જ છે. નાની છોકરીઓની કે મહામાયાની. આપણે મને કે કમને જોડાવું જ પડે છે તો આનંદથી જ શા માટે ન જોડાવું?

સુભદ્રાને આજે ઊંચું જોવાની પણ ફુરસદ નહોતી. માનવંતા મહેમાનોને પોતાની પાકશાસ્ત્ર નિપુણતાથી એકદમ આંજી દેવાની એની ખ્વાહિશ હતી અને એની પાછળ એક આછું સ્વપ્ન એ પણ હતું કે એ ઘરમાં જઈને રોહિણી સુખી થાય.

વિક્રમસિંહ તો ઈશાનની રજા લઈને ઑફિસે ચાલ્યા ગયા એટલે ઈશાન ઘણા વખત પછી ભગવદ્ગીતાનો પાઠ કરવા બેઠો. બપોરનું હળવું ભોજન અને પછી વામકુક્ષિ તેમ છતાં દિવસ જાણે રોજ કરતાં વધારે લાંબો લાગતો હતો. બહાર સહેજ લટાર મારી આવવી કે કેમ એનો એ વિચાર કરતો હતો એટલામાં જ એના ઓરડામાં સહેજસાજ ખીલેલી કળી જેવી એક કન્યા પ્રવેશી. અત્યંત મનોહર લાગતી હતી એ - જાણે ઇપ્સિતાની જ નાની આવૃત્તિ. અંદર આવતાં જ એણે એક પૅકેટ ઈશાન સામે ધરીને કહ્યું, ''બાપુ! ત્યાં તો બહુ ઠંડી હોય. એનાં એ કપડાં સ્નાન પછી સુકાઈ જાય એવું ક્યાં સુધી ચલાવશો? આ મેં સીવ્યાં છે. તમારે એ લઈ જ જવાં પડશે. જરા નાનાંમોટાં થયાં હોય તો ચલાવી લેજો.''

એ હતી રોહિણી. કયા અધિકારપૂર્વક એ બોલતી હતી તે એ જાણે, પણ ઈશાન એની વાત નકારી શક્યો નહીં. ચુપચાપ હાથ લંબાવીને એનો એ ઉપહાર લઈ લીધો. જે કોઈની નજરે ચડ્યું નહોતું તે આ રોહિણી ક્યાંથી જાણી ગઈ અને એટલી વારમાં - કદાચ રાતે જાગીને - કામ પણ પાર પાડ્યું! અદ્‌ભુત છે આ સ્ત્રીઓ - બાલિકા હોય કે વૃદ્ધા - એમનામાં માતૃભાવ સદા જાગ્રત રહે છે. ઈશાને એને મનથી જ પ્રણામ કર્યા અને બોલ્યો, ''કલ્યાણમસ્તુ!'' શુંય સમજીને એ જરા લજ્જિત થઈ ગઈ અને આવી હતી તેવી જ રીતે જતી રહી. ઈશાનના હાથમાં રહી ગયું પેલું પૅકેટ એણે ખોલીને જોયું તો હાથે સીવેલી જરા ખરબચડા કાપડની લાંબી કશા ઘાટઘૂટ વગરની કફની!

ઈશાન એ જોઈને પ્રસન્ન થઈ ગયો. અરે જે વાત કોઈની નજરે નહોતી ચડી તે એણે કેવી રીતે જોઈ અને એનો ઇલાજ પણ કરી નાખ્યો! એની પાછળ જવાનું કે કંઈ વધારે બોલવાનું ઈશાનને મન ન થયું. કદાચ એની મારફત પેલા

બાંકેબિહારીએ જ આ સ્નેહવર્ષા કરી છે; એને ઝીલવી, શરીર અને મનના અણુએ અણુમાં પ્રસરી જવા દેવી અને પછી હંમેશાં પોતાની જાણબહાર વહી જવા દેવી - સૌ કોઈ પર, એ જ આ યાત્રાની ફલશ્રુતિ છે - એ પામવા જ એને અહીંયાં કોઈએ બોલાવ્યો છે. કાલે સવારે એ આ વ્રજભૂમિને ખાલી હાથે છોડીને નહીં જાય, કશુંક અત્યંત મૂલ્યવાન પામીને જ જશે.

ગુરુકૃપા વડે જ એ ઉત્તરકાશીથી મુંબઈ આવ્યો હતો. એમણે જ એને મુંબઈ છોડાવીને વૃંદાવન આણ્યો હતો અને કાલે હવે ફરી પોતાની પાસે બોલાવવાના હતા.

આવા વિચારોમાં તલ્લીન થઈને એ બેઠો હતો ત્યાં ફરી પાછું રેણુ અને વેણુએ આક્રમણ કર્યું. ''બોલો, બાપજી! શું રમીશું? તમને ખો ખો આવડે છે? સાતતાળી? સંતાકૂકડી?''

દરેક વખતે ઈશાને ના જ પાડી તેથી અત્યંત દુઃખી થઈને વેણુ બોલી, ''અરરર રેણુ! આમને તો કંઈ જ નથી આવડતું!'' દયાપૂર્વક રેણુએ કહ્યું - ''કંઈ નહીં - આંધળોપાટો તો આવડે છે ને? ચાલો, એ જ રમીએ.''

હવે ઈશાન સપડાયો. એ જો ના પાડે તો આ બે નાનકડી શિક્ષિકાઓ એને શીખવાડવા માંડે અને હા પાડે તો એને રમવું પડે. પછી એને સૂઝ્યું, ''રસોડામાં તમારું કામ પતી ગયું?''

''હા. કેમ? ભૂખ લાગી છે? અત્યારે તો ખીચડી ને શાક જ છે. સાંજે બહુ બધું ખાવાનું છે ને એટલે! ચાલશે ને?''

''અરે, દોડશે!''

એ હજુ રસોડા તરફ જાય એ પહેલાં સુભદ્રાનો પ્રફુલ્લિત અવાજ સંભળાયો, ''એ તો એક વાર ઑફિસ જાય પછી એમનું કશું ઠેકાણું નહીં. હું તો કહું છું, જે અનુકૂળ આવે એવું થોડુંક ખાઈ લ્યો ને પછી આરામ કરો. નહીંતર થાકી જશો. સવારે વહેલું નીકળવાનું હશે ને? મોટર હોય કે વિમાન, મુસાફરી એટલે મુસાફરી!''

''ભલે, એમ રાખો! વિશિષ્ટ વાનગીઓનો અસ્વીકાર કરીને ઈશાને થોડુંક ખાઈ લીધું અને પછી સૂઈ ગયો.''

સાંજે પેલા પંખીએ ગાવાને બદલે કારમો કકળાટ માંડ્યો એટલે ઈશાનની ઊંઘ ઊડી ગઈ અને ઊઠીને એ બહાર ગયો.

વિક્રમસિંહ એને જોઈને ખુશ થઈ ગયો અને મહેમાનોને હોંશથી પરિચય આપ્યો - ''આ અમારા ઈશાનબાબા! નિરંજનભાઈને ત્યાં એમનાં દર્શન થયાં હતાં - નસીબ સારાં તે તેઓ અહીં પધાર્યા.''

''અમારાંય નસીબ સારાં તે એમના સત્સંગનો લાભ મળશે. પાછું અમારે પણ ઉત્તરકાશી જ જવું હતું - એમનો આશ્રમ પણ જોવા મળશે, નહીંતર તો - અજાણ્યાં ને આંધળાં બરાબર! ખોટું કહું છું?''

કમલાબાનો જરાક ઘોઘરો અવાજ સંભળાયો અને તેઓ નીચાં નમીને ઈશાનને પ્રણામ કરવા લાગ્યાં.

''તમને ડાક્ટરોએ ના નથી કહી, આમ નીચાં નમવાની?''

હરિપ્રતાપસિંહે પતિ તરીકેનો અધિકાર બજાવીને પૂછ્યું. એ પણ મજાના માણસ લાગતા હતા... શરીર મેદસ્વી પણ ચહેરો કુમળો. આમની હાજરી ખૂંચે નહીં. મનના એકાંતને ઉઝરડા ન પડે.

ઈશાને પ્રસંગ સાચવી લીધો. ''આપ બન્ને મારાં વડીલ છો. પ્રણામ જો કોઈએ પણ કરવાના હોય તો મારે જ.'' આટલું બોલીને એણે હાથ જોડ્યા અને સહેજ ઝૂકવા ગયો ત્યાં કમલાબાએ એને ઝાલી લીધો.

''હં, હં! પાપમાં પાડવાં છે અમને? ઉંમરે મોટાં તોય સંસારી તો ખરાંને!'' પછી હરિપ્રતાપસિંહ સામે આંખો કાઢીને કહ્યું, ''તમે ડાક્ટરોનું કેટલું માનો છો તેની અમને નથી ખબર? જમવાની થાળી પાસે બેસો એટલી વાર! કોણ ડાક્ટર ને શી એની શિખામણ - બધું ભૂલી નથી જતા? ને આ હું સહેજ નમી એટલામાં તો જાણે આભ તૂટી પડ્યું!''

''વારુ વારુ હવે! બધાનાં દેખતાં બોલાય એટલું જ બોલતી હોય તો?''

દિવાળીનાં તડતડિયાં જેવી આ શબ્દોની આપલે સાંભળીને ઈશાનને ખૂબ સારું લાગ્યું. એમના પ્રસન્ન દાંપત્યની ખાતરી થઈ ગઈ. આમને આશ્રમમાં લઈ જવાનું ગમશે. એમની સાથે મુસાફરી કરવાનુંય ગમશે.

''ચાલો ગુરુજી! જમવા.'' સુભદ્રાએ કહ્યું

''ના. બે વાર ભોજનની ટેવ નથી. તેમાંય કાલે તો સવારે વહેલું નીકળવાનું હશેને!''

''બરાબર પાંચ વાગ્યે - સવારના પહોરમાં - કેમ બોલી નહીં?'' હરિપ્રતાપસિંહે પૂછ્યું.

''બેય જણે બોલવાની શી જરૂર? તમે કહ્યું તે એમણે નહીં સાભળ્યું હોય?'' કહીને કમલાબા અંદર ગયાં.

હરિપ્રતાપસિંહે વિક્રમસિંહ તરફ લાચાર નજર નાખીને કહ્યું, ''જોયું?'' એમને સહાનુભૂતિની આશા હશે, પણ વિક્રમસિંહ તો હસી પડ્યા અને ઈશાનને કહેવા લાગ્યા, ''જે ફાવે તે લેજો, ઈશાનબાબા! અમારી સાથે બેસો તો ખરા!''

''માફ કરો તો સારું - હું સાચે જ બે વાર જમતો નથી.''

''વારુ, આપને જેમ રુચે એમ કરો.''

ઈશાન જરા વાર આંગણામાં ટહેલવા નીકળ્યો. ઉપરનું તારાખચિત આકાશ શીતળતા સાથે કશીક મૃદુતાનો પણ અનુભવ કરાવતું હતું... આત્મીય લાગતું હતું. આ સ્થળની આ છેલ્લી રાત્રિ કદાચ ઝટ ભુલાશે નહીં.

પછી બધું યથાતથ ગોઠવાયા પ્રમાણે થયું. અને ત્રણ દિવસના પ્રવાસ પછી

ત્રણે યાત્રાળુઓ ગંગાના તટ પર ઊભાં ઊભાં સાયં આરતીની રાહ જોવા લાગ્યા. ઈશાન તો આ અનુભવ પહેલાં ઘણી વાર કરી ચૂક્યો હતો, પણ કમલાબા પૂર્ણ ભક્તિભાવે આ દૃશ્ય જોઈ રહ્યાં હતાં અને હરિપ્રતાપસિંહ આસપાસના દર્શનાર્થીઓની ધક્કામુક્કીને કારણે સમતુલા ગુમાવવા છતાં જેમતેમ ટકી રહ્યા હતા. બરાબર સમયસર મંગલધ્વનિ સાથે મોટી આરતી ઝળહળી ઊઠી તે સાથે યાત્રાળુઓએ જયઘોષ કરીને પોતે આણેલી નાનીમોટી આરતીઓ ફેરવવા માંડી.

શંકરની જટામાંથી મુક્ત થયાનો આનંદ માણતી ગંગા પોતાના કલકલ નિનાદ સાથે વહેતી જતી હતી અને એના તરંગો પર પથરાતું આરતીઓની જ્યોતનું પ્રતિબિંબ ઝીલતી યાત્રાળુઓની આંખો આ આખું દૃશ્ય અંતરમાં કેદ કરી લેવા ચાહતી હતી.

કેટલા બધા લોકો! સૌનું નિરનિરાળું જીવન છતાં આ સ્થળે આ ક્ષણે બધા એક થઈને જે શુચિતાનો અનુભવ કરતા હતા તેનું વર્ણન ન થઈ શકે. આખરે તો એક જલપ્રવાહ અને તેના પ્રત્યેના આદરનું જ્યોતરૂપે એક જ સ્થળે પ્રગટ થવું એ કોઈ એવી ઘટના મોટી નહોતી; છતાં ત્યાં હાજર રહેલાં સૌ કોઈ આ સુભગ ક્ષણને ભૂલી શકવાનાં નહોતાં - હરદ્વારના ઘાટ પર ગંગામૈયાની આરતીમાં તેઓ હાજર રહ્યાં હતાં એ કંઈ જેવી તેવી વાત હતી!

કમલાબા હજુ ત્યાં જ ઊભાં રહેત, પણ હરિપ્રતાપસિંહની બેચેની તેમની નજરે ચડી એટલે એ પતિપરાયણ સ્ત્રીએ તરત નિકટ ઊભેલા ઈશાનને કહ્યું, ''હવે એ થાકી જશે, ચાલો ને, જઈએ!''

''ચાલો, અહીં એક સરસ આશ્રમ

ચિત્ર: કુરંગ મહેતા

છે. સાત-આઠ મિનિટમાં પહોંચી જઈશું. ગોઠવણ થઈ ગઈ છે. કાલે સવારે શાંતિથી નીકળીને ઉત્તરકાશી.''

''તમે કહો તેમ. આપણા ડ્રાઇવરને પણ રાખશે ને એ લોકો?''

''હા તમે જરાય ચિંતા ન કરો, મા!''

''અને જમવાકરવાનો બંદોબસ્ત?''

''એ પણ થઈ જશે. તમે જરાય ચિંતા ન કરશો વડીલ.'' ઈશાને હરિપ્રતાપસિંહને કહ્યું.

તે રાત તો હેમખેમ વીતી. અને જૂની સ્મૃતિઓ જગાડતો બીજા દિવસની સવારનો પ્રવાસ પણ શરૂ થયો.

ઉત્તરકાશી પહોંચતાં જેટલો સમય લાગ્યો તે ઈશાનને માટે પૂરતો હતો - હવે પછી શું કરવાનું છે અને કેવી રીતે કરવાનું છે તેનો નકશો એના મનમાં સ્પષ્ટ કરવા માટે તદનુસાર એણે ગુરુના આશ્રમમાં પહોંચીને સૌથી પહેલાં તો સોમગિરિની તપાસ કરી અને એ આવ્યો એટલે એને આ બન્ને અતિથિઓનું ધ્યાન રાખવાનું સોંપીને એ મુખ્ય ખંડમાં ગયો. ત્યાંની વચ્ચોવચ આવેલી ઊંચી બેઠક પર ગુરુદેવ બેસીને ઉપદેશ આપતા અને આસપાસ બેઠેલા સાધુઓ તથા થોડા ગૃહસ્થો તે ઝીલતા. આજે પ્રતાપગિરિ ત્યાં બેઠા છે - તો ઠીક જ છે. મનને સમાહિત કરીને ઈશાન ત્યાં ગયો અને પ્રતાપગિરિને ચરણસ્પર્શ સાથે પ્રણામ કર્યા.

''હાં - હાં - ઈશાનબાબા! યહ ક્યા? ઇસકી તો કોઈ જરૂરત નહીં.'' પ્રતાપગિરિ બોલ્યો તો ખરો પણ એના મોં પરનો મલકાટ છૂપો ન રહી શક્યો.

''વૃંદાવનસે દો ભક્તોં કો લે આયા હૂં - આશ્રમમેં ઉન્હેં રખનેકી ઇજાજત ચાહતા હૂં-''

''કિતને દિન?''

''સો તો પતા નહીં - શાયદ આઠ દસ દિન - થોડા બહુત યહીં કહીં ઘૂમેંગેં - અપની મોટરકારસે આયેં હૈં''

મોટરની વાત સાંભળીને પ્રતાપગિરિનો ચહેરો એકદમ આનંદિત થઈ ગયો. ''બડી પાર્ટી હોગી-'' એને મોંએથી નીકળી ગયું. પછી તરત એણે સુકાન મરડ્યું- ''ચલિયે, ઇસ બહાને આપ આશ્રમમેં તો ફિરસે આ ગયે!''

''નહીં જી - મૈં તો એક દો દિનમેં ચલા જાઉંગા. દોનોં વયસ્ક હૈ. આપ ધ્યાન રખિયેગા ઇતના નિવેદન હૈ.''

''ક્યૂં નહીં? ક્યૂં નહીં? અચ્છા ગડ્ડી લેકર આયે હૈં તો સાથમેં ચલાનેવાલા ભી હોગા - હૈ ન?''

''જી!''

''તબ તો ઠીક હૈ - ઇધર ઉધર થોડા ઘૂમના ચાહેં તો સુવિધા હોગી. સાથમેં કિસી સંતકો ભી ભેજ દેંગે- કુછ ફિકર મત કરો. ક્યા નામ બતાયા થા?''

''હરિપ્રતાપસિંહજી ઔર ઉનકી ધર્મપત્ની કમલાબા''

''ચલિયે - ઠીકસે મિલ લેં.''

''વે લોગ યહીં આ જાયેંગે આપકો પ્રણામ કરને''

''બહુત ઠીક. ઈશાનબાબા, વૈસે ભી આપકા તો પુરાના નાતા હૈ આશ્રમ સાથ - જબ ચાહેં કિસીકો ભી ભેજ સકતે હૈં... આજકલ મહંગાઈ ભી બઢતી જા રહી હૈ.... કોઠારીજી કો તકલીફ હોતી હૈં - થોડા ધ્યાન રખિયેગા આશ્રમકા.''

''જી!''

એટલામાં સોમગિરિ આવ્યો એટલે પ્રતાપગિરિએ તરત કહ્યું, ''બઢિયા હવાદાર કમરા દેના ઈશાનબાબાકે અતિથિયોં કો - ઔર ઠીક સે દેખભાલ કરના.''

સોમગિરિએ કતરાતી નજરે ઈશાન સામે જોયું અને કહ્યું, ''પ્રતાપગિરિજી કો પુસ્તક દે દિયા, જો આપને મેરે સાથ ભેજા થા,''

''યહ ક્યા બાત હુઈ સોમગિરિજી? ગુરુજીકા નામ નહીં દેતે - સિર્ફ ગુરુજી હી કહતે હૈં - ભૂલ ગયે?''

સોમગિરિને ઠપકો મળ્યાથી પ્રતાપગિરિનો ચહેરો સોળે કળાએ ખીલી ઊઠ્યો.

''અચ્છા, તો મૈં ચલું?'' ઈશાન બોલ્યો. ''હરિ ઓમ્!'' આસન પરથી ઊતરતાં ઊતરતાં પ્રતાપગિરિએ કહ્યું. અહંકારના વિગલન સિવાય બીજો તો કોઈ ફાયદો થયો નહીં ઈશાનને, ઊલટાનું કંઈક ક્ષોભ જેવું લાગ્યું. ખેર! આશ્રમ તો ગુરુજીનો જ હતો - એની ગરિમા જળવાવી જોઈએ - ગુરુગાદી પર જે બિરાજે એની પાસે ઝૂકવામાં કે એની ચરણરજ લેવામાં કંઈ વાંધો નહોતો ઈશાનને - છતાં મનમાં સહેજ ગ્લાનિ તો થઈ જ. કદાચ ગંગાસ્નાનથી એ ધોવાઈ જાય - પણ ના, અત્યારે એ બધું ન થઈ શકે, જેમની સાથે આવ્યો હતો એની દેખભાળ કરવાનું પણ એનું કર્તવ્ય હતું.

એણે સોમગિરિ પાસે જઈને કહ્યું, ''ઉસ કમરેમેં લે ચલિયે ન, જહાં દોનોં અતિથિ ઠહરેં હૈ!''

''જી!'' સોમગિરિએ મૂંગાંમૂંગાં ચાલવા માંડ્યું.

''સોમગિરિજી, રૂઠ ગયે ક્યા?''

''આપકે સાથ કોઈ રૂઠ સકતા હૈ ઈશાનબાબા? મગર ઇતના તો બતાના પડેગા - મુઝે યહ સબ અચ્છા નહીં લગતા.''

''સબ કુછ સમય આને પર ઠીક હો જાએગા સોમગિરિજી. ફિલહાલ તો મેરે અતિથિયોં કા ધ્યાન રખના - રખેંગે ન?''

''આપકા આદેશ સરઆંખો પર. મૈયા કુછ થકી હુઈ લગતી હૈ... સેઠજી કા ક્યા નામ બતાયા આપને?''

''હરિપ્રતાપસિંહ! દેખો, આપકા ભરોસા હૈ અબ!''

''આપ નહીં ઠહરેંગે?''

કલ યા પરસોં ચલા જાઉંગા.

''કહાં?''

''પતા નહીં. સાધુ તો ચલતા ભલા.. સંજોગવશાત્ ભગવા છોડ દિયા તો ક્યા હુઆ? ગુરુદેવકી આશિષ તો હૈ ન મેરે

પાસ... સદા રહેગી.''

''સો તો મૈંને દેખ લિયા બંબઈમેં - લો, આ ગયા કમરા''

ઓરડો ખરેખર સરસ હતો. મોટો, ચોખ્ખો અને બેત્રણ બારીઓને લીધે હવાદાર. બે પલંગ પર ગાદી અને સફેદ ચાદર તથા બબ્બે ઓશીકાંનો ઠાઠ હતો.

''ઠીક હૈ ન?''

''ઠીક તો હૈ, મગર ઠંડ નહીં લગેગી?''

ગફલત હો ગઈ. કંબલ રખવા ભૂંગા - ઔર પીનેકા પાની.''

''કહાં હૈ વે લોગ?''

''બડે પેડ કે નીચે બૈઠે હૈં, આપકા ઇન્તજાર કર રહેં હૈં!''

''ભોજનકા પ્રબંધ કિયા? ગુરુગદ્દીકા દર્શન બાદમેં કરવાયેંગે - પ્રતાપગિરિમહારાજ કે સાથ થોડા સત્સંગ ભી હો જાએગા.''

જમ્યા પછી હરિપ્રતાપસિંહ ખૂબ ખુશ થઈ ગયા. ઈશાનને ચિંતા હતી કે કદાચ તેમને આશ્રમનો ખોરાક પસંદ નહીં આવે, પણ એવું ન બન્યું. કમલાબાએ ઓરડો જોઈને પૂછ્યું, ''ને આપ ક્યાં સૂશો?''

''બહાર ઓસરીમાં. કંઈ કામ પડે તો તરત બોલાવી લેવાય.''

''તમને ઠંડી નહીં લાગે?''

''ઠંડીનો આનંદ પણ માણવો જોઈએ ને મા!''

આશ્ચર્યચકિત થઈને કમલાબા ઈશાન સામે જોઈ રહ્યાં પછી આસ્તેથી બોલ્યાં - ''ખરા છો તમે તો!''

''બહુ વર્ષો અહીં રહ્યો છું ને, પહેલાં!''

''પછી વૃંદાવન આવેલા?''

''હા - મુંબઈ થઈને.''

હરિપ્રતાપસિંહે કહ્યું, ''આ કંઈ જેવાતેવા સાધુ નથી. મને વિક્રમસિંહે બધી વાત કરી હતી. એમના દોસ્તના દીકરાનો રોગ આમણે જ મટાડ્યો હતો. કેમ, નહીં ઈશાનભાઈ?''

''પ્રભુએ મટાડ્યો હતો - એ બન્ને ભાઈબહેન રજત અને ઇપ્સિતા વર્ષો પહેલાં આ આશ્રમમાં જ આવ્યાં હતાં અને થોડો વખત શાસ્ત્રાભ્યાસમાં કાઢ્યો હતો. એ વખતની યાદ જાગી એટલે રજત ધીરેધીરે રોગમુક્ત થઈ ગયો. બીજું કશું બન્યું નહોતું.''

''આપ કહો તે સાચું - બાકી અમે તો દેખીએ તે બોલીએ''

કમલાબાએ હરિપ્રતાપસિંહ સામે જોઈને કહ્યું, ''મૂકોને ઠાલી પંચાત - હું તો એટલું જાણું કે એમની સાથે બેસવા ઊઠવાથી મનને બહુ સારું લાગે છે... હેં ભાઈ તમે આખી રાત ઓસરીમાં સૂશો?''

''ચિંતા ન કરો, મા! ટેવાયેલો છું''

એ રાત તો ચપટી વગાડતાંમાં વીતી ગઈ. વહેલી સવારે જૂની સ્મૃતિઓ જાગી અને ઈશાન ગંગાસ્નાન કરવા નીકળ્યો. તે સાથે ગુરુજીની એટલી ઉત્કટ યાદ આવી કે સંન્યાસીને ન શોભે એવી રીતે આંખો ભીની થઈ ગઈ.

એ જ પુરાતન પરિચિત ઘાટ, એ જ વહેતાં પાણીનો કલધ્વનિ; તોય અજાણતાં પણ દેહમાં થયેલો સહેજ ફેરફાર પ્રવાહમાં પ્રવેશ્યા પછી સમજાયો. ક્યાંક, કશુંક બદલાયું હતું - ઠીક, જેવી ઈશ્વરેચ્છા! સમયની ગતિ તો નથી રોકાતી. કશું જ એનું એ નથી રહી શકતું. તોય ઈશાને પૂર્વ દિશાના ઉજાસને પ્રણામ કરીને મંત્રોચ્ચાર કર્યા અને ધીરે ધીરે બહાર નીકળ્યો - ઘાટના સૌથી ઉપરના પગથિયા પર પદ્માસનમાં સ્થિર થઈને એણે શાંતિનો અનુભવ કર્યો.

એ પાછો વળ્યો ત્યારે સૂર્યની રતુંબડી કોર ઝડપથી આકાશને વીંધવા ફાળ ભરી રહી હતી અને સાથે સાથે તેજસ્વી બિંબ પણ દૃષ્ટિગોચર થતું હતું.

આશ્રમને દરવાજે પગ મૂકતાં જ સોમગિરિનો સ્નેહભર્યો ઠપકો સાંભળવા મળ્યો. ''બિના બતાયે કહાં ચલે ગયે થે આપ, ઈશાનબાબા? વહ વૃંદાવન વાલી મૈયા તો મુઁહ મેં કુછ ડાલને કો ભી તૈયાર નહીં - સજ્જન ભી કુછ પરેશાન લગતે થે - ઐસા નહીં કરતે.''

''ક્ષમા કીજિયેગા - ગંગામૈયાને બુલાયા સો ચલા ગયા, - ઇન્કાર કૈસે કરતા?''

લજ્જિત થઈને સોમગિરિ બોલ્યો - ''છોટા મૂંહ ઔર બડી બાત? મૈંને પતા નહીં ક્યા કુછ કહ દિયા. માફ કીજિયેગા ઈશાનબાબા! ગલતી હો ગઈ.''

ઈશાને માત્ર હસીને એનો ખભો થાબડ્યો અને કહ્યું, ''સ્નેહ ભી કભી ભી શત્રુ હો જાતા હૈ સાધુકા - ખ્યાલ રખિયેગા.''

''જી!''

''ઔર દોનોં અતિથિયોં કો ઠીક સે સમ્હાલ્ના - ઇતના દાયિત્વ નિભાઓગે ન?''

''મગર આપ?''

''મૈં કલ સુબહ હોતે હી ચલા જાઉંગા.''

''કહાં?''

'નવનીત સમર્પણ' લવાજમના દર

છૂટક અંક	-	રૂ. 30	વિશેષ અંક	-	રૂ. 40
એક વર્ષ	-	રૂ. 300	વિદેશમાં દરિયાઈ માર્ગે	-	રૂ. 1500
બે વર્ષ	-	રૂ. 580	હવાઈ માર્ગે	-	રૂ. 2600
ત્રણ વર્ષ	-	રૂ. 850			
પાંચ વર્ષ	-	રૂ. 1400			
દસ વર્ષ	-	રૂ. 2800			

ઓનલાઈન લવાજમ ભરવાની એકદમ આસાન સેવાનો લાભ લેવા...
http://www.bhavans.info/periodical/pay_online.asp

''પતા નહીં.''

''મુઝે સાથ લે ચલો ન ઈશાનબાબા! તનિક ભી તકલીફ નહીં દૂંગા આપકો.''

''જાનતા હૂં - સોમગિરિજી! કિન્તુ સાધુઓં કો ઐસી બાતેં શોભા નહીં દેતી - ગુરુદેવકા આશ્રમ સમ્હાલના યહી આપકા કર્તવ્ય હૈ - અચ્છી તરહસે નિભાના.''

''મગર આપ''

''મુઝે કહા ગયા થા - ચલે જાઓ! સો મૈં ચલા ગયા. આપકો તો કિસીને કહા નહીં. આપકો તો રહના હી ચાહિયે ઔર જિતની હો સકે સેવા કરની ચાહિયે. યહી આપકા કર્તવ્ય હૈ.''

''ઔર આત્મજ્ઞાન...''

''ગુરુદેવકે આશીર્વાદ સે વહ તો હોને હી વાલા હૈ અપને સમય પર... શાંતિ રખ્ખો.''

''ઠીક હૈ!'' એક પ્રલંબ નિશ્વાસ સાથે સોમગિરિએ બોલવાનું બંધ કર્યું. એ જાણતો હતો - ઈશાન નહીં માને. એનો પંથ જ નિરાળો છે. નહીંતર ગુરુના દેહત્યાગ પછી શું આટલી આસાનીથી એ નીકળી જાત?

આખો દિવસ બહુ આનંદમાં વીત્યો. બધા આશ્રમનિવાસી સંતો અને શિષ્યો જાણે કોઈ તહેવાર ઊજવવાનો હોય એ રીતે ઈશાનની આસપાસ ઘૂમી રહ્યા હતા. છેલ્લે છેલ્લે પ્રતાપગિરિનું મન પણ પલળ્યું. એણે ઈશાનને વિનંતી કરી, ''ઈશાનબાબા! કુછ સુનાકર જાઈએ. સબકો અચ્છા લગેગા.''

''સૂનના સુનાના તો પિછે છૂટ ગયા ગુરુજી! અબ ક્યા સૂનના ઔર ક્યા સુનાના?''

પ્રતાપગિરિ નીચું જોઈ ગયો. ધીમેથી બબડ્યો, કમસે કમ મુઝે ગુરુજી તો મત કહિયે... ઓમકારગિરિજી હી ગુરુ થે હમ સબ કે!

''ગુરુગદ્દી પર જો હૈ, ઉન્હેં ગુરુ ન માનેં તો આશ્રમ કૈસે ઠીક સે ચલેગા - બતાઈએ!'' ઈશાને કહ્યું એના શબ્દોમાં લેશ માત્ર વ્યંગ કે કટુતા નહોતી. બાળક જેવા સરળ ભાવે એ બોલતો હતો.

બીજી સવારે આશ્રમમાંથી મળેલાં દંડ, કમંડલ અને કંબલ લઈને એ નીકળ્યો ત્યારે કમલાબાની આંખોમાંથી ચોધાર આંસુ વહી નીકળ્યાં.

હરિપ્રતાપસિંહે કહ્યું, ''એણે પહેલેથી જ કહ્યું હતું કે આપણી સાથે પાછો નહીં આવે. તને રડવું શાનું આવે છે?''

''તમને નહીં સમજાય.''

''વારુ!'' કહી એ સોમગિરિની સાથે આશ્રમના રસોડા ભણી વળ્યા. એમની વાત પણ કંઈ ખોટી નહોતી. ''શરીર માધ્યમ ખલુ ધર્મસાધનમ્.'' આ દેહની પણ જરૂર પડે જ છે માણસને, અને દેહને વળી અન્નની જરૂર પડે છે. તેઓ રસોડામાં ગયા, નાસ્તો કર્યો અને વિચારવા લાગ્યા કે હજુ થોડા દિવસ રોકાઈ જવું કે અહીંથી કોકને સાથે લઈને સહીસલામત ઘેર પહોંચી જવું.''

[ક્રમશઃ]

કવિ કાન્તની ખુરશી

(મારાં ભાવનગરનાં સંસ્મરણો)

☐ પ્રવીણસિંહ ચાવડા

૨૧. બિગ બ્રધર

'એક હતો ભત્રીજો-' આ વાર્તા આપણે વાંચી.

હવે, એની પૂરક વાર્તાઃ 'એક હતો ભાઈ-'

શહેરની એક હાઈસ્કૂલના આચાર્ય નિવૃત્ત થવાના હતા. નિયમ પ્રમાણે, એ જગ્યાની ભરતીની કાર્યવાહી અગાઉથી શરૂ કરવામાં આવી. સંસ્થા જૂની અને પ્રતિષ્ઠિત, તેથી અનેક ઉમેદવારોની અરજીઓ આવી, ઉમેદવારોમાં સંસ્થાના ત્રણ-ચાર સીનિયર શિક્ષકો પણ હતા. ભરતી માટે કાયદા નીચે રચાયેલી પસંદગી સમિતિ છે. જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારોમાંથી પાત્રતા જોઈ પસંદગી કરવાની સત્તા એ સમિતિની છે. ઇન્ટરવ્યુ પછી ફાઈલ અમારી ઓફિસમાં રજૂ કરવામાં આવે અને પ્રક્રિયામાં ક્યાંય ક્ષતિ ન જણાય તો નિમણૂક માટે મંજૂરી આપવામાં આવે.

જિલ્લાની એટલી બધી સંસ્થાઓ, આચાર્ય, શિક્ષક, કારકુન - એમ ભરતીની કામગીરી સતત ચાલ્યા કરે. ક્યાંક પડદા પાછળ રાજકારણ ખેલાતું હોય, સંચાલકમંડળને અમુક ખાસ ઉમેદવાર પ્રત્યે પક્ષપાત હોય, પાછળથી આક્ષેપો થાય એવું બને, પરંતુ પ્રક્રિયા નિયમ પ્રમાણે થઈ હોય તો પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાય છે અને કોર્ટ પણ એમાં હસ્તક્ષેપ કરતી નથી.

આ એક સંસ્થાના ભરતીના પ્રકરણે શરૂઆતથી જ ઉત્તેજના જગાવી તે માટે કારણ હતુંઃ સ્કૂલના જે ત્રણ-ચાર શિક્ષકો આચાર્યની ખુરશીમાં બેસવા ઉત્સુક હતા તેમાંના એક, કાયદા દ્વારા

નક્કી થયેલાં ધોરણોની બહાર, એક વધારાની લાયકાત ધરાવતા હતા. તે વખતથી સરકારના એક સીનિયર કેબિનેટ મિનિસ્ટરના તેઓ ભાઈ હતા.

સગા ભાઈ, પેલો સગો ભત્રીજો હતો તે રીતે.

હવામાનખાતું સક્રિય બની ગયું હતું. આગાહીઓ થઈ રહી હતી.

આમ થશે, તેમ થશે.

અને, ભૂલેચૂકે તેમ થયું, તો પછી-

આ બાબત મારા ધ્યાનમાં હતી પણ મને એ મહત્ત્વ આપવા જેવી લાગી નહોતી, પસંદગી મારે નહીં, સક્ષમ સમિતિએ કરવાની હતી.

હદ તો ત્યારે થઈ જ્યારે ઉમેદવાર મને રૂબરૂ મળવા આવ્યા, અમુક મંત્રીના ભાઈ તરીકે પોતાનો પરિચય આપ્યો અને પોતાને અન્યાય થવાનો જ છે એવી પાકી ભવિષ્યવાણી કરી. મારે એમની સાથે ચર્ચામાં પડવું નહોતું, તેથી માત્ર આટલું જ કહ્યું: 'ઇન્ટરવ્યુમાં મારા પ્રતિનિધિ તરીકે એક અધિકારી હાજર રહેશે અને પસંદગીમાં નિષ્પક્ષતા જળવાય, તમને કે અન્ય કોઈને અન્યાય ન થાય તેનું ધ્યાન રાખવામાં આવશે.'

ઇન્ટરવ્યુ લેવાયા. ફાઈલ મારી પાસે આવી. મંત્રીશ્રીના ભાઈની ભવિષ્યવાણી સાચી પડી હતી, સમિતિએ એમને નહીં, સંસ્થાના જ અન્ય એક શિક્ષકને પસંદ કર્યા હતા. આખી પ્રક્રિયા નિયમ પ્રમાણે થઈ હતી.

નિમણૂક માટે બહાલી આપવામાં આવી.

એક રીતે મને સારું પણ લાગ્યું. શિક્ષણની સંસ્થા છે, કોઈની શેહમાં આવ્યા વગર એણે નિર્ણય કર્યો. પોતાની સ્વતંત્રતા, સ્વમાન જાળવી રાખ્યાં.

*

એકાંકી માન્યું હતું, પણ નાટક તો દ્વિઅંકી નીકળ્યું!

ઘેરબેઠાં 'નવનીત સમર્પણ' મેળવવા ઘેરબેઠાં લવાજમ પણ ભરો

ઓનલાઈન લવાજમ ભરવાની
એકદમ આસાન સેવાનો લાભ લેવા...

જસ્ટ ક્લિકઃ

http://www.bhavans.info/periodical/pay_online.asp

http://www.navneetsamarpan.com

રવાનગી વિભાગ : 23530916-23514466

સ્ટેજ ઉપર મોટી શક્તિઓનો પ્રવેશ થયો.

સંદેશો આવ્યોઃ તાત્કાલિક મારે ફાઈલ સાથે શિક્ષણ નિયામકશ્રીને મળવું.

શ્રી. એમ. એન. બૂચ (આઈ. એ. એસ.) એ વખતે શિક્ષણ-નિયામક હતા. અગાઉ એમને હું બે-ત્રણવાર મળી ચૂક્યો હતો. એકવાર, અમારી ઓફિસના ઇન્સ્પેક્શન માટે પણ આવ્યા હતા. હું ત્યારે સાવ નવોસવો, ક્ષતિઓ દેખાઈ તો હસીને એ તરફ ધ્યાન દોર્યું હતું. એમનામાં મોટા અધિકારીનું ભારેખમપણું નહોતું, આડંબર નહોતો.

'મેં એમની ઓફિસમાં પગ મૂક્યો તે સાથે જ કહે, 'શું છે, ભાઈ? શું પ્રોબ્લેમ છે?'

મેં ફાઈલ રજૂ કરી, વિગતો સમજાવી.

'એક કેન્ડિડેટને અન્યાય થયો છે એવી રજૂઆત થઈ છે. એમ કરો, લાંબી ઝંઝટમાં પડ્યા વગર ઇન્ટરવ્યુ રદ કરો અને નવેસરથી-'

મારાથી બોલાઈ ગયું, 'બીકોઝ હી હેપન્સ ટુ બી સમબડીઝ બ્રધર?'

એ થોડીવાર મારી સામે જોઈ રહ્યા. બોલ્યા પછી મને પણ લાગ્યું કે અવિવેક થયો હતો, મારાથી એમની સાથે તોછડાઈથી વાત થઈ શકે નહીં.

અહીં મને એમની ઉદારતાનો અનુભવ થયો. એમણે માત્ર હસી લીધું.

'નિમણૂક માટે મંજૂરી અપાઈ ગઈ છે?'

મેં કહ્યું, 'હા, જી.'

'તો હવે વિગતવાર રિપોર્ટ મોકલી આપો, તમારે કંઈ કરવાનું નથી. સરકાર કક્ષાએ ઠીક લાગશે તે નિર્ણય થશે.'

*

સંયુક્ત નિયામક (જોઈન્ટ ડાયરેક્ટર) હતા શ્રી શિવપ્રસાદ રાજગોર. પોતે ભાવનગરના વતની હતા, જે તે સંસ્થા અને લાગતાવળગતા માણસોથી પરિચિત.

બૂચસાહેબ પાસેથી નીકળીને હું એમની પાસે ગયો.

'સાહેબને મળ્યા?'

'હા જી.'

ખરેખર તો મારે પ્રથમ એમને મળવું જોઈતું હતું.

'શી વાત થઈ?'

મેં કબૂલ કર્યું, 'મારાથી બોલવામાં થોડો અવિવેક થયો.'

એમણે બધી વાત સાંભળી. પછી પૂછ્યું, 'મંત્રીશ્રીનો ઉલ્લેખ સાહેબે કર્યો હતો?'

'ના.'

'પડદા પાછળ જે ચાલતું હોય તે, તમારે એ તરફ ઇશારો કરવાની જરૂર નહોતી. ફાઈલ રજૂ કરો, વિગતો સમજાવો, પૂછે તેનો ઉત્તર આપો.'

મેં હસીને કહ્યું, 'ભાંગરો વટાયો.'

વડીલ હતા. મારા પ્રત્યે પક્ષપાત પણ હતો. એમણે સહજભાવે થોડી વાતો કરી તેનો સાર કંઈક આવો

હતોઃ આપણે સાચા હોઈએ તેનો અર્થ એ નહીં કે બાકીના બધા ખોટા છે. આપણને સાચું લાગે તે જ કરવું પણ એમાં આક્રમકતા ન હોવી જોઈએ.

પછી સ્પષ્ટતા કરી, 'અહીં પણ કોઈને આ કે તે ઉમેદવારમાં રસ નથી. તમે અહેવાલ મોકલો, અમે તે સરકારમાં મોકલી આપીશું. ત્યાંથી જે નિર્ણય આવે તેનો આપણે ચૂપચાપ અમલ કરવાનો.'

આ પ્રકરણ ત્યાં જ પૂરું થયું એમ કહી શકાય, અમે અહેવાલ મોકલી આપ્યો તે પછી સરકારમાંથી કોઈ આદેશ આવ્યો નહીં અને પસંદગી સમિતિનો નિર્ણય જ આખરી રહ્યો.

ચર્ચા દરમિયાન રાજગોરસાહેબ તરફથી એક શિખામણ મળી હતીઃ 'તમે હજુ પ્રોબેશન પર છો એટલું ધ્યાનમાં રાખજો. બે વર્ષ શાંતિથી કાઢી નાખવાનાં.'

ગૂઢ શબ્દાવલિ માત્ર અધ્યાત્મના ક્ષેત્રમાં જ હોય એવું નથી. સરકારી વહીવટમાં પણ એવા અનેક શબ્દો અને શબ્દપ્રયોગો હોય છે જેમાં સામાન્ય વાચકની ચાંચ ડૂબે નહીં. તેથી અહીં થોડી શબ્દચર્ચા કરવી જરૂરી છે. 'પ્રોબેશન'નો ગુજરાતી અનુવાદ થાય છે 'અજમાયશી.' સરકારી નોકરીમાં કાયમી જગ્યા પર નિમણૂક આપવામાં આવે તેથી એમ નહીં માનવાનું કે પોતાની નોકરી કાયમી થઈ ગઈ. શરૂઆતનાં બે વર્ષ દરમિયાન અધિકારીની કામગીરી સંતોષકારક લાગે તો જ એને કાયમી કરવામાં આવે છે, નહીં તો એને ઘેર બેસવાનો વારો આવે.

જોકે, વ્યવહારમાં ખાસ આવું બનતું નથી. કોઈ અપવાદરૂપ કિસ્સામાં, ગંભીર કારણ હોય તો જ, આવું અંતિમ પગલું ભરવામાં આવે છે.

મારી સમજ સરળ હતીઃ આપણે નિષ્ઠાથી ફરજ બજાવતા હોઈએ તો આવી બીક રાખવી જોઈએ નહીં. આ કંઈ અંધેરીનગરી નથી. પોતાની જાતમાં હોય એટલી જ શ્રદ્ધા અન્યોમાં રાખવી જોઈએ.

*

આવા કેટલાક પ્રસંગો નોંધું છું તે પૂરી નમ્રતા અને કૃતજ્ઞતા સાથે.

બૂચ સાહેબના સદ્‌ભાવનો લાભ મને હંમેશાં મળતો રહ્યો. ભાવનગરથી બદલાઈને હું પાલનપુર ગયો, દોઢેક વર્ષમાં જ રાજકીય દબાણ હેઠળ ત્યાંથી પણ મારી બદલી કરવી પડે એવા સંજોગો ઊભા થયા. જોગાનુજોગ બૂચસાહેબ ત્યારે એજ્યુકેશન સેક્રેટરી હતા. મારી બદલીને શિક્ષા તરીકે ન જોવામાં આવે તેની એમને ચિંતા હશે, ખૂણાના કોઈ જિલ્લામાં મોકલવાને બદલે મને અમદાવાદ (શહેર) જેવી જવાબદારીવાળી અને સાથે સાથે અમારા ડિપાર્ટમેન્ટમાં વધુમાં વધુ પ્રતિષ્ઠા ધરાવતી જગ્યા પર મૂક્યો.

[ક્રમશઃ]

મારું મન મોહ્યું પક્ષીઓની ઊડ પર

કલકલિયાની એક જગ્યાએ સ્થિર ઉડાન

☐ યજ્ઞેશ દવે

નિયંતાએ પક્ષીઓ સિવાય કેટકેટલાંને ઊડવાનું વરદાન આપ્યું - માખી, મધમાખી, મચ્છર, ભમરો, આગિયો, ફૂદાં, પતંગિયાં જેવા કીટો, ચામાચીડિયાં વડવાગોળ જેવાં સસ્તન પ્રાણીઓ અને અમુક ઊડતી માછલીઓ અને ખિસકોલીઓ, પણ એ વરદાનને કલામાં રૂપાંતરિત કર્યું હોય તો તે માત્ર પક્ષીઓએ. ઈશ્વરે આપણને વાચા આપી અને આપણે કવિતા રચી, ચાલવા પગ આપ્યા અને આપણે નૃત્ય રૂપે આપનારને સવાયું કરી પાછું આપ્યું, તેમ પક્ષીઓએ ઊડવાની આવડતને કળામાં રૂપાંતરિત કરી.

પક્ષીઓને આપવામાં ઈશ્વરે કાંઈ મણા નથી રાખી. જાતજાતનાં અવનવાં રંગ રૂપ અને સ્વરો આપ્યાં. પણ આપણને ઈર્ષા આવે તે તો આ આકાશના વિશાળ વિતાનમાં સ્વેચ્છાએ ઊડી શકે છે તેની. આ પક્ષીઓ એટલે દેવદૂતો જ. એક અમથી એવી ચકલીને ઊડતાં જોઈએ એટલે આપણે તો બંદીવાન છીએ તેવું લાગવાનું. કાલીદાસે વિમાનમાંથી આ 'અહો ઉદાર રમણીયા પૃથ્વી' જોઈ તેનાં લાખો વરસો પહેલાં આ પક્ષીઓએ પૃથ્વીનું રમણીય દૃશ્ય જોયું છે. પક્ષીએ પક્ષીએ તેની ઊડ બદલે. તેની અસીમ

છબી સૌજન્ય: અશોક મશરૂ

ઊડ્ડયન શક્તિને લીધે જ તે ઊંચી ઊંચી પર્વતશૃંખલાઓ વટાવી અફાટ દરિયો વળોટી અહીં આપણી મહેમાનગતિ માણવા આવે.

સવાર પંખીનાં ગાન વિના ન પડે તેમ તેની ઉડ્ડયનલીલા વગર પણ ન પડે. સવારના આખા આ નભવિતાન પર પંખીઓ કોઈ અદશ્ય લિપિ આલેખતાં જતાં હોય. કોઈ ડાળ પર, માળામાં કે બખોલમાં રાતવાસો કર્યા પછી આકાશનો ચારો ચરવા નીકળી પડે. પણ બપોરે જો કોઈ પંખીને ખતવી નાખી હોય તો તે સમળી અને ગીધ. મૃત પશુઓનું જ માંસ ખાવાની જીદ લઈ બેઠેલાં ગીધ તો હવે જૂજ જ બચ્યાં પણ પીળી આંખવાળી સમળીરાણી તો હજી છે. મધ્યાહનની સામ્રાજ્ઞી આ સમળીને રમવા ઊડવા નાનો પટ ન ચાલે, તેને તો આખું આકાશ જોઈએ. એય-ને ઊંચે ને ઊંચે ચડી સહેજ પૂઠ નમાવી તિર્યક ગતિથી ગોળ ગોળ સેલારા મારતી હોય કહો કે સહેલતી હોય પણ એ ચતુરાની દષ્ટિ તો હોય નીચે કોઈ શિકાર ભણી. નીચે કોઈ શિકાર નજરે પડે તો તેની અલસ ઊડ છોડી સીધી તીરની જેમ ત્રાટકે. શિકારને બચવાનો મોકો પણ ન આપે. માટે તો તેની ઝડપ એટલે ચીલઝડપ. સોનેરી પાંખોવાળી ચીલને કવિ જીવનાનંદ દાસે તેમની કવિતામાં અમર કરી.

મોર અને તેતરને ઝાઝું ઊડવું ન ગમે. પરિવેશ સાથે જ ભળી ગયેલાં તેતરની નજીક જવાઈ જાય તો પહેલાં તો દોડીને ભાગવાનો પ્રયત્ન કરે પછી અસલામતી લાગે ત્યારે એ દોડ ને ઊડમાં બદલાવી હાથિયા દાંડલિયા થોર કે કોઈ ઝાડી ઠેકી બીજા ખેતરે ઊતરી જાય. અને મોરની ઊડ? મોટી ઉંમરના ઢાંઢા આળસુને ઊડવાની ફરજ પડે તો માંડમાંડ ઊડતાં શિખવાડ્યું હોય તેમ મોટી પાંખો ફફડાવી ભારોભાર અણઘડ રીતે ઝાવાં નાખતો ઊડે. તેની ઊડ જોઈને હસવું આવે અને તેની મોટી ભારે કાયાની દયા પણ આવે. પોતે તો ત્યારે જ ઊડે જ્યારે તેને કોઈ ઊંચી ડાળે, ટોડલે કે છાપરે બેસવું હોય. એ ઊડે તો પીંછાંનો ભારો લઈને ઊડવું પડે. એ પીંછાં ઊડવામાં કામ ન આવે. થાય કે ઝાડની ઊંચી ડાળે કે અગાસીએ એ પહોંચી શકશે કે નહીં. પણ પહોંચી જાય ખરો. પક્ષીઓમાં આટલા મોટા કદનું, સોહામણું, નીલ કલગીધારી, આટલું રંગીન અને ગગન ગોરંભતો કેકારવ કરતા મોરને પણ ઊડવાની વાત આવે ત્યારે તેનો બધો અહંકાર ઓગળી જાય. જોકે એક પક્ષી પાસે બધી જ અપેક્ષા રાખવી પણ ખોટી જ ને! છે કોઈ બીજું પક્ષી કે જે રંગીન પાંખોનું અર્ધવલય રચી મોરની જેમ કળા કરી નાચી શકે?

સ્ફૂર્તિ, ચપળતા, ચંચળતા અને કરતબ દેખાડવામાં ચકલીથીય નાના અબાબીલને કોઈ ન પહોંચે. સમળીની જેમ તેને આખા નભવિતાનની જરૂર નહીં. આસપાસનો

નાનો અવકાશ તેને માટે પૂરતો. એની ઊડાન એવી મનસ્વી કે તમે તેનો ટ્રેજેક્ટરી - ગગનપથ કલ્પી ન શકો. આકાશમાં એવી તો અવનવી રેખાઓ દોરતું જાય કે તમે જોયા જ કરો. અદૃશ્ય બળ સંચિત કરી રોકેટની જેમ ઊંચું ચડે. સહેજ પાંખ ત્રાંસી કરી એક દીર્ઘ ચાપ દોરી નીચે ઊતરે ફરી એક મનસ્વી ચાપ દોરતું પાંખોને ફરકાવ્યા વગર જ ગ્લાઈડરની જેમ આમ તેમ સેલારા મારે. આછા ઝરમરતા વરસાદમાં બીજાં પક્ષીઓ જ્યારે ડાળ સંભાળી બેસી ગયાં હોય ત્યારે અબાબીલ તો સહેલગાહે નીકળી પડે.

ભોંયચકલી અગન કે ચંડૂલ મોટેભાગે તો જમીન પર કોઈ ખડક પર કે નાના એવા ઢેફા પર બેસે, મન થાય તો ટહુકાઓ રેલાવી ફરી થોડું ઊડી બીજે જઈ જમીન પર બેસે. પણ એકવાર ચોમાસાના વાદળિયા વાતાવરણમાં એક ચંડોળને ઘાસના બીડમાં ખૂબ ઊંચે ચડીને ગાતાં જોયું છે. બસ કોઈ ઘાયલ પાગલની જેમ વણથક ગાયા જ કરે. આવા ચંડૂલને જોઈ જાપાનિઝ હાઈકુ કવિએ એ પાગલ ચંડૂલને જોઈ કહ્યું

ચંડોળ
ગાય છે આખોય દિવસ
- દિવસ પણ તેને નથી પૂરતો.

- બાશો

વેયાનાં બે જૂથ

કુંજની ઉડાન

બીજા જાપાનીઝ હાઈકુ કવિને આવા ચંડોળને જોઈને થયું કે એ કેટલું તો ગાનમગ્ન છે કે જાણે તેને તેનાં બચ્ચાંને ખવરાવવાની પણ તમા નથી રહી.

ચંડોળ ઊડે
ઊંચે આકાશમાં
નીચે બચ્ચાં મરશે ભૂખે

- સોરા

આછો આછો ક્રેંકાર કરતી ઉપરથી ઊડી જતી કુંજડીઓની પંક્તિની તો શું વાત કરવી! રાત્રે પણ એ અવાજ સાંભળું તો અગાસીમાં જઈ તેને જોવી જ પડે. રાત્રીઆકાશના પટ પર હળુહળુ સરકતી જળવેલ સરકતી જતી હોય તેવી લાગે... અંગ્રેજી V આકારની એક કુંજ પંક્તિ ધીરે ધીરે દૂર દિગંતમાં સરકી જાય અને તેનો આછો ક્રેંકાર વધુને વધુ આછો થઈ મૌનમાં ભળી જાય. એ કુંજ પંક્તિઓ વિશાળ અવકાશ અને મૌનનો સાક્ષાત્કાર કરાવતી જાય.

ઊડતું હેલિકોપ્ટર એટલે નીલમણિ જેવું ચળકતું સાવ નાનકડું સક્કરખોર. થાય કે નીલમણિને પાંખો આવી અને પોતાનો ભાર ખંખેરી ઊડવા લાગ્યો. અગાશીનાં કુંડાંમાં વાવેલાં જાસૂદનાં લાલ ફૂલ પાસે જાય હેલિકોપ્ટરની જેમ ત્વરિત ગતિથી પાંખો વીંઝતું હવામાં જ સ્થિર થાય અને તેની પાતળી વાંકડી ચાંચથી જાસૂદનો રસ ચૂસી બીજા જાસૂદે જાય. એ સમયે તેની પાંખો ન દેખાય, દેખાય માત્ર પાંખોનાં આવર્તનો. જાસૂદનો રસ પી પછી કુંવારપાઠાંના પુષ્પદંડ પર બેસે. કુંવારપાઠાંનાં કેસરી ફૂલો લાંબાં અને નીચે ખૂલતાં હોય માટે તેનો રસ ચૂસવા તેને નિરાંતે બેસવું જ પડે. પુષ્પદંડ પર બેસી નાનકડી ડોક નીચી

નમાવી કેસરી નળાકાર ફૂલની અંદર ચાંચ લંબાવી નિરાંતે રસ ચૂસે - આ સમયે આ નાનકડું અજંપ પંખી સ્થિર હોય એટલે તેનો ધાત્વિક નીલો જાંબલી ઝાંયવાળો ચળકતો રંગ નિરાંતે નીરખી શકાય. હવામાં હેલિકોપ્ટરની જેમ સ્થિર રહી ઊડવાની કળા કલકલિયા પાસે પણ ખરી. અમસ્તો ઊડે ત્યારે સીધી સમાંતર રેખા આંકતો ઊડે પણે જ્યારે કોઈ તળાવ, જળાશયમાંથી માછલી પકડવી હોય ત્યારે જળ પર સ્થિર ઝળૂંબે, માછલી નજરે પડતાં ડાઈ મારી સીધો ખાબકે. બહાર આવે ત્યારે મોટી જાડી ચાંચમાં રૂપેરી માછલી હોય જ.

કબૂતર મારા જેવું એકલસૂડું, યુગલચારી અને સમૂહચારી. સવાર સાંજે ઇલેક્ટ્રિકના વાયર પર તોરણ બાંધે સુખદુઃખની વાતો કરી કોણ જાણે શું ય સૂઝે અને આખું ટોળું એક બની ઊડે. સમૂહમાં ઊડે ત્યારે આખું ટોળું જાણે એક પક્ષી હોય તેમ એક સાથે ઘડીક આમ દિશા બદલે તો ઘડીક તેમ, આકાશમાં મોટો ચકરાવો લે. સાથે ઊડવામાં એકમેક સાથે સંવાદિતા જાળવવી પડે. કઈ રીતે આટલાં બધાં કબૂતરો, એકમેકના સંપર્કમાં રહી ઊડતા હશે તે હજી પણ આશ્ચર્ય. દિશા બદલે, ઉપર ચડે, ચકરાવો લે, નીચે ઊતરે બધું સંવાદિતાપૂર્ણ. લાગે કે એક જ પક્ષી ઊડી રહ્યું છે. કબૂતર એક સમયે પત્રદૂતનું કામ પણ કરતું. તાલીમ પામેલું પાળેલું કબૂતર પ્રેમિકાને પત્ર પહોંચાડે - ભલેને તેને એકદંડિયા મહેલમાં પૂરી હોય અને આ જ કબૂતર ગુપ્તચર બની સંદેશાની આપ-લે પણ કરે. તેની દિશાસૂઝ અને ગતિ લાજવાબ. કલાકના એંસી સો કિ.મી. સહેજેય કાપી શકે અને બારસો પંદરસો કિ.મી. દૂર સંદેશો પહોંચાડી પાછું આવી શકે. પહેલા અને બીજા વિશ્વયુદ્ધ દરમિયાન આ કબૂતરોનો સંદેશાવાહક તરીકે ઉપયોગ થયેલો. ભારતમાં પણ દૂર અંતરિયાળ પહાડી દુર્ગમ ક્ષેત્રોમાં ટપાલ પહોંચાડવા આવી Pigeon Post - કબૂતર ડાકસેવા હતી. ઓરિસામાં 2008 સુધી ચાલુ હતી.

એક પક્ષીની તરંગિત ઊડાન ગમી તે પક્ષી ભીમરાજ. હું આહવા હતો તે દિવસોમાં એકવાર હું અને પક્ષીમિત્ર મહેન્દ્ર પરમાર ગુજરાતના ગાયક પક્ષી શામાને સાંભળવા વાંસદા નેશનલ પાર્ક ગયેલા. આખું જંગલ જાતજાતના ટહુકાઓથી ગુંજે. બહુ અંતરિયાળ ગાઢ વાંસઝુંડો અંદર જઈ સાવ ચૂપ થઈ શરમાળ સામાનું અદ્‌ભુત ગાન સાંભળ્યું.

ગાઢ ઘેરા વાંસઝુંડમાંથી બહાર થોડા ખુલ્લામાં આવ્યા ત્યારે અમારા ગાઈડ માદિયાએ ઊંચી ડાળે બેઠેલા લાંબી પૂંછડીવાળા કાળા નમણા પક્ષીને બતાવ્યું - તે ભીમરાજ. આપણા ડ્રોંગોના જ કૂળનું. તેવો જ કાળો ચળકતો રંગ પણ પૂંછડીનાં બે પીંછાં લાંબાં અને વળાંકદાર. આ ભીમરાજ પોતાનો અવાજ તો કાઢે પણ બીજાં પક્ષીઓના અવાજની આબાદ

તમારું પ્રિય સામયિક

નવનીત સમર્પણ

હવે ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ

તમારાં કોમ્પ્યુટર, લેપટોપ, નોટબુક,
ટેબ્લેટ કે અન્ય ગેજેટ ઉપર વાંચો

* * *

હમણાં જ ક્લિક કરો

www.navneetsamarpan.com

અને **માણો**

ઉત્તમ, આનંદદાયક
અર્થસભર વાચનનો રસથાળ

એક વર્ષનું લવાજમ
ડાઉનલોડ - રૂ. 220
રીડિંગ - રૂ. 120

અનુકૂળતાઓ:
ગમે ત્યાંથી, ગમે ત્યારે, પાનું ફેરવો, એકસાથે
પાનાં જુઓ, પાનાનું કદ મોટું કરી વાંચો

નકલ પણ કરે. ઊંચી ડાળેથી ભીમરાજ ઊડ્યો. ઊડ્યો તો શું કહેવાય જાણે એક તરંગ પર સવાર થયો હોય તેવી તરંગવતી ઉડાન લીધા પછી દૂરના ઝાડ પર બેઠો. આહાહા.... શું તેની લયાન્વિત તરંગવતી ઉડાન! અમારા રાજકોટ યુનિવર્સિટી કેમ્પસ પર હમણાં હમણાં દેખાતા ખેરખટ્ટા પણ મોજમાં હોય તો તે પણ તરંગિત ઉડાનથી ઊડે પણ તેમાં પેલા ભીમરાજની નજાકત નથી.

આ બધાં પક્ષીઓમાં સહુથી આશ્ચર્યજનક સમૂહ ઉડાન હોય તો આપણા મુલાકાતી પક્ષી વૈયાંઓની. તેમની સમૂહ ઊડાન એટલે જાણે એક કોરિયોગ્રાફી કરેલું નૃત્ય. આમ તો કાબર જેવું પણ તેનાથી નાનું મેલા ગુલાબી રંગનું પક્ષી. ખાસ, મોહી પડાય તેવું કાંઈ નહીં. તેનો અવાજ પણ નહીં. એકલાં હોય ત્યારે તેની ઊડાન પણ સામાન્ય. પણ સાંજ પડે અલગ અલગ દિશાએ ચારો ચરવા ગયેલી વૈયાંની નાની મોટી ટોળીઓ રાતવાસો કરવા તેમના નિયત સ્થાને પહોંચે તે પહેલાં એ દિવસનો આભાર માનવા નભનૃત્ય આરંભે. સ્ટેજ પરના નર્તકોને તો સ્ટેજની સીમા નડે પણ આમને તો આખું આકાશ મળ્યું.

આ નૃત્ય પણ કેવું વિરાટ અને અદ્‌ભુત! જાણે કોઈ અદૃશ્ય નર્તક તેના બે અદૃશ્ય હાથમાં પકડેલું આછું રેશમી વસ્ત્ર હવામાં લહેરાવતો અનેક પ્રકારના અવનવા વહેતા આકારો રચતો જતો



વૈયાંનો ઊડતો સમૂહ

હોય તેમ આ પક્ષીવૃંદનું મોટું વાદળ તેના આકારો રચતું જાય. ઉમાશંકરે જેમ પવન ઝાપટે વીંઝાતી મેઘવૃષ્ટિને ધારાવસ્ત્ર કહ્યું તેમ મેં આને લહેરાતું વિહંગવસ્ત્ર. ક્યારેક આ વાદળ ઉપર ચડે, ક્યારેક હળવેકથી નીચે ઊતરે, હળવો ચકરાવો લે તો ક્યારેક એક વૃંદ અચાનક જ બે ભાગમાં વહેંચાઈ જાય, બંને વૃંદ સ્વતંત્ર રીતે લહેરાય અને અચાનક જ કશી અરાજકતા વગર એકમેકમાં ભળે. ત્યાં તો દૂરથી આવતી નાની નાની પંખીટોળીઓ આવતી જાય અને સંવાદિતા જાળવી મોટા વાદળમાં ભળતી ચાલતા ગતિશીલ નૃત્યમાં જોડાઈ જાય. ક્યારે આખું પંખીવાદળ સાંજના સૂર્ય સાથે એવો કોણ રચે કે લાગે કે અદૃશ્ય થઈ ગયું. ક્ષણવાર માટે જ અલોપ થયેલું લાગતું એ લહેરાતું વાદળ ફરી દેખા દે. થોડી મિનિટો સુધી આ અદ્‌ભુત નૃત્ય ચાલે અને અ ચાનક એ વાદળ ગરણી જેવું વમળ રચે અને એક પછી એક પંખી વૃક્ષની ઝાડીમાં ઓરાતાં જાય. ખૂબ ઊંચે હતાં ત્યારે તેમનો અવાજ નહોતો સંભળાતો. હવે નીચે ઊતરી કલબલ કરતાં વૃક્ષની ડાળીઓ પર એકબીજાને એડજેસ્ટ કરતાં સાવ ચૂપ થઈ જાય. વૃક્ષોનું ઝુંડ પણ ઘેરા થતા જતા અંધારામાં ઓગળી જાય અને મનમાં કોરાઈ જાય એક અદ્‌ભુત નૃત્યની છબી.

❑❑❑

ગો. ર. ભૈરનાર

કેમ સખી ચીંધવો પવનને-૪૪

☐ અનિલ રમાનાથ જોશી

મુંબઈમાં મને આર્થિક સલામતી મળી ગઈ. મહિને ૧૨૦૦ રૂપિયાની ફિક્સ રકમને બદલે હવે મને ૧૧૦૦૦ મળવા લાગ્યા. મારો ગ્રેડ ફિક્સ થયો. પેન્શન પુસ્તિકા તૈયાર થઈ ગઈ. હવે હું સત્તાવાર મહાપાલિકાનો કર્મચારી થઈ ગયો. ખારમાં હું ઓફિસર્સ ક્વાટરમાં રહેતો હતો. મારી પાસે પોતાનું ઘર નહોતું એની મને ખબર હતી પણ એ વિષે હું થોડો બેદરકાર હતો. એક દિવસ કમિશનર તિનઈકર સાહેબનો ફોન આવ્યો, "મને ઓફિસમાં મળી જાઓ.'' હું તાબડતોબ ટેક્સી પકડીને હેડ ઓફિસ પહોંચ્યો. થોડીવાર બહાર બેસવું પડ્યું પણ તરત જ મને સાહેબે અંદર બોલાવી લીધો. હું તિનઈકર સાહેબની ઓફિસમાં પ્રવેશ્યો. સાહેબ ફોન ઉપર કોઈની સાથે વાત કરી રહ્યા હતા. ફોન પૂરો થયા પછી સાહેબ કહે: "અનિલ, તમે અત્યારે ઓફિસર્સ ક્વાટરમાં રહો છો પરંતુ તમારી પાસે પોતાનું ઘર છે?'' મેં કીધું : ''ના સાહેબ, મુંબઈમાં ઘર લેવાની મારી કોઈ હેસિયત નથી." થોડીવાર વિચાર કર્યા પછી તિનઈકર સાહેબ કહે: "જુઓ, મુંબઈમાં જે બિલ્ડિંગો બંધાય છે એમાં બિલ્ડરો સાથે મહાપાલિકાએ એક શરત મૂકી છે કે તમારા બિલ્ડિંગમાં અમે કહીએ તે કર્મચારીને, મહાપાલિકા નક્કી કરે તે કિંમતે ફ્લેટ આપવો. અત્યારે જ તમે નીચે જઈને અજીત વર્તી સહેને મળો અને અને એમની પાસેથી ફોર્મ લઈને ભરીને મને કાલે પહોંચાડો" અજીત વર્તી સાહેબ એડિશનલ કમિશનર હતા. હું તરત નીચે જઈને અજીત વર્તી સાહેબને મળ્યો. એમણે ફોર્મ એસ્ટેટ વિભાગમાંથી મગાવીને મને આપ્યું. વર્તી સાહેબ કહે: "તમારો હોદ્દો લેન્ગવેજ ઓફિસર છે. ગ્રેડ બીટ ઓફિસરનો નક્કી થયો છે." મહાપાલિકાના ઇતિહાસમાં બીટ ઓફિસરનું પદ મણીલાલ નભુભાઈ દ્વિવેદી ભોગવી ચૂક્યા છે અને

સુપ્રિન્ટેન્ડન્ટનું પદ હિંમતલાલ ગણેશજી અંજારિયા પણ ભોગવી ચૂક્યા છે એનો મને રોમાંચ હતો. હું ફોર્મ લઈને ઘેર આવ્યો. આખું ફોર્મ ભરીને હું બીજે દિવસે વર્તી સાહેબને આપી આવ્યો.

અહીં દૃશ્ય બદલાય છે. બપોરનો સમય છે. લંચનો ડબ્બો ખાઈને થોડો રિલેક્સ થયો છું. એવામાં હેડ ઓફિસથી મને એક પત્ર મળે છે. એ પત્રમાં લખ્યું છે : "તમને દહીંસર વેસ્ટમાં એક ફ્લેટ એલોટ કરવામાં આવ્યો છે. દત્તાની બિલ્ડરનો તાત્કાલિક સંપર્ક કરશો.'' મારી ખુશીનો કોઈ પાર રહ્યો નહિ. હું દોડતોક બિલ્ડરની ઓફિસે જાઉં છું. પત્ર બતાવું છું. નકશા ઉપર ફ્લેટ પસંદ કરું છું. સાઈટ પર જઈને ફ્લેટ પર પહોંચું છું. એચ.ડી.એફ.સી.ના ચેરમેન એચ.ટી. પારેખ તાત્કાલિક એક લાખ રૂપિયાની લોનનો ચેક આપે છે. ઘટતા પૈસા હરીન્દ્ર દવે અપાવે છે. મને ફ્લેટની ચાવી મળી જાય છે. એ ફ્લેટની બજાર કિંમત સાત લાખ હતી પણ મને મહાપાલિકાએ નક્કી કરેલી કિંમતે દોઢલાખમાં ફ્લેટ મળી ગયો. હું ઘેર પહોંચું છું શરીરમાં થોડી કળતર છે પણ હું તરત જ એક ફ્લેશબેકમાં ખોવાઈ જાઉં છું. અહીં ફ્લેશબેકનું દૃશ્ય શરૂ થાય છે.

એક દિવસ ખબર પડી કે પૂ. ભાઈ સાંતાક્રુઝ રહેવા આવ્યા છે. મેં તરત ભારતીને કહ્યું : "ચાલ, ભાઈને મળવા જઈએ." ભારતી અને હું ખરા બપોરે ભાઈનાં દર્શન કરવાં ગયાં. ભાઈ આરામથી બેઠા હતા. મને જોતાવેંત જ કહે છે : "કવિતા લખાય છેને?" હું વંદન કરીને ચૂપચાપ બેસી રહ્યો. બીજી ખૂબ વાતો કરી. મારો એક જ સવાલ હોય કે મા ક્યારે રૂબરૂ મળશે? ભાઈ થોડું હસીને તરત કહેતા : "મા તો તારી સાથે જ છે. તારો ધર્મ માત્ર રાહ જોવાનો છે. સબૂરીનો છે." એકાદ કલાક બેઠા પછી અમે ભાઈને વંદન કરીને વિદાય લેવાની રજા માગી: પણ, આશ્ચર્ય વચ્ચે ભાઈએ અમને રોક્યાં, પછી પોતે ઊઠીને બીજા રૂમમાં ગયા. થોડીવાર પછી ભાઈ પોતાના હાથમાં એક જગદંબાનો ફોટો લઈને આવ્યા. મારા હાથમાં એ ફોટો મૂકતાં ભાઈ બોલ્યા : "આ ફોટો તું તારા ઘરમાં રાખજે, મા તારી સાથે છે." અમે માનો ફોટો લઈને બહાર નીકળ્યાં ત્યારે મેં ભારતીને કહ્યું : "આપણી પાસે ઘર ક્યાં છે? મારી નોકરી કોન્ટ્રેક્ટ ઉપર છે. કોન્ટ્રેક્ટ પૂરો થશે કે તરત ઘર ખાલી કરીને આપણે રોડ ઉપર આવી જઈશું." ભાઈએ આપેલો એ જગદંબાનો ફોટો સંભાળીને અમે ગોદરેજના કબાટમાં મૂકી દીધો. ફ્લેશબેક પૂરો.

હું તરત ગોદરેજનો કબાટ ખોલું છું. સંભાળપૂર્વક સાચવીને મૂકેલા જગદંબાના ફોટાને બહાર કાઢું છું. થોડીવાર તો સુન્ન થઈને માની તસવીર જોયા કરું છું. ભારતીને ધીમેકથી કહું છું : "જો, બોરીવલીના ઘરમાં પ્રવેશ

કરીએ ત્યારે મા જગદંબાની આ તસવીરની સ્થાપના સાથે ગૃહપ્રવેશ કરવો." બીજે ત્રીજે દિવસે માની તસવીર લઈને વિનોદ મેઘાણી, પન્ના અધ્વર્યુ અને ડો. રમા વૈદ્ય સાથે અમે બોરીવલીના ખાલી ફ્લેટ પર પહોંચ્યાં. ગુજરાતી ફિલ્મનો જાણીતો અભિનેતા રાજીવ પણ આવી ગયો. રાજીવ બોરીવલીમાં જ રહેતો હતો. ફ્લેટ ખોલીને અમે અંદર પ્રવેશ્યાં કે તરત મા જગદંબાની તસવીરને મૂકી દીધી. દીવો કર્યો. અગરબત્તી કરી. હું થોડો ઇમોશનલ થઈ ગયો એટલે મેં ખાલી ઘરના છાને ખૂણે માને કીધું: "મા, મને જે કાંઈ મળ્યું એ બધું તારું જ છે. મારું કશું જ નથી. હું મારા ફ્લેટના દરવાજે મારા નામની નેમપ્લેટ ક્યારેય નહિ મૂકું." એ પછી હું મકરંદ પાસે ગયો. મકરંદને મેં કીધું : "મારા નામનું હવે મુંબઈમાં ઘર થઈ ગયું." મકરંદ ખુશ થયા પછી હસીને કહે: "નામનું?" મેં કીધું હા. એ પછી મકરંદે ઇનાયતખાન સાહેબને યાદ કર્યા પછી કહે : "તમે મને જે નામથી બોલાવો છો એ તો મારા ખંડિત દર્પણના તૂટી ગયેલા કાચનો એક ટુકડો છે. એ કોઈ પંખીનો ટહુકો નથી. તમે અને બધા જ લોકો મારું નામ ભૂલી જાવ એમ હું હૃદયપૂર્વક ઇચ્છું તો જ તમે મારા અખંડિત દર્પણમાં રહેલા મૂળ સ્વરૂપને જોઈ શકો. રોજ ખળખળ વહેતા રહેવું એ જ મારું નામ છે." એ દિવસોમાં મકરંદ અંધેરીની જુહુ ગલીમાં રહેતા હતા. 'નંદીગ્રામ' હજી કાગળ પર હતું. જમીન હજી શોધતા હતા એ સંદર્ભમાં મકરંદ કહે : "આપણે 'નંદીગ્રામ' પસંદ કર્યું છે. મારું નામ એમાં ક્યાંય નથી. મેં ભરતભાવ રાખ્યો છે. અયોધ્યામાં રહેવું નથી, દૂર નંદીગ્રામ એ જ આપણું ઘર."

દૃશ્ય બદલાય છે. સવારે ઓફિસ પહોચતાં જ હેડ ઓફિસથી સંદેશો આવ્યો : "પાકમોડિયા સ્ટ્રીટમાં આપણી એક બંધ પડેલી નિશાળ છે, એની મુલાકાત લઈને તરત રિપોર્ટ મોકલો.'' આ કામ મને, પન્ના અધ્વર્યુ અને ઉર્દૂના કવિ તાજદાર 'તાજ'ને સોંપવામાં આવ્યું. બેકગ્રાઉન્ડ થોડું એવું હતું કે દક્ષિણ મુંબઈની મોટાભાગની વસ્તી ઉપનગરમાં માઈગ્રેટ થઈ ગઈ હતી એટલે ડાઉન ટાઉનની નિશાળો ખાલી થઈ ગઈ હતી. અમને એવી સૂચના પણ આપવામાં આવી કે પાકમોડિયા સ્ટ્રીટમાં જાઓ ત્યારે સિક્યોરિટી ગાર્ડ સાથે જજો. અમે ગ્રાન્ટ રોડથી જવા નીકળીએ છીએ. ટ્રાફિક વીંધતાં પાકમોડિયા સ્ટ્રીટની નિશાળમાં પહોંચીએ છીએ. સ્કૂલમાં પગ મૂકતાં જ એક નવું દૃશ્ય જોવા મળે છે. બિલ્ડિંગ જૂનું છે પણ અમારા આશ્ચર્ય વચ્ચે સ્કૂલમાં એક ઓફિસ ચાલે છે. પાંચ, સાત માણસો બેઠા છે. અમને જોતાંવેંત જ એ માણસો પાછલે દરવાજેથી ગાયબ થઈ જાય

છે. અમે ખાલી ઓફિસમાં પ્રવેશીએ છીએ. ઓફિસમાં નવું ફર્નિચર છે. ટ્યુબ લાઈટો બળે છે. બોસની ખુરશી છે. ટેલિફોન છે. અમને નવાઈ લાગી કે આપણી નિશાળ તો બંધ છે. આ કોની ઓફિસ છે? નિશાળનું બિલ્ડિંગ મોટું હતું. અમે દાદરો ચડીને બીજા માળે ગયાં તો વળી બીજો ઝટકો લાગ્યો. અમે જોયું તો એક ખાલી વર્ગમાં પલંગ પર ગાદલું બિછાવ્યું છે. ખૂણામાં પીવાના પાણીનો ગોળો છે. થોડાક ગ્લાસ પડ્યા છે. દોરી ઉપર કોઈનાં કપડાં સુકાય છે. આ બધું અમને બહુ રહસ્યમય લાગ્યું. અમે થોડીવાર રોકાઈને આજુબાજુમાં પૂછપરછ કરીએ છીએ કે અહીં કોણ રહે છે? કોઈ જવાબ આપતું નથી. આસપાસના દુકાનદારો પણ ચૂપ છે. એ પછી બિલ્ડિંગના કેરટેકર કમ માળીને બોલાવીને પૂછીએ છીએ. એ ડરતાં ડરતાં જવાબ આપે છે. "સાહેબ, તમે અહીં ક્યાં આવ્યા, આ નિશાળ તો ગુનેગારોનો મોટો અડ્ડો છે. ખૂન-ખરાબા કરીને ગુનેગારો આ નિશાળમાં આવીને સંતાઈ જાય છે. દાઉદ ઇબ્રાહીમની ધાક આ વિસ્તારમાં બહુ છે, હું પણ અહીં રાતવાસો કરતો નથી." કેરટેકર કમ માળીની કેફિયત સાંભળીને અમે હબક ખાઈ ગયાં. પન્નાબેન, ઉર્દૂ કવિ તાજદાર 'તાજ' ઓફિસે આવીએ છીએ. થાકોડો ખાઈને એક રિપોર્ટ તૈયાર કરીને કમિશનર સાહેબને મોકલી આપીએ છીએ. એ પછીના દિવસોમાં ડેપ્યુટી કમિશનર ગો. રા. ખૈરનાર સાહેબનો હથોડો કેવો ચાલ્યો તે આખું મુંબઈ જાણે છે. એ દિવસે હું સીધો કવિ મંગેશ પાડગાંવકરની ઓફિસે પહોંચું છું. મને બોરીવલીમાં ફ્લેટ મળી ગયો એ ન્યુઝ આપું છું. એ વખતે પાડગાંવકરે બહુ મોટી વાત મને સમજાવી. કહે : "અનિલ, આપણું કલ્યાણ કોઈ દુષ્ટ માનવી પણ કરી શકે છે. ગુંડો પણ કરી શકે છે. એ તમને બંગલા-ગાડી પણ આપી શકે છે. પણ એ કાંઈ બહુ ટકતું નથી. કોઈ સજ્જન અને પવિત્ર માનવી તરફથી તમને જે કાંઈ મળે છે એના વાઇબ્રેશન કે શુભેચ્છા અનેક પેઢીઓ સુધી શાશ્વત રહે છે. તિનઈકર અત્યંત પવિત્ર અને પ્રામાણિક ઇન્સાન છે. હું વર્ષોથી એને ઓળખું છું. લે, ફ્લેટ મળ્યાની ખુશીમાં કોફી સાથે બિસ્કિટ ખા." બીજી બાજુ અમરેલીથી રમેશ પારેખ પણ ખુશીથી ઊછળી પડ્યો. મને ઘર મળે એની ચિંતા રમેશ પારેખને મારા કરતાં વધુ હતી. સન્માન અને થેલી મળે એની પણ વાત કરી હતી પણ મેં નકારી કાઢી હતી. છેવટે રમેશ પારેખે રજનીકુમાર પંડ્યા પાસે મારા વિષે લેખ લખાવીને "સંદેશ" અખબારમાં છપાવ્યો. એ લેખનું મોટા અક્ષરે શીર્ષક કંઈક આવું હતું એવું મને યાદ છે : "મુંબઈમાં છાપરું શોધતા અનિલ જોશી."

[ક્રમશ:]

તેમના ઘરે કી-બૉર્ડ પર ઘરે બાહિરે (૧૯૮૪) ફિલ્મનું સંગીત કમ્પોઝ કરતાં સત્યજિત રાય, છબી સૌ. વિકિપીડિયા કૉમન્સ

ચારુલતા: પાર્શ્વ-સંગીતબાંધણી, વનરાજ ભાટિયા ને અન્ય વાતો

☐ અમૃત ગંગર

થોડા મહિના પહેલાં મશહૂર ગાયક-સંગીતકાર - ગીતલેખક - પટકથાલેખક - અભિનેતા - દિગ્દર્શક - નિર્માતા કિશોર કુમાર (આભાસ કુમાર ગાંગુલી, ૧૯૨૯-૧૯૮૭)ના સુપુત્ર અમિત કુમારે (જ. ૧૯૫૨) તેમના પિતાએ સત્યજિત રાયને સંબોધીને લખેલો ૧૯૬૩નો પત્ર સત્તાવન વર્ષ પછી મિડિયા સમક્ષ જાહેરમાં મૂક્યો ત્યારે તે સોશ્યલ મિડિયામાં વાઇરલ થઈને ખાસ્સો હરતોફરતો થઈ ગયેલો. હવે આ પત્ર વિશે થોડુંક. આપને યાદ હોય તો જૂન મહિનાના નવનીત-સમર્પણમાં મારા સત્યજિત રાયના લેખ (આરો એકબાર માણિકદાર બાડિતે)માં મેં સંદિપ રાયને કોરોના લૉકડાઉન દરમિયાન (એપ્રિલ મહિનાના અંતમાં) તેમના ૧ / ૧ બિશપ લેફ્રોયના ઘરની સાફસફાઈ કરતી વખતે માળિયા પર પડેલાં ખોખાંઓમાંથી પહેલાં

કદી જોઈ નહીં હોય તેવી ઢગલાબંધ અલભ્ય સામગ્રી પ્રાપ્ત થઈ હતી તેનો ઉલ્લેખ કર્યો હતો. આ જ સામગ્રીમાંથી મળ્યો હતો કિશોર કુમાર લિખિત પત્ર જેની સ્કેન્ડ કૉપી સંદિપ રાયે પોતાના ભાણેજ અમિત કુમાર સાથે શૅર કરી હતી જે આપણામાંના ઘણાએ કદાચ વોટ્સઍપ દ્વારા અનેકોને ફૉરવર્ડ પણ કરી હોય.

પત્રની વાત કરતા પહેલાં સમવયસ્ક મામા-ભાણેજના, (ઇન ફેક્ટ ભાણેજથી મામા એક વર્ષ નાના) આ સગપણના ભેદને ખોલીએ. આ વખતે ભેદ ખોલવાની પ્રક્રિયાની વિધિ પ્રારંભે જ કરું છું, પેલા શ્વેત ઘુવડની જેમ અંતે નહીં. સિવાય કે આકાશે કાન માંડવાની વાત! કિશોર કુમાર અને સત્યજિત રાયનાં કુટુંબોનું સગપણ નજીકનું. કિશોર કુમારનાં પ્રથમ પત્ની રુમા ઘોષ (પછી રુમા ગુહાઠાકુરતા) એટલે સત્યજિત રાયનાં પત્ની બિજોયાની મોટી બહેન સતી દેવીનાં સુપુત્રી. એટલે રુમા બિજોયાની ભાણેજ એટલે બિજોયા રુમાના માસી એટલે રુમા સત્યજિતનાં સાળી એટલે રુમા સંદિપનાં માસિયાઈ બહેન એટલે તેમના કિશોર કુમાર સાથે થયેલા સુપુત્ર અમિત કુમારના સંદિપ રાય મામા થાય એટલે જ અમિત કુમારે મિડિયાને કહેલું કે તેમના પિતા કિશોર કુમારે સત્યજિત રાયને સંબોધીને લખેલો પત્ર તેમને તેમના અંકલ સંદિપ રાય દ્વારા મળ્યો હતો. ૧૯૫૧ના વર્ષમાં કિશોર કુમારને પરણતી વખતે રુમાની વય માંડ સત્તરની હતી અને બિજોયા સહિત સૌ કોઈ એ લગ્નની વિરુદ્ધમાં હતાં. ૧૯૫૮માં કિશોર કુમાર સાથે છૂટાછેડા લીધા પછી રુમા અરૂપ ગુહાઠાકુરતા સાથે લગ્ન કરીને કલકત્તા સ્થાયી થયાં હતાં. કલકત્તામાં આ સિદ્ધહસ્ત ગાયિકા અને અભિનેત્રીએ કલકત્તા યૂથ ક્વાયરની સ્થાપના કરી હતી જે આજે પણ, ગયા વર્ષના જૂન મહિનામાં રુમા ગુહાઠાકુરતા (૧૯૩૪-૨૦૧૯)ના અવસાન બાદ પણ કાર્યરત છે.

પત્રનો ભેદ અંગ્રેજીમાં કહીએ તો ઓપન સિક્રેટ છે. છતાં તેની લોકપ્રિયતા પાછળ કશોક ભેદ છુપાયેલો છે! ૪ નવેમ્બર ૧૯૬૩ના રોજ મુંબઈથી લખેલા

રુમા ઘોષ અને કિશોર કુમાર; સૌ. વિકિપીડિયા કૉમન્સ

પત્રમાં કિશોર કુમારે લખ્યું હતું "માય ડિયર માણિક મામા" (આમ તો રુમાના સત્યજિત માસા થાય), આ પત્ર ચારુલતા (૧૯૬૪) ફિલ્મમાં અમલ પિયાનો પર ચારુ માટે આમી ચિનિ ગો ચિનિ તોમારે ઓ ગો બિદેશિની ગીત ગાય છે તેના અંગે હતો. સત્યજિત રાય ઇચ્છતા હતા કે તેનું પ્લેબૅક કિશોર કુમારના કંઠે થાય. કિશોર કુમારે લખ્યું હતું કે તેઓ કોઈ પણ અન્ય કલાકાર માટે ગાતા નથી પણ સત્યજિત રાય તેમાં અપવાદ રૂપે છે. વળી પોતાની પ્રોફેશનલ ફી માટે નિર્ણય લેવાની વાત તેમણે સત્યજિત રાય પર છોડી હતી. હકીકતમાં ઘરે બાહિરે (૧૯૮૪) વખતે પણ સત્યજિત રાય ઇચ્છતા હતા કે ફિલ્મમાં સંદિપનું પાત્ર જે ગીતો ગાય છે તેનું પ્લેબૅક પણ કિશોર કુમાર જ કરે. આ વખતે કિશોર કુમાર કોઈ ઇન્કમટૅક્સના કેસમાં ફસાયેલા હોવાથી કલકત્તા જઈ શકે તેમ નહોતા. સત્યજિત રાય મુંબઈ ગયા અને એક જ દિવસમાં કિશોર કુમારે મુંબઈના રેકોર્ડિંગ સ્ટુડિયોમાં સત્યજિત સાથે ઘરે બાહિરેના ત્રણ ગીતો રેકર્ડ કર્યા હતા: (૧) બિધિર બાંધોન, (૨) બુઝે નારી નારી કી ચાયે, અને (૩) ચલ રે ચલ શોબે ભારત સંતાન. આ ગીતો રેકર્ડ કરતી વખતે તો સત્યજિત રાયે પિયાનો પણ જાતે વગાડ્યો હતો. ચારુલતા સહિત ઘરે બાહિરેનાં ગીતો ગાવા માટે હકીકતમાં સત્યજિત રાય પાસેથી બિજોયા રાય કહે છે તેમ એક પૈસો નહોતો લીધો, નૉટ અ સિન્ગલ પૅની. (આમાદેર કથા). ચારુલતાના ગીતનાં રેકોર્ડિંગ વખતે પણ કિશોર કુમાર ફિલ્મના શૂટિંગમાં વ્યસ્ત હોવાના લીધે કલકત્તા નહોતા જઈ શક્યા તેથી સત્યજિત રાયે મુંબઈ આવીને તેનું રેકોર્ડિંગ કર્યું હતું. વિદિત છે તેમ બેઉ ચારુલતા અને ઘરે બાહિરે રવીન્દ્રનાથ ટાગોરની સાહિત્યકૃતિઓ આધારિત હતી. અહીં આપણે ફરી ચારુલતા ફિલ્મકૃતિ પર આપણું ધ્યાન કેન્દ્રિત કરીશું. પણ -

પણ પહેલાં સત્યજિત રાય અને તેમની ફિલ્મકૃતિઓની સંગીતબાંધણી વિશે ટૂંકમાં. તીન કન્યા (૧૯૬૧) ફિલ્મકૃતિની સાથે સત્યજિત રાયે પોતાની બધી ફિલ્મકૃતિઓનું સંગીત જાતે જ કમ્પોઝ કર્યું હતું. તેનાથી અગાઉ રવિશંકર (અપુત્રયી - પથેર પાંચાલી, ૧૯૫૫; અપરાજિત, ૧૯૫૬; અપૂર સંસાર, ૧૯૫૯; અને પારસ પથ્થર, ૧૯૫૭), વિલાયત ખાન (જલસાઘર, ૧૯૫૮); અને અલી અકબર ખાન (દેવી, ૧૯૬૦) સાથે કામ કર્યું હતું પણ તે પછી કોઈ પણ પ્રૉફેશનલ સંગીત કમ્પોઝર સાથે કામ નહોતું કર્યું. તેનાં કારણો આપતાં તેમણે કહ્યું હતું કે તેમની ફિલ્મકૃતિઓના સંગીત વિશે તેમના પોતાના મનમાં અનેક વિચારો ઉભરાતાં અને "પ્રૉફેશનલ સંગીતકારોને

એ વિચારો મુજબ હું માર્ગદર્શન આપું તે ગમતું નહીં. વળી તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે વ્યસ્ત હોવાથી મને માફક હોય તેવી તારીખો પણ ન મળે."

સત્યજિત રાયની પોતાની સંગીતબાંધણીની પ્રક્રિયા પણ જાણવા જેવી છે. તેમના જ શબ્દોમાં: "સંગીત વિશેના વિચારો મારા મનમાં ત્વરિત આવે છે, ઘણીવાર તો સિનાર્યો લખતી વખતે જ હું તે તરત જ નોંધી લઉં છું.

કિશોર કુમારે ૪ નવેમ્બર ૧૯૬૩ના રોજ સત્યજિત રાયને
લખેલા પત્રની ફોટોકૉપી; સૌ. અમિત કુમાર ફેસબુક



4th. November 1963.

My dear Manik mama,

It's a great pleasure to receive your letter and trunk call. I would deem it a greater pleasure to sing in your film under your direction. Now a days I do not sing for any artiste, but in your case it would be an exception and to justify my statement, I leave the matter entirely to you. Apart from the usual H.M.V. royalty, whatever you fix up is final from my side.

You have asked me to come down to Calcutta, but I am afraid I shall not be able to make myself free in the near future, because I shall be shooting almost every day in this month. Moreover my mother is very sick since she returned from Hardwar about a week back. At present it will not be wise on my part to leave her alone according to doctor's advise.

Under the above circumstances, it would be very convenient for me if you would kindly take the trouble of coming down to Bombay with Monkumashi and stay at my place and record the song any time during 26th. to 30th. of this month. I believe you won't have any difficulty. If you approve of the proposal I shall make all arrangements for recording at a very reasonable rate (Re: musicians and recording) and by any chance if you can not approve of the proposal, I shall really feel sorry, but in any case I shall adjust myself whatever might be the situation.

How are you, Monkumashi, Khokon and others ?

With regards I remain,

yours affly

Kishore

ઘરે બાહિરેનાં ગીતોનું મુંબઈના સ્ટુડિયોમાં રેકોર્ડિંગ કરતી વખતે સત્યજિત રાય (પિયાનો પર), કિશોર કુમાર અને વચ્ચે બેઠેલા દેખાતા અમિત કુમાર; સૌ. વિકિપીડિયા કૉમન્સ

સામાન્ય રીતે એ વિચારો ઑર્કેસ્ટ્રાના રંગીન વસ્ત્રો પહેરીને આવે છે, એ પણ હું નોંધી લઉં છું. પણ સંગીત કમ્પોઝિશન કે સ્કોરિન્ગનું કામ તો ફિલ્મનું ફાઈનલ ઍડિટિન્ગ થઈ ગયા પછી જ શરૂ થાય છે. ફિલ્મકૃતિના સર્જનના બધા સ્તરોમાં મને સંગીતના ઑર્કેસ્ટ્રેશન પર સૌથી વધારે ધ્યાન કેન્દ્રિત કરવું પડે છે. કદાચ મારી સ્કોરિન્ગ પર હથોટી વધારે બેસી ગયા પછી એ કામ સહેલું થઈ જાય. પણ જો ધારવા પ્રમાણેની સંગીતબાંધણી હાંસલ થાય તો ફિલ્મ બનાવવાનું સઘળું કષ્ટ લેખે લાગે અને જો ધારેલાં દશ્ય માટે તેની બાંધણી બંધબેસતી જણાય તો તેમાં અંતિમ આનંદની અનુભૂતિ પણ વિશેષ થાય." (મોન્ટાઝ, જુલાઈ ૧૯૬૬, આનંદમ્ ફિલ્મ સોસાયટી, મુંબઈ, મૂળ અંગ્રેજીમાંથી અનુવાદ આ લેખના લેખકનો.) ફિલ્મસર્જનની સમસ્ત પ્રક્રિયામાં સત્યજિત રાયની નિજી સિગ્નેચરની પ્રતીતિ થાય.

આપણા જાણીતા સંગીતકાર વનરાજ ભાટિયા (જ. ૧૯૨૭) માટે સંગીત અને સત્યજિતના સંદર્ભમાં કાંચનજંઘા (૧૯૬૨) ફિલ્મકૃતિ અગત્યની છે કારણ કે ત્યારથી સત્યજિત રાય તેમની ફિલ્મસર્જનની પ્રવૃત્તિમાં અભિનયને બાદ કરતાં બધી કમાનોના કંટ્રોલર બની જાય છે, અ વન-મૅન-શો. સંગીત કમ્પોઝિશનની દૃષ્ટિએ કાંચનજંઘા અને મહાનગર (૧૯૬૩)માંથી થોડી કચાશથી પસાર થઈને તેઓ ચારુલતાની પટકથા સુધી પહોંચે છે. વનરાજભાઈ કહે છે તેમ, ચારુલતા ફિલ્મકૃતિમાં મહદ્અંશે

ચારુલતા (૧૯૬૪)માં આમિ ચિનિ ગો ચિનિ ગીત ગાતાં અમલ (સૌમિત્ર ચેટરજી) અને ચારુ (માધવી મુખરજી), સૌ. વિકિપીડિયા

પાર્શ્વસંગીત ઉત્કૃષ્ટ સ્તરે તેના ટોન અને મૂડને વ્યક્ત કરે છે. વળી, "અપુત્રયીનું પાર્શ્વસંગીત બંધબેસતું હતું જ પરંતુ ચારુલતાનું તેના કરતાં પણ વધારે બંધબેસતું છે." દેખીતી રીતે સરખામણી અગ્રણી સિતારવાદક-મ્યુઝિક કમ્પોઝર પંડિત રવિશંકર સાથે ફિલ્મ દિગ્દર્શક-મ્યુઝિક કમ્પોઝર સત્યજિત રાય સાથેની છે. એટલું જ નહીં વનરાજભાઈને ચારુલતા ફિલ્મકૃતિના મ્યુઝિક કમ્પોઝર સત્યજિત રાયનું કામ તેમની સાથે અગાઉ કામ કરી ચૂકેલા બધા સંગીતકારો કરતાં વધારે અસરકારક લાગે છે. તેમના મત મુજબ ફિલ્મકૃતિની આંતરિક માનસિકતાને ઉજાગર કરવા માટે સાદી સરળ રીતોને અખત્યાર કરવા માટે સત્યજિત રાયની સમજ ઊંડી હતી. અને પોતે જ પોતાની ફિલ્મોનાં પાત્રોના (મૂળ સાહિત્યકૃતિના સર્જક સાથે) દિગ્દર્શક હોવાથી તેઓ તેમના ઊર્મિવિશ્વના ઊંડાણને ઉલેચવા માટે અન્ય કોઈ પણ વ્યક્તિ કરતાં વધારે સમર્થ હતા. (એજન)

ન.સ., જુલાઈ ૨૦૨૦ના અંકમાં પ્રગટ થયેલા મારા લેખમાં મેં ચારુલતા ફિલ્મકૃતિ એક સાંગીતિક રચના હોવાનો સંકેત આપ્યો હતો. સત્યજિત રાય કહેતા કે તેમની બધી ફિલ્મકૃતિઓનાં માળખાં પર ભાવકને સંગીતનાં કોઈ ને કોઈ સ્વરૂપનો પ્રભાવ જોવા-સાંભળવા મળશે. અને તેમાં વધારે પ્રભુત્વ સોનાટા અને સિમ્ફોનિક સ્વરૂપોનું હશે. ચારુલતાના સંદર્ભમાં તેમણે ફ્રેંચ પત્રકાર અને સમીક્ષક ઝૉર્ગ સદૂલ (૧૯૦૪-

૧૯૬૭)ને કહેલું કે એ ફિલ્મકૃતિ બનાવતી વખતે તેઓ નિરંતર મોત્ઝાર્ટ (વોલ્ફગેંન્ગ અમેદેયસ મોત્ઝાર્ટ, ૧૭૫૬-૧૭૯૧, ક્લાસિકલ ગાળાના જર્મન કમ્પોઝર - અ.)નો જ વિચાર કરતા હતા. ટાગોરની નષ્ટનીડ જેવી નૉવેલનું ફિલ્મકૃતિમાં રૂપાંતરણ કરતી વખતે સત્યજિત રાયને પૂર્વ (ભારતીય અને એ પણ બંગાળી) અને પશ્ચિમની સાંસ્કૃતિક પરંપરાઓના અંશોને સમતોલ કરવાનું જરૂરી લાગ્યું હતું. નષ્ટનીડ નૉવેલમાં એ પ્રકારનું વાતાવરણ સર્જાય છે. અને એવી સમતુલાને હાંસલ કરવા માટે ખાસ કરીને ચારુલતાના સંદર્ભે સત્યજિત રાય મોત્ઝાર્ટ પાસે જવાનું પસંદ કરે છે.

ચારુલતા ફિલ્મકૃતિમાં ઉમેરેલું પાર્શ્વસંગીત નહીંવત્ છે પણ જે છે તેમાં સત્યજિત તેના ભારતીય અને પશ્ચિમીપણાને અનેરી રીતે બ્લેન્ડ કરવાની શક્યતાઓને વિકસાવી શક્યા છે. સત્યજિતે કહેલું કે તેઓ ચારુલતા ફિલ્મકૃતિને મોત્ઝાર્ટિયન 'પન્ચગાન' (ક્વિન્ટેટ)ની જેમ બનાવી હતી - પાંચ વાદ્યસ્વરો કે વાણીઓ, પારસ્પરિક પ્રભાવ પાડતાં અને અનિવાર્ય નિષ્કર્ષ સુધી પહોંચતાં પાંચ પાત્રો. અલબત્ત રાયને મોત્ઝાર્ટ, બીથોવિન કે બાખ ગમતાં પણ એ કોઈની નકલ તેમણે કદી કરી નહોતી. ફિલ્મમાં રાય ટાગોરનાં બે ગીતોને (ફક્ત ધૂનો-શબ્દો સહિત, પૂર્ણ કે અપૂર્ણ) વાર્તાકથનમાં ભરતકામની જેમ ગૂંથે છે.

ટાગોર પ્રથમ વાર ઇંગ્લૅન્ડ ગયેલા ત્યારે તેમણે ત્યાં એક સ્કૉટિશ ગીત સાંભળેલું જે એમને બહુ ગમ્યું હતું, એ ગીતના આધારે પછી તેમણે ફૂલે ફૂલે ઢાલે ઢાલે ગીતને એ પ્રકારના ઢાળમાં કમ્પોઝ કર્યું હતું. આ ગીતની ધૂનને ચારુલતા ફિલ્મકૃતિમાં સાંકળીને સત્યજિત રાય પૂર્વ-પશ્ચિમને જોડતો સેતુ રચે છે. મોમો ચિત્તે, નિતિ નૃત્યે અને ફૂલે ફૂલે જેવાં ટાગોરનાં લોકપ્રિય ગીતો ફિલ્મકૃતિને ટાગોરની સાહિત્યકૃતિના પ્રાણ સાથે બાંધી રાખે છે. એ ગીતો (કે તેની ધૂન) જે રીતે રાય ફિલ્મમાં મૂકે છે તે નોંધપાત્ર છે. ટાગોરનું બીજું ગીત આમી ચિનિ ગો ચિનિ તોમારે ઓ ગો બિદેશિની દ્વારા સત્યજિત રાય અમલ-ચારુલતાના છુપાયેલા પ્રણયને દેખીતી રીતે વ્યક્ત કરે છે.

ફરી એક વાર સિદ્ધહસ્ત કમ્પોઝર વનરાજ ભાટિયાને સાંભળીએ. "એકલવાયી ચારુલતા પોતાના ઓરડામાં અહીંતહીં આંટા મારે છે ત્યારે સત્યજિત રાય વિવિધ તંતુવાદ્યો દ્વારા પાંચ સ્વરોના આરોહઅવરોહને ઉપયોગમાં લઈને વિશિષ્ટ વાતાવરણ સર્જે છે જે યોગ્ય મૂડ ઉપજાવે છે. ફિલ્મમાં થીમ મ્યુઝિક ઘણી વાર દોહરાય છે, ફિલ્મના ટાઇટલમાં પણ, તેનાં આવર્તનો નોંધપાત્ર છે. તે ફિલ્મને એકતા અને સુસંગતતા બક્ષે છે જે તેમની અન્ય ફિલ્મકૃતિઓમાં હાંસલ નથી થતું." (એજન) દેખીતી રીતે સિદ્ધહસ્ત કમ્પોઝર

વનરાજ ભાટિયા સત્યજિત રાયની ફિલ્મસંગીતની બાંધણીના નિખાલસ સમીક્ષક રહ્યા છે.

વર્ષો પહેલાં ઉત્પલેન્દુ ચક્રવર્તી લિખિત-દિગ્દર્શિત અને એનએફડીસી-નિર્મિત દસ્તાવેજી ફિલ્મ મ્યુઝિક ઑવ સત્યજિત રાય (૧૯૮૪) મેં અમારી મુંબઈ-સ્થિત ફિલ્મ સોસાયટી સ્ક્રીન યુનિટમાં ૩૫ મી.મી.ની પ્રિન્ટ પર પ્રોજેક્ટ કરીને બતાવી હતી. તેની સ્મૃતિ હજી પણ તાજી છે. આ ફિલ્મના આરંભે જ આપણે સત્યજિત રાયને તેમના કોલકતા-સ્થિત ૧ / ૧ બિશપ લેફ્રોય રોડના ઘરમાં કે સ્ટુડિયોમાં બેસીને કી-બોર્ડ પર ઘરે બાહિરે (૧૯૮૪) ફિલ્મકૃતિનું ટાઇટલ-મ્યુઝિક કમ્પોઝ કર્યાં બાદ ઓર્કેસ્ટ્રેટ કરતાં જોઈએ છીએ, તેમાં કોરસ (વૃંદગાન) પણ છે અને તેમણે પોતાની નોટેશન શીટ પર આ ટાઇટલ-સંગીતની અવધિ પણ લખી છે: ૨ મિનિટ +. સ્ટુડિયોમાં જતાં પહેલાં તેમણે બધું હોમવર્ક કરેલું હોય. ઑર્કેસ્ટ્રેશન પહેલાંનું - તેમની આગવી શૈલીમાં નોટેશન લખવાનું, કમ્પોઝિન્ગનું, બધું પ્રાથમિક કામ જાતે એકલા બેસીને કરે. આ દસ્તાવેજી ફિલ્મમાં તેમનું પ્રથમ બોલેલું વાક્ય છે: "આઇ વૉઝ બૉર્ન ઇન અ મ્યુઝિકલ ફૅમિલી,"

ફિલ્મોમાં સંગીત વિશે પોતાનો મત દર્શાવતાં સત્યજિત રાય કહે છે, "આદર્શની રીતે ફિલ્મ દિગ્દર્શકને ખબર હોવી જોઈએ કે સંગીતની આવશ્યતા ક્યારે અને કેટલી જણાય છે. મોટા ભાગના દિગ્દર્શકો તેમની ફિલ્મો માટે બહારના સંગીતકારોને રોકતા હોય છે

સત્યજિત રાય અને ઇંગ્માર બર્ગમેન; સૌ. લેખક

પણ મારી વાત વેગળી છે. ફિલ્મો બોલતી થયા પછી ૧૯૩૦-૪૦ના દાયકાઓમાં તો તે સંગીતના ધોધમાં તણાઈ જતી હતી, સંગીતની જાણે રમઝટ. એ બધું ફૉર્મ્યુલા બની ગયું હતું." (મ્યુઝિક ઑવ સત્યજિત રાય) સત્યજિત રાય કબૂલે છે કે ફિલ્મકૃતિઓમાં સંગીત પ્રેક્ષકોને લક્ષ્યમાં રાખીને, તેમને દશ્યના અને તેના ભાવોની સહેલાઈથી સમજ પડે એટલા માટે આપવું પડે છે, પણ તાત્ત્વિક રીતે તેના વિના ચાલી શકે. પોતાની દલીલના સમર્થનમાં તેઓ સ્વીડિશ દિગ્દર્શક ઇંગમાર બર્ગમૅનનું દષ્ટાંત આપે છે. બર્ગમૅનની ફિલ્મકૃતિઓમાં તમને ખાસ કમ્પોઝ કરેલું સંગીત ભાગ્યે જ સાંભળવા મળશે.

સત્યજિત રાયનું પ્રથમ મૌલિક ગીત (લેખન + ટ્યૂન + ઑર્કેસ્ટ્રેશન) હતું તેમની ફિલ્મકૃતિ ચીડિયાખાના (૧૯૬૭)માં - ભાલોબાશાર તુમિ કી જાનો.. જો કે દેવી (૧૯૬૦)માં તેમણે મૌલિક રીતે ગીત મા મા બોલે લખ્યું હતું પણ તેનો રામપ્રસાદી ટ્યુન અગાઉથી પ્રચલિત હતો, તેમના દાદા ઉપેન્દ્રકિશોર રૉય ચૌધરીની ટૂંકી વાર્તા આધારિત ફિલ્મકૃતિ ગૂપી ગાયેં બાઘાં બાયેં (૧૯૬૯) બનાવી ત્યારે તો બધાં ગીતો જાતે જ લખવા માંડ્યા હતાં. આઠ-નવ ગીતોવાળી ગૂપી ગાયેં બાઘાં બાયેંને સત્યજિત રાય મ્યુઝિકલ ફિલ્મકૃતિ ગણે છે. એ જ રીતે તેના ઉત્તરાર્ધ (સિક્વલ) જેવી હીરક રાજાર દેશે (૧૯૮૦)માં પણ.

ફિલ્મસર્જનના ક્ષેત્રે આટલું સમગ્ર સર્જનશીલ કાર્ય કરનાર કોઈ અન્ય દિગ્દર્શક ભારતમાં જોવા નહીં મળે. હવે વાત રહી, આકાશ પર કાન માંડવાની. યાદ કરો ચારુલતાનું કિશોર કુમારે ગાયેલું ગીત -

આમી ચિનિ ગો ચિનિ તોમારે ઓગો
બિદેશિની
તુમી થાકો સિન્ધુ પારે ઓગો બિદેશિની

તોમાય દેખેછી શારોદો રાતે
તોમાય દેખેછી. માધોબી રાતે

તોમાય દેખેછી હ્રદી માઝારે
ઓગો બિદેશિની

આમી આકાશે પાતિયા કાન
સુનેછી સુનેછી તોમારી ગાન

આમી તોમારી સોંપેછી પ્રાણ
ઓગો બિદેશિની...

ભૂબોનો ભ્રોમિયા શેષે
આમિ એસેછી નૂતોનો દેશે

આમિ ઓતિથી તોમારે દ્વારે
ઓગો બિદેશિની...

બે વર્ષ અગાઉ અમદાવાદ-સ્થિત ગુજરાત વિશ્વકોશના ભવ્ય ઑડિટોરિયમમાં મારા વક્તવ્ય માટે ખાસ બનાવેલી મારી ફિલ્મનું ટાઇટલ હતું: ટાગોર, સિનેમા ને આકાશ પર કાન માંડવાની વાત... ❑❑❑

અકસ્માત

☐ દીવાન ઠાકોર

કારમાંથી બહાર નીકળ્યા પછી કારનો દરવાજો બંધ કરવાના હેતુથી મનસુખે દરવાજાને હળવો ધક્કો માર્યો. એ અવાજે આજુબાજુ ઊભેલાનું ધ્યાન ખેંચ્યું. એ લોકો વાત કરતાં અટકીને મનસુખને જોવા લાગ્યા. આમેય તે જોવા જેવો જણ હતો. મનસુખે મનોમન નોંધ્યું કે બધાં તેને જોઈ રહ્યા છે.

આવો અનુભવ કેટલીયવાર થતો. છ ફૂટની હાઈટ, કોટ-પેન્ટ-ટાઈમાં સજ્જ, હાથની આંગળીઓ અને ગળું સોનાથી શોભતું, ફિલ્મોના હીરો જેવા સુઘડ રીતે ઓળેલા વાળ અને એવી જ રૂઆબદાર ચાલ. મનસુખને વિચાર આવ્યો. કારનો દરવાજો બંધ થતાં થયેલા અવાજને કારણે તેમ થયું હતું કે પછી બીજું કોઈ કારણ હતું? આમ તો એ મુદ્દો બહુ મહત્ત્વનો ન હતો. કેન્દ્રમાં મનસુખ આવી ગયો હતો. સુંદર કારમાંથી, સુંદર કપડાંમાં શોભતા, દેખાવમાં આકર્ષક મનસુખને જોઈને કોઈપણ એ ભૂલી જાય કે પોતે શું કરે છે અથવા શું કરવા માટે આવ્યો છે? ટૂંકમાં ગાડી બીજા પાટા પર ચઢી જાય. જે સુંગધ હવામાં રેલાઈ તેનાથી મનસુખનું માથું હવા ભરેલા ફુગ્ગાની જેમ આમતેમ ડોલવા માંડ્યું. બધા એને તાકી રહ્યા હતા અને તે પોતાની મસ્તીમાં ધીમા ડગ ભરતો ઓફિસ તરફ જઈ રહ્યો હતો. પૂરી સભાનતાથી તે મનસુખના અસ્તિત્વને માણી રહ્યો હતો.

મનસુખને એ વખતે શ્રીધરે કહેલું વાક્ય યાદ આવ્યું, ''તારું નામ મનસુખ નહિ પણ ધનસુખ હોવું જોઈએ.'' જો કે વાત ખોટી ન હતી. અઢળક પૈસો, મોંઘી કાર, બંગલો, મોંઘાં કપડાં, કાંડે લટકતી વિદેશી ઘડિયાળ, અનામિકામાં શોભતી વીંટી, ગળામાં ડોકિયા કરતી ચમકતી ચેન. એની નોંધ ન લેવાય એ શક્ય ન હતું. ધનનું સુખ મેળવે એ ધનસુખ એવું પણ શ્રીધરે ઉમેરેલું. એ સાંભળીને એના હોઠ પર હાસ્ય રંગબેરંગી ધજાની જેમ ફરકી ગયેલું.

આરસની ભોંય પર પડતાં પગલાંનો અવાજ ગૌરવમાં વધારો કરતો હતો. લિફ્ટના દરવાજામાં પ્રવેશ થયો એટલું યાદ હતું. ક્યારે સાતમા માળની ઓફિસ આવી ગઈ તેની સુધ ન રહી. ભપકાદાર ઓફિસ ફર્નિચર, મોંઘી ખુરશીઓ, દરેક ખંડમાં એસી, દીવાલો પર પેઈન્ટિંગ, યુવાન સ્ટાફ. ડેસ્ક પર પડેલી ફાઈલો અને કમ્પ્યુટર. મોંઘી કાર્પેટ પર ચાલતાં વિશેષ સ્થાનનો અનુભવ થતો. છતમાં મૂકેલી લાઈટની ડિઝાઈન ઓફિસની આકર્ષકતામાં વધારો કરતી હતી. શ્રીધર અને મનસુખ સાથે ઊભા હોય ત્યારે શ્રીધરનું ચિત્ર ઝાંખું જણાતું. એ પછી અલગ અલગ રંગબેરંગી ચિત્રોની જેમ બીજાં દૃશ્યો ઉમેરાતાં ગયાં. ધુળેટીના દિવસે જેમ ધરતી રંગબેરંગી થઈ જાય તેવું ઓફિસનું ચિત્ર સર્જાયું હતું. ખુરશીમાં બેસવાની ક્રિયા યંત્રવત બની. ઠંડા પાણીના ઘૂંટડાએ મનને અનેરી ઠંડકનો અનુભવ કરાવ્યો. વિચારોનો ઉકળાટ શાંત થયો. એથી જ હશે કે કેમ માથું પાછળ તરફ સહેજ ઢળ્યું. આંખોનાં પોપચાં બંધ થયાં. એ મિનિટ-બે મિનિટનો ખેલ હશે. પોપચાં પર ભાર અનુભવાયો. તે તંદ્રા હતી કે પછી ગઈ રાત્રીની મોડીરાત્રી સુધી ચાલેલી

પાર્ટીને કારણે મળેલી અપૂરતી ઊંઘની અસર હતી? કે પછી સ્વપ્નમાં જોયેલી પોતાના તરફ આવતી જળપરીને જોતાં અનુભવેલા રોમાંચની અસર હશે!

''જો મનસુખ તને કંઈક બતાવું.''

બાર-તેર વર્ષનો મનસુખ આંખોમાં કૂતુહલ આંજીને એ તરફ ગયો. દેખાવે માંદલો, એકવડિયા શરીરનો, ચમકતી આંખો, મોટો થઈ શું કરશે? એ પ્રશ્ન હંમેશાં ચર્ચામાં રહેતો. ચડ્ડી-બુશર્ટમાં વરણાગિયો દેખાતો એ કેડે હાથ ટેકવી નજીક જઈને ઊભો રહ્યો.

''શું છે કિશન?''

''જો નાની માછલીઓ.''

નદીના પટમાં પડેલા ખાડામાં ભરાયેલા ઘેરા લીલા રંગના પાણીમાં તરતી નાની માછલીઓને પહોળી આંખોએ જોતાં તેને આશ્ચર્ય થયું. એ પછી જે પહેલો વિચાર આવ્યો તે એ હતો કે આ માછલીઓને પકડી લીધી હોય તો કેવું? પકડીને તેને હું ઘેર લઈ જઈશ. આ બધી મારી માછલીઓ છે. તે ખાડામાં ઊતર્યો. બે હાથ પહોળા કરી માછલીઓ પકડવા પ્રયત્ન કરવા માંડ્યો. માછલીઓ આંગળીઓ વચ્ચેથી સરકી જતી હતી. માછલીઓ પકડાતી ન હતી. તેના દરેક પ્રયત્નો નિષ્ફળ જતા હતા. પાણીમાં તરંગો ઊઠતા હતા અને ખાડો પાણી સાથે હિલોળા લેતો જણાતો હતો.

''એમ નહીં, જો આમ પકડાય.''

કિશન બે પગ પહોળા કરી કમર ઝુકાવી નમ્યો. બંને હાથ પાણીમાં નાખી માછલીઓને ઘેરી. એ પછી એકદમ તરાપ મારતો હોય તેમ ખોબામાં પાણી ભરીને, ખોબો ઊંચે લઈ લીધો. તેના ખોબામાં ત્રણ નાની માછલીઓ તરી રહી હતી. તેણે ખોબો મનસુખ સામે ધર્યો. તેની આંખોમાં કૂતુહલ ઉભરાયું. કિશને તેના ખોબાનું પાણી મનસુખની હથેળીમાં ઠાલવ્યું. મનસુખ ઉત્તેજના અનુભવતો મનોમન આનંદ અનુભવતો જોઈ રહ્યો. તેણે માછલીઓ કેમ પકડવી એ શીખી લીધું હતું. ખોબાનું પાણી આંગળીઓ વચ્ચેથી નીચે ટપકતું હતું. નાની માછલીઓ સ્પષ્ટ દેખાતી હતી. એ પછી એનું રૂપાંતર નાની પરીઓમાં થયું. પરીઓ આકાશમાં ઊડવા માંડી. પરીઓએ મનસુખનો હાથ પકડી રાખેલો. મનસુખને ઊંચે ઊડવાની મજા પડી ગઈ. પરીઓના સુંવાળા, પોચા હાથનો સ્પર્શ કાયમ માટે યાદ રહી ગયો. આ એજ પરીઓ હતી જે જલપરીનું સ્વરૂપ ધારણ કરી સ્વપ્નમાં આવતી હતી.

એજ વખતે ઓફિસના દરવાજામાં પ્રવેશેલી બિલાડીએ ''મિયાઉં'' કર્યું. એ અવાજ સાંભળીને ચોંકી જવાયું. આંખો ઊઘડી ગઈ. બંનેની નજર એક થઈ. બિલાડી તેને તાકી રહી. એ પાછી વળી ગઈ. મનસુખને પેલો સ્પર્શ યાદ આવ્યો. એમણે હાથને જોયા કર્યો. એ દિવસે

નાનકડી ઓફિસમાં એકસાથે ઘણી ઘટનાઓ બની.

કિશનનો તામ્રવર્ણ ચહેરો, લીલાશવાળું પાણી, થોડાંક ઝાડ, રેતી, નદી કિનારાનું મંદિર. એક પછી એક નજર સામે આવી ગયાં. એ બધું સામેની દીવાલ પર લટકતા ચિત્રમાં હતું. તેણે સામે દીવાલ પર લટકતા ચિત્રને ધારીને જોયું. એ જોયું. એને માછલીઓ યાદ આવી. પરીઓ યાદ આવી. માછલીઓ ચિત્રમાં હતી, પરીઓ ન હતી.

ફોનની ઘંટડી વાગી. વાતચીત થઈ. રોજના કામનો આરંભ થયો. ફાઈલો જોવી, સુધારા લખાવવા, ચેક લખવા, મળેલ ચેક ભરવાની સૂચનાઓ, ઉઘરાણી, વેચાણના ઓર્ડર, ચૂકવણીઓ અને પત્રોના જવાબ આપવા. વેપારીઓ સાથે ધંધાની વાતચીત કરી.

દરવાજો ખોલી એકાઉન્ટન્ટ પ્રવેશ્યો. ફાઈલ ટેબલ પર મૂકી.

''બેલેન્સશીટ તૈયાર છે જોઈ લેજો.''

એણે ઊભા થઈ બારી પરનું કર્ટેન ઊંચું લીધું. થોડુંક અજવાળું અંદર ધસી આવ્યું. એ.સી.ચાલુ હતું. પંખાની સ્વીચ ઓન કરી. પંખો ધીમે ધીમે ફરવા માંડ્યો. સવારની ઠંડકનો અનુભવ થયો. સામે મૂકેલા પાણીના ગ્લાસમાંથી પાણીના ઘૂંટડા ભર્યા. પાણીની ઠંડક ગળા નીચે ઊતરી ગઈ. એ વૉશરૂમ ગયો. આયનામાં ચહેરો જોયો. તે તેના પ્રભાવશાળી વ્યક્તિત્વને તાકીને જોઈ રહ્યો. ''મનસુખલાલ શેઠ કેમ છો?'' એવું બોલ્યો. જાતે બોલ્યો અને જાતે સાંભળ્યું. એ હસી પડ્યો. હસતાં હસતાં બહાર નીકળ્યો. તે આજે રોજ કરતાં વધુ ખુશ હતો.

ઘડિયાળમાં જોયું. ઘડિયાળનો કાંટો સ્થિર થઈ ગયેલો જણાયો. કોફી પીવાની ઇચ્છા થઈ. કોફી પીવાનો સમય થયો ન હતો. છતાં કેમ જાણે? કદાચ કામનું ભારણ વધારે હોવાથી એમ બન્યું હોય. કોફી આવી. વેપારીનો ફોન ચાલતો હતો. કોફી ઠંડી થઈ. તેના પર તર બાઝી ગઈ. એણે ફોન પર વાતચીત પૂરી કરી કપ હાથમાં લીધો. તર ખસેડી. કોફી ઘૂંટડે ઘૂંટડે પિવાઈ. એણે ઘડિયાળમાં જોયું. ઘડિયાળનો કાંટો દોડી રહ્યો હોય એમ જણાયું. ઘડિયાળનો કાંટો દોડીને ક્યાં પહોંચવા માગતો હશે? શું એને થાક લાગતો હશે? વિચારો તેને બીજે ઘસડી જતા હતા. એટલામાં ફોનની ઘંટડી વાગી.

''કોણ?''

''શ્રીધર બોલું છું.''

''હા. હું મનસુખ બોલું છું.''

''મનસુખ કે ધનસુખ?''

સામેથી હસવાનો અવાજ આવ્યો. મનસુખને આશ્ચર્ય થયું.''

''શું ચાલે છે?''

''બસ. એજ રુટિન કામ.''

''ઘેર જતાં મને લેતો જજે.''

''બીજું કાંઈ?''

''ના. બીજું કાંઈ નથી. વધુ રૂબરૂમાં.''

સમગ્ર દિવસ કામકાજમાં પસાર થયો. ઓફિસેથી ઘેર જવાનો સમય થઈ ગયો હતો. એ ઊભો થયો. ગ્લાસમાંથી પાણી પીધું. બેગ લીધી અને ચાલવા માંડ્યું. પ્રથમ ડાબી બાજુ. પછી જમણી બાજુ અને ફરી ડાબી બાજુ. તે લિફ્ટમાં ગોઠવાયો. લિફ્ટ તેને નીચે લઈ ગઈ. તે લિફ્ટની કેબિનમાંથી નીકળી પાર્કિંગ તરફ ચાલ્યો. ખિસ્સામાંથી ચાવી કાઢી. ઉપરના ખિસ્સામાં મૂકી. મનસુખને જોઈને શ્રીધર નજીક આવ્યો. તેને જોતાં મનસુખના ચહેરા પર સ્મિત આવ્યું.

''કેમ છે શ્રીધર?''

''આને ઓળખે છે?''

બાજુમાં ઊભેલા એક સમવયસ્ક યુવાન તરફ ઇશારો કરતાં શ્રીધર બોલ્યો.

મનસુખે બાજુમાં ઊભેલા અજાણ્યા પુરુષને જોયો. બહુ પ્રભાવશાળી વ્યક્તિ ન જણાયો. માણસ સીધો-સાદો લાગ્યો. કોઈ શોખ નથી. તેની નજર ગળા તરફ ગઈ. હાથની આંગળીઓ પર ગઈ. પહેરેલાં કપડાં તરફ ગઈ. મનસુખે આંખો ઝીણી કરી વિચાર્યું, સામે ઊભેલા પુરુષને અગાઉ ક્યાંય જોયો છે? આ ચહેરો જાણીતો છે. ચહેરો યાદ કરવા મગજ કસ્યું, પણ યાદ ન આવ્યું. ચહેરો પરિચિત જણાયો. ચહેરો ઓળખી ન શકવાનો ભાર મનસુખના ચહેરાના તેજને ઝાંખો કરતો ગયો. મારા જેવો દેખાતો આ માણસ કોણ છે? ના... ના... આ તો મારા જેવો નથી. મારા કરતાં વધુ પ્રભાવશાળી નથી. કોણ હશે? આ અગાઉ કોઈવાર મુલાકાત થઈ હોય તો યાદ કેમ નથી આવતું? આ ચહેરો ક્યાંક જોયો હોય એવું લાગે છે. ચોક્કસ આ માણસ પરિચિત જણાય છે. કોઈ મોટો માણસ જણાતો નથી. એ પુરુષે હાથ લંબાવ્યો. મનસુખે યંત્રવત, ઉત્સાહ વગર, એક ઔપચારિકતા ખાતર હાથ લાંબો કર્યો.

''ઓળખાણ ના પડી?'' સામેના માણસે મનસુખની આંખોમાં આંખો પરોવતાં પૂછ્યું. એણે શ્રીધર સામે જોયું. એ ધીમું હસ્યો. શ્રીધર બોલ્યો,

''અરે! મનીષને ભૂલી ગયો? આપણે સાથે કોલેજમાં હતા. એક જ વર્ગમાં. તું, હું અને મનીષ સાથે ભણતા હતા. આપણે બધા કોલેજની પિકનિકમાં ગયા હતા. નર્મદામાં ન્હાતા તું તરતાં દૂર ગયેલો અને ડૂબવા માંડેલો ત્યારે મનીષે તને બચાવેલો. યાદ છે?'' શ્રીધરની વાત સાંભળી મગજમાં એક ચમકારો થયો. આજુબાજુ શું છે? તે ક્યાં ઊભો છે તેય ભૂલી ગયો.

''મનીષ.'' એણે ભાર દઈને નામ ઉચ્ચાર્યું. એનાથી અજાણપણે નામ પર ભાર મુકાયો. મનીષના પકડેલા હાથની હથેળી પર જોર અપાઈ ગયું. એ સાથે અનેક દૃશ્યો નજર સામે આવી ગયાં.

મનસુખ તેને ધ્યાનથી તાકી રહ્યો.

'નવનીત-સમર્પણ'માં જાહેરખબર

જીવન, સંસ્કાર અને સાહિત્યના સામયિક તરીકે 'નવનીત સમર્પણ' શુભ અને સુંદર વિચારોનો પ્રસાર કરે છે તે આપ સૌ જાણો છો. ભારતીય સંસ્કૃતિનાં શાશ્વત મૂલ્યોના જતન-સંવર્ધન સાથે જીવનના આધુનિક પ્રવાહોનું સન્માન કરતા આ સામયિકમાં જાહેરખબર મોકલી આ ઉમદા કાર્યમાં સહભાગી થઈ શકો છો.

જાહેરખબરના દર આ પ્રમાણે છેઃ

જાહેરખબરના દર

આખું પાનું (Colour)	રૂ. 9,000/-
આખું પાનું B/W	રૂ. 5,000/-
અડધું પાનું (Colour)	રૂ. 5,000/-
અડધું પાનું B/W	રૂ. 3,000/-
બીજું/ત્રીજું મુખપૃષ્ઠ (4 Colours)	રૂ. 11,000/-
પાછલું મુખપૃષ્ઠ	રૂ. 12,000/-

અન્ય વિગતો :

આખું પાનું

કુલ સાઈઝ 19.5 સે.મી. X 13.5 સે.મી.
પ્રિન્ટ એરિયા 15.5 સે.મી. X 10.5 સે.મી.

અડધું પાનું

આડું પાનું 8.0 સે.મી. X 10.5 સે.મી.
ઊભું પાનું 15.5 સે.મી. X 5 સે.મી.
બ્રોમાઈડ, આર્ટપુલ, આર્ટવર્ક B/W
જા.ખ. માટે 4 કલરની
(રંગીન જા.ખ. માટે), સી.ડી.
છાપકામઃ કાગળની જાત ઉપર

જાણે કોઈ પ્રભાવશાળી વ્યક્તિને જોઈ રહ્યો હતો. સામે કોઈ મોટો માણસ છે. તેને મળવાથી મનમાં અહોભાવ અનુભવાતો હતો. આજનો દિવસ શુભ હતો. એ મનીષને તાકી રહ્યો. તેના ચહેરાની એકેએક રેખા પરિચિત જણાતી હતી. એજ નાક, એજ કપાળ, એજ આંખો. પેલું અજાણપણું ગાયબ થઈ ગયું. મનીષ શું બોલે છે તે સાંભળવા મનસુખ આતુર હતો. તેને જોતાં આનંદની લાગણી થતી હતી.

મનસુખના સ્મરણપટ પર એકસામટાં ઘણાં ચિત્રો ઊપસી આવ્યાં. એ સવારે છ વાગે કોલેજમાં પહોંચી ગયેલો. બધાની સાથે એ પણ બસમાં ગોઠવાઈ ગયેલો. બસમાં સૌ પોતપોતાનાં ગ્રુપમાં બેઠાં અવનવી વાતોના ફુગ્ગા ઉડાડી રહ્યા હતા. સૌ આનંદ માણતા હતા. સૌએ નારેશ્વર પહોંચવાનું હતું. નર્મદાના કિનારે અંતાક્ષરી અને નાસ્તો. એ પછી જેને જે ગમે તે રમતો રમવાની. કેટલાક નદીમાં નહાવા પડ્યા. છોકરીઓ નદીના પટમાં દડો રમવા માંડી. કેટલાક આજુબાજુ લટાર મારીને પ્રકૃતિનો આનંદ માણી રહ્યા હતા. પાણી મંથર ગતિએ વહી રહ્યું હતું. ઉપર અનંત આકાશ, દૂરના કિનારે લીલી ઝાડી, લાંબો પટ, ટિટોડીનો અવાજ, પાણીનો લીલો રંગ બધાને ભાન ભુલાવી દેતો હતો. કોઈ કોઈ કિનારે ઊભા રહી ચીસો પાડી ખુશી વ્યક્ત કરતા હતા.

કોઈ કોઈ રમતો રમતા હતા.

''બહુ દૂર ન જતા, પાણી ઊંડું છે.''

''ત્યાં ઊંડો ધરો છે, ધરામાં મગર હશે.''

''ડૂબી જવાનું જોખમ છે.''

''મનસુખ હવે આગળ ન જતો.'' મનીષે કહ્યું.

''મને તો તરતા આવડે છે. આવું વહેતું પાણી ક્યાં મળવાનું?''

'હા અને ના' ની સાતતાળીમાં તે દૂર નીકળી ગયો. પગ નીચેથી ધરતી ખસી ગઈ. વહેણ વધ્યું હતું. પાણી તેને ખેંચતું હતું. મગર યાદ આવી ગયો. લીલા પાણીમાં લીલાકાચ જેવી મગરની આંખો દેખાઈ. શરીર ધ્રુજી ઊઠ્યું. હૃદયના ધબકારા વધી ગયા. હાથ-પગના ઝાવાં માર્યાં, શરીર ખેંચાતું હતું. શરીર થાકવા માંડ્યું. તેનાથી ચીસ પડાઈ ગઈ. ડૂબતું શરીર અને માથે તીખો તડકો. દૂરની ટેકરીઓ વાંકી વળી તાકી રહી. ટિટોડીઓ છોકરા-છોકરીઓની તોફાન-લીલા જોતી શાંત બેઠી હતી. કિનારો ચીસોથી ઉભરાઈ ગયો. મનીષ તરતો તેની નજીક આવ્યો અને તેને બાવડું પકડી પોતાની તરફ ખેંચી લીધો. થોડીવાર માટે તેનું મગજ સુન્ન થઈ ગયેલું. આંખોમાં પાણી ધસી આવેલાં. આંખો લાલચોળ થઈ ગઈ હતી.

''ખરેખર મનીષ તું ન હોત તો આજે હું ન હોત. તારો આભાર.''

મનીષ હસતો હતો.

''મનસુખને અમે ધનસુખ કહીએ છીએ.''

''કેમ?''

''તું તેને ધારીને જો. અમારી જેમ તનેય મનસુખને બદલે ધનસુખ દેખાશે.''

બધા ખડખડાટ હસ્યા. ત્રણેય બહુ દિવસે મળ્યા એટલે વાતોએ વળગ્યા. શ્રીધર અને મનીષ જૂના દિવસોને યાદ કરી રહ્યા હતા, ઘટનાઓ, પ્રસંગો, મિત્રોને અને સાહેબોને યાદ કરી રહ્યા હતા. મનસુખ આશ્ચર્યપૂર્વક સાંભળી રહ્યો હતો. તેની આંખો સામેનું પેલું દૃશ્ય ભૂંસાયું ન હતું. એ દૃશ્ય વારંવાર પુનરાવર્તન પામતું દેખાઈ રહ્યું હતું. મનસુખ બંને મિત્રોની વાતોમાં સૂર પુરાવતા ક્યારેક હસી લેતો હતો. તેનું ધ્યાન બીજે હતું.

મનસુખને નજર સામે વહેતું પાણી દેખાયું. ઊંડો ધરો દેખાયો. ધરામાં ચમકતી બે આંખો દેખાઈ. મગજ ભારે થઈ ગયું. કશું આગળ વિચારી શકવાની એની સ્થિતિ ન હતી. મનસુખને થયું એ પોતે દોડીને જાય અને ડૂબતાં મનસુખને મદદ કરે. મનસુખ ડૂબવાથી બચવા પાણીમાં આમતેમ હાથપગ પછાડે છે. પોતે નિઃસહાય છે. પોતે હાજર છે. મનસુખ અહીં હાજર નથી. મનસુખ ડૂબી રહ્યો છે, પોતે તેને બચાવવા ઇચ્છે છે પણ તેમ કરી શકતો નથી. મનસુખ કશું કરી શકે એમ નથી.

આ મનીષ કેમ હસે છે? શ્રીધર શું બોલે છે? પોતે કેમ તેની વાત સાંભળીને હસતો નથી. શું તે હસવાનું ભૂલી ગયો છે? આ ગાડી કોની છે? પોતે કોણ છે? આ લોકો મનસુખનું નામ વારંવાર કેમ લે છે? આ લોકો કેમ આટલું હસે છે? પોતાને કેમ કશું સમજાતું નથી?

''અરે! મનસુખ ક્યાં ખોવાઈ ગયો?''

મનીષે મનસુખની પીઠ પર ધબ્બો મારતાં પૂછ્યું. મનસુખ જાણે ભાનમાં આવ્યો હોય એમ ''હેં..હા..''એમ બોલ્યો. આ જોઈ બંને મિત્રો ખડખડાટ હસી પડ્યા.

મનસુખે એમને હસતાં જોઈ હસવા પ્રયત્ન કર્યો, પણ તે હસી ન શક્યો. હોઠ પહોળા થયા અને સંકોચાઈ ગયા. મનસુખ પોતાને શોધતો હતો. પોતે કોણ છે? મનસુખ ક્યાં ગયો? આ બધા મને મનસુખ કેમ કહે છે? મને હું મનસુખ છું એવું કેમ અનુભવાતું નથી? માછલી પકડતો છોકરો, નિશાળે જતો છોકરો, આંબલીની ડાળે ઝૂલતો છોકરો, ડૂબતો, હસતો, રડતો અને ઉદાસ થઈ આંટા મારતો છોકરો કેમ વારેવારે દેખાયા કરે છે? આ બે જણ જેની વાત કરે છે તે મનસુખ હું છું? મને કેમ એમ અનુભવાતું નથી? શ્રીધર સાચું કહે છે હું મનસુખ નથી, ધનસુખ છું.

કારમાં બધા ગોઠવાઈ ગયા. મનસુખનું ધ્યાન કાર ચલાવવામાં ઓછું હતું. પેલા બંને મિત્રો પાછળની સીટ પર બેઠા બેઠા મનસુખની વાતો કરતાં જૂના દિવસો યાદ કરતા હતા. મનસુખ એ વાતો સાંભળતો હતો અને મનોમન ગૂંચવાતો હતો. ગૂંચ વધતી જતી હતી. તે તેમાં ફસાયો હતો. કરોળિયાના જાળામાં ફસાયેલી માખીની જેમ ઝાવાં નાખતો તે તરફડી રહ્યો હતો.

ઘર તરફ જતાં મનસુખે વિચાર્યું, પોતે ધંધો, બજાર, પૈસા, વેચાણ, ખરીદી, મિલકત અને નફો એ બધાં વચ્ચે ઘેરાઈ ગયો છે. હવે તે અગાઉનો મનસુખ રહ્યો નથી. આ મનસુખ અને પેલા મનસુખ વચ્ચે ઘણું અંતર હતું. આ મનસુખ દોડી રહ્યો હતો. પેલો મનસુખ ધીમી ચાલે ચાલતો પાછળ હતો. જો એણે એકવાર પણ પાછળ ફરીને જોયું હોત અને પોતાની આગળ નીકળી જવાની મમત છોડી દીધી હોત તો પેલો મનસુખ આમ પાછળ ના રહી જાત. આજે એ પણ સાથે હોત. સાચો મનસુખ તો એ છે. હવે એને ક્યાં શોધવો? એનાથી પાછળ જોવાઈ ગયું.

''અરે! શું કરે છે? સામે જોઈને ગાડી ચલાવ. ક્યાંક અકસ્માત થઈ જશે.'' શ્રીધર બોલ્યો.

તેને વિચાર આવ્યો, અકસ્માત તો થઈ ગયો છે. અકસ્માત જીવલેણ છે. એમાંથી બચવું અશક્ય છે. હવે એ મનસુખ કદાચ નહીં મળે.

❑❑❑

રશિદાબેન અને રિયાઝ

રશિદાબેનનો રાયજાદો 'રિયાઝ'

☐ સુચિ વ્યાસ

ભાવનગર ગામમાં હિલ ડ્રાઇવ ઉપર બે જૂના બ્રિટિશ સ્ટાઇલના ભવ્ય, દિવ્ય હવેલી જેવા બંગલા, ઇમારતો ઝળહળે છે. આઘે આઘેથી ઇટાલિયન શિલ્પોમાંથી ઊડતા ફુવારાઓ, બારેમાસ રોશનીથી ઝગમગ લાઇટો, બોગનવેલ, મહેંદીની વાડ, આંબાવાડી, ઊંચાં ઊંચાં નારિયેળીનાં વૃક્ષો, ગુલાબ, મોગરા, પારિજાતક, ગલગોટાની સુગંધ મહેકે અને પાસે આવતાં દૃશ્યમાન થાય. દરવાજે ધોળા દિવસે પણ બીક લાગે એવો ખૂંધા ખવીસ જેવો દરવાન સફેદ યુનિફોર્મમાં બેઠો હોય. ગાડી આવીને પોર્ચમાં ઊભી રાખો અને સામે આરસપહાણનાં પગથિયાં ચડો, ત્યાં જ સમજાઈ જાય કે મોભો છે હોં! બેરા-બટલર, આયા-ગવર્નેસ, કારકુનો, એકાઉન્ટન્ટ, ડ્રાઇવરો, ધોબી, કામવાળીઓની ભાગાભાગીથી ભીનું ભીનું આ ભવ્ય આલીશાન મકાન. ઘરની પાછળ ઓલિમ્પિક સાઇઝના સ્વિમિંગ પુલ, બાજુમાં ટેનિસ કોર્ટ, બસ-બાર સ્ટાફનાં ક્વાર્ટર્સ. મુલાકાતીઓથી સતત

ઊભરાતું ઘર. ખાણી-પીણી ને મહેફિલનું મુખ્ય મથક!

તો આ બાજુ ગામથી સહેજ બહાર બંદર રોડ ઉપર 'ભાવનગર વેજિટેબલ પ્રોડક્ટ્સ', તો નિર્મલ માર્ગ ઉપર 'સોહિલ-રાજ ઇન્ડસ્ટ્રિઝ', વળી લટકામાં 'મરચન્ટ સ્ટીલ' (બેરલ ફેક્ટરી અને રોલિંગ મિલ) છે...ક શિહોરમાં. આવા ધમધોકાર ધીકતા ધંધાના માલિક કોણ છે?

મમતાળુ, મિલનસાર, માયાળુ, મીઠી બોલીના માલિક, મરહુમ શેઠ: આલી જનાબ માસુમ અલી જાફર અલી મરચન્ટ. સીધી સોટી જેવી કાયા, તેજસ્વી મુખમુદ્રા, ચોખ્ખી સફેદ ગુલાબી ચામડી. પોતાનાં વિવેક સૌજન્યથી ક્ષણવારમાં અપરિચિતને પણ મુગ્ધ કરી દે, તેવા મંગલમૂર્તિ સમા શેઠ માસુમ અલી! એમને કુટુંબનાં તમામ સભ્યો 'કાકા' તરીકે જ સંબોધે. એમનો સાજન-માજનમાં માન-મરતબો ઘણો. એમની શોભા આગળ મોટા મોટા માંધાતાઓનાંય માથાં નમે.

'કાકા' નામથી સંબોધન કરવાનું એકમાત્ર કારણ એ હતું કે માસુમ અલી શેઠના મોટાભાઈ નાની ઉંમરે ગુજરી જવાથી મોટાભાઈના ત્રણ પુત્રોનું પૂરેપૂરું લાલન-પાલન કાકાએ જીવનના છેલ્લા શ્વાસ સુધી કરેલું.

માસુમ અલી શેઠ પોતે ઇસ્લામ ધર્મ પાળતા હતા. પણ ધર્મ વિશે એમની ઊંડી સમજને લીધે, પોતાનાં લગ્ન બાદ આવનાર બેગમને સ્વામીનારાયણ ધર્મ પાળવામાં કોઈ દખલગીરી નહોતી કરેલી. આ યુગલને એકની એક વહાલસોઈ દીકરી. જેનું નામ પાડેલું 'રશિદા'. આવી જાહોજલાલીમાં ઊછરેલી પુત્રીને બહુ જતનથી, પ્રેમથી મોટી કરેલી. કોઈપણ કાયદા-કાનૂન કે ધર્મ પસંદગીમાં દીકરીને સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવેલી. જેથી રશિદાબેનને કુરાન, ગીતા તથા અન્ય ધાર્મિક પુસ્તકો વાંચવાનો શોખ જાગતાં, આ ભદ્રિકબહેન કૃષ્ણભક્ત બની ચૂકેલાં. રામકૃષ્ણ પરમહંસના પણ ભક્ત હતાં. કાકાએ ઘરમાં જ એક કૃષ્ણનું મોટુંમસ મંદિર બનાવી આપેલું. સંગીત, સાહિત્ય અને શિક્ષણના ઉચ્ચ સંસ્કારો પામી છેક સાઇકૉલૉજીમાં એમ.એ. સુધીનો અભ્યાસ કરેલો. સિતારવાદનમાં પણ 'ખાં' થઈ ચૂકેલાં. સુંદર રાજરાણી જેવો ઠાઠ અને ઠસ્સો. નૂરજહાં જેવું સંગેમરમરનું રૂપ, ધાડ ધાડ તેજસ્વી મગજ અને પારદર્શક મન. ગીતામાં કહ્યું છે તે જ પ્રમાણે કોઈ યોગભ્રષ્ટ આત્મા જ આવા કુટુંબોમાં અવતરે છે. આમ, અભ્યાસ પતાવ્યા બાદ ફીદા હુસૈન નૂરમહમદ મરચન્ટ સાથે શાદીથી જોડાયાં. આ દેખાવડો યુવાન બીજો કોઈ નહીં, પણ કાકાના મોટાભાઈનો એક વહાલસોયો પુત્ર. ઇસ્લામિક પરિવારોમાં આમ પિતરાઈઓ સાથે પરણાવી દેવાનો રિશ્તો પહેલેથી ચાલી આવે છે. આવી ફૂલગૂંથણીથી તૈયાર થયેલું ગુલાબ એટલે આપણો રિયાઝ... પોતે!

રિયાઝના જન્મે મરચન્ટ કુટુંબમાં ધમાલ

મચાવી દીધી. એકની એક દીકરીનો પુત્ર એટલે શુંયે વાત! કાકા-કાકી બધુંયે ભૂલીને બસ, લાલાનાં લાલન-પાલનમાં ગુલતાન થઈ ગયાં. કાનમાં કહેવાની વાત છે કે... રશિદાબેનને કારની પાછલી સીટમાં (Back seat) બેસાડી દીધાં. પોતે જ નાના-નાનીને બદલે મા-બાપ બની ગયાં.

ભાવનગરમાં હાઇસ્કૂલ પતાવી રિયાઝને મુંબઈ ભણવા મોકલવામાં આવ્યો. જ્યાં કાકા એક આલીશાન ફ્લેટમાં ચર્ચગેટ ઉપર રહેતા હતા. આમ, કૉલેજનાં ચાર વર્ષ એકલા કાકાની કાળજી-દેખરેખ હેઠળ યુવાન રિયાઝનું ઘડતર-ચણતર કરવામાં આવ્યું. આવા મોટા ધીકતા ધંધાના માલિક કાકાએ કેવળ જ્ઞાન આપેલું: "ધંધા તો આજ છે, ને કાલે ન પણ હોય. ભણવું, ડિગ્રી લેવી. અમેરિકા જઈ એન્જિનિયરિંગનું ભણવું, એ જ ધ્યેય રાખવો."

રિયાઝનાં વ્યક્તિત્વમાં, મનમાં, દિલમાં, દિમાગમાં કે આત્મામાં કાકા તાણેવાણે એવા તો વણાઈ ગયા છે કે રિયાઝને 'કાકા'થી મોટો કોઈ ભગવાન નથી. છાના ખૂણે કબૂલ કરે છે કે મા (રશિદાબેન) મમતાની મૂર્તિ છે અને પિતા (ફીદા હુસૈન) ક્ષમતાનો મોટો હિમાલય છે. પણ કાકા જેવું કોઈ નહીં! કાકી માટે તો જશોદામૈયા જેવો પ્યાર છે. તેથી એમનાં વિશે બોલતાં પહેલાં જ આંખનાં આંસુ જ વાચા બની જાય છે!

આ મરચન્ટ કુટુંબ સાથે અમારાં કુટુંબને ઘણાં વર્ષોનો સંબંધ. તેથી ૧૯૭૬માં કાકા અમેરિકા પોતાની આંખની સર્જરી માટે આવેલા, ત્યારે મને ફોન કરેલો અને કહેલું કે, 'રિયાઝ ફિલાડેલ્ફીયાની Drexel universityમાં ભણવા આવે છે. તો તમે ધ્યાન રાખજો.' પણ ટાંકણે મોટી ખોટ! તે જ દિવસે હું ઘરનો સામાન બાંધી ડીટ્રોઇટ રવાના થતી હતી. છતાંયે વિવેકપૂર્વક જણાવ્યું કે, "ગામમાં મારો ભાણિયો રાજુ છે. જેની સાથે તમે બધા ભાવનગરથી કૌટુંબિક સંબંધોથી જોડાયેલા છો."

રિયાઝ જ્યારે અમેરિકા આવવા તૈયારી કરતો હતો, ત્યારે સગાં-વહાલાં, મિત્રો, બધાં જ ચીં...ચીં...ચીં... કરવા લાગ્યાં કે, 'અમેરિકા જઈ શું લાડવો વાળવાનો! દેશમાં આવા મોટાં કારખાનાંમાં-ધંધામાં બેસી જા. અમેરિકાથી ભણીને આવતા એન્જિનિયર લોકોને તારી કંપનીમાં બે-પાંચ હજાર રૂપૈડીનો પગાર તારા બાપા આપે છે. તું ભણીને પાછો આવીશ, ત્યારે આવી બે-પાંચ હજાર રૂપૈડીની નોકરી મળશે હોં!' હવે આવાં વહાલાંઓ-ભાઈબંધોને શું કહેવાય!

આવા લાડકોડમાં ઊછરેલો છોકરો: ધડાક કરતો અમેરિકામાં- ફિલાડેલ્ફીયા શહેરમાં સંઘર્ષોનો સામનો કરવા ઊતરી આવે છે. સુખ-સગવડ ભોગવવી એ તો રિયાઝ માટે વાસ્તવિકતા હતી. પણ સુખ-સગવડને લાત મારવી એ તેની વિશેષતા દેખાડે છે.

અમારાં એક મિત્ર ભરત-પ્રતિભાને ત્યાં આવે છે. ભરતના બાપા રિયાઝના ફેમિલી ડૉક્ટર અને અંગત મિત્ર હતા. આમ, રિયાઝ માટે ફિલાડેલ્ફીયામાં રેડીમેઇડ ભાઈબંધ-દોસ્તારનું મોટું કુટુંબકબીલું તૈયાર જ હતું. આવતાંવેંત જ આ નબીરો ટાઇફોઇડની બીમારીમાં પટકાયો. ભરત-પ્રતિભાનો જય હો...એમણે સારવાર કરી, હૉસ્પિટલમાં મૂક્યો ને છે...ક Drexel universityની હૉસ્ટેલ ભેગો કરી ભણવા બેસાડી દીધો.

ઑક્ટોબર મહિનામાં નવરાત્ર આવ્યાં, એટલે અમે તો મારંમાર છેક ડીટ્રોઇટથી ગાડી ભગાવી ફિલાડેલ્ફીયા રાસ રમવા, માતાજીની પૂજા કરવા ને ભાઈબંધુને તાલી દેવા પહોંચી ગયેલાં, ત્યારે મારા ભાણિયા રાજુએ મને કાનમાં કહ્યું કે, "પેલો રશિદાબેનનો રિયાઝ આવ્યો છે. હું એને ભીડમાંથી ગોતી લાવું. પછી ઓળખાણ કરાવું." ત્યારે મારાથી બોલાઈ ગયું કે, "ઈ...તો બહુ તોફાની અને હાઇપર છોકરો. મને યાદ છે કે દક્ષિણામૂર્તિ બાળમંદિરના પ્રિન્સિપાલ (નરેન્દ્ર બધેકા)ના ટેબલ ઉપર ચડી એમનાં ચશ્માં તોડી નાખેલાં. સાલ્લો... છે...ક અમેરિકા ભણવા આવી ગયો?" રાજુએ કાનમાં કહ્યું, સલાહ આપી: "કાંઈ બોલતી નહીં. હવે જુવાનજોધ, હોશિયાર અને બાહોશ થઈ ગયો છે."

આત્મવિશ્વાસથી ઊભરાતો ને સફેદ ઘોડા ઉપર ફુલ ગલેપિંગ કરતો રાજુ સાથે સામેથી આવતો રિયાઝ દેખાણો. રાજુએ ઓળખાણ કરાવી. "મારી માસી સુચિ અને આ મારા માસા ગિરીશભાઈ. આ રિયાઝ. અમારાં ભાવનગરવાળાં સ્નેહી રશિદાબેનનો દીકરો. મરચન્ટ સ્ટીલવાળા. તમે જાણો છો." તાજેતરમાં રાજકપૂરનું 'બોબી' મૂવી જોયેલું. પહેલી નજરે દેશમાંથી આવેલું આ પાત્ર, જાણે બોબી મૂવીના પડદામાંથી રીશી કપૂર બહાર આવી સામે ઊભો રહી ગયો! નવી જિંદગીનાં સાહસ ખેડવાં તૈયાર, થનગનતા યુવાન રિયાઝને મળી આનંદ થયો. ધમાધમ રાસ-ગરબાની ધમાલમાં કહ્યું કે "નવેમ્બરમાં ૩-૪ દિવસની રજાઓમાં રાજુ સાથે જરૂર ડીટ્રોઇટ આવજે હોં! તારા દાદાએ (કાકાએ) અમને ભલામણ કરી છે કે રિયાઝનું ધ્યાન રાખજો." તે દિ'ની ઘડી ને આજનો દિ'...કોણ કોનું ધ્યાન રાખે છે એ તો અલ્લાહ જાણે! પણ મધ્યબિંદુ- ધ્યાન રાખવાનું ચાલુ છે.

૧૯૭૭ના જમાનામાં આજકાલ જેવા ફોના-ફોની સસ્તા નહોતા. પણ પૈસાવાળો રિયાઝ! હજુ અમે ડીટ્રોઇટ પહોંચ્યાં, ત્યાં તો એનો ફોન આવ્યો. પછી તો રોજે રોજ ફોનમાં વાતૂ... વાતૂ... વાતૂ કરીને પરિચય વધ્યો. હું એટલું સમજેલી કે ભાઈ પોતે મુંબઈ યુનિ.માંથી B.Sc. થઈને આગળ કેમિકલ એન્જિનિયરિંગનું ભણવા આવેલો. મુંબઈ નગરીમાં કરાટે વિદ્યામાં પારંગત થઈને બ્લેક બેલ્ટનો અધિપતિ હતો. ખુલ્લા દિલે પોતાની

દાસ્તાન કહેનારો, એકદમ Soft spoken છોકરો. મઘમઘતી વાણીથી ભૂત પણ ખેંચાઈ આવે, એમ જ હું ભૂત એની વાતો સાંભળું! ધબાધબ જાહોજલાલીમાં રિયાઝને ક્યારેક બ્રહ્મજ્ઞાન થઈ આવેલું કે ગરીબોને ખાવા નથી મળતું ને આપણે જલસા કરીએ તે ન ચાલે. તેથી નાની વયે ૩૦ વર્ષ સુધી મીઠાઈ ન ખાવી એવી બાધા લઈને બેઠેલો. કરાટે બ્લેક બેલ્ટની શિક્ષાના લીધે લોખંડી કાયા બનાવેલી, તેથી ભારેખમ ખોરાક લઈ શકતો. નાનપણથી એને કોઈને ત્યાં જમવા જતાં પહેલાં ઘરેથી જમાડીને મોકલવામાં આવતો. આ બધી વાતો ઉપરાંત સતત, અખંડ, અતૂટ વાતો તો કાકાની જ આવે.

રિયાઝને કૉલેજમાં અમારા મિત્રનો પુત્ર જીતેન્દ્ર કોઠારી મળી ગયો. સાથે સાથે એક અતિશય બુદ્ધિશાળી દિલીપ મિશાલ પણ મળ્યો. રંગીલા રિયાઝને એ જમાનામાં એક ગરીબ ઇસ્લામિક કુટુંબ: મૂર્તજા ફાતુન, મહેરુન્નિસા, અંકલ-આન્ટી (Mr. and Mrs. Dosa) વગેરે સાથે પણ દોસ્તી થઈ ગયેલી. આમ કંપની જામેલી. ભણવામાં-વાંચવામાં એકબીજાંની હૂંફે હૂંફે ગાડું માંડ્યું હાલવા. (મળે ચાર બોડી, તો કિલ્લા નાખે તોડી) ગણિતમાં પેલો મરાઠી મિત્ર બહુ મદદ કરે. પણ દર વખતે એક વાર તો અમને ઉતારી જ પાડે.

નવેમ્બર મહિનામાં પહેલું વેકેશન પડ્યું કે તરત જ રાજુ- રિયાઝ મોડી રાત્રે ડીટ્રોઇટ પધાર્યા. આમ, પહેલીવાર સાથે રહેવાનો લહાવો મળ્યો. સવાર પડી ને તરત જ નાહી ધોઈને રિયાઝ, ધમાચકડીથી ઊભરાતા અમારા ઘરમાં ડાઇનિંગ ટેબલ નીચે બેસી શિક્ષાપત્રી વાંચતો દેખાણો. મને તો જોરથી હસવું આવી ગયું! પછી સમજાણું કે આ સફરજન તો ઇસ્લામ અને હિંદુ ધર્મના સંગમસ્થાને ઊછરેલું છે. બે નદીના પ્રવાહમાં મળેલી મુલાયમ

મસ્તીનું માણસ છે. કુરાન પણ વાંચે અને Thus Spake VIVEKANANDA પણ વાંચે. આજે પણ મંદિર-મસ્જિદ બંનેમાં હાજરી પુરાવતો રહે છે.

વાતવાતમાં છોકરો તો દાદા જેવો-કલરફુલ પરિણામ સાથે કેમિકલ એન્જિનિયર થઈ ગયો. ભણતાં ભણતાં દાદાગીરીથી એક બે બેડરૂમનો Powelton avenue (પાવલટન એવન્યુ) ઉપર ફ્લેટ રાખેલો. સાથે બે જોડીદાર રાજુ-હર્ષદ. રિયાઝ રાંધે ને આ લોકો બેઠા બેઠા જમે. ભણતાં ભણતાં Drexel Universityમાંથી અનુભવ લેતાં લેતાં, એટલે કે (Co.Op.) કરવું પડતું હતું. એકવાર બપોરે ફોન કરી જણાવેલું કે, "મારી સામે આખ્ખાયે કેમડન કાઉન્ટી વોટર ડિપાર્ટમેન્ટનો નકશો છે. જલસો છે હોં."હું તો બહુ પ્રભાવિત થઈ ગઈ. સાલ્લો...નાનો છોકરો હોશિયાર, હમણાં મોટો એન્જિનિયર થઈ જશે! બે-ચાર દિવસ પછી એક ઠાવકા મિત્ર અનંતભાઈએ કહ્યું કે, "અમે બધા આજ ૨૦-૨૦ વર્ષથી એન્જિનિયર છીએ, પણ સુચિબેન રિયાઝથી impress થઈ ગયાં. વાહ ભાઈ વાહ!"

આ ત્રણ-ચાર વર્ષમાં રિયાઝનું પરિવર્તન થઈ ચૂકેલું. યાને કે 'બોબી'નો રીશી કપૂર ચોક્કસ અને ધીમી ગતિએ 'સેટર ડે નાઇટ'નો જ્હોન ટ્રેવોલ્ટા બની ગયેલો. થ્રી પીસ સૂટ, જોરદાર ટાઇ, પગમાં ચકચકિત મરુન રંગના શૂઝ, ઇટાલિયન સ્ટાઇલથી કાપેલી દાઢી અને કટોકટીની બાબરી રાખતો. હાથમાં પાઇપ અને મોટી લાંબી ઇમ્પાલા ગાડીનો માલિક. શુક્ર-શનિ- રવિ ફિલા.ની નાઇટ ક્લબમાં જાય ને વટથી એવો નાચે ને લોકોને નચાવે. કોઈપણ જગ્યાએ રિયાઝ એન્ટ્રી મારે, ત્યારે એકવાર તો બોલાઈ જાય, 'સ્ટાઇલ કા પૈસા.'

ભણી ગણી મોટી એન્જિનિયરિંગ કંપનીમાં કામે લાગ્યો અને સાથે સાથે, સાંજે સાંજે Drexel universityમાં પ્રોફેસર મરચન્ટ Automation જેવો ભારે વિષય પણ ભણાવતો. આવો સમજદાર-જવાબદાર-ઇમાનદાર-વફાદાર પહેલીવાર માતા-પિતાને મળવા ભાવનગર ગયો. મઘમઘતા પરફ્યુમ અને વટ પડે એવો તૈયાર થાય ત્યારે એના પિતા ખુશ થઈ લોકોને પૂછતાં: "રાજુ કેવો લાગે છે?" પ્રગતિના પતંગોથી આકાશ ભરાઈ જતું હતું. રિયાઝને રાંધવાની જરાયે આળસ ન મળે. પણ ઘર સાફ કરવું જોઈએ એવો વિચાર માત્ર એના દિમાગમાં બેસતો નહીં. ઘર તો ગાંડી વિયાણી હોય એવું ઊલળે. પણ એનાં પેટનું પાણી ન હલે.

૧૯૮૦માં અમે પાછા ફિલાડેલ્ફીયા આવ્યાં. બાપુ! જામી ગઈ! જલસા-જલસા, ખાણી-પીણી, પાર્ટીઓ, ભાગાભાગીની જિંદગી ચાલુ થઈ ગઈ. રિયાઝ રોજ સાંજ પડ્યે ચિકન-મટન ખાતો. બિરીયાની બનાવે ને.... અમે સૌ સાથે મિજબાની કરીએ. આમ, સોમથી શુક્ર અલપઝલપ મળીએ. શનિવારે આપણે ઘરે અને

રવિવારે રિયાઝના ઘરે. આવું ટાઇમટેબલ લાંબું ચાલ્યું. અમે બે-ચાર છોકરીઓ (ભારતીબેન, સુષ્મા, હું) રિયાઝનાં ઘરે જઈએ. આખી સિંક ભરીને વાસણો ધોઈ નાખીએ. ઘરમાં વેક્યુમ કરી નાખીએ. ચારેય બાજુ ઊડતા લબાચા, કપડાં સંકેલી નાખીએ. ઘણા વખત પછી બત્તી(લાઇટ) થઈ કે સાલો જમાડે છે, પણ અમે મૂર્ખાઓ આખા અઠવાડિયાનું કામ પતાવી દઈએ છીએ. એનું શું?

મારી જિંદગીમાં જો હું માસ્ટર ડિગ્રી મેળવી શકી હોઉં, તો એનો પૂરેપૂરો જવાબદાર રિયાઝ છે. મારું નબળું અંગ્રેજી અને માસ્ટર પ્રોગ્રામની થીસિસ લખવી એ ભારે માથાભારે કામ હતું. શબ્દે શબ્દ, વાક્યે વાક્ય રિયાઝની નજર નીચે પસાર થઈ, પાસ થઈને ગયા હશે. આજે સમજાય છે કે ભલે મેં એનાં વાસણ, કપડાં, કચરા-પોતાં કર્યાં. કબૂલ છે!

આ દેખાવડો ઇટાલિયન માણસ, એક દિવસ મોનાલિસા જેવી દેખાતી બેગમ સાથે લગ્નગ્રંથિથી જોડાઈ ગયો. સુખચેનથી જીવે છે. બે જુવાન હેન્ડસમ દીકરાનો બાપ છે.

છેલ્લાં ૩૦ વર્ષથી પહેલાંની જેમ જ ઉનાળામાં ધમાધમ મોટી ડેક પાર્ટીઓ કરી, લોકોને ગરમ ગરમ માછલી, બર્ગર, કોર્ન બટેટા જમાડે છે. આનંદ અને ઉલ્લાસની છાકમછોળમાં જલસા કરે છે ને કરાવે છે. રિયાઝનું મોટું જમાપાસું એની ક્રિસમસ પાર્ટી છે. છેલ્લાં ૩૦-૩૨ વર્ષથી ક્રિસમસ ઇવની સમી સાંજે ૫૦-૬૦ લોકો, રોશનીથી ઝળહળતા, અસંખ્ય વાનગીઓથી મઘમઘતા મહેલમાં અમે સૌ મહાલવા જઈએ છીએ. રિયાઝ ૧૧-૧૨ વાગ્યે પોતે સાન્તાક્લોઝ બની એની સીડી ઉપરથી ઊતરે છે. અમે સૌ- અમારાં બાળકો, પૌત્ર-પૌત્રીઓ વગેરે ચિચિયારીઓ પાડીએ છીએ. નેપથ્યમાં 'સાન્તાક્લોઝ ઈઝ કમિંગ...' ફુલ બ્લાસ્ટમાં ગુંજતું હોય છે. એવું લાગે છે કે સાચે જ અમે સૌ કોઈ દૈવી અનુભવના સાક્ષીઓ છીએ. ત્યારબાદ પ્રત્યેક વ્યક્તિ રિયાઝના ખોળામાં બેસી ભેટસોગાદો પામે છે. રિયાઝ અમારા કાનમાં અલગ અલગ વ્યક્તિને, અલગ અલગ દુવાઓ આપતો રહે છે.

આવા રિયાઝને લાખ લાખ સલામ!

❑❑❑

ફારસી અને ગુજરાતી સાહિત્યમાં સમાંતરતાઃ એક નોંધ ઉમર ખય્યામ અને સોમસુંદર સૂરિ

☐ હેમન્ત દવે

ઉમર ખય્યામની એક અત્યંત પ્રખ્યાત રુબાઈ (નું શબ્દશઃ ભાષાંતર) આ પ્રમાણે છેઃ 'લાલ મદિરાની મશક હો ને કવિતાનું પુસ્તક હો સાથમાં, જીવવા જોગી અડધી રોટી હો, ને તું ને હું બેસીએ એકાંતમાં, તો એ સુલતાનની સલ્તનત કરતાંયે વિશેષ છે.'

ફિટ્ઝેરાલ્ડનો જાણીતો અંગ્રેજી અનુવાદ આ પ્રમાણે છેઃ

A Book of Verses underneath the Bough,
A Jug of Wine, a Loaf of Bread—and Thou
Beside me singing in the Wilderness—
Oh, Wilderness were Paradise enow.

જોઈ શકાશે કે '(આપણે) વૃક્ષની ડાળ નીચે (બેઠાં હોઈએ)' અને 'તું ગીત ગણગણે છે' જેવી મૂળમાં નથી તેવી વિગતો ફિટ્ઝેરાલ્ડ ઉમેરે છે. તો કેટલીક એમણે ગાળી પણ નાખી છે, યથા, **લાલ રંગની** મદિરાની મશક (ફા॰ 'તંગી મય-ઇ-લાલ') અને **જીવન માટે આવશ્યક એવી અડધી** રોટી (ફા॰ 'સાદ રમકી બાય્દ ઓ નિસ્ફ નાની') એ બે અનુવાદમાં આવી નથી. તો બાકીની વસ્તુ તેઓ અન્ય રીતે કહે છે, જેમ કે, મૂળની સુલતાનની સલ્તનત (ફા॰ 'મમ્લકત સુલ્તાની') અહીં સ્વર્ગ બને છે.

આને મળતો આવતો વિચાર મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં, વિ॰ સં॰ ૧૪૩૦થી વિ. સં. ૧૪૯૯ દરમિયાન થઈ ગયેલા મનાતા, સોમસુંદર સૂરિ રચિત 'કલ્યાણમંદિરસ્તવ'માં જોવા મળે છે. જુઓઃ

કાલઉ કાંબલ અકરૂ નીચાટુ, છાસિ ભરિઉ ખોલડુ માટુ
એ વફ પદિઉ નીલિ ઝાડી, અવર ઉ સગ્ગહ સિંગુ નિલાડિ?

કાળો ને ઘટ્ટ વણેલો કાંબળો, ઘરમાં છાસનું ભરેલું માટલું, લીલા વડના ઝાડ તળે વિસામો (એજ સ્વર્ગ). સ્વર્ગને કાંઈ શિંગડાં હોય? (મુનશી-વ્યાસ ૧૯૩૬ઃ ૨૭૫ અને નોંધ)

બન્ને પદ્યો વચ્ચે જે સમાનતા છે તે તરત પરખાય એવી છે. અલબત્ત, ઉમર ખય્યામનો સમય ઈ. ૧૦૪૮થી ૧૧૩૧નો. એટલે એમ માની લેવાની જરૂર નથી કે સોમસુંદર સૂરિએ આ વિચાર ઉપર ખય્યામમાંથી લીધો છે. ઘણી વાર એકસરખા કે સમાંતર વિચારો કવિઓને આવે છે. આ એનું વધુ એક પ્રમાણ.[૧]

❑❑❑

---

[૧] શતકત્રયકાર ભર્તૃહરિ અને ફ્રેન્ચ કવિ રોંસારમાં જોવા મળતી આવી સમાંતરતા વિશે આ વિશે અગાઉ મેં ચર્ચા કરી છે (ભર્તૃહરિ અને રોંસાર. *નવનીત સમર્પણ*, ડિસેમ્બર ૨૦૧૦, પૃ. ૫૩-૫૫) એ જિજ્ઞાસુ રસિકોએ જોવી.

''સમાજવિરોધી અને માનવ વિરોધી બળો માથું ઊંચકે છે તે એક અકસ્માત નથી. વાસ્તવમાં એ બળો જન્મે એને માટેની અનુકૂળ આબોહવા ઘણા વખતથી રચાતી આવતી હોય છે. આ બળોનું આક્રમણ બહારથી થતું નથી. આપણે જ આપણા વ્યવહારમાં જાણ્યેઅજાણ્યે સરમુખત્યારશાહી આપખુદ વલણને ઉત્તેજન આપતા હોઈએ એવી રીતે વર્તીએ છીએ. અચરજ પમાડે એવી વાત તો એ છે કે વ્યવહારના એક સ્તર પર જે વ્યક્તિ લોકશાહી રીતરસમનો, ઉદારમતવાદનો, આગ્રહ રાખે છે તે જ વ્યક્તિ વ્યવહારનાં બીજાં ક્ષેત્રમાં આપખુદ વલણ ધરાવે છે, એટલું જ નહિ, બુદ્ધિચાતુરીથી એ વલણને લોકશાહીને પોષક વલણ તરીકે સમજાવવાનો પ્રયત્ન પણ કરે છે. આવી વિસંગતિને વ્યક્તિત્વની એક આગવી લાક્ષણિકતા તરીકે પોષવાનું પણ ઉચિત લેખાવા લાગે છે.''

- સુરેશ જોષી, 'પશ્યંતી'માંથી સાભાર

* * *

''મૂર્ખ અને એના પૈસા વચ્ચે હંમેશાં જુદાઈ લખાઈ હોય છે.'' **- અજ્ઞાત**

* * *

''યાદ કરવું સગવડભર્યું હોય ત્યારે કોઈ ભુલાતું નથી.''

- બહેન્જામિન ડિઝરાઈલી

* * *

''સુવર્ણનો વરસાદ લગભગ બધી વસ્તુની આરપાર જઈ શકે છે.''

- થોમસ કાર્લાઇલ

* * *

''હરીફાઈ ઘોડા વચ્ચે હોય, કળાકારો વચ્ચે નહીં.'' **- બેલા બાર્ટોક**

વાલ્મીકિ રામાયણ

ઉત્તરકાંડ, સર્ગ - ૧૧૧

[૩૨૮]

वाचकाय च दातव्यं वस्त्रं धेनुहिरण्यकम् ।
वाचके परितुष्टे तु तुष्टाः स्युः सर्वदेवताः ।।७।।

આ રામાયણ-કથાના વાંચનાર વક્તાને વસ્ત્ર, સોનું અને ગાયનું દાન કરવું જોઈએ. કથાનો વાચક સંતુષ્ટ થશે, તો દેવો પણ સંતુષ્ટ થશે.

एतदाख्यानमायुष्यं पठन् रामायणं नरः ।
सपुत्रपौत्रो लोकेऽस्मिन् प्रेत्य चेह महीयते ।।८।।

આયુષ્યની વૃદ્ધિ કરનાર આ રામાયણનો પાઠ કરનાર મનુષ્ય પુત્રો અને પૌત્રોને પામીને આ જગતમાં અને પરલોકમાં પૂજાય છે.

रामायणं गोविसर्गे मध्याह्ने वा समाहितः ।
सायाह्ने वापराह्णे च वाचयन्नावसीदति ।।९।।

સવારે ગાયો છૂટતી વેળાએ, મધ્યાહ્ને, બપોર પછી અથવા સાંયકાળે જે મનુષ્ય આ રામાયણનું પઠન કરે છે તે કદીય દુઃખી થતો નથી.

अयोध्यापि पुरी रम्या शून्या वर्षगणान् बहून् ।
ऋषभं प्राप्य राजानं निवासमुपयास्यति ।।१०।।

(રામચંદ્રના ગયા પછી) આ સુંદર અયોધ્યા નગરી ઘણાં વર્ષો સુધી શૂન્ય (વેરાન) રહી છે. હવે પછી જ્યારે ઋષભ નામે રાજા થશે ત્યારે તે આ નગરીના લોકોને ફરી વસાવશે.

एतदाख्यानमायुष्यं सभविष्यं सहोत्तरम् ।
कृतवान् प्रचेतसः पुत्रस्तद् ब्रह्माऽप्यन्वमन्यत ।।११।।

પ્રચેતાના પુત્ર મહર્ષિ વાલ્મીકિએ ભવિષ્ય અને ઉત્તરકાંડ સહિત આ આયુષ્યની વૃદ્ધિ કરનાર રામાયણ આખ્યાન રચ્યું છે અને તેને બ્રહ્માએ પણ માન્ય રાખ્યું છે.

अश्वमेधसहस्रस्य वाजपेयायुतस्य च ।
लभते श्रवणादेव सर्गस्यैकस्य मानवः ।।१२।।

આ રામાયણના એક એક સર્ગના શ્રવણથી મનુષ્યને હજાર અશ્વમેધ યજ્ઞો અને દશહજાર વાજપેય યજ્ઞો કર્યા તુલ્ય પુણ્ય પ્રાપ્ત થાય છે.

प्रयागादीनि तीर्थानि गङ्गाद्याःसरितस्तथा ।
नैमिषादीन्यरण्यानि कुरुक्षेत्रादिकान्यपि ।।१३।।

गतानि तेन लोकेऽस्मिन् येन रामायणं श्रुतम् ।

જે મનુષ્ય રામાયણનું શ્રવણ કરે છે તેને પ્રયાગ વગેરે તીર્થો, ગંગા વગેરે નદીઓ, નૈમિષારણ્ય આદિ પવિત્ર સ્થળો અને કુરુક્ષેત્ર વગેરે ધાર્મિક સ્થાનોની યાત્રા કરવા સમાન પુણ્ય મળે છે.

हेमभारं कुरुक्षेत्रे ग्रस्ते भानौ प्रयच्छति ।।१४।।

यश्च रामायणं लोके शृणोति सदृशावुभौ ।
सम्यक्श्रद्धासमायुक्तः शृगुते राघवीं कथाम् ।।१५।।

આ લોકમાં જે મનુષ્ય સૂર્યગ્રહણ વખતે કુરુક્ષેત્ર તીર્થમાં પુષ્કળ સોનાનું

દાન કરે છે અને જે મનુષ્ય સાચી શ્રદ્ધા રાખીને રામચંદ્રની કથા-સ્વરૂપ આ રામાયણનું શ્રવણ કરે છે તે બન્ને મનુષ્ય સરખા (પુણ્યશાળી) ગણાય છે.

सर्वपापात् प्रमुच्येत विष्णुलोकं स गच्छति ।
आदिकाव्यमिदं त्वार्षं पुरा वाल्मीकिना कृतम् ।।१६।।

यः शृणोति सदा भक्त्या स गच्छेद् वैष्णवीं तनुम् ।
पुत्रदाराश्च वर्धन्ते सम्पदः सन्ततिस्तथा ।।१७।।

પૂર્વે વાલ્મીકિ મુનિએ રચેલ આ આર્ષકાવ્ય રામાયણનું શ્રવણ કરનાર મનુષ્ય સઘળાં પાપોથી મુક્ત થઈને મૃત્યુ બાદ વિષ્ણુલોકને પામે છે. જે સદાય ભક્તિપૂર્વક આનું શ્રવણ કરે છે તેનાં પત્ની, પુત્ર, પરિવાર અને સંપત્તિ સદાય અભિવૃદ્ધિ પામે છે અને તે મૃત્યુબાદ વૈષ્ણવ-શરીર ધારણ કરે છે.

सत्यमेतद् विदित्वा तु श्रोतव्यं नियतात्मभिः ।
गायत्र्याश्च स्वरूपं तद् रामायणमनुत्तमम् ।।१८।।

જેનાથી વધીને કશું શ્રેષ્ઠ નથી એવું અતિશય શ્રેષ્ઠ એવું આ રામાયણ ગાયત્રીનું સાક્ષાત્ સ્વરૂપ છે. આ સત્યને બરાબર જાણીને સૌ આત્મ-સંયમીઓએ એનું શ્રવણ કરવું.

यः पठेच्छृणुयान्नित्यं चरितं राघवस्य ह ।
भक्त्या निष्कल्मषो भूत्वा दीर्घमायुरवाप्नुयात् ।।१९।।

જે મનુષ્ય રામચંદ્રના આ ચરિત રામાયણનું ભક્તિપૂર્વક નિત્ય પઠન કે શ્રવણ કરે છે, તે પાપરહિત થઈને દીર્ઘ આયુષ્ય મેળવે છે.

चिन्तयेद् राघवं नित्यं श्रेयः प्राप्तुं य इच्छति ।
श्रावयेदिदमाख्यानं ब्राह्मणेभ्यो दिने दिने ।।२०।।

જે મનુષ્ય કલ્યાણ મેળવવા ઇચ્છતો હોય તેણે પ્રભુ રામચંદ્રનું સદાય ચિંતન કરવું અને પ્રતિદિન આ રામાયણનું આખ્યાન બ્રાહ્મણો દ્વારા લોકોને સંભળાવવું. (તેની કથા કરાવવી.)

यस्त्विदं रघुनाथस्य चरितं सकलं पठेत् ।
सोऽसुक्षये विष्णुलोकं गच्छत्येव न संशयः ।।२१।।

पिता पितामहस्तस्य तथैव प्रपितामहः ।
तत्पिता तत्पिता चैव विष्णुं यान्ति न संशयः ।।२२।।

જે મનુષ્ય રઘુનાથ રામચંદ્રના આ સંપૂર્ણ ચરિતનો પાઠ કરે છે તે મૃત્યુ પછી વિષ્ણુલોકમાં જાય છે એ ચોક્કસ (સંશય-રહિત) છે. એટલું જ નહીં, પણ તેના પિતા, પિતામહ, પ્રપિતામહ, તેના પિતા અને તેનાય પિતા-એમ પાંચ પેઢી વિષ્ણુલોકમાં જાય છે.

चतुर्वगप्रदं नित्यं चरितं राघवस्य तु ।
तस्माद् यत्नवता नित्यं श्रोतव्यं परमं सदा ।।२३।।

રાઘવ રામચંદ્રના ચરિતનું નિત્ય શ્રવણ કરવાથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ---એ ચારેય પુરુષાર્થો સિદ્ધ થાય છે. તેથી મનુષ્યે પ્રયત્નપૂર્વક આ પરમ ચરિતનું સદાય શ્રવણ કરવું જોઈએ.

शृण्वन् रामायणं भक्त्या यः पादं पदमेव वा ।
स याति ब्रह्मणः स्थानं ब्रह्मणा पूज्यते सदा ।।२४।।

જે આખા રામાયણ કે તેના ચોથા ભાગને કે પછી તેના પણ નાના અંશને ભક્તિપૂર્વક સાંભળે છે તે બ્રહ્માના પદને પામે છે અને સ્વયં બ્રહ્મા તેનું અર્ચન કરે છે.

एवमेतत् पुरावृत्तमाख्यानं भद्रमस्तु वः ।
प्रव्याहरत विस्रब्धं बलं विष्णोः प्रवर्धताम् ।।२५।।

આ પ્રમાણે પૂર્વે બનેલી સઘળી ઘટનાઓનું આ આખ્યાન છે. સૌ વિશ્વાસપૂર્વક આ ચરિતનું પઠન કરો. તમારું કલ્યાણ થાય અને ભગવાન વિષ્ણુનું બળ (શક્તિ) સદાય વૃદ્ધિ પામે.

॥ वाल्मीकि रामायण समाप्त ॥

[સ્ટાન્ડર્ડ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ, ૫૯, આર્કેડ બિલ્ડિંગ, વર્લ્ડ ટ્રેડ સેન્ટર, કફ પરેડ, મુંબઈ-૦૫ના સૌજન્યથી]

[અનુસંધાન પૃ. 44થી ચાલુ]
એ કવિતા વાંચવી. બીજી એક સરસ વાત દિલીપ ચિત્રે કહે છે કે દરેક કવિતાની એક મેટા-લેન્ગવેજ હોય છે, અને એ મેટા-લેન્ગવેજમાં પ્રવેશવાનો અધિકાર સૌ કોઈને છે. જો તમારા કાન એકદમ સરવા થઈ ગયા હોય તો શક્ય છે કે રશિયન ભાષાનો રણકો અંગ્રેજી ભાષામાં સાંભળતાં તમને થોડું આવડે. બીજું, એ પણ સાચું નથી કે એક રશિયન વ્યક્તિ એની પોતાની ભાષાની કવિતા કે એક સ્પેનિશ વ્યક્તિ પોતાની ભાષાની કવિતાને વધારે સારી રીતે વાંચી શકે. લાખો ગુજરાતીઓ લાભશંકરને કે સિતાંશુને પોતાની ભાષાના કવિ તરીકે માણવાના નથી, એ એક હકીકત છે. એ ગુજરાતી છાપું વાંચી શકે છે, ગઝલો વાંચે છે, ગુજરાતી મનોરંજન પણ મેળવે છે. પણ સિતાંશુ કે લાભશંકર ગુજરાતી ભાષા દ્વારા તમને ક્યાં લઈ જઈ શકે એનો એમને અંદાજ નથી.

બીજું, કવિ પોતાની કવિતાઓનો બીજી ભાષામાં અનુવાદ કરે એ એક શક્યતા, કવિ બીજાના અનુવાદો માન્ય કરે અને સાથે બેસીને એ પ્રક્રિયામાંથી પસાર થાય એ બીજી શક્યતા, અને ત્રીજી શક્યતા એ કે અન્યભાષી બીજી ભાષાને પોતાની ભાષા કરીને અનુવાદ કરે. એના કાન સરવા હોય તો એ અનુવાદ વાંચનાર મૂળ કવિનો અને અનુવાદકનો બંનેનો આભાર માને એમ બને. એ શક્યતા પર જ આજે વિશ્વસાહિત્યની અને તુલનાત્મક સાહિત્યની વિભાવના વિકસી છે. એ સિવાય આપણી પાસે બીજાને જાણવાનો રસ્તો કયો છે? અને બીજાને જાણવા એ એક મૂળભૂત માનવીય જરૂરિયાત છે. અનેક કવિઓ એક જ કવિની એક જ રચનાના અનુવાદો કરતા હોય છે અને એ બધા એકીસાથે સામે મૂકીને હું જોતો હોઉં છું, તો ખ્યાલ આવે કે દરેક અનુવાદક પોતાની કાવ્યરુચિ પ્રમાણે થોડા ફેરફાર કરી લે છે. અમુક કવિતા જ એવી હોય છે કે એની અનુવાદક્ષમતા વધારે હોય છે. કોઈ એવું પણ કહેવા પ્રેરાય કે એને કારણે એ થોડી નબળી કૃતિઓ છે, કારણકે એમાં કદાચ ભાષાકર્મ થોડું ઓછું થયું હોય. પણ વેલ્યુ જજમેન્ટથી દૂર રહીને કવિતાને કવિતા તરીકે માણવી.

પ્રશ્ન: આપ મિત્રોના માણસ છો. આપના મિત્રોને લખાયેલા પત્રોના સંગ્રહો થઈ રહ્યા છે અને 'મિત્રો' કાવ્યસંગ્રહ પણ ટૂંક સમયમાં આવશે. મિત્રોને લખાયેલા પત્રો વિષે વાત કરીએ? અને 'મિત્રો'નાં કાવ્યોમાં કયા મિત્રોને આલેખ્યા છે?

છેલ્લાં વીસ-પચીસ વર્ષથી મારાં અનેક કાવ્યો મિત્રોને કેન્દ્રમાં રાખીને જ થયાં છે. મૈત્રીનાં અનેક પરિમાણો હોય છે અને એ પરિમાણોને આલેખતાં

ચિત્રકાર મિત્ર તૈયબ મહેતા સાથે

એ કાવ્યો છે. ભાયાણીસાહેબ કે નિરંજન કે લાભશંકર ગયા, દિલીપ પુરોહિત ગયા, કરમશી પીર ગયા, તૈયબ મહેતા ગયા, હરિદાસ પટેલ ગયા, મહેન્દ્ર જોશી અને નીતિન મહેતા ગયા. આ બધા મારા જીગરજાન દોસ્તો. હવે મૈત્રી એટલે શું? એક તો કોઈ સાંજે આપણે એકલા હોઈએ એ ભાવ હજુ ઠરીઠામ થયો નથી. કંઈ નહીં તો થેલામાં પુસ્તકો તો હોવાં જ જોઈએ. પુસ્તકો એટલે ભાઈબંધ અને ભાઈબંધ એટલે પુસ્તકો. સામેથી પત્રો આવે કે ન આવે, પણ મને પત્રો લખ્યા વિના ન ચાલે. મારે માટે પત્રલેખન એટલે શું? અંગત પરબીડિયાં. મારી પાસે હજુ આજે ૨૦૦-૪૦૦-૫૦૦ પરબીડિયાં છે, જેના પર મેં સરનામાં કરી રાખ્યાં છે, ટિકિટો લગાવી રાખી છે. પત્રો લખીને પોસ્ટ ન કરવાનો મારો સ્વભાવ બહુ જ જાણીતો છે. અને પોસ્ટ કરેલા પત્રો લોકો સાચવી રાખે છે- પછી એ ભાયાણીસાહેબ હોય કે નિરંજન હોય કે ગુલામમોહમ્મદ શેખ હોય. ભાયાણીસાહેબ એમના દીકરાને કહી ગયા હતા કે પ્રબોધના મારા પર આવેલા પત્રો પ્રગટ કરવાની મારી ખૂબ ઇચ્છા છે અને એક ફાઈલ એમણે તૈયાર કરેલી, જે હવે પુસ્તકરૂપે પ્રગટ થઈ છે. એ પુસ્તક છે 'પ્રિય ભાયાણીસાહેબ'. હું આ બધા પત્રો લખું તો એની અંદર અને બહાર ખૂબ બધાં નાનાં-મોટાં ચિત્રો કરું. પછી એના પર સરનામું લખવાનો રોમાંચ હોય, જેને એ પત્ર મળે તે પરબીડિયા પર જ ખુશ થઈ જાય. એટલે એવું કહી શકાય કે પત્ર લખીને હું મારો હાથ લંબાવતો રહું છું. આ બધા જ પત્રો અમસ્તા લખાયેલા પત્રો છે, એમાં કંઈ જીવનકથાઓ નહોતી માંડી. શું વાંચ્યું છે, શું વિચાર્યું છે એની પણ વાતો નહીં, માત્ર નખરાં. એક નવું જ કિશોરી વાતાવરણ હતું તે આ પત્રોમાં વ્યક્ત

કરવાની ખૂબ મજા આવતી. ૧૯૭૦થી ૭૪ વચ્ચે અમેરિકાથી લખેલા પત્રોથી એક નવું પ્રકરણ શરૂ થયું. અમદાવાદથી દૂર રહેતાં રહેતાં ગુજરાતી ભાષાને મેં બહુ લાડ કર્યા. જિવાતી ક્ષણોની અંદર ઊતરી જઈને એને આલેખવાની જાણે પ્રતિજ્ઞા લીધી હોય એ રીતે હું પત્રો લખતો. ૧૯૭૪ પછી એક નવું જીવન શરૂ થાય છે. એ પછીના બધા જ પત્રોને હું મનન-નોંધ કહું તો પણ ચાલે. સુખ-દુઃખના પ્રસંગો, જે વંચાય-વિચારાય એ બધું કોને કહેવું? અને કહેવું તો નક્કી જ, કારણકે એકલા તો જીરવી ન શકાય. એટલે ત્યાંથી એ પત્રોની શરૂઆત થઈ અને દરેક મિત્રોએ એ સાચવ્યા પણ છે. અત્યારે એક બીજું પુસ્તક તૈયાર થઈ રહ્યું છે જેમાં કરમશી, નિરંજન અને અન્ય મિત્રોને લખેલા પત્રોનો સંગ્રહ થશે. આ બધા પત્રોની શૈલી એની એ જ છે, એમાં એ જ પ્રબોધ છે જે ભાયાણીને લખી રહ્યો છે અને ભૂપેનને લખી રહ્યો છે. એટલે મેં જે પત્ર ભૂપેનને લખ્યો હોય એના પર ભાયાણીનું સરનામું કરું તો ભાયાણીને જરાય વાંધો ન આવે. આ પત્રો વિષે મને ખાતરી છે કે મારી અંદરોઅંદર સ્નેહની મારી ઝંખના છે, જે અજંપો મને ઘેરી વળે છે, જે સમજાતું નથી અને જે સમજ્યા વિના જ રહેવાનું છે- મનુષ્યત્વના એ દુઃખબોધનું મારું ભાન છે તે આ બધા ધ્યાનથી વાંચીને સાંભળી રહ્યા છે. જાણે કે મને મારા જીવનનો હિસાબ મળી જાય છે. કોઈ મિત્રોના આગ્રહને કારણે નહીં, પણ મારી અંદરની નિસ્બત અને ઓછપને કારણે આ પત્રો લખાતા રહ્યા. ૧૯૭૪ પછીનાં મારાં કાવ્યો મિત્રના હોવાપણા વિષેનાં કાવ્યો છે, જે હું બહુ સહજતાથી વ્યક્ત કરી શકતો હોઉં છું. હવે એ કાવ્યોનો સંગ્રહ થઈ રહ્યો છે. અમુક અંશે એ એક અંગત ઘટના છે, અમુક અંશે એ ગુજરાતી ઘટના છે, પણ એ પાઠ્યપુસ્તકની ઘટના તો નથી જ. હું ક્યારેય પાઠ્યપુસ્તકોમાં નહીં જ હોઉં એની મને ખાતરી છે, એ હું સમજુ છું અને સ્વીકારું છું. અને છતાં આજે તમે મારી આ વાતો સાંભળવા બેઠા છો એ પણ એક ઘટના છે.

પ્રશ્ન: આપના પર વિશ્વસાહિત્યના કયા સર્જકોનો પ્રભાવ સવિશેષ છે એવું આપને લાગે છે? આપની કેટલીક કવિતા સર-રિયલને સ્પર્શે છે અને આપની કવિતા પર ઘણા સર્જકોની અસર વર્તાય છે.

આનો જવાબ હું બહુ સરળતાથી આપી શકું એમ છું. સત્તર-અઢાર વર્ષની ઉંમરે જ્યારે કવિતાનો પરિચય થયો, જ્યારે મને એ શક્યતાનો અનુભવ થયો કે એક વૈષ્ણવ કુટુંબના દીકરા તરીકે નહીં પણ એક બેફિકર કવિ તરીકે પણ જીવન જીવી શકાય. ત્યારે મને વિશ્વના અમુક કવિઓનો પરિચય થયો, એલન ગીન્સબર્ગ, જે અમેરિકાના હતા.

એ લાંબા વાળ રાખે અને ન્યુ યોર્કની ગલીઓમાં હાર્મોનિયમ લઈને શ્રી રામ જય રામ જય જય રામની ધૂન વગાડે. પછી મને ફ્રેંચ કવિઓ, સર-રિયલિસ્ટ કવિઓનું ખૂબ આકર્ષણ રહ્યું અને આજ સુધી એ આકર્ષણ છે, જેને કારણે હું વારંવાર પેરિસ જવાનું ગોઠવતો હોઉં છું. મારે પેરિસની ગલીઓમાં આ બધા કવિઓને મળવાનું થતું હોય છે. એટલે વીસમી સદીના ફ્રેંચ કવિઓ ખાસ કરીને આન્દ્રે બ્રેતોં, (Andre Breton) , રામ્બુ (Jean Nicholas Arthur Rimbaud)- એ બધા દ્વારા ઊભી થયેલી ચળવળોનો ખાસ્સો પરિચય, આત્મીયતા અને મનોમન દોસ્તી છે. અને બીજા પણ કેટલાક સર્જકો મનમાં કાયમ માટે જડાઈ ગયા છે, ખાસ કરીને બહુ જ ગંભીર અને સતત ચિંતાજનક જીવન જીવતા ફ્રાન્ઝ કાફકા જેવા. એટલે એવા સર્જકો જે બહુ સહેલાઈથી આપણને પ્રસન્ન ન કરે, પણ આપણને બહુ સાચવીને વિચાર કરતા મૂકી દે, આપણને આપણા અસ્તિત્વ વિષે સભાન કરી દે, જીવનની અપૂર્ણતા વિષે સભાન કરી દે એવા સર્જકો મને વધુ સ્પર્શી જતા હોય છે. આપણામાં એટલી બધી અપૂર્ણતાઓ ભરેલી છે, એટલે મને અપૂર્ણતાના ગાયકો વધારે ગમે છે. જોકે આટલું કહ્યા પછી મારે તરત ઉમેરવું જોઈએ કે મારા સૌથી પ્રિય સર્જક આ બધાની સાથે સાથે રવીન્દ્રનાથ ટાગોર છે. એમને રાતદિવસ વાંચવા, માણવા, એમના વિષે સતત વિચારવું એ છેલ્લાં પાંચ-દસ વર્ષથી મારો સ્વભાવ થઈ પડ્યો છે.

પ્રશ્ન: આપણે ટાગોર તરફ વાળીએ

તે પહેલાં એક પ્રશ્ન - આપ વ્યવસાયે તત્ત્વજ્ઞાનના અધ્યાપક રહ્યા છો. આપની સર્જનશીલતા પર તત્ત્વજ્ઞાનના અભ્યાસની શું અસર થયેલી લાગે છે?

તત્ત્વજ્ઞાન પચાવું એવી તો મારી ક્યારેય વિદ્વત્તા નહોતી. સંસ્કૃત કાચું, અંગ્રેજી કાચું, લેટિન-ગ્રીકનો જરાય પરિચય નહીં, બહુ બહુ તો ગુજરાતીમાં પંડિત સુખલાલજી અને કિશોરલાલ મશરૂવાળાને વાંચીને મોટો થયો છું. એટલે મેં તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કર્યો પણ પંડિત બનવા માટે જે શિસ્ત જોઈએ, ચોટલી બાંધીને બેસવાની કડકાઈ જોઈએ એ ત્યારે સ્વભાવમાં નહોતી. તેથી બન્યું છે એવું કે મને જે તત્ત્વજ્ઞાનમાં રસ પડે છે એ સાહિત્યિક તત્ત્વજ્ઞાન હોય છે. એવા તત્ત્વજ્ઞાનીઓ જે લેખક તરીકે વધારે સ્પર્શી જાય, કીર્કેગાર્ડ, નિત્શે, જેવા અસ્તિત્વવાદી વિચારકોને વાંચ્યા છે, થોડાક પચાવ્યા છે અને ક્યારેક રાત્રે ઊંઘ ન આવે તો તરત એમને વાંચવાનું મન થાય છે. એ બધા એવા ચિંતકો છે જે કોઈને કોઈ પ્રકારના અજંપાથી પીડાતા હોય અને જેમને ઈશ્વર તરફથી આશ્વાસન ન મળતું હોય, જે મનુષ્ય તરીકે પોતે પોતાનો રસ્તો શોધતા હોય. તો સાહિત્ય પણ એવું જ છે. સાહિત્યિક સર્જન એ સર્જકે પોતાને કરેલા પ્રશ્નોનો અહેવાલ છે અને વિશ્વ દ્વારા અનુભવાતી સંવેદનાઓનો એક વિસ્મયભર્યો આવિષ્કાર છે એવું કહી શકાય. આ બધું તમને કહેતાં કહેતાં મને અત્યારે સૂઝી આવે છે. તો તત્ત્વજ્ઞાન અને સાહિત્ય ક્યારેક સાથે ચાલી શકે. જ્યારે એ જ્ઞાનમાર્ગી અને ભક્તિમાર્ગી ન બની જાય ત્યારે આપણે જોઈ શકીએ છીએ કે તત્ત્વજ્ઞાન અને કવિતા એકમેકને બહુ જ ઉપકારક નીવડે, જો એ જ્ઞાન ભારરૂપ ન બને તો.

પ્રશ્ન: આપે અગાઉ ટાગોરનો ઉલ્લેખ કર્યો. આપને બંગાળી સાહિત્ય માટે અને ટાગોર માટે વિશેષ લગાવ છે. અને આપે એક વખત એવું પણ કહેલું કે જો આપ ગુજરાતીમાં ન લખતા હોત તો આપ બંગાળીમાં લખતા હોત. બંગાળી માટેના આ પ્રેમની ભૂમિકા વિષે કંઈક કહેશો?

થોડાક અકસ્માતો, બહુ નાની ઉંમરે થયેલો સત્યજિત રાય, ઋત્વિક ઘટક જેવા ફિલ્મ દિગ્દર્શકોનો પરિચય-અનુભવ, રાજેન્દ્ર, નિરંજન, સુરેશભાઈના ટાગોરના થોડાક અનુવાદો જે વિશ્વમાનવમાં પ્રગટ થતા... એટલે છૂટોછવાયો ખ્યાલ હતો પણ પછી કંઈક એવું અકસ્માત બન્યું. મારા જીવનમાં એવી ઘટના ઘટી કે એક બંગાળી છોકરી સાથે પ્રેમ થયો અને પછી લગ્ન કર્યાં. એટલે મારું સાસરું કલકત્તામાં, મિત્રો પણ ત્યાં અને પછી બધા જ બંગાળીઓ સાથે અદ્‌ભુત દોસ્તી થઈ, ત્યાનાં સર્જકો, ચિંતકો, અધ્યાપકોનું વર્તુળ વિસ્તરતું ગયું. પછી ખ્યાલ આવ્યો કે આ રવીન્દ્રસંગીત તો

આપણને બહુ ગમે છે અને ટાગોર મેં ધાર્યું હતું એવા સહેલાઈથી પામી જવાય એવા રોમેન્ટિક કવિ નથી, પણ એ બહુ માર્ગદર્શક એવા ચિંતક છે, એક અદ્‌ભુત લયના બંધાણી છે. એ બધું ધીમેધીમે સમજાતું ગયું. પણ અંગત વાત એ પણ કહી શકું કે હું બહુ નાનો હતો ત્યારથી મારા બાપુજીને રવીન્દ્રસંગીત સાંભળતા મેં અનેક વાર જોયા હતા. અમારી નાનકડી ઓરડીમાં એ ગ્રામોફોન પર રવીન્દ્રસંગીત સાંભળે પછી એની નોંધ કરે અને એ જાતે બંગાળી શીખ્યા હતા. એમના સ્વભાવમાં એક પ્રકારની ઉદાસી હતી અને રવીન્દ્રસંગીત દ્વારા કે પશ્ચિમના બાક-બિથોવન સાંભળીને અને ખાસ કરીને ચર્ચ મ્યુઝિક સાંભળીને, એ ઉદાસીને એ માણી લેતા. કાલબાદેવીની ચાલીની ઓરડીમાં પણ આવા બધા સંસ્કારો ઝિલાતા હોય છે. એટલે અહીં હું મારા પિતાને પણ આ રીતે યાદ કરી લઉં તો એ બહુ યોગ્ય છે.

પ્રશ્ન: આપે ટાગોરનાં ચિત્રો વિષે દેશ-વિદેશમાં વાર્તાલાપો કર્યા છે. સર્જકચિત્તમાં ચિત્રકલા અને સાહિત્ય કોઈ રીતે સંકળાયેલાં લાગે છે?

હું ચિત્રકાર એ અર્થમાં છું કે દિવસમાં બે-ચાર ચિત્રો મારી અંગત રીતે ક્યારેક કરી લઉં. મારા સદ્‌નસીબે ભારતમાં ત્રણ-ચાર ઉત્તમ ચિત્રકારો મારા અંગત મિત્રો છે જેમની સાથે હું રાત-દિવસ રખડતો, વાતો કરતો; એટલે ચિત્રકાર તરીકે મને જે ઓળખાય છે અને જેમને માટે મને આદર છે એવો ચિત્રકાર છું એવું હું મારા વિષે ન જ કહી શકું. પણ દરેક જણને પોતાની એક આગવી છટા હોય છે એ રીતે હું સતત ચિત્રો કરું છું, એ બરાબર છે. ટાગોર એ અર્થમાં ચિત્રકાર હતા, એ

પ્રબોધ પરીખ, 1969, ફોટો સૌજન્યઃ સ્ટેલા સ્નિડ

પણ જાતે જ ચિત્રો કરતા. એને માટે એ કદી નિશાળમાં ગયા નહોતા. અને છતાં જીવનનાં છેલ્લાં દસ વર્ષમાં ત્રણ-ચાર હજાર ચિત્રો એ કરી ચૂક્યા. તો મને બહુ રસ પડ્યો કે આટલાં બધાં સરસ ચિત્રો, આટલી આકર્ષક એમની ચિત્રશૈલી અને સાથે આટલા બધા અદ્‌ભુત કવિ, લેખક, નિબંધકાર, વાર્તાકાર, રોજનીશી લખનાર, પ્રવાસકથા કરનાર, આ બધું કેવી રીતે જોઈ શકાય? મોટા ભાગના લોકો એમ માને છે કે ટાગોરનાં ચિત્રો એમની બીજી સર્જકતાથી જુદાં પાડીને જોવાં જોઈએ. પણ હું હંમેશાં સ્પષ્ટપણે એમ કહેતો આવ્યો છું કે એમનાં ચિત્રો, એમનાં સર્જન અને એમનું જીવન બધું એકમેકમાં સેળભેળ કરી દેવાથી આપણને વધુ લાભ થાય છે. તો હું એને એકમેકની સાથે-સન્મુખ લાવીને જોતો રહું છું. જો તમે ચિત્રકલાના ઇતિહાસકાર હો તો ટાગોરની ચિત્રકલાને તમે જુદી રીતે જુઓ, કે એમના પર કોની અસરો પડી, વગેરે. પણ હું ટાગોરનો આશિક છું તેથી હું જરાક જુદી રીતે જોઉં છું. એટલે દેશ-પરદેશમાં વ્યાખ્યાનો આપવાનું સદ્‌ભાગ્ય મને સાંપડ્યું છે, એનો ઉપયોગ ચારે બાજુ ફરવામાં કરું છું. બીજું, બોલતાં આવડ્યું છે, રજૂઆત કરી શકું છું અને એમનાં ચિત્રોનો સાથ છે. એમનાં ચિત્રોની બસો સ્લાઈડ દેખાડું તો કોઈપણ ખુશ થઈ જાય એવો એ અનુભવ છે.

પ્રશ્ન: પ્રબોધભાઈ, એવું કહેવાય છે કે બહુ ઓછા સર્જકો બીજાનું સાહિત્ય વાંચે છે. આપનો વાંચનપ્રેમ ખૂબ જાણીતો છે, આપનું અંગત પુસ્તકાલય વિશાળ છે એટલું જ નહીં આપ ફાર્બસ ગુજરાતી સભા જેવી સાહિત્યિક પ્રવૃત્તિઓ સાથે દાયકાઓથી સંકળાયેલા છો. ફાર્બસ ગુજરાતી સભાનું પુસ્તકાલય વિશ્વભરના સાહિત્યસેવીઓ માટે એક દેવળ સમાન છે. આ વિષે અને આપના વાંચનપ્રેમ વિષે કંઈક વાત કરશો?

મને હમણાં જ મારા એક મિત્રએ કહ્યું કે પ્રબોધભાઈ, તમે પુસ્તકો ખૂબ વસાવો છો, પુસ્તક વાંચવાનું શરૂ કરો છો પણ પૂરું નથી કરતા. એ મારી બહુ જૂની ટેવ છે. મેં માંડ બસો-પાંચસો પુસ્તકો પૂરેપૂરાં વાંચ્યાં હશે. મને ઉપરવાળાની, કે બાજુવાળાની કે નીચેવાળાની કોઈકની કૃપા એવી છે કે જરાક વાંચતાં ઘણું બધું હાથમાં આવી જાય છે. અમુક પ્રકારના ચિંતકો-સર્જકો તરફ સતત મન વહ્યા કરે છે. એક પ્રકારની મોહકતા અને સુંદરતા મેળવી લેવાનો જે લોભ હોય છે તેનાથી બધું મળી આવે છે. એટલે હું નવા સર્જકો શોધી લેતો હોઉં છું, અને મારા ગમતા સર્જકો ફરીફરી વાંચી લેતો હોઉં છું. કવિતા વાંચવી મને ખૂબ ગમે છે. એ ઉપરાંત નવલકથાઓ અને જુદાજુદા લેખકોની ડાયરીઓ ખાસ કરીને મારે માટે ખજાનો છે. દાખલા તરીકે સિમોન

વેઇલ કરીને એક ફ્રેંચ યહૂદી લેખિકા નાની ઉંમરે ગુજરી ગયાં તો એમને વાંચું એટલે પછી તરત ગાંધી વાંચું. ગાંધી મેં ખૂબ વાંચ્યા છે. એમનો અક્ષરદેહ મેં પૂરેપૂરો ઓળખી લીધો છે, ગાંધી વિશેનાં અનેક પુસ્તકો વાંચ્યાં છે. એનું એક કારણ એ છે કે એ ગુજરાતીમાં છે, અને ગુજરાતી વાંચવાની મને ખૂબ મજા પડે છે. ૧૯મી સદીના ગુજરાતી લેખકો હું બહુ રસપૂર્વક વાંચું છું. બીજું હું મૂળ નડીયાદનો છું. એટલે મણિલાલ નભુભાઈ અને ગોવર્ધનરામને મારા પોતાના કહેવાનો મને હક છે. પણ વાંચનમાં કોઈ શિસ્ત કે યોજના નથી. બુધવારે મેં મણિલાલ વાંચ્યા હોય, ગુરુવારે મેં રવીન્દ્રસંગીત સાંભળ્યું હોય, શુક્રવારે જાઝ કર્યું હોય. એટલે બધું અસ્તવ્યસ્ત અને વેરવિખેર છે, એ જ રીતે જીવન જિવાયું છે. અને બીજાં વીસેક વર્ષ આમ જ નીકળી જશે એવું માની લઉં છું.

આપે ફાર્બસ સભાની વાત કરી તો એક અકસ્માત રૂપે એની સાથે હું સંકળાયો. વિદ્વાન ન હોવાને કારણે કે હસ્તપ્રતોનો જાણકાર ન હોવાને કારણે અથવા એક અધ્યાપકને છાજે એવી સજ્જતા ન હોવાને કારણે ફાર્બસ સભા સાથેના મારા સંબંધો એક વ્યવસ્થાપક તરીકેના રહ્યા છે. અને વીસેક વર્ષ સુધી હું ઉત્સાહપૂર્વક કાર્યક્રમોનું આયોજન કરતો રહ્યો. ભારતભરના મારા સર્જક મિત્રોને બોલાવું તો તરત આવી જાય એવો એક મંચ ત્યાં ઊભો થયો હતો. સરસ વાર્તાલાપ, વાંચન, પઠન, મૂલ્યાંકન એવું બધું થતું રહે એવું એક વાતાવરણ થયું અને પ્રવૃત્તિ ૧૫-૨૦ વર્ષ સરસ ચલાવી શકવાનો મને આનંદ છે. અને પુસ્તકાલય મુંબઈમાં જ રહે એ માટે જે મથામણ કરવી પડી એમાં જે ચાર-પાંચ મિત્રો અને વડીલો હતા એમાંનો હું એક છું એનો પણ મને આનંદ છે. તમે મુંબઈ આવો અને જુઓ તો ખ્યાલ આવશે કે આ ત્રીસ-પાંત્રીસ હજાર પુસ્તકો અમે બહુ જ સુંદર રીતે ગોઠવ્યાં છે, સાચવ્યાં છે, એને ડિજીટલાઈઝ કર્યાં છે. આપણી પાસે સરસ હસ્તપ્રતોનો એક ખજાનો છે. આમ તો ગુજરાતની ઘણી સંસ્થાઓ પાસે હસ્તપ્રતો છે. પણ આપણી પાસે ૧૯મી અને ૨૦મી સદીના કેટલાંક સામયિકોની ફાઈલો છે જે ગુજરાતમાં અને ભારતમાં બહુ જવલ્લે બે-ત્રણ જગ્યાએ તમને મળી આવે. એક તો ડાહીલક્ષ્મી લાયબ્રેરી, બીજું ગુજરાત વિદ્યાપીઠ, અને ત્રીજું ફાર્બસ ગુજરાતી સભા. તમે કહો કે ૧૮૯૨માં નીકળતા એક સામયિકના જૂન મહિનાના અંકના ત્રીજે પાને શ્રી છોટાભાઈનો લેખ હતો એ તમારી પાસે છે? તો અમે કહી શકીએ કે હા, છે. એટલે જો કોઈને અક્ષરદેહમાં રસ હોય તો આ એક અમૂલ્ય ખજાનો છે. એ અહીં આવે તો એ દેવળમાં આવ્યા એવું લાગે. હવે લગભગ બધું ડિજીટલાઈઝ થયું છે, અલભ્ય પુસ્તકોને પણ અમે સીડી

પર મૂક્યાં છે અને તમે જાણો છો એમ બહુ જ ઉત્તમ પ્રકારના સર્જકો અને વિચારકો આ સંસ્થા સાથે આજ દિન સુધી જોડાયેલા રહ્યા છે. અમને ભાયાણી સાહેબનું માર્ગદર્શન પણ મળતું.

પ્રશ્ન: આપની સાથેની વાતચીતમાં કલાજગતનાં અનેક ખ્યાતનામ વ્યક્તિત્વોનાં ઉલ્લેખો આપે કર્યા. આ બધા અંગત મિત્રોના આટલા દીર્ઘ સંસર્ગ દરમ્યાનના અનેક અનુભવો થયા હશે. એવાં કોઈક સંભારણાની વાત કરશો?

મને સાહિત્ય અને કલાઓ ઉપરાંત તત્ત્વજ્ઞાનના અને અધ્યાત્મના ક્ષેત્રમાં રસ છે. ગુરુ વિનાનું અધ્યાત્મનું મારું ક્ષેત્ર છે. મને કોઈપણ ધાર્મિક કે પવિત્ર ગ્રંથ માન્ય નથી રહ્યો. તો એક પ્રસંગ દલાઈ લામા સાથેનો છે, એમને ચાર પાંચ વાર નિકટતાથી મળવાનું બન્યું કારણકે હું મુક્ત તિબેટની ચળવળ સાથે થોડોક સંકળાયેલો. એક વાર દલાઈ લામાને મુંબઈમાં મળ્યો ત્યારે મેં પૂછ્યું કે 'એક જ જન્મમાં બીજો જન્મ થઈ શકે? જે વ્યક્તિ તરીકે આપણે મોટા થયા હોઈએ એ સિવાય એ જ જન્મમાં આપણે બીજી વ્યક્તિ બની શકીએ?' તો એમણે કહ્યું કે 'હા, એ શક્ય છે. જો આપણને બે બુદ્ધિશક્તિ હોય તો આપણે બે વ્યક્તિ થઈ શકીએ.' એ કેટલી ગૂઢ વાત થઈ. હું બરાબર સમજી ગયો કે આપણે જે છીએ એનો સ્વીકાર કરીએ, બીજી કોઈક વ્યક્તિ બનવાની ઇચ્છા છોડી દઈએ.

બીજો પ્રસંગ છે- દયાકૃષ્ણ આપણા મોટા ગજાના તત્ત્વચિંતક. એમની સાથે વિમાનમાં લંડન જઈ રહ્યો હતો. એમણે મને કહ્યું કે 'પ્રબોધ આજે આપણે લંડન પહોંચતાં પહેલાં આ વાત કરીએ કે મૈત્રી એટલે શું.' એમનો સ્વભાવ હતો કે પુસ્તકો ટાંકીને વાત નહીં કરવાની, તમે કેટલા પંડિત છો એ કદી નહીં કહેવાનું. એમણે કહ્યું કે 'કૃષ્ણ અને સુદામાની દોસ્તી વિષે ભાષ્ય કરવાનું હોય તો તું કેવું કરે?' તો એમાંથી સંવાદ થયો અને એમણે મને વિચારતો કરી મૂક્યો.

ગુજરાતી સાહિત્યકારોની તો અખૂટ વાતો છે. નિરંજન સાથે મારે ખૂબ વાતો થતી અને હું અમદાવાદ જાઉં તો શનિવારે પહોંચાય એ રીતે જતો, જેથી શનિવારે રાતે મિત્રને ત્યાં બેઠક થાય અને રાત્રે બે-ત્રણ તો વાગે જ. આ બધાની વચ્ચે જ્યારે હું પરદેશથી પાછો આવ્યો ત્યારે મારે નિરંજનને પૂછવું હતું કે 'તમે લગ્ન કેમ ન કર્યાં? આટલું બધું વાંચ્યા અને વિચાર્યા પછી તમને એવું ન લાગ્યું કે તમારી સાથે કોઈ હોય?' તો એમણે મોઢા પર આંગળી મૂકીને કહ્યું કે, 'પ્રબોધ જે વાત હું ભૂલી ગયો છું એ તું મને યાદ ન કરાવ. જે વિચાર, જે વાત, જે પ્રસંગ, જે અનુભવ મારા જીવનમાં મેં બાજુ પર મૂકી દીધો છે એ મને યાદ ન કરાવ.'

મારા જિગરજાન દોસ્ત ભાયાણીસાહેબ.

અમારી ઉંમરમાં કેટલો બધો ફેર, એ પંડિત હું સાવ રખડેલ. પણ એમને એટલો બધો સદ્‌ભાવ અને સ્નેહ, એટલી બધી લાગણી અને મને પણ એમના પર એવું જ. ભાયાણીસાહેબ થોડા માંદા હતા, દીકરા ઉત્પલના ઘરે રહેવા આવ્યા હતા. આ એમના છેલ્લા દિવસોની વાત કરું છું. હું એમને મળવા જતો. પછી એમને નાણાવટી હોસ્પિટલમાં દાખલ કર્યા. હું એમને મળવા જઈને એમની પથારીના છેડે ઊભો રહ્યો, એમને પ્રણામ કરીને કહ્યું કે 'મને ખાતરી છે કે તમે સારા થઈ જશો.' ઉત્પલ ડોક્ટરને કંઈક પૂછવા બહાર ગયો હતો અને અડધો કલાકમાં પાછો આવવાનો હતો. સવારના નવ- સાડાનવ થયા હશે. એમનાં પત્ની ચંદ્રકલાભાભી મને કહે કે 'તું અહીં છે તો હમણાં બાથરૂમ જઈને આવું છું.' એ બહાર નીકળ્યાં, હું જઈને ભાયાણીસાહેબની બાજુમાં બેઠો. અને એમણે મારા ખોળામાં માથું મૂકીને પ્રાણ છોડ્યા. તો આનાથી વધુ મોટી ભેટ શું હોઈ શકે? હું ઉપરવાળામાં તો માનું નહીં, પણ આ એક ચમત્કાર, અંદર વસી ગયેલો એમનો ભાવ. એમના અંતિમ શ્વાસનો હું સાક્ષી બનું, એટલે એમ લાગે છે કે જીવનમાં કશુંક પવિત્ર હોય છે.

પ્રશ્ન: પ્રબોધભાઈ, સાહિત્ય, સંગીત, ચિત્રકલા, ફિલ્મો સિવાય બીજું શું કરવામાં રસ પડે?

હા, આ બધા વિષે તો આપણે વાત કરી. પણ ફણગાવેલા મગ વિના જીવન અધૂરું છે. દાળઢોકળી મહિનામાં એક વાર તો મળવી જ જોઈએ. અને જવનું પાણી- જેને પશ્ચિમના દેશમાં તમે લોકો બિયર કહો છો, એનો પણ થોડોક શોખ છે. ક્યાંકથી સારું ચીઝ શોધી લાવવાની સમજ પડે છે, ઘર ગોઠવવાની મજા પડે છે. ટૂંકમાં જીવન ભર્યુંભર્યું રહે છે, ખાસ તો મિત્રોથી. મિત્રોની બેઠકોમાં આપણો નંબર આગળ આવે. ઓલિમ્પિકનો ગોલ્ડ મેડલ કદાચ ન મળે પણ એવું કહેવાય છે કે પ્રબોધ હોય તો મિત્રમંડળમાં મજા પડી જાય.

પ્રશ્ન: આટલા બધા વિશાળ ફલક પર જિવાતા જીવનમાં, આટલા ભર્યાભર્યા જીવનમાં, કોઈ અફસોસ ક્યારેક લાગે ખરો?

ઘણો બધો, ઘણો બધો. અફસોસ અને અજંપાની તો વાત જ ન કરો. આમ તો જોકે આ બધી વાતો એના વિશેની જ છે. મારે પહેલાં કહેવું જોઈતું હતું કે મારો બુદ્ધિઝમનો ખાસ અભ્યાસ છે. મેં વિપશ્યનાની શિબિરો કરી છે. આત્મમંથન, મેં કહ્યું એમ, મારા સ્વભાવમાં છે. એરપોર્ટ પર હોઉં, વિમાનમાં હોઉં, મેળાવડામાં હોઉં, મંચ પર બેઠો હોઉં, તમારી સાથે વાત કરતો હોઉં, પણ ક્યાંક કોઈ અજંપો, ક્યાંક કોઈક ઘેરી વેદના એ બધું જાણેકે વારસામાં મળ્યું છે. એ વિશેની મૂંઝવણ અથવા એ વિશેનું ચિંતન સતત ટકોરાબંધ ચાલતું રહેતું હોય છે. તો

અફસોસ કરવાનું બહુ સમજાતું નથી. કારણકે આમ જ છીએ તો આમ છીએ. એવા રે અમો એવા રે, તમે કહો છો તેવા. એટલે આપણે જાત સાથે વાત કરવા બેસીએ ત્યારે જે પ્રશ્નો થાય એ સતત ચાલુ રહેતા હોય છે. એ અર્થમાં જીવન ભર્યુંભર્યું છે, પણ જીવન પ્રશ્નોથી ભર્યુંભર્યું છે, ઉત્તરોથી નહીં. જ્યારે લાંબી છોકરીઓ મળી જાય ત્યારે બટકા હોવાનો અફસોસ હોય છે. અને બહુ લાંબા ચોટલાવાળાં બહેન પસાર થઈ જાય ત્યારે વાળ નથી એનો અફસોસ થઈ આવે, એ જુદી વાત છે. પણ એ બધા બહુ સામાન્ય અફસોસો છે. અફસોસ તો અસામાન્ય હોવો જોઈએ અને એ મને વારસામાં મળ્યો છે, એ એક બહુ જ સારી ઘટના છે.

પ્રશ્ન: આ મુલાકાતનું સમાપન કરીએ તે પહેલાં આપનું જીવનદર્શન જાણવાનું મન થાય.

દર્શન નથી, દર્શન નિમિત્તે વચ્ચે અમારે સાહચર્યમાં સારી એવી ચર્ચા થઈ હતી. અને એમાં મેં કહ્યું હતું કે આજ સુધી કોઈપણ પ્રકારની શરણાગતિ સ્વીકારવાનું આવડ્યું નથી. અને એમાં મને હિમાંશીબહેન પણ જોડાયાં હતાં. અને એવું લાગે છે, અમુક રીતે કે આમાં બહુ વાંધો નથી. ચારે બાજુ શરણાગતિનાં વિવિધ સ્વરૂપોને ધ્યાનપૂર્વક, કોઈપણ જાતનું એનું મૂલ્યાંકન કર્યા વિના, હું નીરખતો હોઉં છું. હું વિપશ્યનામાં પણ ગયો છું, થાઈલેન્ડમાં દૂરની ફોરેસ્ટ મોનાસ્ટ્રીમાં રહેવા ગયો હતો અને મૌન પાળ્યું હતું. આ બધા છતાં હું નથી માનતો કે કોઈપણ પ્રકારનું સમાધાન મળી આવે. મળી આવે તો હું એ નકારું નહીં, પણ એ એટલું સરળ મારા માટે નથી. એટલે એ અર્થમાં મારા જીવનનું દર્શન આડોશી-પાડોશીમાં બહુ વહેંચવા જેવું નથી. અનેક લોકો જુદીજુદી રીતે આશ્વાસન મેળવી લેતા હોય છે એમની મને ઈર્ષા નથી આવતી, પણ હું એમને જોતો રહું છું. મને લાગે છે કે સંશયનાં બિસ્તરા-પોટલાં લઈને ફરતા રહેવું, ગૃહત્યાગ કર્યા વિના રખડતા રહેવું. ગજવામાં હંમેશાં મિત્રોની અને ટુરિસ્ટ બંગલોની યાદી રાખવી. પણ મેં કહ્યું એમ મને મિત્રોની છત્રી લઈને ફરતા રહેવાનું ફાવ્યું છે. મારા જીવનના દર્શનમાં કેન્દ્રસ્થાને મિત્રતા છે. મિત્રતા માટેનો અંગ્રેજી શબ્દ મને બહુ જ ગમે છે –એફેક્શન. જે જીવંત છે એ દરેક માટે ઊંડી મિત્રતા, અને જીવિત હોવાનો ચમત્કાર, અચંબો. રોજ સવારે ઊઠીએ અને આપણે છીએ એનો જે અનુભવ આપણને થાય એ અનુભવ એ આપણને મળેલી સૌથી મોટી ભેટ છે. ટાગોર વારંવાર ખભો થાબડીને કહેતા હોય છે કે 'પરમ છે, એને ભૂલતો નહીં.' ત્યારે હું એમને કહું છું કે 'એ હશે, પણ હું તો તમને મળવા આવીશ, તમે પરમને મળવા જજો'.

❑❑❑

ભ વ ન્સ - વૃ ત્ત

ગંટુર કેન્દ્રઃ પુસ્તક વિતરણ

કોવિદ-19ના લીધે ક્વોરન્ટાઈન્ડ થયેલ વિદ્યાર્થીઓનો માનસિક સંતાપ ઓછો કરવા માટે ભારતીય વિદ્યા ભવન, ગંટુર કેન્દ્રે, ગંટુર જિલ્લાની રેડ ક્રોસ સોસાયટીના સહયોગે વાર્તાનાં પુસ્તકો, ડ્રોઈંગ અને હસ્તકલાનાં પુસ્તકો, જનરલ નોલેજનાં પુસ્તકોનું ગંટુરનાં જુદાં જુદાં ક્વોરન્ટાઈન્ડ કેન્દ્રોમાં વિતરણ કર્યું હતું.

ભવનના માનદ્ સંચાલક શ્રી. પી. રામચંદ્ર રાજુ પોતે જ કોવિદ-19 ઇમરજન્સી ઓપરેશન્સ રેડ ક્રોસ સોસાયટીના સંયોજક હોઈ પોતે જ જુદાં જુદાં ક્વોરન્ટાઈન કેન્દ્રોમાં જઈ બાળકોને પુસ્તક વહેંચ્યાં હતાં. બાળકો પુસ્તક મેળવવાથી ખુશ થયાં હતાં.

ચંડીગઢ કેન્દ્રઃ CBSE ટોપર્સ

ભવન વિદ્યાલયના વિદ્યાર્થીઓએ 2019-20ની CBSE બોર્ડ પરીક્ષામાં તેમનું અસાધારણ સામર્થ્ય પુરવાર કર્યું છે.

* ઓશિલ બંસલ 99.4 ટકા વાણિજ્ય વિભાગ * આર્યન લહરી 99.2 ટકા વાણિજ્ય વિભાગ * નિખિલ ગોયલ 97.2 નોન મેડિકલ વિભાગ * પ્રણવી વશિષ્ટ 96.8 નોન મેડિકલ વિભાગ * આર્યન મહાજન 98.8 ટકા માનવશાસ્ત્ર વિભાગ * અનુષ્કા શર્મા 96.8 ટકા માનવશાસ્ત્ર વિભાગ * સુયૂમા 98.4 ટકા માનવશાસ્ત્ર વિભાગ.

દિવ્યાંગ વિદ્યાર્થીઓમાં

અર્જુન મદાન 93.2 ટકા * જસકારણ સિંઘ 95.6 ટકા

ચંડીગઢ કેન્દ્ર : કંટાળાનું મારણ

ચંડીગઢ ભવન વિદ્યાલયનો હંમેશનો પ્રયાસ રહ્યો છે ઇતર વાંચનની આદત પાડવાનો. મહામારી અને તેના પરિણામે વિદ્યાર્થીઓ સ્કૂલની સમૃદ્ધ લાઈબ્રેરીથી વિમુખ થઈ ગયા હતા પણ કેટલીક લાઈબ્રેરીઓએ વિદ્યાર્થીઓને સતત વાંચતા રાખવાની પ્રવૃત્તિઓ હાથ ધરી હતી. પુસ્તક સપ્તાહની ઉજવણી કરતા વિદ્યાર્થીઓને વિડિયો દ્વારા પુસ્તકની ઉત્પત્તિ કેવી રીતે થઈ, કેવી રીતે પ્રેસમાં છપાય છે લેખક આધારિત પ્રશ્નોત્તરી અને અવતરણોએ બાળકોને બૌદ્ધિક ભાથું પૂરું પાડ્યું. બીજી પ્રવૃત્તિઓ વચ્ચે વિદ્યાર્થીઓએ લેખકના જીવન અને તેમનાં સાહિત્ય-કાર્ય પર ભીંતચિત્રો તૈયાર કર્યાં. અનેક વર્ગોના વિદ્યાર્થીઓએ ન્યૂઝ પેપર્સમાંથી પેપરવેઈટ, બુકમાર્કસ, ફાઈલ્સ, ફોલ્ડર્સ બનાવી લાઈબ્રેરી પ્રવૃત્તિમાં સામેલ કર્યાં. લાઈબ્રેરિયન અંજુ વર્માએ અનેક વર્ગો સાથે બોધ મળે તેવી વાર્તાઓ કહી વિદ્યાર્થીઓને આવા કપરા સમયમાં પ્રવૃત્ત અને ખુશમિજાજ રાખ્યાં.

નાગપુર કેન્દ્ર : શ્રદ્ધાંજલિ

કેન્દ્રના સહસંચાલક ડો. અજોયકુમાર મુખરજી 19 જુલાઈ 2020ના અવસાન પામ્યા છે. તેઓ પ્રખ્યાત કાર્ડિયોલોજિસ્ટ હતા. 1961માં સ્નાતક થયા બાદ તેમણે GMCH (ગર્વનમેન્ટ મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલમાં) તબીબી શિક્ષણ લેવાનું શરૂ કર્યું હતું. 1970માં એમણે ગોલ્ડ મેડલ મેળવ્યું હતું. 1971માં પ્રાઈવેટ પ્રેક્ટિસ શરૂ કરી. થોડાં વર્ષો તેઓએ GMCH અને સ્વ. દાદાસાહેબ કલમેઘ સ્મૃતિ ડેન્ટલ કોલેજ એન્ડ હોસ્પિટલમાં પ્રશિક્ષક તરીકે સેવા આપી. 1982ના વર્ષે તેઓ ઇન્ડિયન મેડિકલ એસોસિએશન, નાગપુર સંસ્થાના પ્રમુખ હતા. ભારતમાં કાર્ડિયોલોજિકલ સોસાયટીની સ્થાપના કરનારામાં તેઓ પણ એક હતા. તેઓ સફળ કારકીર્દિ ધરાવનાર, સૌજન્યપૂર્ણ વ્યક્તિ હતા. તેમના સહકાર્યકરો અને વિદ્યાર્થીઓમાં ખૂબ લોકપ્રિય હતા. બંગાળમાં પણ અનેક સંસ્થાઓમાં તેઓ સંકળાયેલા હતા. નાગપુર નાગરિક સહકારી રુગ્ણાલયના પ્રમુખના નાતે તેઓએ ગરીબ અને જરૂરિયાતમંદોને રાહત દરે ઔષધીય મદદ આપી હતી. તેઓ રમતગમતના ક્ષેત્રે પણ રસ ધરાવતા હતા. બંગાળીઓની સાંસ્કૃતિક

સંસ્થામાં તેઓએ બંગાળી સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. ભવન સાથે તેઓ 2004ના વર્ષે જોડાયા હતા. નાગપુર કેન્દ્રની ભવન્સ સ્કૂલોના તેઓ વહીવટી સભ્ય હતા. ભવનના શિક્ષણ વિભાગમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને સંસ્થાકીય વિકાસ માટે તેમણે અનુકરણીય પ્રદાન કર્યું છે. તેમના પરિવારમાં પત્ની, પુત્ર અને બે પુત્રીઓ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે અને પરિવારને દુઃખ સહન કરવાની શક્તિ આપે.

કોલકાતા કેન્દ્રઃ 74મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

ભવન્સની ગંગાબક્ષ કનોરિયા વિદ્યામંદિરે 15 ઓગસ્ટ 2020ના કોવિદ-19ના લોકડાઉનના સંજોગોમાં પણ માતૃભૂમિને આદરાંજલિ અર્પી હતી. શાળાએ વિડિયો દ્વારા ઘરમાં ગોંધાયેલા વિદ્યાર્થીઓને પણ સાથે સાંકળી લીધા હતા. શાળાના પ્રાંગણમાં ઝંડાવંદન સાથે સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી થઈ હતી. વિદ્યાર્થીઓએ રાષ્ટ્રભક્તિ ગીત, નૃત્ય રજૂ કર્યાં હતાં.

પંચકુલા કેન્દ્રઃ ધન્યવાદ મુસ્કાન

GIIS (ગ્લોબલ સિટિઝન સ્કોલરશીપ) 2020નો શ્રેષ્ઠ અવોર્ડ મુસ્કાન અગ્રવાલે જીત્યો છે. જિંદગીમાં એકવાર સિંગાપોર જઈ મેળવવાનો મોકો GIIS આપે છે અને ભારતના માત્ર 10 વિદ્યાર્થીઓને આ તક મળે છે.

સ્કોલરશિપ (શિષ્યઋણવૃત્તિ)ની રકમ 90 હજાર છે જેમાં 2 વર્ષ માટે ટ્યુશન ફી, રહેવું, જમવું અને પ્રવાસખર્ચ સામેલ છે. યોગ્યતાવાળા વિદ્યાર્થી માટે GIIS ઉન્નતિનું પગથિયું છે. સિંગાપોરના 'સ્માર્ટ' સંકુલના નેજા હેઠળ અજોડ શિક્ષણનો અનુભવ મળે છે. GIISના સ્નાતક માટે વિશ્વની શ્રેષ્ઠ યુનિવર્સિટીમાં સુરક્ષિત સ્થાન રહે છે જેથી વિદ્યાર્થી પોતાની પસંદગી પ્રમાણે શિક્ષા મેળવી અપેક્ષિત કારકીર્દિને વરે છે.

અભિનંદન

ભવન્સ ગંગાબક્ષ કનોરિયા વિદ્યામંદિર કોલકાતાના 277 વિદ્યાર્થીઓ AISSCEની પરીક્ષામાં બેઠા હતા તે સૌ સારા ગુણાંકે ઉત્તીર્ણ થયા છે. 153 વિદ્યાર્થીઓને 90% અને 257 વિદ્યાર્થીઓએ ડિસ્ટિંકશન મેળવ્યું. શ્રેષ્ઠ ગુણાંક 98% રહ્યા.

વિજ્ઞાન વિભાગમાં 150 વિદ્યાર્થીઓમાંથી 107 વિદ્યાર્થીઓને 90% સાથે ડિસ્ટિંક્શન મેળવ્યું. રાધિકા શાહ 98% સાથે પ્રથમ આવી.

કોમર્સ વિભાગમાં 75 વિદ્યાર્થીઓમાંથી 62 ડિસ્ટિંક્શન અને 22 વિદ્યાર્થીઓ 90% ઉપર અકાંચ કૌશલ 97% ટકા સાથે પ્રથમ.

માનસશાસ્ત્ર વિભાગમાં 52 વિદ્યાર્થીઓમાંથી 45 ડિસ્ટિંક્શન અને 24 વિદ્યાર્થીઓ 90% કરતાં ઉપર. તનિષા રોય ચૌધરી 97.4% સાથે પ્રથમ આવી.

AISSE 2020માં 228 વિદ્યાર્થીઓ BGKVનામાંથી 117 વિદ્યાર્થીઓ 90% કરતાં વધુ, 200 વિદ્યાર્થીઓ ડિસ્ટિંક્શન અને જોયજીત રોય 98.8% સાથે પ્રથમ.

પૂના કેન્દ્ર

શ્રદ્ધાંજલિ : પદ્મભૂષણ ડો. પી. આર. દુભાષી



પદ્મભૂષણ પી. આર. દુભાષી ભારત સરકારમાં ભૂતપૂર્વ સચિવ હતા. તેઓ ભારતીય ભવનના પૂના કેન્દ્રના અધ્યક્ષ હતા. લાંબી બીમારી બાદ ઓગસ્ટની 31 તારીખે તેમનું નિધન થયું હતું. તેમના પરિવારમાં તેમનાં પત્ની અને પુત્ર, પુત્રી છે.

ડો. દુભાષી તેમની તેજસ્વી શૈક્ષણિક કારકીર્દિ બાદ 1953માં કર્ણાટક લશ્કરી ભારતીય વહીવટી સેવામાં જોડાયા હતા. ત્યારથી 30 વર્ષ દરમિયાન રાજ્ય અને કેન્દ્ર સ્તરે તેઓ ઉચ્ચ હોદ્દા સુધી પહોંચ્યા હતા. તેમણે 1990થી 1995 ગોવા યુનિવર્સિટીના પ્રારંભિક વર્ષોમાં ઉપકુલપતિ તરીકે સેવાઓ આપી હતી.

તેઓએ અનેક સરકારી અહેવાલો તેમજ 27 પુસ્તકો લખ્યાં છે. તેમાંનાં છ પુસ્તકો મરાઠી ભાષામાં રાજ્યવ્યવસ્થા અંગેનાં છે.

IAS ક્ષેત્રે તેઓએ ઘણાં પારિતોષિક મેળવ્યાં હતાં. જાન્યુઆરી 2010માં તેમનું 'પદ્મભૂષણ'થી સન્માન કરવામાં આવ્યું હતું.

ભારતીય વિદ્યા ભવનમાં પુણે કેન્દ્રમાં છેલ્લાં 12 વર્ષથી અધ્યક્ષ પદે રહી કેન્દ્રની શૈક્ષણિક સંસ્થાઓને માર્ગદર્શન આપતા હતા. કેન્દ્રના નિદેશક પ્રો. નંદકુમાર કાર્કિડે તેમના માટે દિલગીરી વ્યક્ત કરતાં કહ્યું હતું કે ભવને પિતાતુલ્ય, દૃઢનિશ્ચયી, માર્ગદર્શક એવી મહાન વ્યક્તિ ગુમાવી છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે.

તમારી દૃષ્ટિએ

નવેમ્બર - ૨૦૨૦ના "નવનીત-સમર્પણ" દીપોત્સવી વિશેષાંકમાં શ્રી નરેશ અંતાણીનો લેખ 'પ્રાચીન સમયનું ચોરશાસ્ત્ર' માહિતીસભર છે. 'ચોરનો ભાઈ ઘંટી ચોર'માં એવું પણ છે કે ચોર રાત્રે ચોરી કરીને માલ ગાંઠડીમાં લાવે છે અને પોતે તો સૂઈ જાય છે પણ એનો ભાઈ ગાંઠડી છોડીને માલ સગેવગે કરે છે. ગાંઠડી-ગ્રંથી-ઘંટી એવા ફેરફાર થતા ગયા અને મૂળ વાત "ચોરનો ભાઈ ગ્રંથી છોડ"માંથી આ વાત આવી!

ગાંધીનગર - ડૉ. ભાલચન્દ્ર હ. હાથી

* * *

ઉમાશંકર જોશીએ નરસિંહ મહેતાની જે રચનાને ગુજરાતી ભાષાનાં ઘરેણાં તરીકે ઓળખાવી છે તે 'નાગદમન' વિશે જવાહર બક્ષી ('નવનીત સમર્પણ ઓક્ટોબર 2020) 'નાગ' અને 'કમળ'નો નિર્દેશ કરી 'કુંડલિની-યોગ' તારવે તે તો ઠીક પણ 'જળ કમળ છાંડી'ના બદલે 'જળ ગહન છાંડી' એવો તર્ક કરે તે સમજ્યા વિનાનો અને બાલીશ છે. આમ પણ 'અધ્યાત્મ'માં દેખાડો, દાખડો કે મેદસ્વિતા હોતી નથી ત્યારે અહીં અને પોતાના શોધનિબંધ 'નરસિંહ મહેતાની કવિતામાં આધ્યાત્મિકતા' (2019)માં એ જ જોવા મળે છે.

ખેર, 'જળકમળ' પાછળની એક કથા કંસે નારદજીની સૂચનાથી 'કમળ' મગાવ્યાની છે અને એના વિશે સુરદાસ, દયારામ વગેરે કવિઓની 'કમળલીલા' - કાવ્યરચનાઓ આપણને મળે છે. આ બધાથી અજાણ ભાઈ જવાહર 'ગહન' કેમ નહિ એવો પ્રશ્ન કરે તે માત્ર ચબરાકિયાં છે.

બીજું, પંદરમી સદીમાં ઋગ્વેદ અને માંડૂક્ય ઉપનિષદ જેવા પ્રાચીન ગ્રંથો નરસિંહને ઉપલબ્ધ હશે? તેમ જ સૌથી મોટો પ્રશ્નઃ જે રચના નરી 'કવિતા' છે તેને ધરાર 'અધ્યાત્મ'માં શા માટે ઘસડી જવાતી હશે?

પોરબંદર - નરોત્તમ પલાણ

* * *

સુધારો : સપ્ટેમ્બર 2020ના અંકમાં પૃ. 107 પર કસ્તૂરબા : **An Unsung Shero** લેખમાં કસ્તૂરબા 22 ફેબ્રુઆરી 1944માં પુના સ્થિત આગાખાન પેલેસમાં મૃત્યુ પામ્યાં હતાં તેમ સુધારીને વાંચવું.

* * *

દીપોત્સવી અંકમાં પૃ. 18 ઉપર પ્રગટ થયેલી મુલાકાતમાં નામ 'પેલ્વા'ને બદલે 'પેલવા' સુધારીને વાંચવા વિનંતી. **સં.**

આ અંકના લેખકો

સુભાષ ભટ્ટ: 'સરાય' સી 1105/6, રામનગર, કાળવીબીડ, ભાવનગર-364 002.

હેમન્ત દવે: રામગિરિ, પિજ માર્ગ, નડિયાદ-387002. email: nasatya@gmail.com

ડો. ભાલચન્દ્ર હ. હાથી : 677, વાસ્તુનિર્માણ સોસાયટી, સેક્ટર - 21. ગાંધીનગર. 382 021. મો. 94278 18473.

વિનોદ જોશી: 'પ્રયાગ', 32 - શ્વેતકમલ સોસાયટી, વિદ્યાનગર, ભાવનગર 364001. મો.: 9825989737

વિરાફ કાપડિયા: vkapmail@yahoo.com

જિગર જોષી 'પ્રેમ': 59, ગંગોત્રી પાર્ક, યુનિવર્સિટી રોડ, સવાની કિડની હોસ્પિટલની સામે, રાજકોટ-360005, મો. 9925157475

ભૂષણ ઓઝા : 15, ઇન્દ્રનીલ સોસાયટી, જીવરાજ પાર્ક, અમદાવાદ-51. મો. 81286 55850

પારુલ ખખ્ખર: 'તીર્થ', ૧૫૩-ગુરુકૃપાનગર, ચિત્તલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧, મો. ૯૪૨૯૮૮૯૩૬૬

અર્પણ ક્રિસ્ટી: બી-1/6, સ્તુતિ એપાર્ટમેન્ટ, લાલભાઈ સેન્ટરની સામે, મણીનગર, (પૂર્વ), અમદાવાદ-380008

બકુલા ઘાસવાલા: 'આદિરાજ' જલારામ મંદિર પાછળ, હાલાર રોડ, વલસાડ-396001

હસમુખ કે. રાવલ : બી-૪૦૮, બંધન, જી.એચ.બી. કોમ્પ્લેક્સ, અંકુર બસ સ્ટોપની નજીક, નારાણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

વર્ષા બારોટ: મુ. પો. ઝેરડા, તા. ડીસા, જી. બનાસકાંઠા, (ઉ.ગુ.), મો. 9662177997

દિવ્યા જોશી: C/o પંકજ જોશી, વાઈસ-ચાન્સેલર, (ઉપકુલપતિ) ચારુસત યુનિ. નડિયાદ-પેટલાદ હાઈવે, ચાંગા, આણંદ-388421. મો. 9892490083

જયંત રાઠોડ: ''આનંદ'' પ્લોટ નં. ૭૩-એ, યમુના પાર્ક-૧, અંજાર (કચ્છ) - ૩૭૦૧૧૦

આરાધના ભટ્ટ: aradhanabhatt@yahoo.com.au

અમી ભાયાણી: 19, ગોલ્ડ વિલા, આકૃતિ સોસાયટી, બાવડિયા કલાન, ભોપાલ, મધ્યપ્રદેશ-462026.

દીપક મહેતા: ફ્લેટ નં. 2, ફૂલરાણી, સાહિત્ય સહવાસ, મધુસૂદન કેળકર માર્ગ, કલાનગર, બાંદરા (પૂર્વ), મુંબઈ-400 051. મો. 9821832270

ધીરુબહેન પટેલ: ગંગોત્રી બંગલો, સી/8, રાજહંસ સોસાયટી, એલિસબ્રિજ, અમદાવાદ-380006.

પ્રવીણસિંહ ચાવડા: 212, વૃંદાવન-2, ડી-માર્ટની સામે, સેટેલાઈટ રિંગ રોડ, અમદાવાદ-380 015.

યજ્ઞેશ દવે: એ/8, કિરણ સોસાયટી, રેસકોર્સ, રાજકોટ-360015.

અનિલ જોશી: joshi.r.anil@gmail.com

અમૃત ગંગર: ઈ-૫૦૪ પંચશીલ ગાર્ડન્સ, મહાવીર નગર, કાંદિવલી (પશ્ચિમ), મુંબઈ ૪૦૦ ૦૬૭. ફોન: ૯૮૨૧૩૭૩૫૭૧

દીવાન ઠાકોર : એ ૩૪, અવકાશ પાર્ક સોસાયટી, સુરભી રેસીડેન્સી સામે, નિકોલ-કઠવાડા રોડ, પો: નિકોલ, અમદાવાદ-૩૮૨૩૫૦. મો.: ૯૯૧૩ ૩૯૭૬૨૪.

સુચિ વ્યાસ: girishshchi@comcast.net

શરીફા વીજળીવાળા: બી/402, વૈકુંઠ પાર્ક એપાર્ટમેન્ટ, કોઝ વે રોડ, તાડવાડી, રાંદેલ, સુરત-395009.

પ્રબોધ પરીખ: એ/102, સરદાર પટેલ નગર, મ્હાડા, અંધેરી (વેસ્ટ), મુંબઈ-53. મો: ૯૮૨૦૨૦૭૬૭૯

વોટ્સએપ

☐ સં. શરીફા વીજળીવાળા

ડોક્ટર : ક્યાં દુખે છે?

દર્દી : ફી ઓછી કરો તો કહું.

ડોક્ટર : ઓછી ન કરું તો?

દર્દી : તો જાતે ગોતી લ્યો!

☺ ☺ ☺

મરતી વખતે રમાએ કહ્યું: હાલો દીપુના પપ્પા, હવે સ્વર્ગમાં મળીશું. બીજા જ દિવસથી દીપુના પપ્પાએ જુગાર, દારૂ, બીડી, સિગારેટ, ચોરી બધું શરૂ કરી દીધું. બઉ ચડે ત્યારે પાછા બબડેઃ ગમે ઈ થાય પણ સ્વર્ગમાં તો નો જ જાઉં...!

☺ ☺ ☺

કોરોના થયો અમિતાભ બચ્ચનને અને ગુજરી ગયા અમરસિંહ! આને કે'વાય ખરી દોસ્તી!

☺ ☺ ☺

102 વર્ષના રઘાદાદાને પત્રકારે પૂછ્યું: તમારા દીર્ઘ આયુષ્યનું રહસ્ય શું?

રઘા દાદા : દલીલબાજી ન કરવી. સામો જવાબ વાળવો જ નહીં ભલેને કોઈ ગમે તે બોલી જાય... ઈ મારા લાંબા આયુષ્યનું રહસ્ય...

પત્રકારઃ એવું ન હોય દાદા, કસરત, ઘી-દૂધ, ઊંઘ એવાં કારણો પણ હોય ને?

રઘા દાદાઃ તો તમે ક્યો એમ હશે! (દલીલ નહીં એટલે નહીં જ).

☺ ☺ ☺

સ્મિત સમાપયેત્

પત્ની: ''એ ક્યાં મરી ગ્યા?''

પતિ: ''એ આવ્યો!''

આ હતો સૌથી ઝડપી પુનર્જન્મનો કિસ્સો.

☺ ☺ ☺

લેખક થવા ઇચ્છુક એક મહત્ત્વાકાંક્ષી યુવાને મોટા લેખકને પૂછ્યું, ''લખવું કઈ રીતે?''

જવાબ: ''ડાબી બાજુથી જમણી બાજુ.''

☺ ☺ ☺

પતિ: ''છેલ્લાં ૨૨ વર્ષથી જોતો આવ્યો છું કે મારી દરેક વાતે તને વાંધો પડે છે.''

પત્ની: ''૨૨ નહીં ૨૩ વર્ષ થયાં.''

☺ ☺ ☺

પત્રકાર : "શું તમે માનો છો કે ઊડતી રકાબીનું અસ્તિત્વ છે?"

પતિ : "હા."

પત્રકાર : "તમે વૈજ્ઞાનીક છો?"

પતિ : "ના, હું પરણેલો છું.

ઊડતી રકાબી તો ઠીક..

મેં તો ઊડતાં વેલણ, સાણસી, થાળી, વાટકા, ચમચી, ચમચા, તપેલા, ડબ્બા, પણ જોયાં છે."

☺ ☺ ☺

ડોક્ટર: "આ કરો તો!"

દર્દી : "પહેલાં એ કહો કે શું ખવડાવો છો?"

Printed and Published by P.V. Sankarankutty on behalf of Bharatiya Vidya Bhavan, printed at Siddhi Printers, 13/14 Bhabha Bldg, Khetwadi 13th Lane, Mumbai-400 004 and published for Bharatiya Vidya Bhavan, K. M. Munshi Marg, Chowpatty, Mumbai-400 007.

Editor : Deepak Doshi

Amul
The Taste of India

તમારા પરિવારને આપો અસલી સ્વાદનો અનુભવ.

અમૂલ

શુદ્ધ ઘી

11414349

Total Pages 140
Date of Publication - 23rd of every previous month
R.N.I. 35887/80 Registered No. MCW / 110 / 2015-2017 Posted on Mumbai Patrika Channel Sorting Office Mumbai-400 001 on 27th & 28th of every previous month

www.dostirealty.com

Versatile Living... Varied Lifestyle...

DOSTI VIHAR

Pokhran Road No. 1,
THANE (W)
1½, 2, 2½ & 3 BHK Apartments

DOSTI IMPERIA

Ghodbunder Road,
THANE (W)
2 & 3 BHK Apartments

DOSTI CENTERIO

Old Mumbai-Pune Road (NH-4),
SHIL-JUNCTION THANE
1, 1½, 2 & 2½ BHK Apartments

DOSTI AMBROSIA

Dosti Acres, New Uphill Link Road,
off S. M. Road, **New Wadala.**
Lavish 2 & 3 BHK Apartments

FRIENDS FOR LIFE DOSTI

DOSTI REALTY LTD., Established in 1980 | 5 million+ sq. ft. Developed | 27,500+ residents across Mumbai
3.3 million+ sq. ft. under development in Townships, Retails, Commercial & IT Park

DOSTI REALTY LTD., Lawrence & Mayo House, 1st Floor, 276, Dr. D. N. Road, Fort, Mumbai - 400 001.
Contact: 022-2219 8500